परोपकाराय सतां विभूतयः

महोपाध्याय श्री विनयविजयजी विरचिता

# શાંતસુધારસ ભાવના

અને ૨૨૩૯

શ્રીમત્ ચિદ્દાનંદજી વિરચિતા

# પ્રશ્નોત્તર રત્નમાળા.

મૂળ અને સરળ વ્યાખ્યા.

ભવાગ્નિમાં બળતા ભવ્યાત્માઓને પરમ શાંત
અમૃતરસનું પાન કરાવવા નિમિત્તે.

**શ્રી વેરાવળબંદર નિવાસી શેઠ ટોકરશી જેઠાભાઇ
તરફથી ભેટ.**

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.
શ્રીજૈન શ્રેયસ્કરમંડળ—મ્હેસાણા.

*All Rights Reserved.*

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં સાંકળચંદ હરીલાલે છાપી
સંવત ૧૯૬૭. વીરસંવત ૨૪૩૭. સને ૧૯૧૧. કિં. ફ્રી.

# સૂચના.

આ પુસ્તકને જ્યાં ત્યાં જેમ તેમ રખડતું મૂકી આશાતના કરવી નહિ. ઉઘાડે મૂખે વાંચવું નહિ.

त्वमेव दुःखं नरकस्त्वमेव त्वमेव शर्मापि शिवं त्वमेव ।
त्वमेव कर्माणि मनस्त्वमेव जहीह्यविद्यामवधेहि चात्मन् ॥ १ ॥
तमेव सेवस्व गुरुं प्रयत्ना–दधीष्व शास्त्राण्यपि तानि विद्वन् ।
तदेव तत्वं परिभावयात्मन् येभ्यो भवेत् साम्यसुधोपभोगः ॥ २ ॥
समग्रसच्छास्त्रमहर्णवेभ्यः समुद्धृतः साम्यसुधारसोऽयं ।
निपीयतां हे विबुधा लभध्व–मिहापि मुक्तेः सुखवर्णिका यत् ॥ ३ ॥

अध्यात्मकल्पद्रुम.

“હે આત્મન્? તુંજ દુઃખ, તુંજ નરક, તુંજ સુખ, અને મોક્ષ પણ તુંજ, વળી તુંજ કર્મ, અને મન પણ તુંજ, અવિદ્યાને તજી દે અને સાવધાન થા!

તેજ ગુરૂની પ્રયત્નથી સેવા કર, તેજ શાસ્ત્રોનો અભ્યાસ કર અને હે આત્મન્ તેજ તત્ત્વનું તું ચિંતવન કર કે જેનાથી તને સમતારૂપ અમૃતનો સ્વાદ આવે.

આ સમતા અમૃતનો રસ મોટા મોટા સમગ્ર શાસ્ત્ર સમુદ્રોમાંથી ઉદ્ધર્યો છે. હે પંડિત જનો? તમે તે રસ પીયો અને મોક્ષ સુખની વાનકી પણ મેળવો!”

---

પ્રસિદ્ધ કર્ત્તા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી,

શા. વેણીચંદ સુરચંદ.—મેસાણા.

# ઉપોદ્ઘાત.

**પ્રિયતમ શ્રેયસ્સાધક સન્મિત્રો!**

ઐહિક પારલૌકિક પ્રવૃત્તિના ઉભરાથી ઉછળતા અનાદિ અનંત સંસારમાં મોક્ષ સુખ કેવું હશે તેની કલ્પના અગર પ્રતીતિ થવી જ્યારે અશકય છે ત્યારે આ કાળમાં તે પ્રાપ્ત થવાની તો વાતજ શી ? આ પ્રમાણેના પ્રત્યાઘાત પોતાની સન્મુખ રજુ થાય ત્યારે ભવ ભીરૂ આસન્ન સિદ્ધિ આત્મહિતેચ્છુ ભવ્યજનોને સહજ ખેદ તો થાયજ કે આ જન્મ, જરા અને મરણના ચકડોળમાંથી કયારે છૂટી આત્માનું અનંત સુખ મેળવીશું !

સન્મિત્રો ! અરહટમાળ જેવી આપણી સ્થિતિ જોઈ આપણે કાંઈ નાશી પાસ થવાનું નથી કેમકે મોક્ષની વાનકી તુલ્ય અને પરંપરાએ તેના પ્રધાન કારણ રૂપ જે આધ્યાત્મિક સુખ પૂજ્યપાદ જ્ઞાની પુરૂષોએ અનેક ગ્રંથોમાં વર્ણવેલું છે, તે તરફ નજર કરી તેનું વાંચન, મનન અને નિદિધ્યાસન કર્યા કરીશું તો અંતે મોક્ષ સુખ કરામલકવત્ થશે ? તેટલાજ માટે જ્ઞાનનો વિશેષે ફેલાવો થાય અને તે દ્વારા પૂર્વોક્ત પ્રયાસ જારી રહે તેવા ઉદ્દેશથી પૂર્વ મહાપુરૂષોના બનાવેલા ઉત્તમ ગ્રંથો તેના ગુર્જર ભાષામાં અનુવાદ સાથે તથા ચાલુ સમયના વિદ્વાન્ પુરૂષોની કસાયેલી કલમથી લખાયેલા ગ્રથો છપાવી, તેને ઉદાર દીલના સદ્ગૃહસ્થોની સહાય વડે મફત યા નજીવી કીંમતે તે ગ્રંથના અભિલાષી જનોને આપવાનો અમારો આ પ્રયાસ ૭-૮ વર્ષ થયાં ચાલુ છે.

**आत्मनि अधिकृत्य अध्यात्मम्** આત્માને ઉદ્દેશીને જે જે ધર્મા-

નુષ્ઠાન કરવામાં આવે તેજ શુદ્ધ ક્રિયા કહેવાય છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે **ज्ञानशुद्धा क्रिया अध्यात्मम** એટલે જ્ઞાનવડે કરીને શુદ્ધ કરાયેલી ક્રિયા તેજ અધ્યાત્મ છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે સમ્યગ્ જ્ઞાન હોય તોજ શુદ્ધ ક્રિયા થાય છે. એકલું જ્ઞાન અગર એકલી ક્રિયા ફળદાયી નથી પણ જ્ઞાનયુક્ત ક્રિયાજ મોક્ષનું પ્રબળ સાધન છે અને તેજ અધ્યાત્મ કહેવાય છે. આ અધ્યાત્મ હવામાં કિલ્લા બાંધવા માફક વાતો કરવામાત્રથીજ અગર **परोपदेशेपांडित्यं** ઝળકાવવાથી પ્રાપ્ત થતું નથી પરંતુ જે જે શુભ અનુષ્ઠાનો છે તેના હેતુ રહસ્ય ગુરૂગમ્ય દ્વારા સમજી તે તે હેતુને લક્ષીનેજ શુદ્ધ અંતઃકરણથી નિર્દંભપણે કરવામાં આવે અને પોતાની કહેણી પ્રમાણે રહેણી થાય તેવી પ્રવૃત્તિમાં સ્વાત્માને પ્રબળ પુરૂષાર્થ વડે પ્રેરવાથી આધ્યાત્મિક સુખની સન્મુખતા થતી આવે છે. અને જેમ જેમ આત્મિક અને પૌદ્ગલિક ભાવોને જાણી વિષય કષાયાદિ પૌદ્ગલિક ભાવનો ત્યાગ કરી જે જે અંશે આત્મિક ભાવ તરફ વૃત્તિ થતી જશે તેમ લક્ષ્યબિંદુ નજીક આવતું જશે. આ બધા કાર્યના પ્રેરક તરિકે પ્રથમ સદ્વિચારણાની જરૂર છે કેમકે સદ્વિચારણા વિના કોઈ પણ કાર્ય થતું નથી. જે કાર્યના સદ્વિચારો રોમરોમ વ્યાપી ગયા હોય તે કાર્ય કરવામાં આત્મા ઘણોજ પુરૂષાર્થી, ઉત્સાહી અને શુરવીર થાય છે એટલે કાર્ય થયુંજ સમજો. આ સદ્વિચારણાને ભાવના કહેવામાં આવે છે. **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी** આ ભાવનાનું કાંઇક દિગ્દર્શન થાય અને જન સ્વભાવનું વલણ તે કાર્ય તરફ થાય તેટલા માટે અમો અમારી ગ્રંથમાળાના ૧૮ મા મણકા તરીકે ઉપાધ્યાયજી શ્રી **વિનયવિજયજીકૃત શાંત-**

**સુધારસ ભાવના**નામનો ગ્રંથ તેમના મૂળ અને ભાષાંતર સાથે પ્રગટ કર્યો છે.

આ ગ્રંથની શરૂઆતમાં ઉપરોક્ત શાંતસુધારસ ભાવના નામનો ગ્રંથ દાખલ કર્યો છે તેનાં ૧૬ પ્રકાશ પાડીને અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા ( ભાવના ) અને મૈત્રી આદિ ચાર ભાવના મળી ૧૬ ભાગમાં વહેંચણી કરી છે. પ્રથમ દરેક ભાવના દીઠ મૂળ અને તેની વ્યાખ્યા દાખલ કરવામાં આવી છે, ત્યાર બાદ આ ભાવના-ઓને પુષ્ટી આપે તેવી બાર ભાવનાની ચૌદ ઢાળ વાળી સજ્ઝાય અગાઉના કોઈ ઉત્તમ પુરૂષ ( નામ જાણવામાં નથી ) ની બના-વેલ દાખલ કરવામાં આવી છે. આ શાંતસુધારસ ભાવના એટ-લી તો રસિક અને હૃદયંગમ છે કે તેનું દત્તચિત્તે શ્રવણ કરતાં દરેક સહૃદય જનોને સુંદર લાગણી સ્ફુરાયમાન થયા વિના રહેશે નહિ. આ શાંતસુધારસ ભાવનાના કર્તા વ્યાકરણ તથા ન્યાયના વિષયમાં પારંગત હોવાથી આ ભાવનાઓ તેમણે બનાવી છે જો કે સંસ્કૃતમાં તોપણ ગુજરાતી ભાષાની ઢાળોના જેવી રાગરાગણી વાળા કાવ્યોમાં તેની સંકલના કરવાથી તેનું દરેક અધ્યાત્મી પુરૂષો મુક્તકંઠે પ્રીતિપૂર્વક વારંવાર રટણ કર્યા કરે છે.

ત્યાર બાદ શ્રીમદ્ ચિદાનંદજી ઉર્ફે કર્પૂરચંદજીની બના-વેલી **પ્રશ્નોતર રત્નમાળા** દાખલ કરવામાં આવી છે જેમાં પ્રથમ દુહાવડે ૧૧૪ પ્રશ્ન કરેલા છે અને તે પછી દુહાવડેજ તે પ્રશ્નોના ઉત્તર ઘણા ટુંકમાં વર્ણવેલા છે. તે ગ્રંથ પણ મૂળ અને તેના ભાષાંતર સાથે દાખલ કરેલ છે ત્યાર બાદ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીકૃત **પ્રતિમાસ્થાપન સજ્ઝાય** મૂળ દાખલ કરીને ગ્રંથની સમાપ્તિ કરવામાં આવી છે.

આ ગ્રંથની સરળ વ્યાખ્યા શાંતમુર્તિ મુનિ મહારાજ શ્રી શ્રી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય મુનિ મહારાજ **શ્રી કર્પુરવિજયજીએ** બનાવી આપી અમોને તથા જૈન કોમને આભારી કર્યા છે તે ખાતે અમો તે મહાત્માનો શુદ્ધ હૃદયથી આભાર માનીએ છીએ અને આ પ્રકારે તેઓ સાહેબ નવા નવા ગ્રંથો બનાવી અગર પૂર્વાચાર્યના ગ્રંથોનું ભાષાંતર કરી આપી અમોને અને જૈન કોમને વિશેષે આભારી કરશે !

આ ગ્રંથ છપાવવામાં જે જે ધનિકોએ દ્રવ્યની સહાય આપી છે તે ગૃહસ્થોનો શુદ્ધાંતઃકરણથી આભાર માનવા સાથે તેમને અને તેમના જેવા ધનિકોને આવા ઉત્તમ રસ્તે પોતાની શુભ કમાઈનાં દ્રવ્યનો વ્યય કરવાને નમ્ર વિનંતિ કરીએ છીએ.

ગ્રંથ છપાવવામાં મતિમંદતાથી કે પ્રમાદથી જે કાંઈ ભૂલ ચુક થઇ હોય તેને માટે માફી માગી તેને સુધારીને વાંચવા માટે સજ્જનોને વિનવીએ છીએ.

આ ગ્રંથનું જે કોઈ ભવ્ય પ્રાણી વાંચન મનન અને નિદિધ્યાસનદ્વારા સેવન કરશે તે સેંકડો ગમે સુકૃતના ભાગી થઈ અંતે પરમ પદ પામશે ! સર્વ કોઇને તે પ્રાપ્ત થાઓ એજ મહદાકાંક્ષા ઇત્યલમ્.

શુભં સ્યાત્ સર્વ સત્વાનામ્

શાર્દૂલવિક્રીડિતમ્.

वैराग्यामृतपूर्णपूर्वमुनिना, ग्रन्थीकृतः सद्धिया ।
आत्मानन्दमयो भवार्णवपथे, कृच्छ्रान्विते नावितः ॥
श्रेयस्कारिणिमंडले मतिमति, प्राप्तप्रसिद्धिर्भृशं ।
ग्रन्थोऽयं व्यनुभूयतां भविजनैर्निर्वाणलीलेच्छुभिः ॥ १ ॥

લી. ગ્રંથકર્તા.

# અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | શાંતસુધારસ ભાવના. | ૧ થી ૧૦૬. |
| | ૧ પ્રસ્તાવના. | ૧ |
| | ૨ મંગલાચરણ. | ૭ |
| | ૩ પહેલી અનિત્ય ભાવના. | ૧૦ |
| | ૪ બીજી અશરણ ભાવના. | ૧૬ |
| | ૫ ત્રીજી સંસાર ભાવના. | ૨૧ |
| | ૬ ચોથી એકત્વ ભાવના. | ૨૭ |
| | ૭ પાંચમી અન્યત્વ ભાવના. | ૩૨ |
| | ૮ છઠી અશુચિ ભાવના. | ૩૬ |
| | ૯ સાતમી આશ્રવ ભાવના. | ૪૨ |
| | ૧૦ આઠમી સંવર ભાવના. | ૪૮ |
| | ૧૧ નવમી નિર્જરા ભાવના. | ૫૪ |
| | ૧૨ દશમી ધર્મ ભાવના. | ૫૯ |
| | ૧૩ અગ્યારમી લોકસ્વરૂપ ભાવના. | ૬૫ |
| | ૧૪ બારમી બોધી દુર્લભ ભાવના. | ૭૧ |
| | ૧૫ મૈત્રી ભાવના. | ૮૦ |
| | ૧૬ પ્રમોદ ભાવના. | ૮૪ |
| | ૧૭ કારૂણ્ય ભાવના. | ૯૧ |
| | ૧૮ માધ્યસ્થ્ય ભાવના. | ૯૮ |
| | ૧૯ ઉપસંહાર | ૧૦૩ |
| ૨ | અનિત્યાદિ બાર ભાવનાઓની સજઝાયો. | ૧૦૭ થી ૧૨૯ |
| ૩ | શ્રી ચિદાનંદજીકૃત પ્રશ્નોતર રત્નમાળા | ૧૩૦ |
| ૪ | પ્રતિમા સ્થાપન સજઝાય. | ૨૧૮ |

# अथ शान्तसुधारस भावना.

## प्रस्तावना.

**ભાવના ભવનાશિની.** શાસ્ત્ર પ્રસિદ્ધ દ્વાદશ અનુપ્રેક્ષા (ભાવના) તેમજ મૈત્રી પ્રમુખ ચાર ભાવના અને દરેક મહાવ્રતની પાંચ પાંચ મળીને પચીસ ભાવના અથવા એ ભાવનામય જ્ઞાન આત્માને અત્યંત હિતકારી છે, તેવું જ્ઞાન **યશોવિજયજી** મહારાજ કહે છે તેમ સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું અમૃત એટલે **અભિનવ અમૃત** છે, ઔષધ વિનાનું **રસાયન** છે, અને કોઇની અપેક્ષા નહિ રાખનારૂં અદ્વિતીય **ઐશ્વર્ય** છે એમ શાસ્ત્રકાર (પંડિત પુરૂષો) નો અભિપ્રાય છે.

**શાસ્ત્રોક્ત**—દ્વાદશ ભાવનાનું અતિ સંક્ષિપ્ત પણ ગંભીર અર્થગર્ભિત શબ્દોવડે **પ્રશમરતિકારે (વાચક મુખ્ય શ્રીઉમાસ્વાતિજીએ)** આ પ્રમાણે નિરૂપણ કરેલું છે.

**૧. 'અનિત્ય,** ઈષ્ટ જન સંયોગ, સમૃદ્ધિયુક્ત વિષયસુખ સંપદા, તથા આરોગ્ય, દેહ, યૌવન અને જીવિત એ સર્વે અનિત્ય છે (ગાથા ૧૫૧)

**૨. 'અશરણ,** જન્મ, જરા અને મરણના ભયથી વ્યાપ્ત અને વ્યાધિ વેદનાથી ગ્રસ્ત એવા લોકને વિષે શ્રીજિનેશ્વર ભગવાનના વચન થકી અન્યત્ર ક્યાંય શરણ નથી. (૧૫૨)

**૩. 'એકત્વ,** સંસારચક્રમાં ફરતાં એકલાને જન્મ મરણ કરવાં પડે છે, અને શુભાશુભ ગતિમાં જવું પડે છે, તેથી આત્માએ એકલા પોતે જ પોતાનું અક્ષય આત્મહિત સાધી લેવું. (૧૫૩)

૪, '**અન્યત્વ,** હું સ્વજનથી, પરજનથી, વૈભવથી અને શરીરથી જુદો છું. એવી જેની નિશ્ચિત મતિ છે તેને શોક-સંતાપ સંભવતો નથી. (૧૫૪)

૫. '**અશુચિત્વ,** અશુચિથી ઉત્પન્ન થયેલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને અન્યને પણ અપવિત્ર કરનાર એવા દેહનો અશુચીભાવ દરેક સ્થાને ચિંતવવો. (૧૫૫)

૬. '**સંસાર,** માતા થઇને પુત્રી, બ્હેન અને ભાર્યા આ સંસારને વિષે થાય છે, તેમજ પુત્ર થઈને પિતા, ભાઈ અને શત્રુ પણ થાય છે. (૧૫૬)

૭. '**આશ્રવ,** જે મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, પ્રમાદી અને કષાય યોગને વિષે રૂચિવંત છે, તેનામાં કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે તે માટે તેનો નિરોધ કરવા યત્ન કરવો. (૧૫૭)

૮. '**સંવર,** પુન્ય પાપને નહિ ગ્રહણ કરવામાં જે મન, વચન કાયાની વૃત્તિ તે આપ્ત પુરૂષોએ ઉપદેશેલો અત્યંત સમાધિવાળો અને હિતકારી **સંવર** સારી રીતે ચિંતવવા યોગ્ય છે. (૧૫૮)

૯. '**નિર્જરા,** જેમ વૃદ્ધિ પામેલો દોષ લંઘનથકી યત્નવડે ક્ષીણ થાય છે, તેમ એકઠાં થયેલાં કર્મ સંવરયુક્ત પુરૂષ તપવડે કરી ક્ષીણ કરી નાંખે છે. (૧૫૯)

૧૦, '**લોકસ્વરૂપ,** ઉર્ધ્વ, અધો અને તીર્છા લોકનું સ્વરૂપ, તેનો વિસ્તાર, સર્વત્ર જન્મ મરણરૂપી દ્રવ્ય અને ઉપયોગનું ચિંતવન કરવું. (૧૬૦)

૧૧. '**સત્ધર્મસ્વરૂપ ચિંતન,** જેમણે અંતરંગ શત્રુઓને જીત્યા છે એવા જિનેશ્વરોએ જગતના હિતને માટે આ

ચારિત્રધર્મ સારી રીતે પ્રરૂપેલો છે. તેમાં જે રક્ત થયેલા છે તે સંસારસમુદ્રને લીલામાત્રમાં પાર પામેલા સમજવા. (૧૬૧)

**૧૨. 'સમ્યકત્વબોધિ દુર્લભતા,** મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, ઉત્તમ કુળ, આરોગ્યતા, અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થયે છતે તેમજ શ્રદ્ધા, સદ્‌ગુરૂ યોગ, અને શાસ્ત્રશ્રવણ આદિ સામગ્રી વિદ્યમાન છતે પણ સમ્યકત્વ અતિ દુર્લભ છે. (૧૬૨)

સેંકડો ભવે એવું દુર્લભ સમ્યકત્વ પામીને પણ મોહથી, રાગથી, કુમાર્ગ દેખવાથી અને ગૌરવના વશથી ચારિત્રપાત્ર થવું અતિ દુર્લભ છે. (૧૬૩)

તે ચારિત્રરત્ન પામીને ઇંદ્રિય, કષાય, ગૌરવ અને પરીષહરૂપ શત્રુથી વિહ્વળ થયેલા જીવને વૈરાગ્ય માર્ગમાં વિજય મેળવવો એ અત્યંત કઠિન છે. (૧૬૪)

તેમજ મૈત્રી પ્રમુખ ચાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ **અધ્યાત્મ કલ્પદ્રુમ કર્તા શ્રી મુનિસુંદરસૂરીશ્વર મહારાજાએ** તથા **યોગશાસ્ત્રકાર શ્રીમન્ હેમચંદ્રસૂરીશ્વરજી** પ્રમુખે આ પ્રમાણે કહેલું છે.

## મૈત્રીપ્રમુખ ભાવનાચતુષ્ટય.

૧, હે આત્મન! તું જગતના સમસ્ત જંતુઓ ઉપર મિત્રતા ધારણ કર, સમસ્ત ગુણીજનો ઉપર પ્રમોદ-મુદિતા ભાવ ધારણ કર, સંસારસંબંધી દુઃખોથી પીડિત પ્રાણીઓ ઉપર સદા કરૂણાભાવ ધારણ કર અને નિર્ગુણી-દુષ્ટ જનો ઉપર પણ સદાય મધ્યસ્થ ભાવને ધારણ કર.

૨, સમસ્ત અન્ય પ્રાણીવર્ગ ઉપર હિતબુદ્ધિ ધારી

રાખવી તે **મૈત્રીભાવ,** ગુણીજનો ઉપર ગુણ પક્ષપાત—દૃઢ ગુણાનુરાગ તે **પ્રમોદભાવ,** સંસારિક પીડાથી પીડિત જનોનાં દુઃખ કાપવાની સમીહા તે **કરૂણાભાવ** અને અસાધ્ય દોષવંત જનો વિષે ઉપેક્ષા (રાગદ્વેષ રહિત બુદ્ધિ) તે **મધ્યસ્થભાવ** જાણવો.

૩, પરહિત ચિંતવવારૂપ **મૈત્રી,** પરદુઃખ વિનાશ કરનારી **કરૂણા,** પરસુખથી સંતોષ ધરવો તે **મુદિતા** અને પરદોષની ઉપેક્ષા કરવી તે **મધ્યસ્થ**ભાવ સમજવો.

૪, કોઈ પણ પ્રાણી પાપ ન કરો ! કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ ! અને આ આખું જગત્ સમસ્ત દુઃખથી મુક્ત થાઓ એવી મતિ **મૈત્રીભાવ** કહેવાય છે.

૫, પ્રાણીઓના મન, વચન અને કાયાના દ્રોહકારી રાગરોષાદિક રોગો ઉપશાન્ત થાઓ ! મતલબ સર્વને ત્રિવિધ શાન્તિ સંપ્રાપ્ત થાઓ ! સર્વ કોઇ સમતા રસનો આસ્વાદ કરો ! અને સર્વે સર્વત્ર સુખી થાઓ !

૬, સર્વ જગતનું કલ્યાણ થાઓ ! પ્રાણીવર્ગ પરોપકારરસિક બનો ! દોષમાત્ર દૂર થાઓ ! અને લોકો સર્વત્ર સુખી થાઓ !

૭, સર્વ જીવવર્ગને હું ખમાવું છું, સર્વે જીવો મને ક્ષમા કરો ! સર્વ પ્રાણી વર્ગ સાથે હું મિત્રતા—મૈત્રી ધારણ કરૂં છું, મારે કોઈ સાથે વૈર વિરોધ નથી.

૮, અઢારે પુરાણોના સારમાંથી સાર ઉદ્ધરેલો એ છે કે પરોપકાર પુણ્યને માટે છે, અને પરપીડા તે પાપને માટે છે, મતલબ કે પરોપકારથી પુણ્યપ્રાપ્તિ, અને પરપીડા—પરદ્રોહથી પાપવૃદ્ધિ થાય છે.

૯, જેમણે સમસ્ત દોષને દૂર કર્યા છે અને જે વસ્તુ-સ્વરૂપનું (યથાર્થ) અવલોકન કરનાર છે એવા ગુણીજનોના ગુણમાં જે પક્ષપાત (દૃઢાનુરાગ) તે **પ્રમોદ** યા **મુદિતા-ભાવ** કહેવાય છે.

૧૦, દીન આર્ત (દુઃખી) ભયભીત અને જીવિતની યાચના કરનારા જીવોનાં તે તે દુઃખો ટાળવાની જે બુદ્ધિ તે **કરૂણાભાવ** કહેવાય છે.

૧૧, જે ભવ્યજનો એવી રીતે પરદુઃખ છેદવા પોતાના હૃદયમાં યોગ્ય વિચાર કરે છે તે પરિણામે અતિ સુંદર નિર્વિકાર સુખ પામે છે.

૧૨, નિર્દય કાર્યોમાં નિઃશંકપણે પ્રવર્તનાર ઉપર, તેમજ દેવ ગુરૂની નિંદા કરનાર ઉપર, અને આપવખાણ કરનાર ઉપર રાગદ્વેષરહિતપણે સમભાવ રાખવામાં આવે તે **મધ્યસ્થ-ભાવ** કહ્યો છે.

મહાવ્રતની પવિત્ર ભાવનાઓ **આચારાંગ** સૂત્ર પ્રમુખમાં કહેલી છે, એવી રીતે અનેક ઉત્તમ શાસ્ત્રોનો પવિત્ર આશય લઈ **શ્રીમાન્ વિનયવિજયજી** મહારાજાએ આ **શાન્તસુધા-રસ** ગ્રંથમાં પૂર્વોકત દ્વાદશ અને ચાર મળી ૧૬ ભાવનાઓ સોળ પ્રકાશો વડે નિરૂપી છે. દરેક ભાવનાની શરૂઆતમાં કેટલાક શ્લોકોથી તેનું વર્ણન કરી પછી એક એક ઉત્તમ ગીત—રાગ વડે તે તે ભાવનાનું હૃદયવીણાથી એવું તો ઉત્તમ ગાન કર્યું છે કે તેથી સહૃદય* વિદ્વાન જનો ઉપર તેની અજબ અસર થાય છે.

---

* સહૃદય—વેધક—વિવેકવંત.

આ **શાંતસુધારસગ્રંથ** કર્તાએ **ગંધાર** નગરમાં સંવત્ ૧૭૨૩ માં નિર્માણ કરેલ છે ઈત્યાદિક બીના ગ્રંથના અંતે સ્પષ્ટ જણાવેલી છે.

**કર્તાનું જીવન ચરિત્ર તથા તેમણે** કરેલી અનેક કૃતિઓ માટે અન્ય ગ્રંથોમાં ઉલ્લેખ થયેલો છે ત્યાંથી જોઈ લેવા ભલામણ છે.

ઉક્ત સંપૂર્ણ ગ્રંથ સંસ્કૃત પદ્યબદ્ધ હોવાથી સ્વપર હિત અર્થે તેનું સરલ ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું છે, જેથી ભાવનાપ્રબોધને ઇચ્છિનારા અન્ય ભવ્યજનો પણ તેનો લાભ લેવા ભાગ્યશાળી બની શકે. જે શુભ આશયથી આ કાર્ય કરવામાં આવ્યું છે તે શુભાશય સત્વર સિદ્ધ થાઓ ! ( **તથાસ્તુ.** )

લેખક—**સન્મિત્ર કર્પૂરવિજયજી.**

મુ.—**સિદ્ધક્ષેત્ર.**

# महोपाध्याय श्रीमद् विनयविजय विरचिता
# शांतसुधारसभावना व्याख्यासमेता.

## शार्दूलविक्रीडितं वृत्तं

नीरंध्रे भवकानने परिगलत्पंचाश्रवांभोधरे ।
नानाकर्मलतावितानगहने मोहांधकारोध्धुरे ॥
भ्रान्तानामिह देहिनां हितकृते कारुण्य पुण्यात्मभि-।
स्तीर्थेशैः प्रथिताः सुधारसकिरो रम्या गिरः पांतु वः ॥१॥

## ॥ द्रुतविलंबितं वृत्तं. ॥

स्फुरति चेतसि भावनया विना ।
न विदुषामपि शांतसुधारसः ॥
न च सुखं कृशमप्यमुना विना ।
जगति मोहविषादविषाकुले ॥ २ ॥

यदि भवभ्रमखेदपराङ्मुखं ।
यदि च चित्तमनंतसुखोन्मुखं ॥
शृणुत तत्सुधियः शुभभावना-
मृतरसं मम शांतसुधारसं ॥ ३ ॥

सुमनसो मनसि श्रुतपावना
निदधतां द्व्यधिकादशभावनाः ॥
यदिह रोहति मोहतिरोहिता-
द्भुतगति विदिता समतालता ॥ ४ ॥

रथोध्धता वृत्तं.

आर्तरौद्रपरिणामपावक-।
प्लुष्टभावुकविवेकसौष्ठवे ॥
मानसे विषयलोलुपात्मनां ।
क्व प्ररोहतितमां शमांकुरः ॥ ५ ॥

वसंततिलका वृत्तं.

यस्याशयं श्रुतकृतातिशयं विवेक-।
पीयूषवर्षरमणीय रमंश्रयंते ॥
सद्भावनाः सुरलता नहि तस्यदूरे।
लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥ ६ ॥

अनुष्टुप् वृत्त.

अनित्यत्वाशरणते, भवमेकत्वमन्यतां ।

अशौचमाश्रवं चात्मन्, संवरं परिभावय ॥ ७ ॥
कर्मणो निर्जरां धर्मसूक्तता लोकपद्धतिं ।
बोधिदुर्लभतामेता, भावयन्मुच्यसे भवात् ॥ ८ ॥

## મંગલાચરણ.

૧, જેમાં પાંચ આશ્રવોરૂપ મેઘ અવિચ્છિન્નપણે વર્ષી રહ્યો છે, અને જે વિવિધ કર્મલતાના વિસ્તારથી ગહન તેમજ મોહ અંધકારથી ઉદ્વેગવાળું છે, એવા આ ઘોર ભવવનમાં ભૂલા પડેલા પ્રાણીઓના હિતને માટે કરૂણાથી પવિત્ર અંતઃકરણવાળા તીર્થંકરોએ ઉપદેશેલી, અમૃતને ઝરનારી રમણિક વાણીઓ તમારૂં રક્ષણ કરો. !

## 'ગ્રંથપ્રયોજનાદિ'

૨, શુભ ભાવના વિના વિદ્વાનના પણ મનમાં શાન્ત સુધારસ સ્ફુરતો નથી, અને એ શાન્તસુધારસ વિના મોહ વિષાદરૂપ વિષથી આકુળ એવા આ જગતમાં લેશમાત્ર સુખ નથી.

૩, જો, તમારૂં ચિત્ત ભવભ્રમણજન્ય ખેદથી ઉદ્વિગ્ન થયું હોય અને (મોક્ષસંબંધી) અનંત સુખ મેળવવા તત્પર થયું હોય તો શુભભાવના (રૂપ અમૃત) રસથી ભરેલો આ અમારો શાન્ત સુધારસ ગ્રંથ સાંભળો.

૪, પવિત્ર મનવાળા (વિદ્વાન્ જનો) શ્રવણ કરવાથી પાવન કરનારી દ્વાદશ (બાર) ભાવનાઓ પોતાના અંતઃકરણમાં ધારણ કરો! જેથી અંતઃકરણમાં પ્રસિદ્ધ સમતા-લતા કે જેની

અદ્ભૂત ગતિ મોહવડે આચ્છાદિત થઈ ગઈ છે તેનો પ્રાદુર્ભાવ થાય એટલે પ્રગટ ભાવને પામે.

૫, આર્ત્ત, રૌદ્ર ધ્યાનના માઠા પરિણામરૂપ અગ્નિવડે જેમાંથી **વેધક** વિવેકનું શોભનિકપણું નષ્ટ થઈ ગયું છે એવા વિષય-લોલુપી આત્માના મનમાં સમતાનો અંકુર શી રીતે ઉગીજ શકે?

૬, શ્રુત-સિદ્ધાન્તના અભ્યાસથી ઉન્નતિ પામેલા અને વિ-વેકરૂપ અમૃતવૃષ્ટિથી સુશોભિત થયેલા જેના અંતઃકરણનો સદ્-ભાવના આશ્રય કરે છે તેનાથી અલૌકિક પ્રશમ સુખરૂપ ફળને પ્રસવનાર કલ્પલતા દૂર નથી. મતલબકે જેમના પવિત્ર હૃદયમાં સદ્ભાવના સ્ફુરી રહી છે તેમનું સર્વોત્તમ સમીહિત સધાવું સહજ છે. સ્વર્ગ અને મોક્ષ પણ તેમને કરતલગત છે.

૭, અનિત્યત્વ, અશરણત્વ, સંસાર, એકત્વ, અન્યત્વ અશુચિ, આશ્રવ તેમજ સંવર, ભાવનાને હે આત્મન્! તું વિચાર.

૮, કર્મનિર્જરા, ધર્મસુકૃત, લોકસ્વરૂપ અને બોધિદુ-ર્લભતા એ (દ્વાદશ) ભાવનાઓને ભાવતો છતો તું ભવપ્રપં-ચથી મુક્ત થઈશ.

૧.

## पुष्पिताग्रावृत्तं.

**वपुरिव पुरिदं विदभ्रलीला–परिचितमप्यतिभंगुरं नराणां**
**तदतिभिदुरयौवनाविनीतं, भवति कथं विदुषां महोदयाय**

## शार्दूल विक्रीडितं.

आयुर्वायुतरत्तरंगतरलं लग्नापदः संपदः ।
सर्वेपींद्रियगोचराश्च चटुलाः संध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसंगमसुखं स्वप्नेंद्रजालोपमं ।
तत्किं वस्तु भवे भवेदिह मुदामालंबनं यत्सतां ॥ १० ॥
प्रात भ्रातरिहावदात रुचयो ये चेतनाचेतना ।
दृष्टाविश्वमनो विनोदविधुराभावाःस्वतःसुंदराः ॥
तांस्तत्रैवदिने विपाक विरसान् हा नश्यतः पश्यत-
श्चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबंधं मम ॥ ११ ॥

### " અનિત્યભાવના "

### પ્રથમ શરીરનું અનિત્યપણું બતાવે છે.

૯, આ મનુષ્યોનું શરીર અતિ ઉન્માદની લીલાના પરિચયવાળું છતાં પણ પાણીના પરપોટાજેવું જોત જોતામાં વિનાશ પામવાવાળું છે. તે શરીર અતિ ચપળ યૌવન વડે અવિનીત ( ઉન્માદ વાળું હોવાથી ) વિદ્વાન્ લોકોના મહોદયને માટે શીરીતે થાય ?

### ' હવે સંસારનું અનિત્યપણું બતાવે છે. '

૧૦, ( જગતમાં પ્રાણીઓનું ) આયુષ્ય પવનથી ચંચળ થયેલા જળના તરંગ જેવું, સંપદા વિપદા સાથે મળેલી,

ઇંદ્રિયોના સકળ વિષયો સંધ્યાના રંગ જેવા ચપળ, તેમજ મિત્ર, સ્ત્રી અને સ્વજનાદિક સંગમનું સુખ સ્વપ્ન કે ઇંદ્રજાળ જેવું (અસ્થિર) જણાય છે. તો પછી આ સંસારમાં એવી કઈ વસ્તુ છે કે જે સત્પુરૂષોને હર્ષના સાધનરૂપ થાય?

૧૧, હે ભાઈ! પ્રભાતમાં જે સજીવ-નિર્જીવ પદાર્થો દેદીપ્યમાન કાન્તિવાળા પ્રાણીઓના મનને પ્રમોદ કરનારા અને સ્વતઃ શોભનિક જણાયા તેજ પદાર્થો જોતજોતામાં નષ્ટ થતા જોતાં છતાં મારૂં મૂઢ મન સંસાર સંબંધી રાગરંગને તજતું નથી તે ખરેખર ખેદની વાત છે.

## प्रथम भावनाऽष्टकम्

### रामगिरि रागेण गीयते.

मूढ मूह्यसि मुधा मूढ मूह्यसि मूधा ध्रुवपदम् ।
विभवमनुचिंत्य हृदि सपरिवारं ॥
कुशशिरसि नीरमिव गलदनिकंपितं ।
विनयजानीहि जीवितमसारं ॥ मू० ॥ १ ॥
पश्य भंगुरमिदं विषयसुखसौहृदं ।
पश्यतामेव नश्यति सहासं ॥
एतदनुहरति संसाररूपं रया-

ज्वलदजलबालिकारुचि विलासं ॥ मू० ॥ २ ॥
हंतहतयौवनं पुच्छमिव शौवनं ।
कुटिलमाति तदपि लघुदृष्टनष्टं ॥
तेन बत परवशापरवशा हतधियः ।
कटुकमिह किन्न कलयंति कष्टं ॥ मू० ॥ ३ ॥
यदपि पिण्याकतामंगमिदमुपगतं ।
भूवनदुर्जयजरापीतसारं ॥
तदपिगतलज्जमुझति मनो नांगिनां ॥
वितथमति कुथितमन्मथविकारं ॥ मू० ॥ ४ ॥
सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं ।
कालतस्तदपि कलयति विरामं ॥
कतरदितरत्तदा वस्तु सांसारिकं ।
स्थिरतरं भवति चिंतय निकामं ॥ मू० ॥ ५ ॥
यैः समंक्रीडिता ये च भृशमीडिता ।
यैः सहाकृष्महि प्रीतिवादं ॥
तान् जनान् विक्ष्य बत भस्मभूयंगतान् ।
निर्विशंकास्मः इति धिक् प्रमादं ॥ मू० ॥ ६ ॥

असकृदुन्मिष्य निमिषंति सिंधू ।
मिंवच्चेतनाचेतनाःसर्वभावाः ॥
इंद्रजालोपमाः स्वजनधनसंगमा-
स्तेषु रज्यंति मूढस्वभावाः मू० ॥ ७ ॥
कवलयन्न विरतं जंगमाजगमं ।
जगदहो नैव तृप्यति कृतांतः ॥
मुखगतान् खादतस्तस्य करतलगतै-
र्न कथमुपलप्स्यतेऽस्माभिरंतः ॥ मू० ॥ ८ ॥
नित्यमेकं चिदानंद मयमात्मानो-
रूपमभिरूप्य सुखमनुभवेयं ॥
प्रशमरस नव सुधापान विनयोत्सवो ।
भवतु सततं सतामिह भवेऽयं ॥ मू० ॥ ९ ॥

વ્યાખ્યા.

૧. હે મુગ્ધ આત્મન્! તું (તારા) મનમાં પોતાના (કલ્પિત) પરિવાર સહિત વૈભવને વારંવાર ચિંતવીને વ્યર્થ મોહ પામે છે. હે આત્મન્! તું પોતાનું જીવિત-આયુષ્ય જેવું ડાભના અગ્રભાગઉપર રહેલું જળબિંદુ પવને કંપાવ્યું છતું જલદી ટપકી જાય તેવું અસાર-ક્ષણિક જાણ. મતલબકે તેનો ભરોંસો ન રાખીશ.

૨. તું તપાસી જો કે વિષયસુખનો સંબંધ કેવો ક્ષણભં-

ચુર છે ? તે જોતજોતામાં હાથતાળી દઇને જાય તેમ જતું રહે છે ! આ સંસારની માયા વેગથી વીજળીના ઝબકારાના વિલાસને અનુસરે છે, અર્થાત્ સંસાર પ્રપંચ વીજળીના વિલાસ જેવો દૃષ્ટ નષ્ટ થઈ જાય છે તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય નથી.

૩. ખેદની વાત છે કે (આ) હણ્યું યૌવન કુતરાની પુંછડી જેવું અતિ કુટિલ છતું પણ જોતજોતામાં વેગે વિનાશ પામી જાય છે. તે યૌવનવડે (કામિની) સ્ત્રીઓને પરવશ થયેલા નષ્ટ બુદ્ધિવાળા (લોકો) જગતમાં કટુક રસવાળા કષ્ટને કેમ કળી શકતા નથી ? આ એક ભારે આશ્ચર્ય ની વાત છે.

૪. જો કે આ દેહ જગતમાં અતિ દુર્જય જરાથી સત્વહીન થયો છતો ક્ષીણ થઈ ગયો (હોય) તોપણ પ્રાણીઓનું નિર્લજ્જ મન કુબુદ્ધિવાળા અને કુત્સિત એવા કામવિકારને તજતું નથી. એ બહુ શરમની વાત છે.

૫. અનુત્તર વિમાનના દેવ સુધીનાં જે અતિ ભારે સુખ છે તે પણ કાળે કરીને પૂરાં થઈ જાય છે તોપછી બીજી કઈ સંસારીક વસ્તુ સ્થિરતર હોઈ શકે તેનો પુગતો વિચાર કરી જો.

૬. જેમની સંગાથે આપણે રમ્યા, જેમને આપણે બહુજ વખાણતા અને જેમની સાથે આપણે પ્રીતિવાદ કરતા તે લોકો ભસ્મ થયેલા જોઇને (પણ) આપણે નિઃશંકપણે વર્તીએ છીએ એ આશ્ચર્યની વાત છે. માટે એવા પ્રમાદને ધિક્કાર હો.

૭, સમુદ્રના કલ્લોલની પેરે સકળ સજીવ અને નિર્જીવ પદાર્થો વારંવાર ઉપજે છે અને વિલય પામે છે. ઈંદ્રિજાળની જેવા સ્વજનના અને દ્રવ્યના સંયોગ મળેલા છે તેમાં મૂઢજનોજ રંગાઈ જાય છે. મતલબ કે ક્ષણિક દૃષ્ટ નષ્ટ થતા સંયોગોમાં મુ-

આઈ ન જવું એજ સાર છે, વસ્તુ સ્વરૂપ વિચારી જે તેવા સંયોગમાં મુઝાતા નથી તે પુરૂષો ધન્ય છે.

૮. અહો આશ્ચર્યની વાત છે કે જંગમ અને સ્થાવર જગત્ માત્રને સદાય ભક્ષણ કરતો કાળ ( કદાપી ) તૃપ્ત થતો જ નથી. પોતાના મુખમાં રહેલા સહુને ભક્ષણ કરતા એવા કાળના હાથે ચઢેલા આપણો ( પણ ) છુટકો થવાનો નથી. એ કાળ આપણો કોળીયો કરી ન જાય એટલામાં ચેતી શકાય તો ચેતી લેવામાંજ સાર છે. પછી હારી બાજી હાથ રહી શકે તેમ નથી.

૯ ( તેમાટે ) નિત્ય એક અને ચિદાનંદ મય એવું આત્માનું સ્વરૂપ લખી–( લક્ષી ) ઓળખીને મારે (સ્વાભાવિક કૃત્રિમ નહિ એવા ) સુખનો જ અનુભવ કરવો જોઈએ (એમ ગ્રંથકર્ત્તા શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે અને આશિર્વાદ આપે છે કે ) પ્રશમરસ રૂપ અભિનવ અમૃત–પાનવડે વિનયોત્સવ આજ ભવમાં સત્પુરૂષોને સદાય હોજો !

**ઈતિ મહોપાધ્યાય શ્રી કીર્તિવિજયગણિ શિષ્યોપાધ્યાય શ્રી વિનયવિજયગણિ વિરચિતે શાંતસુધારસગેયકાવ્યે અનિત્યભાવના વિભાવનોનામ પ્રથમ પ્રકાશઃ ॥**

---

# द्वितीयाऽशरणभावनाऽष्टकम्

## शार्दूल विक्रीडितं वृत्तं.

**ये षट् खंड मही महीन तरसा निर्जित्य बभ्राजिरे ।**
**ये च स्वर्गभुजोभुजोर्जितमदा मेदु मुदा मेदुराः ॥**

तेपि क्रूर कृतांत वक्त्रदनै र्निदल्यमानाहठा-
दत्राणाःशरणाय हा दशदिशः प्रैक्षंत दीनाननाः ॥१॥

स्वागता वृत्तं.

तावदेवमदविभ्रममाली, तावदेवगुणगौरवशाली ।
यावदक्षमकृतांतकटाक्षै-र्नेक्षितोविशरणो नरकीटः ॥२॥

शिखरिणी वृत्तं.

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-
र्गतंधैर्योद्योगैः श्लथितमथपुष्टेन वपुषा ॥
प्रवृत्तं तद्द्रव्यग्रहणविषये बांधवजनै-
र्जने कीनाशेन प्रसभमुपनीते निजवशं ॥ ३ ॥

"બીજી અશરણ ભાવનાર્થ."

૧, જેઓ અતુલ પરાક્રમવડે ષટ્ખંડ પૃથ્વીને જીતી સંપૂર્ણ શોભી રહ્યા હતા એવા ચક્રવર્તી રાજાઓ અને જે ભુજાબળના ભારે મદવાળા દેવતાઓ હર્ષથી પુષ્ટ છતાં આનંદમગ્ન રહેતા તેઓ પણ બલાત્કારથી નિર્દય યમના દાંતવડે દલાયમાન થયા થકા હા! ઇતિ ખેદે શરણરહિત છતા શરણને માટે દીન મુખે દશે દિશે તાકીને જોતા રહ્યા, તોપણ તેમને યમના પંજામાંથી

મૂકાવવાને કોઈ સમર્થ થઇ શક્યું નહિં, તેમજ થઈ શકે પણ નહિં.

૨, જ્યાં સુધી દુઃસહ એવા યમના કટાક્ષવડે શરણરહિત નરકીટક જોવાયો નથી, મતલબ કે જ્યાંસુધી અશરણ મનુષ્ય ઉપર જમની દૃષ્ટિ વિષમ થઈ નથી ત્યાંસુધી જ તે મદના વિ-લાસવાળો અને ગુણના ગૌરવવાળો જણાય છે, પછી તો તેનો મદ અને ગુણ ગૌરવ કયાંય નાશી જાય છે. કોઈ તેનું રક્ષણ કરી શકતું નથી.

૩, જ્યારે યમ બલાત્કારે પ્રાણીઓને પોતાના કબજે કરે છે ત્યારે (તેમનો) પ્રતાપ નષ્ટ થઈ જાય છે, ઉદય પામેલું તેજ અસ્ત થઇ જાય છે, ધીરજ અને પુરૂષાર્થ નષ્ટ થઇ જાય છે, પુષ્ટ કરેલું શરીર પણ શિથિલ થઈ જાય છે અને સ્વજનો તેનું દ્રવ્ય કબજે કરવાને પ્રવર્તે છે. (પણ કોઈ તેને યમના મુ-ખમાંથી મુક્ત કરવાને શક્તિવાન થતા નથી. અશરણ જીવ યમને શરણ થાય છે.)

## मारुणीरागेणगीयते.

स्वजनजनो बहुधा हितकामं प्रीतिरसैरभिरामं ।
मरणदशावशमुपगतवंतं रक्षति कोपि न संतं ॥
विनयविधीयतां रे श्रीजिनधर्मशरणं ।
अनुसंधीयतां रे शुचितरचरणस्मरणं ॥१॥ ध्रुवपदं.

तुरगरथेभनरावृत्तिकलितं दधतं बलमस्खलितं ।
हरति यमो नरपतिमपि दीनं मैनिक इव लघुमीनं वि०२
प्रविशति वज्रमये यदि सदने तृणमथ घटयति वदने ।
तदपि न मुंचति हतसमवर्ती निर्दयपौरुषनर्ती ॥ वि० ३
विद्यामंत्रमहौषधिसेवां सृजतु वशीकृतदेवां ।
रसतु रसायनमुपचयकरणं तदपि न मुंचति मरणं ॥ वि०४
वपुषि चिरं निरुणाद्धि समीरं पतति जलधिपरतीरं ।
शिरसि गिरेरधिरोहति तरसा तदपि स जीर्यति जरसा वि०
सृजती मसितशिरोरुहललितं मनुजशिरः सितपलितं ।
को विदधानां भूघनमरसं प्रभवति रोध्धुं जरसं ॥ वि० ६
उद्यत उग्ररुजा जनकायः कःस्यात्तत्र सहायः ।
एकोऽनुभवति विधुरुपरागं विभजति कोपि न भागं वि०७
शरणमेकमनुसर चतुरंगं परिहर ममता संगं ।
विनय रचय शिवसौख्यनिधानं शांतसुधारसपानं वि०८

इतिश्री शांतसुधारसगेयकाव्ये अशरणभावना विभावनो नाम द्वितीयःप्रकाशः ॥

## "દ્વિતીય ભાવનાષ્ટક"

૧,–કોય પણ સ્વજન વર્ગ, ઘણું કરીને (પોતાના) હિત-સ્વી અને પ્રીતિપ્રાત્ર સારા માણસને મરણ દશાને પ્રાપ્ત થતાં રક્ષી શકતા નથી. તેથી હે આત્મન્! તું મહા મંગળકારી શ્રીસર્વજ્ઞ વીતરાગપ્રણીત અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મનુંજ શરણ કર, અને નિર્મળ–વિશુદ્ધ ચારિત્રનું સ્મરણ કર, તેજ તને સંસારસમુદ્રથી તારી શકનાર છે. તેનાજ પ્રબળ આલંબનથી અનેક જીવો નિસ્તરી ગયા છે.

૨, ઘોડા, રથ, હાથી અને પાળાથી પરવરેલા તેમજ અસ્ખલિત બળને ધારણ કરવાવાળા નરપતિને પણ યમ જેમ મચ્છીમાર નાના મચ્છને (જોત જોતામાં) પકડે છે, તેમ પકડી લે છે; તેની પાસે કોઈનું કંઈએ ચાલતું નથી.

૩, ચ્હાય તો કોઇ વજ્રમય ભુવનમાં પેશી જાય અથવા તો કોઈ મુખમાં તૃણને ધારણ કરે તોપણ સહુને એકસરખી રીતે હણી નાંખનાર એવો નિર્દય કાર્ય કરી ખુશી થનાર **કાળ કોઇને મૂકતો નથી.** ચ્હાય દેવ દાનવ માનવ ગમે તે હોય પણ તેમાંથી કોઈ છટકી જઈ શકતું નથી, તેથી કોઈએ ખોટો ગર્વ કરવાનું કશું કારણ નથી. ગમે તેવા અખર્વ ગર્વને ધારણ કરનારનો પણ ગર્વ **યમે** ગાળ્યોજ છે.

૪, જેને દેવતાઓ આધીન છે એવી વિદ્યા, મંત્ર અને ઔષધીની સેવા કરો, અથવા પુષ્ટિકારક રસાયન આરોગો તોપણ મરણ મૂકવાનું નથી. મતલબ કે પ્રભાવિક વિદ્યા, મંત્ર, ઔષ-

ધીઓની સેવાથી કે રસાયણના પ્રયોગથી પણ મૃત્યુ અટકી શકતું નથી. મૃત્યુજયનો ઉપાય તો ઓરજ છે.

૫, ન્હાય તો કોઈ શરીરમાં ચિરકાળ વાયુને રોકી રાખે, સમુદ્રને પેલે પાર જઈ રહે, અથવા પર્વતના શિખરઉપર જોરથી જઈ ચઢે તોપણ તે જરાથી જીર્ણ થાય છે. મતલબ કે કાળક્રમે શરીર જાજરૂં થયાવિના રહેતુંજ નથી.

૬, કાળા કેશોથી શોભતા મનુષ્યના મસ્તકને સફેત કેશવાળું કરતી અને શરીરને શુષ્ક કરી નાંખનારી જરાને રોકવાને કોણ સમર્થ છે? મતલબ કે વસ્તુસ્વભાવને રોકવાને કોઈ સમર્થ થઈ શકતું નથી.

૭, જ્યારે મનુષ્યની કાયા ઉગ્ર રોગોથી વ્યાપ્ત થાય ત્યારે તેને કોણ સહાય થાય? ચંદ્ર એકલોજ રાહુની પીડા સહે છે. કોઈ પણ તેનો ભાગ પાડી લેતા નથી. મતલબ કે જીવ જેવી સારી નરતી કરણી કરે છે તેવાં તેનાં ફળ પણ પોતેજ ભોગવે છે.

૮, (એમ સમજીને) હે આત્મન્!! દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર ૪ પ્રકારના ધર્મનુંજ એક શરણ તું અંગીકાર કર! સમતાની શત્રુરૂપ મમતાનો સંગ તું તજી દે અને શિવસુખના નિધાનરૂપ શાન્ત સુધારસનું પાન કર્યા કર! એમ શ્રી વિનયવિજયજી મહારાજ ભવ્ય જીવોને ઉપદિશે છે.

## अथ तृतीयभावना.

### शिखरिणी वृत्त त्रयम्।

इतोलोभः क्षोभं जनयति दुरंतो दव इवो–
ल्लसल्लाभांभोभिः कथमपि न शक्यः शमयितुं ॥

इतस्तृष्णाऽक्षाणां नुदति मृगतृष्णेव विफला।
कथं स्वस्थैः स्थैर्यं विविधभयभीमे भववने ॥ १ ॥
गलत्येकाचिंता भवति पुनरन्या तदधिका।
मनोवाक्काये हा विकृतिरतिरोषात्तरजसः ॥
विपद्गर्तावर्ते झटिति पतयालोः प्रतिपदं।
न जंतोः संसारे भवति कथमप्यार्तिविरतिः ॥२॥
सहित्वा संतापानशुचिजननीकुक्षिकुहरे।
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः ॥
सुखाभासै र्यावत् स्पृशति कथमप्यार्तिविरतिं।
जरा तावत् कायं कवलयति मृत्योः सहचरी ॥३॥

उपजाति वृत्तं.

विभ्रांतचित्तो बत बंभ्रमीति, पक्षीव रुद्धस्तनुपंजरेऽंगी।
नुन्नो नियत्याऽतनुकर्मतंतु संदानितः सन्निहितांतकौतुः—

अनुष्टुब् वृत्तं.

अनंतान् पुद्गलावर्तानंतानंतरूपभृत्।
अनंतशो भ्रमत्येव जीवोऽनादि भवार्णवे ॥ ५ ॥

# "ત્રીજી સંસારભાવના"

૧, એક તરફ દુરંત દાવાનળની જેવો લોભ વધતા જતા લાભરૂપ જળોવડે કોઈ રીતે શમાવી શકાતો નથી. અને બીજી તરફ મૃગતૃષ્ણા (ઝાંઝવાંનાં જળ) ની જેવી ખોટી વિષયતૃષ્ણા પ્રાણીઓને પીડા કરી રહી છે. આવી રીતે વિવિધ ભયથી ભયંકર ભવવનમાં શી રીતે સ્વસ્થ–નિશ્ચિંત થઈ રહી શકાય ?

૨, અતિ રોષથકી રજોગુણને પામેલા અને પગલે પગલે આપદાના ઉંડા ખાડામાં જલદી પડી જનારા જંતુના દુઃખનો શી રીતે અંત આવે ? (તેની) એક ચિંતા મટે છે ત્યાં તેથી અધિક અનેરી ચિંતા ઉભી થાય છે એમ મન, વચન અને કાયામાં વિકૃતિ (વિકાર) સ્ફુરે છે એ ખેદની વાત છે.

૩, અશુચિમય માતાના ઉદરમાં અનેક સંતાપને સહી પછી અનુક્રમે મોટાં મોટાં કષ્ટને વેઠી જન્મ પામી ક્ષણિક અને કલ્પિત સુખોવડે જેવામાં પોતે કોઈ કોઈ રીતે દુઃખનો આરો આવ્યો માને છે તેવામાં મૃત્યુની બેનપણી જરા અવસ્થા આવીને કાયાનો કોળીઓ કરી જાય છે.—તેથી બાપડા સંસારી જીવોને કયાંય પણ ઠરીને ઠામ બેસવાનો વખત આવતોજ નથી.

૪, ભવિતવ્યતાવડે પ્રેરાયલો, ભારે કર્મરૂપી દોરથી બંધાયેલો અને કાળરૂપી બિલાડાની સમીપે રહેલો જીવ દિગ્મૂઢ છતો પંખીની પેરે દેહ–પંજરમાં ભમ્યાજ કરે છે-

૫, અનંતાનંત દેહને ધારણ કરતો જીવ અનંત પુદ્‌ગલ પરાવર્તન પર્યંત અનાદિ ભવ સમુદ્રમાં અનંતી વાર ભ્રમણ કર્યાજ કરે છે.

तृतीय भावनाष्टकं केदारारागेण गीयते ।

शांतसुधारसकुंडमां ए देशी. ॥

कलय संसारमतिदारुणं जन्ममरणादिभयभीतरे ।
मोहरिपुणेह सगलग्रहं प्रतिपदं विपदमुपनीतरे ॥ क०१
स्वजनतनयादिपरिचयगुणैरिह मुधा बध्यसे मूढरे ।
प्रतिपदं नवनवैरनुभवैः परिभवैरसकृदुपगूढरे ॥ क०२॥
घटयसि क्वचन मदमुन्नतेः क्वचिदहो हीनतादीनरे ।
प्रतिभवं रूपमपरापरं वहसि बत कर्मणाधीनरे ॥ क०३ ॥
जातु शैशवदशापरवशो जातु तारुण्यमदमत्तरे ।
जातु दुर्जयजराजर्जरो जातु पितृपतिकरायत्तरे ॥ क०४॥
व्रजति तनयोऽपि ननु जनकतां तनयतां व्रजति पुनरेषरे।
भावयन्विकृतिमिति भवगतेस्त्यजतमां नृभवशुभशेषरेक
यत्रदुःखार्तिगददवलवैरनुदिनं दह्यसे जीवरे ।
हंत तत्रैव रज्यसि चिरं मोहमदिरामदक्षीबरे ॥ क०६॥
दर्शयन् किमपि सुखवैभवं संहरंस्तदथ सहसैव रे ।
विप्रलंभयति शिशुमिव जनं कालबटुकोऽयमत्रैवरे॥ क०७

सकलसंसारभयभेदकं जिनवचो मनसि निबधानरे ।
विनय परिणमय निःश्रेयसं विहित शमरससुधापानरे क०८

इतिश्री शांतसुधारसगेयकाव्ये संसारभावनाविभावनो नाम तृतीयः प्रकाशः ॥

**ત્રીજી ભાવના અષ્ટક.**

૧, મોહરિપુએ અહિં (પ્રગટ) ગળે પકડીને પગલે પગલે વિપદાને પમાડેલા હે જીવ! તું આ સંસારને જન્મ મરણાદિક ભયથી ભરેલો અતિ બીહામણો સમજ.

૨, હે મૂઢ આત્મન્! સ્વજન પુત્રાદિકના પરિચયરૂપ બંધનથી તું શા માટે વ્યર્થ બંધાય છે? પગલે પગલે નવ નવા અનુભવવડે અને પરાભવવડે તું વારંવાર વ્યાપ્ત થયેલો છે. (તે તપાસ!)

૩, અહો કવચિત્ તું સંપત્તિનો મદ કરે છે અને કવચિત્ દારિદ્રથી દીન બને છે, (વળી) ખેદની વાત છે કે પ્રતિભવ કર્મ વશવર્તી તું નવ નવા રૂપને ધારણ કરે છે. મતલબ કે આ સંસાર રૂપ રંગભૂમિમાં તું કર્મને આધીન બની નવા નવા પ્રકારના નાટકીયાના જેવા વેશ ધરે છે.

૪, કવચિત્ તું બાલ્ય અવસ્થાને આધીન હોય છે, કવચિત્ તરૂણ વયના મદથી માતો હોય છે, કવચિત્ દુર્જય જરાથી જર્જરિત થયેલો હોય છે, અને કવચિત્ યમના હાથે ચઢેલો હોય છે. આમ તારા વિધવિધ રૂપ રંગ થયા કરે છે.

૫, પુત્ર પણ (દૈવવશાત્) ખરેખર પિતાપણે ઉપજે છે. અને પિતા વળી પુત્ર પણે અવતરે છે, એવી રીતે સંસાર

સ્થિતિની વિષમતા ભાવતો છતો હે ભાઇ! આ મનુષ્ય ભવરૂપ શુભ સામગ્રી પામી કરી (હવે સંપૂર્ણ પુરૂષાર્થ વડે) સંસારનાં દુઃખને તું તિલાંજલિ દે.

૬, રે જીવ! જેમાં તું અનેક પ્રકારનાં દુઃખ સંબંધી ચિંતા અને અનેક પ્રકારના રોગરૂપ અગ્નિજ્વાલા વડે પ્રતિદિન પચાય છે, (બળ્યાજ કરે છે) તેમાં જ તું મોહ મદિરાના મદથી મત્ત થયો થકો લાંબો વખત રાગ ધરે છે; એ મહા ખેદની વાત છે. ચતુર માણસતો એવી દુઃખ દંદોલીથી મુક્ત થવા એક ક્ષણ પણ પ્રમાદ કરે નહિં, સંપૂર્ણ પુરૂષાર્થથી સમસ્ત દુઃખનો અંત કરવાજ યત્ન કરે. તદ્દન કફોડી સ્થિતિમાં કેવળ કાયર બની પ્રમાદ સેવનાર તો ગમારજ ગણાય. જ્ઞાની-વિવેકી તો અ-ડગ વીર્યથી પોતાના આત્માને આવી દુઃખદાયી સ્થિતિમાંથી પ્ર-થમ (પદે જ) મુક્ત કરે. અને અન્યને પણ યથાયોગ્ય સહાય આપે.

૭, આ કાલબટુક અહીંજ કંઇક સુખ સમૃદ્ધિ બતાવી, તે જ સુખ સમૃદ્ધિને (એકી જ) સાથે સંહરી લઈ લોકોને એક બાળકની જેમ ઠગી લે છે.

૮, સકળ સંસાર સંબંધી ભયને ભેદી નાખનારાં જિન વચનને તું તારા મનમાં ધારણ કર અને શમરસ રૂપ અમૃત-પાન કરી હે આત્મન્! તું સમસ્ત દુઃખના સંપૂર્ણ વિલયરૂપ અને એકાંત સુખના સ્થાન રૂપ મોક્ષને પ્રાપ્ત કર! એમ શ્રીમાન્ વિનય વિજયજી મહારાજ ઉપદિશે છે.

**ઇતિતૃતીય ભાવનાર્થ.**

# अथ चतुर्थभावना.

## स्वागतावृत्तं

एक एव भगवानयमात्मा, ज्ञानदर्शनतरंगसरंगः
सर्वमन्यदुपकल्पितमेतत् व्याकुलीकरणमेव ममत्वम् १।

## प्रबोधता वृत्तत्रयं.

अबुधैः परभावलालसालसदज्ञानदशावशात्मभिः ।
परवस्तुषु हा स्वकीयता विषयावेशवशादधिकल्प्यते २॥
कृतिनां दयितेति चिंतनं परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा परभावेषु ममत्वभावनं ॥३॥
अधुना परभावसंवृतिं हर चेतः परितोवगुंठितं ।
क्षणमात्मविचारचंदनद्रुमवातोर्मिरसाः स्पृशंतु मां ॥४॥

## अनुष्टुब् वृत्तं.

एकतां समतोपेतामेनामात्मन् विभावय ।
लभस्व परमानंदसंपदं नमिराजवत् ॥ ५ ॥

### "ચોથી એકત્વ ભાવના."

૧, જ્ઞાન, દર્શન તરંગથી શોભતો એવો આ આત્મા જ એક ( આરાધન કરવા યોગ્ય ] ભગવાન્ છે. બાકીનું આ બધું ઉપકલ્પિત ( કલ્પી લીધેલું ) સુખ તો વ્યાકુળતા કરનાર મમત્વ માત્ર છે, મતલબ કે સારતત્ત્વ તો આત્માજ છે, તે શિવાયનો

બધો પ્રપંચ કેવળ ભ્રમજાળ યા મોહજાળ રૂપ મમત્વની વૃદ્ધિ કરનારજ જણાય છે.

૨, પરવસ્તુ પ્રત્યેની લાલસાથી જાગતી અજ્ઞાન દશાને વશ પડેલા અબુદ્ધજનો હા! ઈતિ ખેદે વિષય સંબંધી આવેશ (અભિનિવેશ–આગ્રહ.) ને વશ થઈ જવાથી પર પુદ્ગલિક વસ્તુઓમાં પોતાપણાની બુદ્ધિની કલ્પના કરીલે છે.

૩, જેમ પુણ્યવંત આત્માને પરસ્ત્રીને વિષે 'સ્વદારા' એવું ચિંતવન વિપત્તિને માટે થાય છે, તેમ વિવિધચિંતા અને ભયને ઉત્પન્ન કરનાર પરવસ્તુ પ્રત્યેનો મમત્વભાવ વિપત્તિને માટે થાય છે.

૪, હવે! હે ચિત્ત! ચારે બાજુથી વીંટળાએલી એવી પરભાવની સંવૃત્તિ તું હરી લે જેથી ક્ષણવાર આત્મ વિચારરૂપ ચંદન વૃક્ષના પવનની લહેરીના રસમને સ્પર્શે.

૫, સમતાથી વ્યાપ્ત એવી આ એકત્વ ભાવનાને હે આત્મન્ તું વિચાર! અને **નમિરાજર્ષિની** પેરે પરમાનંદ સંપદાને પ્રાપ્ત કર!

## चतुर्थभावनाष्टकं

## परजीया रागेण गीयते.

विनय चिंतय वस्तुतत्वं जगति निजमिह कस्य किं।
भवति मतिरिति यस्य हृदये दुरितमुदयति तस्य किं। वि०
एक उत्पद्यते तनुमानेक एव विपद्यते।
एक एव हि कर्मचिनुते सैककः फलमश्नुते। वि०॥२॥

यस्य यावान् परपरिग्रहःविविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या पतति तावदसावधः ॥३॥
स्वस्वभावं मद्यमुदितो भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात् पतति विलुठति जृंभते, वि० ४
पश्य कांचनमितरपुद्गलमिलित मंचति कां दशां
केवलस्य तु तस्य रूपं विदित मेव भवादृशां । वि० ५॥
एवमात्मनि कर्मवशतो भवति रूपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति भासते कांचनविधा वि० ६॥

ज्ञानदर्शनचरणपर्ययपरिवृतः परमेश्वरः ।
एकएवानुभवसदने स रमतामनिश्वरः ॥ वि० ७ ॥

रुचिरसमतामृतरसं क्षणमुदितमास्वादय मुदा ।
विनयविषयातीतसुखरसरतिरुदंचतु ते सदा ॥ वि० ८ ॥

इतिश्री शांतसुधारसज्ञेयकाव्ये एकत्वभावनाविभावनो नाम चतुर्थः प्रकाशः ॥

"ચતુર્થ ભાવનાષ્ટક"

૧, વિનય વિજયજી મહારાજ કહે છે કે હે આત્મન્! તું તારા વસ્તુસ્વરૂપનો વિચાર કર કે આ જગતમાં કોણ કોનું

છે? આવી મતિ જેના હૃદયમાં ઉપજે છે તેને દુરિત (દુઃખ) નો ઉદય કેમ થાય? (અર્થાત્ ન જ થાય.)

૨, દેહધારી (જીવ) એકલોજ ઉપજે છે, અને એકલોજ ચ્યવે છે (મરણ પામે છે.) તે એકલોજ કર્મ બાંધે છે અને એકલોજ તેનાં ફળ ભોગવે છે.

૩, વિવિધ પ્રકારની મમતારૂપ બોજાવાળો જેને જેટલો પરિગ્રહ હોય છે તે સમુદ્રમાં રહેલા વહાણની યુક્તિથી તેટલો નીચે (તળીયે) જાય છે.

૪, જેમ મદિરાપાનથી ઉન્મત્ત બનેલો જીવ સ્વસ્વભાવ (મૂળ પ્રકૃતિ)ને તજી દઈને જૂદાજ પ્રકારની ચેષ્ટા કરવા મંડી જાય છે તેમ પરભાવના સંગથી જીવ સ્વભાવ ચૂકીને સંસાર ચક્રમાં પડે છે, લોટે છે (અરહો પરહો અથડાય છે–રગદોળાય છે અને) ભવવૃદ્ધિ કરે છે.

૫, જો! કાંચન (સુવર્ણ) બીજી ધાતુની સાથે મળ્યું છતું કેવી દશાને પામે છે? અને કશા પ્રકારના ભેગ વગરના વિશુદ્ધ કાંચનનું સ્વરૂપ તો તમારી જેવા સૂજ્ઞને સુવિદિતજ છે.

૬, એમ આત્માને વિષે કર્મના સંયોગથી અનેક પ્રકારનાં રૂપ થાય છે, અને કર્મમળ રહિત આત્મા–પરમાત્માને વિષે તો વિશુદ્ધ કાંચનની જેવો ચોખ્ખો જ અનુભવ થાય છે, અર્થાત્ વિશુદ્ધ આત્માનું તો એકજ અખંડ, અવિચળ–નિર્વિકલ્પ–રૂપજ હોય છે.

૭, જ્ઞાન, દર્શન અને ચારિત્રગુણથી વ્યાપ્ત એવા આ અવિ-

નશ્વર ( અક્ષય ) વીતરાગ પરમાત્મા એકલાજ ( સ્વતંત્ર પણે. ) અનુભવ સદન ( મહેલ ) માં રમણ કરો !

૮, હે ! આત્મન્ આ સહેજે પ્રાપ્ત થયેલાં મનોહર શાન્ત સુધારસનું તું પ્રેમ પૂર્વક પાન કર ! અને તને વિષયાતીત ( અતીંદ્રિય ) સુખ રસનો સ્વાદ લેવામાં રતિ સદા ઉદય પામો જાગૃત રહો ! इतिचतुर्थ भावानार्थ.

## अथ पंचम भावना.

### उपजाति वृत्तं.

परः प्रविष्टः कुरुते विनाशं ।
लोकोक्तिरेषा न मृषेति मन्ये ॥
निर्विश्य कर्माणुभिरस्य किं किं ।
ज्ञानात्मनो नो समपादि कष्टं ॥ १ ॥

### स्वागता वृत्तं

खिद्यसे ननु किमन्यकथार्तः
सर्वदैव ममतापरतंत्रः ॥
चिंतयस्यनुपमान्कथमात्म-
न्नात्मनो गुणमणीन्न कदापि ॥ २ ॥

## शार्दूल विक्रीडितं. वृत्तद्वयम्

यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे ।
यद्यच्छोचसि यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे ॥
स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे ।
तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किंचित्तव ॥ ३ ॥
दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सोढास्त्वया संसृतौ ।
तिर्यङ् नारकयोनिषु प्रतिहत च्छिन्नोविभिन्नोमुहुः ॥
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा ।
रज्यन्मुह्यसि मुढ तानुपचरन् नात्मन् न किं लज्जसे ४

## अनुष्टुप् वृत्तम्.

ज्ञानदर्शनचारित्र केतनांचेतनां विना ।
सर्वमन्यद्विनिश्चित्य यतस्व स्वाहिताप्तये ॥ ५ ॥

### "પાંચમી અન્યત્વ ભાવના?

૧, 'પરાયો પેઠોવિનાશ કરે' એ લોકોક્તિ સત્ય છે, એમ હું માનું છું કેમકે કર્મના પરમાણુઓએ અંદર પેસારો કરીને જ્ઞાન સ્વરૂપી આત્માને શું શું કષ્ટ ઉપજાવ્યું નથી? તો કર્માણુઓ વડે જ તેનો વિનાશ થયેલો છે.

૨, હે આત્મન્ ! તું નિશ્ચે સમતાને પરતંત્ર રહી સદા સર્વદા પરપુદ્ગલિક કથાથી કદર્થિત છતો શામાટે ખેદ પામ્યા કરે છે? તારા અનુપમ ગુણરત્નોનો કદાપિ કેમ વિચાર કરતો નથી? નિજગુણરત્નોનોજ વિચાર સદા સર્વદા કર્તવ્ય છે, તેજ કલ્યાણકારી સર્વ દુ:ખથી સર્વથા મુક્ત કરનાર છે.

૩, હે પ્રિય ! આત્મન્, તું જેના માટે યત્ન કરે છે, જેનાથી બીહે છે, જેમાં સદાય આનંદ માને છે, જેનો જેનો શોચ કરે છે, જેને જેને ઈચ્છેછે અને જેને પામીને પ્રીતિને પરવશ થઈ જાય છે, અનેજેમાં સ્નેહથી રંગાયો છતો તારા નિર્મલ સ્વભાવને મૂકી દઈ જેમ આવે તેમ અસમંજસ બોલે છે, તે સર્વ પરાયુંજ છે. તેમાંનું કંઇપણ તારૂં નથી જ, તેનો તું ઉંડો ઉતરીને વિચાર કરી જો. !

૪, સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં તેં કેટલી બધી માઠી કષ્ટ–કદર્થનાઓ સહી છે ? તેમ જ નરક તિર્યંચ સંબંધી યોનિઓમાં તું વારંવાર વિડંબિત થયો છતો છેદન ભેદન પામ્યો છે. તે સર્વ પરપુદ્ગલસંગનો દુષ્ટ અનુભાવ વિસરી જઈને તેમાંજ રાગ ધરતો હે મૂઢ ! તું મુંઝાઈ જાય છે, અને તેનેજ સેવતો છતો કેમ (લગારે) લાજતો નથી.

૫, જ્ઞાન, દર્શન અને ચારિત્ર લક્ષણ ચેતના વિના બાકીનું બધું પર છે, એવો દૃઢ નિશ્ચય કરીને હે આત્મન્ ! તું સ્વહિત પ્રાપ્તિને માટે પ્રયત્ન કર. !

## पंचम भावनाष्टकम्.

**श्रीरागेणगीयते ॥ तुजगुण पार नहि सूअणो ए देशी**

विनय निभालय निज भवनं
तनुधनसुतसदनस्वजनादिषु ।
किं निजमिह कुगतेरवनं ॥ वि० १
येन सहाश्रयसे ऽतिविमोहादिदमहमित्यविभेदं ।
तदपि शरीरं नियतमधीरं त्यजति भवंतं धृतखेदं ॥ वि० २
जन्मनि जन्मनि विविधपरिग्रहमुपचिनुषे च कुटुंबं ।
तेषु भवंतं परभवगमने नानुसरति कृशमपि सुंबं॥ वि० ३
त्यज ममतापरितापनिदानं परपरिचयपरिणामं।
भज निस्संगतया विशदीकृतमनुभवसुखरसमभिरामंवि ४
पथि पथि विविधपथैःपथिकैःसह कुरुते कः प्रतिबंधं ।
निजनिजकर्मवशैःस्वजनैःसह किं कुरुषे ममताबंधं॥वि०५
प्रणयविहीने दधदभिषंगं सहते बहुसंतापं।
त्वयि निष्प्रणये पुद्गलनिचये वहसि मुधाममतातापंवि६
त्यज संयोगं नियतवियोगं कुरु निर्मलमवधानं ।
नहिविदधानःकथमपि तृप्यसि मृगतृष्णाघनरसपानं वि७
भज जिनपतिमसहायसहायं शिवगतिसुगमोपायं ।
पिब गदशमनं परिहतवमनं शांतसुधारसमनपायं वि०८

# इति शांतसुधारसगेयकाव्ये अन्यत्वभावनाविभावनो नाम पंचम प्रकाशः ॥

## "પંચમ ભાવનાષ્ટક."

૧, હે આત્મન્! તું પોતાનું ઘર સંભાળ! શરીર, ધન, પુત્ર, ઘર અને સ્વજનાદિકમાં તારૂં શું છે? કે જે દુર્ગતિથી તારો બચાવ કરી શકે.

૨, અતિ મોહથી એ તે હું એવા અભેદ સંબંધથી જેની સાથેજ સદા વસે છે તે શરીર પણ નિશ્ચે ચપળ છતું ખેદયુક્ત તને તજી દે છે. છતાં તું તેના ઉપર કેટલો મોહ રાખે છે?

૩, જન્મ જન્મમાં વિવિધ પ્રકારના પરિગ્રહને અને કુટુંબને તું પોષે છે પરંતુ પરભવ જતાં તેમાંથી એક તલમાત્ર પણ તને સ્હાયરૂપ થતું નથી.

૪, માટે પરપરિચય પરિણામ કે જે મમતાયોગે પરિતાપનેજ પેદા કરે છે તેને તું તજ અને નિઃસંગપણે નિર્મળ અને આલ્હાદકારી અનુભવ સુખ રસનું તું સેવન કર એજ તને અત્યંત હિતકારી થશે.

૫, જુદા જુદા માર્ગે જનારા વટેમાર્ગુઓ સાથે ઠેકાણે ઠેકાણે કોણ પ્રતિબંધ કરે? કોઇ ન કરે. તેમ સ્વ સ્વકર્મવશવર્તી સ્વજનો સાથે તું શામાટે મમતા બાંધે છે. તે મમતાબંધન તને અત્યંત દુઃખકારી થશે.

૬, રાગરહિત માણસ ઉપર આસક્ત થનાર જેમ બહુ સંતાપને સહે છે, તેમ તારે વિષે રાગરહિત એવા જડ પદાર્થો

ઉપર ફોગટ મમતા રાખી તું શામાટે સંતાપને સહે છે. તે જડ પદાર્થોથી અંતે તારૂં કશું વળવાનું નથી જ.

૭, (એમ સમજીને) જેનો નિશ્ચે વિયોગ થવાનો જ છે એવા સંયોગ (સંયોગિકભાવ-વસ્તુઓ) નો તું ત્યાગ કર અને નિર્મળ આત્મ લક્ષ્ય ધારણ કર! (તે વિના) મૃગતૃષ્ણા (ઝાંઝવા) નાં જળનું પાન કરતો (કરવા મથતો) તું કદાપિ તૃપ્તિને પામી શકીશ નહિ.

૮, દીનબંધુ એવા જિનેશ્વરને તું ભજ અને સુખે શિવ-ગતિ આપે, સકળ આપદાને કાપે અને સર્વ વ્યાધિઓને શમાવે એવા શાન્ત સુધારસનું તું રૂચિપૂર્વક પાન કર!

### ઇતિ પંચમ ભાવનાર્થ.

## अथ षष्ठ भावना.

### शार्दूलविक्रीडितं वृत्तं.

सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेशसंगाशुचिः ।
शुच्या मृद्यमृदा बहिः स बहुशो धौतोपि गंगोदकैः ॥
नाधत्ते शुचितां यथा तनुभृतां कायो निकायो महा-
बीभत्सास्थिपुरीषमुत्ररजसां नायं तथा शुध्यति ॥ १ ॥

### मंदाक्रांता वृत्तं.

स्नायं स्नायं पुनरपि पुनः स्नांति शुद्धाभिरद्भि-
र्वारंवारं बत मलतनुं चंदनैरर्चयंते ॥

मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयंते ।
नो शुध्यंते कथमवकरः शक्यते शोध्धुमेवं ॥ २ ॥

शार्दूलविक्रीडितं वृत्तं.

कर्पूरादिभिरर्चितोपि लशुनो नो गाहते सौरभं ।
नाजन्मोपकृतोपि हंत पिशुनःसौजन्यमालंबते ॥
देहोप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां ।
नाभ्यक्तोपि विभूषितोपि बहुधा पुष्टोऽपि विश्वस्यते॥३॥

उपेन्द्रवज्रा वृत्तं.

यदीयं संसर्गमवाप्य सद्यो, भवेच्छुचीनामशुचित्वमुच्चैः।
अमेध्ययोनेर्वपुषोस्य शौचसंकल्पमोहोयमहो महीयान्॥

स्वागता वृत्तं.

इत्यवेत्य शुचिवादमतथ्यं, पथ्यमेव जगदेकपवित्रं ।
शोधनं सकलदोषमलानां, धर्ममेव हृदये निदधीथाः॥५॥

"છઠ્ઠી અશુચિભાવના."

૧, જેમ છિદ્રયુક્ત મદિરાનો ઘડો તેમાંથી ટપકતા મદિરાનાં ટીપાંના સંગથી અશુચિ થયેલો હોવાથી બાહિરના ભાગમાં પવિત્ર માટીથી મસળીને તેને ગંગાજળથી બહુવાર ધોયો છતાં

તે પવિત્ર થઈ શકતો નથી, તેમ પ્રાણીઓની કાયા મહા બિભત્સ (દુગંછનીય) હાડકાં, વિષ્ટા, મૂત્ર અને રજસૂના ઢગલારૂપ હોવાથી ગમે તેટલા ઉપચારથી પણ શુદ્ધ થઈ શકતી નથી.

૨, ૩, મોહમૂઢપ્રાણીઓ વારંવાર શુદ્ધ જળથી અત્યંત સ્નાન કરે છે, અને મલથી ભરેલા દેહને ચંદનથી ચરચે છે અને એમ કરીને આપણે નિર્મળ થયા એમ માની ખુશી થાય છે, પણ તે શુદ્ધ થઈ શકતા નથી; કેમકે ઉકરડો એમ શી રીતે સાફ થઈ શકે? જેમ કપૂર વિગેરે સુગંધિ દ્રવ્યોથી વાસિત કરેલું પણ લસણ સુગંધિ થતું નથી અને જન્મપર્યંત ઉપકાર કર્યા છતાં પણ દુર્જન સજ્જનતાને પામતો નથી; તેમ આ મનુષ્યોનો દેહ પણ પોતાની સ્વાભાવિક અશુચિને તજતો નથી. બહુ પેરે સુગંધિ તેલ વિગેરેથી મસળ્યા છતાં, વસ્ત્રાલંકારથી વિભૂષિત કર્યા છતાં અને ખાનપાનથી પુષ્ટ કર્યા છતાં, તે વિશ્વાસ કરવા યોગ્ય થતો નથી. મતલબકે ગમે તેટલા ઉપચારથી પણ દેહ પોતાનો જાતિસ્વભાવ તજતો નથી.

૪, જેનો સંસર્ગ (સંયોગ) પામીને પવિત્ર વસ્તુઓ પણ જલદી અપવિત્ર થઈ જાય છે, તેમ છતાં અહો! એવા અશુચિના કારણરૂપ શરીરને શુચિ કરવાનો ભ્રમ જીવોને કેવો ભારે પીડાકારક છે!

૫, એવી રીતે શરીરશોચનો પક્ષ ખોટો જાણીને સકળ દોષરૂપ મળને સાફ કરનાર, પથ્ય (હિતકર) અને જગતમાં પરમ પવિત્ર એવા ધર્મનેજ હે આત્મન! તું તારા હૃદયમાં નિશ્ચયપૂર્વક ધારણ કર!

## षष्ठभावनाष्टकं

आसावरीरागेण गीयते ।

कागा रे तनु चुनि चुनि जावे ( एदेशी )

भावय रे वपुरिदमतिमलिनं,

विनय विबोधय मानसनलिनं ।

पावनमनुचिंतय विभुमेकं,

परममहोमयमुदितविवेकं ॥ भा० ॥ १ ॥

दम्पतिरेतोरुधिरविवर्ते,

किं शुभमिह मलकश्मलगर्ते।

भृशमपि पिहितः स्रवति विरूपं,

को बहुमनुतेऽवस्करकूपं ॥ भा० ॥ २ ॥

भजति सचंद्रं शुचितांबुलं,

कर्तुं मुखमारुतमनुकूलं ।

तिष्ठति सुरभि कियंतं कालं,

मुखमसुगंधिजुगुप्सितलालं ॥ भा० ॥ ३ ॥

असुरभिगंधवहोंतरचारी,

आवरितुं शक्यो न विकारी ।

वपुरूप जिघ्रसि वारंवारं,
हसति बुधस्तव शौचाचारं ॥ भा० ॥ ४ ॥
द्वादश नव रंध्राणि निकामं,
गलदशुचीनि न यांति विरामं ।
यत्र वपुषि तत्कलयसि पूतं,
मन्ये तव नूतनमाकूतं ॥ भा० ॥ ५ ॥
अशितमुपस्करसंस्कृतमन्नं,
जगति जुगुप्सां जनयति हन्नं ।
पुंसवनं धैनवमपि लीढं,
भवति विगर्हितमति जनमीढं ॥ भा० ॥ ६ ॥
केवलमलमयपुद्गलनिचये,
अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिंतय परमिहसारं,
शिवसाधनसामर्थ्यमुदारं ॥ भा० ॥ ७ ॥
येन विराजितमिदमतिपुण्यं,
तच्चिंतयचेतननैपुण्यं ।
विशदागममधिगम्य निपानं,
विरचय शांतसुधारसपानं ॥ भा० ॥ ८ ॥

## इतिश्री शांतसुधारसगेयकाव्ये अशौचभावनाविभावनो नाम षष्ठः प्रकाशः

### "ષષ્ઠ ભાવનાષ્ટક."

૧, હે આત્મન્ ! આ દેહ અતિ અપવિત્ર છે એમ તું વિચાર અને તારા હૃદયકમળને વિકસિત કર જેથી સકલ આપદાને વમી તું પરમ મહોદયને પામી શકીશ.

૨, સ્ત્રી પુરૂષના રૂધિર અને વિર્યના વિકાર–પરિણામરૂપ આમલમય અશુચિ ખાડમાં શું સારૂં છે, બહુ યત્નથી તેનું મુખ બંધ કર્યા છતાં તેમાંથી દુર્ગંધ નિકળ્યાજ કરે છે. આવી અશુચિથી ભરેલા કુવાનો કોણ અતિ આદર કરે ? જ્ઞાની—વિવેકી તો નજ કરે. કેવળ મૂઢ—ગમાર હોય તેજ કરે.

૩, મુખને સારૂં સુગંધિત કરવાને કોઈ કર્પૂરયુક્ત તાંબુલ ખાય છે, તોપણ દુગંછનીક લાળથી યુક્ત તે ફિક્કું મુખ કેટલાક કાળ સુગંધિ રહે છે.

૪, શરીરની અંદર ફરતો ખરાબ વિકારી વાયુ એમ કંઈ રોકી શકાતો નથી, તેમ છતાં તું વારંવાર શરીરને સુગંધિ દ્રવ્યો લેપી સુંઘ્યાં કરે છે. આ તારો શોચાચાર ( અપવિત્ર દેહને પવિત્ર બનાવવાનો પ્રયત્ન ) સુજ્ઞ વિવેકી જનો હસી કાઢે છે, કેમકે તે બધો તારો ફોગટ પ્રયત્ન છે, અથવા તો તે કેવળ ભ્રમરૂપજ છે.

૫, જે શરીરમાં અત્યંત અશુચિને વહેતાં સ્ત્રીનાં દ્વાદશ અને પુરૂષનાં નવ દ્વાર ક્ષણવાર પણ વિરામ પામતાં નથી, તે

શરીરને તું પવિત્ર ગણે છે; એ તારો કોઇ અભિનવ (વિચિત્ર) અભિપ્રાય જણાય છે.

૬, અનેક જાતના ઉપચારથી નીપજાવેલું અન્ન ખાધું છતું વિષ્ટારૂપ થઈ જગત્‌માં જુગુપ્સા ( દુગંછા ) ઉપજાવે છે અને વીર્યને વધારનારૂં મજેનું દૂધ પીધું છતું ભારે દુગંછનિક મૂત્રના પરિણામને પામે છે.

૭, માટે હે આત્મન્ ! પવિત્ર વસ્ત્ર ભોજનને અપવિત્ર કરી નાંખનારા કેવળ મળયુક્ત પુદ્ગળના પુંજવાળા દેહમાં જે મોક્ષ સાધનનું ઉદાર સામર્થ્ય રહેલું છે તેનેજ પરમસારભૂત સમજ !

૮, જેનાવડે શોભિતું છતું આ શરીર અતિ પવિત્ર બને એવી નિપુણતાનો હે ચેતન ! તું વિચાર કર ! અને નિર્મળ સિદ્ધાન્તરૂપ જળાશય પામીને તું શાન્ત સુધારસનું પાન કર! એજ તને કલ્યાણકારી છે.

ઇતિષષ્ઠ ભાવનાર્થ.

## अथ सप्तम भावना.

### भुजंगप्रयातं वृत्तं.

यथा सर्वतो निर्जरैरापतद्भिः,  
प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।  
तथैवाश्रवैः कर्मभिः संभृतोंगी,  
भवेद्व्याकुलश्चंचलः पंकिलश्च ॥ १ ॥

## शार्दूलविक्रीडितं वृत्तं.

यावत्किंचिदिवानुभूय तरसा कर्मेह निर्जीयते ।
तावच्चाश्रवशत्रवोऽनुसमयं सिंचंति भूयोपि तत् ॥
हा कष्टं कथमाश्रवप्रतिभटाः शक्या निरोध्धुं मया ।
संसारादतिभीषणान्मम हहा मुक्तिःकथं भाविनी ॥२॥

## प्रहर्षणी वृत्तं.

मिथ्यात्वविरतिकषाययोगसंज्ञा–
श्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ॥
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिर्बध्नंतो ।
भ्रमवशतो भ्रमंति जीवाः ॥ ३ ॥

## रथोध्धता वृत्तं.

इंद्रियाव्रतकषाययोगजाः पंच पंच चतुरन्वितास्त्रयः ।
पंचविंशतिरसक्रियाइति नेत्रवेदपरिसंख्ययाऽप्यमी॥४॥

## इंद्रवज्रा वृत्तं.

इत्याश्रवाणामधिगम्य तत्वं,
निश्चित्य सत्वं श्रुतिसान्निधानात् ।

एषां निरोधे विगलद्विरोधे,
सर्वात्मना द्राग् यतितव्यमात्मन् ॥ ५ ॥

## "સાતમી આશ્રવભાવના."

૧, જેમ સર્વ બાજુથી આવી પડતા પાણીના નિઝરણાવડે તળાવ તરત ભરાઇ જાય છે તેમ સતત આવતાં કર્મોવડે વ્યાપ્ત થયેલો જીવ વ્યાકુળ ચંચળ અને પાપપંકથી ચીકણો થાય છે.

૨, જેટલામાં થોડુંક કર્મ અનુભવિને હું ક્ષય કરૂં છું કે તરત આશ્રવ શત્રુઓ સમયે સમયે તે કર્મને પુનઃ પાછાં સિંચે છે. હા ! કષ્ટની વાત છે કે આ આશ્રવશત્રુઓને મારે શી રીતે અટકાવવા ? અને હા ! હા ! આ અતિ ભયંકર ભવઅટવી થકી મ્હારો શી રીતે છુટકો થઈ શકે ?

૩, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ ( મન, વચન અને કાયા સંબંધી વ્યાપાર ) નામના ચાર આશ્રવો પંડિતોએ કહ્યા છે. એ પ્રગટ ચાર હેતુઓવડે ભ્રમવશતઃ પ્રતિ સમય કર્મ-બાંધતા જીવો ભ્રમણ કરે છે.

૪, ઇંદ્રિય, અવ્રત કષાય અને યોગના ( અનુક્રમે ) પાંચ, પાંચ, ચાર, અને ત્રણ તેમજ ૨૫ ( પચીસ ) અસત્ ક્રિયા મળીને આશ્રવોના ૪૨ ભેદ થાય છે.

૫, એવી રીતે આશ્રવોનું તત્ત્વ જાણી, શાસ્ત્ર પરિચયથી તેમનું અસ્તિત્વ નિર્ધારીને વિરોધ–રહીત તેમનો નિરોધ કરવામાં હે આત્મન્ ! તું સર્વ શક્તિથી શીઘ્ર યત્ન કર.

सप्तमभावनाष्टकं धनाश्रीरागेणगीयते

भोलिडा रे हंसारे विषय न राचिये ( ए देशी )

परिहरणीया रे सुकृतिभिराश्रवा ।
हृदि समतामवधाय ॥
प्रभवन्त्येते रे भृशमुच्छृंखला ।
विभुगुणविभववधाय ॥ परि० ॥ १ ॥
कुगुरु नियुक्तारे कुमतिपरिप्लुताः ।
शिवपुरपथमपहाय ॥
प्रयतंते ऽमी रे क्रियया दुष्टया ।
प्रत्युत शिवविरहाय ॥ परि० ॥ २ ॥
अविरतचित्तारे विषयवशीकृता ।
विषहंते विततानि ॥
इह परलोके रे कर्मविपाकजान्य-
विरलदुःखशतानि परि० ॥ ३ ॥
करिझवमधुपा रे शलभमृगादयो ।
विषयविनोदरसेन ।
हंत लभंते रे विविधा वेदना बत ।
परिणतिविरसेन ॥ परि० ॥ ४ ॥

उदितकषाया रे विषयवशीकृता ।
यांति महानरकेषु ॥
परिवर्त्तंते रे नियतमनंतशो ।
जन्मजरामरणेषु ॥ परि० ॥ ५ ॥
मनसावाचा रे वपुषा चंचला ।
दुर्जयदुरितभरेण ॥
उपलिप्यंते रे तत आश्रवजये ।
यततां कृतमपरेण ॥ परि० ॥ ६ ॥
शुध्धायोगा रे यदपि यतात्मनां ।
स्त्रवंते शुभकर्माणि ॥
कांचननिगडां स्तान्यपि जानीयात् ।
हतनिर्वृत्तिशर्माणि ॥ परि० ॥ ७ ॥
मोदस्वैवं रे साश्रवपाप्मनां ।
रोधे धियमाधाय ॥
शांतसुधारसपानमनारतं ।
विनय विधाय विधाय ॥ परि० ॥ ८ ॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये आश्रवभावनाविभावनो नाम सप्तमः प्रकाशः

## "સપ્તમ ભાવના અષ્ટક."

૧ પુણ્યશાળી—પંડિત પુરૂષોએ હૃદયમાં સમતા ધારણ કરીને આશ્રવો પરિહરવા યોગ્ય છે કેમકે એ ( આશ્રવો ) અત્યંત ઉચ્છૃંખલ છતા આત્માની ગુણ લક્ષ્મીનો લોપ કરવા સમર્થ થાય છે.

૨, કુગુરૂએ જોડેલા અને કુમતિથી પ્રેરાએલા એ આશ્રવો મોક્ષ માર્ગને તજી દુષ્ટ ક્રિયાવડે ઉલટા સંસાર વૃદ્ધિને માટે અધિક યત્ન કરે છે.

૩, વિષયને વશ થયેલા વિરતિ શુન્ય જીવો આ લોકમાં તેમજ પરલોકમાં કર્મ વિપાક જન્ય અવિચ્છિન્ન વિસ્તાર પામેલાં સેંકડો દુઃખોને સહ્યાં કરે છે.

૪, હાથી, મચ્છ, મધુકર, અને મૃગાદિક બાપડા પરિણામે વિરસ એવા વિષય વિનોદમાં રસવડે વિવિધ વેદનાને સહન કરે છે. જ્યારે તે બાપડા એક એક ઇંદ્રિયના વિષયને વશ પડી વિડંબના પામે છે તો જે પાંચે ઇંદ્રિયોને આધીન બની રહ્યા છે તેમના કેવા હાલ—હવાલ થશે ? એમ વિચારી વિચક્ષણ ભવભિરૂ જનોને વિષય સુખમાં આસક્ત થવું ઘટતું નથી.

૫, વિષયને વશ થએલા પ્રાણીઓ કષાયથી વ્યાપ્ત બની (મહાનરકાદિકમાં) જાય છે અને નિશ્ચે અનંતી વખત જન્મ-જરા અને મરણની ઘટમાળામાં ભમ્યા કરે છે.

૬, મન; વચન અને કાયાવડે ચંચળ થયેલા જીવો આકરાં પાપ પંકથી ચો તરફ લેપાય છે માટે ( ચતુર ) માણસે આશ્રવ જય કરવા યત્ન કરવો. બીજાં કાર્યથી સર્યું.

૭, જો કે સંયમી જીવોના શુદ્ધ મન, વચન કાયાના યોગો ( વ્યાપારો ) શુભ કર્મ ( પુણ્ય ફળ ) આપે છે તો પણ તેમને મોક્ષ સુખના પ્રતિબંધક સોનાની બેડી જેવાં જાણવાં, એટલે કે તેવાં શુભ કર્મમાં પણ મુઝાવું નહિ, મુમુક્ષુ જનોએ સમસ્ત કર્મની નિર્જરારૂપ કેવળ મોક્ષજ શુદ્ધ સાધ્ય રાખવું.

૮, એવી રીતે આશ્રવ યુક્ત પાપનો નિરોધ કરવામાં બુદ્ધિને સ્થાપી શાંત સુધારસનું સતત ( અવિચ્છિન્નપણે ) પાન કરી કરીને હે આત્મન્ ? તું આનંદ પામ. !

ઇતિ સપ્તમ ભાવનાર્થ.

## अथ अष्टम भावना.

### स्वागता वृत्तं द्वयम्.

येन येन य इहाश्रवरोधः संभवेन्नियतमौपयिकेन ॥
आद्रियस्व विनयोद्यतचेतास्तत्तदांतरदशा परिभाव्य॥१॥
संयमेन विषयाविरत्वे दर्शनेन वितथाभिनिवेशं ॥
ध्यानमार्तमथ रौद्रमजस्रं चेतसः स्थिरतया च निरुंध्याः॥२॥

### शालिनी वृत्तं.

क्रोधं क्षांत्या मार्दवेनाभिमानं हन्यामायामार्जवेनोज्वलेन।
लोभं वारांराशिरौद्रं निरुंध्याः संतोषेण प्रांशुना सेतुनेव॥ ३

## स्वागता वृत्तं.

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान् ।
त्रीन् विजित्य तरसा ऽधमयोगान् ॥
साधुसंवरपथे प्रयतेथा ।
लप्स्यसे हितमनाहतमिद्धं ॥ ४ ॥

## मंदाक्रांता वृत्तं,

एवं रुध्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तवाक्य–॥
श्रद्धाचंचत् सितपटपटुः सुप्रतिष्ठानशाली ॥
शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः ॥
स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्यां ॥ ५ ॥

### " આઠમી સંવરભાવના "

૧, હે ! આત્મન્ જે જે ઉપાયોવડે જરૂર આશ્રવનો રોધ થાય તે તે ઉપાય અંતરદૃષ્ટિવડે વિચારી ઉલ્લસિત ભાવથી તું આદર.

૨, સંયમવડે વિષય અને અવિરતિનો નિગ્રહ કર, સમ્યક્ત્વવડે ખોટા હઠ કદાગ્રહનો નિરોધ કર અને ચિત્તની સ્થિરતાવડે આર્ત્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનનો તું નિગ્રહ કર.

૩, ક્ષમાવડે ક્રોધને, નમ્રતાવડે અભિમાનને, અને ઉજવળ

આર્જવ (સરલતા) વડે માયાને હણી નાંખ, તેમજ સમુદ્રજેવા દુસ્તર લોભને ઉંચા સેતુ (પાજ) જેવા સંતોષવડે નિરૂંધી લે. મતલબ કે તે તે સદુપાયોવડે ક્રોધાદિક ચારે વિષમ કષાયોનો વિનાશ કર.

૪, વળી ત્રણ ગુપ્તિઓવડે જ દુર્જય એવા અધમ ત્રણ યોગ (મન વચન કાયા) ને સત્વર (શીઘ્ર) જીતી લઇને સાધુ યોગ્ય સંવર માર્ગમાં તું પબળ પ્રયત્ન કર! જેથી તું અખંડ અને ઉંચા પ્રકારનું હિત (મોક્ષ–સુખ) મેળવી શકીશ (એ વાત ચોક્કસ સમજ.)

૫, આવી રીતે શુદ્ધ હૃદયવડે આશ્રવોનો રોધ કર્યે છતે આપ્ત (સર્વજ્ઞ) વચનમાં શ્રદ્ધારૂપ શોભતા શ્વેત વસ્ત્ર (સઢ–વાવટા) વડે સુંદર અને મજબૂત પ્રતિષ્ટાન (સ્થંભ) વાળું જીવરૂપ જહાજ શુદ્ધ યોગરૂપ ચંચળ પવનવડે પ્રેરાયેલું આ સંસારસમુદ્રના પ્રવાહને તરી મોક્ષ પુરીમાં જાય છે. મતલબ કે શુદ્ધ હૃદયથી સમસ્ત આશ્રવને રૂંધી, પવિત્ર જિનવચનમાં શ્રદ્ધાયુક્ત ખરો શ્વેતાંબર શુદ્ધ કરણીથી ભવજળ તરીને મોક્ષપુરીમાં જાય છે.

## अष्टमभावनाष्टकं, नटरागेण गीयते.

## महावीर मेरो लालन ( ए देशी )

शृणु शिवसुखसाधन सदुपायं सदुपायं रे सदुपायं
शृणु शिवसुखसाधनसदुपायं ॥
ज्ञानादिकपावनरत्नत्रय–

परमाराधनमनपायं ॥ शृ० ॥ १ ॥
विषयविकारमपाकुरु दूरं ।
क्रोधं मानं सह मायं ॥
लोभं रिपुं च विजित्य सहेलं ।
भज संयमगुणमकषायं ॥ शृ० ॥ २ ॥
उपशमरसमनुशीलय मनसा ।
रोषदहनजलदप्रायं ॥
कलय विरागं धृत परभागं ।
हृदि विनयं नायं नायं ॥ शृ० ॥ ३ ॥
आर्त्तं रौद्रं ध्यानं मार्जय ।
दह विकल्परचना नायं ॥
यदि यमरुद्धा मानसवीथी ।
तत्वविदः पंथा नायं ॥ शृ० ॥ ४ ॥
संयमयोगैरवहितमानस-
शुध्ध्याचरितार्थय कायं ॥
नानामतरुचिगहने भुवने ।
निश्चिनु शुद्धपथं नायं ॥ शृ० ॥ ५ ॥

ब्रह्मव्रतमंगीकुरु विमलं ।
बिभ्राणं गुणसमवायं ॥
उदितं गुरुवदनादुपदेशं ।
संगृहाण शुचिमिव रायं ॥ शृ० ॥ ६ ॥
संयमवाङ्मयकुसुमरसैरति-
सुरभय निजमध्यवसायं ॥
चेतनमुपलक्षय कृतलक्षण-
ज्ञानचरणगुणपर्यायं ॥ शृ० ॥ ७ ॥
वदनमलं कुरु पावनरसनं ।
जिनचरितं गायं गायं ॥
सविनय शांतसुधारसमेनं ।
चिरं नंद पायं पायं ॥ शृ० ॥ ८ ॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये संवरभावनाविभावनो नाम अष्टमःप्रकाशः

"અષ્ટમ ભાવનાઅષ્ટક"

૧, હે આત્મન્ ! શિવસુખ મેળવી આપનાર સદ્ઉપાય તને જણાવું છું તે તું સાંભળ! સાંભળ.! તારે નિર્દોષ જ્ઞાનાદિક પવિત્ર રત્નત્રયીનું ઉત્કૃષ્ટ આરાધન કરવું( આપ્રમાણે કાળજી રાખવી.)

૨, હે ભવ્ય! તું વિષયવિકારને દૂર કર, તેમજ માયા-સહિત ક્રોધ, માન, માયા અને લોભ રિપુને જલદી જીતી લઈ નિષ્કષાય થઇ સંયમગુણનું સેવન કર!

૩, ક્રોધરૂપી અગ્નિને શમાવવા મેઘસમાન ઉપશમ રસ (શાન્ત-સમતારસ) નું તું સદ્‌ભાવથી સેવન કર! અને હે ભવ્ય! તારા હૃદયમાં ધારી રાખેલા પર (પુદ્‌ગલાદિ) સંગને ટાળીને તું વૈરાગ્યને ધારણ કર! મતલબ કે સમતાવડે ક્રોધાગ્નિને હાર અને ખોટી મમતાને મૂકી વૈરાગ્યને આદર!

૪, હે ભદ્ર! આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનું તું માર્જન કર, તેવા માઠા ધ્યાનનો પરિહાર કર, તેમજ સંકલ્પ વિકલ્પોની જાળને બાળી નાંખ. કેમકે મનને મોકળું મુકવું એ જ્ઞાનીનો માર્ગ નથી. પરંતુ પ્રબળ યોગબળથી મનનો રોધ કરી નિર્વિકલ્પ સુખસમાધિ પ્રાપ્ત કરવી એજ હિતકર છે.

૫, સંયમ યોગવડે પ્રાપ્ત થયેલી મનશુદ્ધિથી કાયાને તું કૃતાર્થ કર! મતલબ કે શુદ્ધ મનથી તપ જપ વ્રત નિયમોનું સેવન કરી સ્વદેહને સાર્થક કર, અને વિવિધ મનની રૂચિથી વ્યાપ્ત આ જગતમાં પ્રમાણ યુક્ત (શુદ્ધ સનાતન) માર્ગનો તું નિશ્ચય કર!

૬, ગુણ ગણને ધારણ કરતું (મહાગુણવાળું) નિર્મળ બ્રહ્મવ્રત (બ્રહ્મચર્ય) ને તું અંગીકાર કર, અને સદ્‌ગુરૂના મુખથી નીકળેલા સદુપદેશને પવિત્ર નિધાનની જેમ સાચવી રાખ! જેમ નિર્ધન પોતાને પ્રાપ્ત થતા નિધાનની ઉપેક્ષા ન કરે તેમ સદ્‌ગુરૂના અપૂર્વ સદ્‌બોધની તું ઉપેક્ષા કરીશ નહીં.

૭, હે ભવ્યાત્મન્! સંયમને પુષ્ટિ આપનારી સર્વજ્ઞના વચનરૂપ પુષ્પના રસવડે તારા અધ્યવસાયને સુવાસિત કર! અને જ્ઞાન ચરણ (ચારિત્ર) ગુણ પર્યાય લક્ષણવાળા ચેતન (સ્વ આત્મા)ને તું સારી રીતે ઓળખી લે!

૮, જિનેશ્વર પ્રભુના ગુણ ગાઈ ગાઈને પવિત્ર રસના યુક્ત વદનને તું અલંકૃત કર અને આ શાન્ત સુધારસનું વિનયયુક્ત પાન કરી કરીને હે ભવ્યાત્મન્! તું ચિરકાળ સુખી થા એટલે પરમાનંદમાં નિમગ્ન થા! ઈતિશમ્.

ઈતિ અષ્ટમ ભાવનાર્થ.

## अथ नवम भावना.

### इंद्रवज्रा वृत्तं.

यन्निर्जरा द्वादशधा निरुक्ता
तत् द्वादशानां तपसां विभेदात् ॥
हेतुप्रभेदादिह कार्यभेदः
स्वातंत्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥१॥

### अनुष्टुप् वृत्तद्वयम्

काष्टोपलादिरूपाणां निदानानां विभेदतः ॥
वह्निर्यथैकरूपोपि पृथग् रूपो विवक्ष्यते ॥ २ ॥

निर्जरापि द्वादशधा तपोभेदै स्तथोदिता ॥
कर्मनिर्जरणात्मा तु सैक रूपैव वस्तुतः ॥ ३ ॥

उपेंद्रवज्रा वृत्तं.

निकाचितानामपि कर्मणां य-
द्गरीयसां भूधरदुर्धराणां ।
विभेदने वज्रमिवातितीव्रं
नमोस्तु तस्मै तपसेऽद्भुताय ॥ ४ ॥

उपजाति वृत्तं.

किमुच्यसे सत्तपसः प्रभावः
कठोरकर्मार्जितकिल्बिषोपि ।
दृढप्रहारीव निहत्य पापं
यतोऽपवर्ग लभते चिरेण ॥ ५ ॥

यथा सुवर्णस्य शुचिस्वरुपं
दीप्तः कृशानुः प्रकटीकरोति ।
तथात्मनः कर्मरजो निहत्य
ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥ ६ ॥

## स्रग्धरा वृत्तं.

**बाह्येनाभ्यंतरेण प्रथित बहुभिदा जीयते येन शत्रु–**
**श्रेणीबाह्यांतरंगा भरतनृपतिवद्भावलब्धद्रढिम्ना ।**
**यस्मात्प्रादुर्भवेयुः प्रकटितविभवा लब्धयः सिद्धयश्च**
**वंदे स्वर्गापवर्गार्पणपटु सततं तत्तपो विश्ववंद्यं ॥ ७ ॥**

### " નવમી નિર્જરા ભાવના "

૧, નિર્જરાના જે બાર પ્રકાર કહ્યા છે તે તપના ભેદથી સમજવા કેમકે કારણ ભેદથી કાર્ય ભેદ લેખાય છે. સ્વતંત્રપણે તો **નિર્જરા** એકજ પ્રકારની છે.

૨–૩, કાષ્ટ અને પાષાણાદિક કારણોના ભેદોથી જેમ એક પ્રકારનો અગ્નિ પણ અનેક પ્રકારનો લેખાય છે, તેમ તપના ભિન્ન ભિન્ન પ્રકારથી નિર્જરા પણ બાર પ્રકારની કહી છે. પણ વસ્તુતઃ કર્મનિર્જરાસ્વરૂપ તો એકજ પ્રકારે છે.

૪, ભારે મોટા દુર્ધર પર્વતોને વિદારનાર વજ્રની પેરે નિકાચિત કર્મને પણ તોડવા જે અતિ તીક્ષ્ણ છે તે અતિ આકરા અદ્ભૂત તપને અમારો નમસ્કાર છે.

૫, એ તપનો પ્રભાવ કેટલો કહીયે ? કે જેથી કઠોર કર્મવડે નિબિડ પાપવાળા એવા **દ્રઢપ્રહારી** જેવા પણ પાપનો ક્ષય કરીને શિઘ્ર શિવપદને પામે છે.

૬, જેમ પ્રજ્વલિત કરેલો અગ્નિ સુવર્ણના શુદ્ધ સ્વરૂપને પ્રકટાવે છે, તેમ આત્માની સાથે લાગેલી કર્મરજ સર્વથા ક્ષય

કરી ( તીવ્ર ) તપ આત્મજ્યોતિને પ્રગટાવે છે—આત્માને નિર્મળ કરે છે.

૭, પ્રસિદ્ધ એવા બહુ પ્રકારના બાહ્ય અને અભ્યંતર જે તપ વડે ખરી દૃઢતાથી ભરત મહારાજાની પેરે બાહ્ય તથા અંતરંગ શત્રુવર્ગ જીતી શકાય છે, તથા જેનાથી પ્રગટ પ્રભાવવાળી અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રગટે છે તે સ્વર્ગ અને મોક્ષ સુખ આપવાને પ્રવીણ જગત્ વંદ્ય તપને સદા હું વંદું છું.

## अथ नवम भावनाष्टकं—सारंग रागेण गीयते

## जिणंदराय सरण तिहारे आयो ( ए देशी )

विभावय विनय तपोमहिमानं ध्रुवपदं
बहुभवसंचितदुष्कृतममुना लभते लघुलघिमानं वि० १
याति घनापि घनाघनपटली खरपवनेन विरामं ।
भजति तथा तपसा दुरितालीक्षणभंगुरपरिणामं वि०२॥
वांछितमाकर्षति दूरादपि रिपुमपि व्रजति वयस्यं
तप इदमाश्रय निर्मलभावादागमपरमरहस्यं ॥वि० ३॥
अनशनमूनोदरतां वृत्तिह्रासं रसपरिहारं ।
भज सांलीन्यं कायक्लेशं तपइति बाह्यमुदारं ॥वि०४॥
प्रायश्चित्तं वैयावृत्यं स्वाध्यायं विनयं च कायोत्सर्गं

शुद्धं ध्यानं आभ्यंतरमिदमंच ॥ वि० ॥ ५ ॥
शमयति तापं गमयति पापं रमयति मानसहंसं ।
हरति विमोहं दूरारोहं तपइति विगताशंसं ॥वि० ६॥
संयमकमलाकार्मणमुज्वलशिवसुखसत्यंकारं
चिंतितचिंतामणिमाराधय तप इह वारंवार ॥वि० ७॥
कर्मगदौषधमिदमिदमस्य च जिनपतिमतमनुपानं ।
विनय समाचर सौख्यनिधानं शांतसुधारसपानं ॥वि०८॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये निर्जराभावनावि-भावनो नाम नवमः प्रकाशः

" નવમ નિર્જરા અષ્ટક "

૧,-૨, હે આત્મન્ ! તું તપનો મહિમા જો ! એથી બહુ ભવ સંચિત પાપ જલદી હલકાં પડી જાય છે. જેમ પ્રખર પવનના યોગે ઘાટી પણ મેઘઘટા વિખરાઇ જાય છે તેમ તપ વડે ( ગમે તેવી ઘાટી ) પાપ પંક્તિ ક્ષણવારમાં વિસરાળ થઈ જાય છે.

૩, જે દૂર થકી પણ વાંછિત અર્થને ખેંચી લાવે છે,અને તેથી શત્રુ પણ મિત્ર થઈ જાય છે, તે આગમના પરમ રહસ્ય રૂપ તપને નિર્મળ ભાવથી તું ભજ !

૪, અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, ( નિયમિત ખાનપાનાદિક ) રસત્યાગ, સંલીનતા ( કુર્મ-કાચબાની પેરે અંગો-

પાંગને સંકોચી રાખવા તે. ), અને કાયકલેશ, ( જાણી જોઇને દેહદમન કરવું તે ), એવી રીતે છ પ્રકારનું ઉદાર બાહ્ય તપ કહેલ છે.

૫, પ્રાયશ્ચિત્ત ( દોષ શુદ્ધિ કરવી તે ), વૈયાવૃત્ય ( સંત સુસાધુ પ્રમુખની સેવા ચાકરી )સ્વાધ્યાય ( શાસ્ત્ર પઠનાદિક ), વિનય ( સદ્ગુણી પ્રત્યે બહુમાનાદિક ), કાયોત્સર્ગ ( શરીરાદિક ઉપરની મૂર્ચ્છાનો ત્યાગ ), અને શુદ્ધ ધ્યાન એ છ પ્રકારના અભ્યંતર તપની હે આત્મન્ ! તું સેવા કર !

૬, કોઈ પણ પ્રકારની ઇચ્છા ( સ્પૃહા ) રહિત કરેલો તપ ( ત્રિવિધ ) તાપને શમાવે છે, પાપનો લય કરે છે, મન રૂપ હંસને આનંદ આપે છે, અને દુર્લંઘ્ય મોહને દૂર નિવારે છે.

૭, જે સંયમ લક્ષ્મી વશ કરે છે અને નિર્મળ શિવસુખને સાટે આપે છે તેવા ચિંતામણિરત્ન સદૃશ તપની વારંવાર હે ભદ્ર તું આરાધના કર !

૮, હે આત્મન્ ! કર્મ રોગને હણવા એ તપ ઔષધ સમાન છે, તેનું અને શ્રીજિનેશ્વર દેવે માન્ય કરેલ સુખનિધાન એવા શાન્તસુધારસપાનરૂપ અનુપાનનું તું સેવન કર ! મતલબ કે જો તું કર્મરોગ ટાળવા ઇચ્છે છે તો વિશુદ્ધ તપ અને શાન્તસુધારસભાવનાનું સેવન કર !

**‘ ઇતિ નવમનિર્જરા ભાવનાર્થ ’**

## अथ दशम भावना

## उपजाति वृत्तं.

दानं च शीलं च तपश्च भावो, धर्मश्चतुर्धा जिनबांधवेन ।

निरूपितो यो जगतां हिताय, स मानसे मे रमतामजस्रं १

इंद्रवज्रावृत्त त्रयम् ।

सत्य–क्षमा–मार्दव–शौच–संग–।
त्यागार्जव–ब्रह्म–विमुक्तियुक्तः ॥
यः संयमः किं च ततोपगूढ–।
श्चारित्रधर्मोदशधायमुक्तः ॥ २ ॥

यस्य प्रभावादिह पुष्पदंतौ ।
विश्वोपकाराय सदोदयेते ॥
ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान् ।
काले समाश्वासयति क्षितिं च ॥ ३ ॥

उल्लोलकल्लोलकलाविलासै–।
र्नाप्लावयत्यंबुनिधिः क्षितिं यत् ॥
न घ्नंति यत् व्याघ्रमरुद्दवाद्या ।
धर्मस्य सर्वोप्यनुभाव एषः ॥ ४ ॥

शार्दूल विक्रीडितं. वृत्तं द्वयम् ।

यस्मिन्नेव पिता हिताय यतते भ्राता च माता सुतः ।
सैन्यं दैन्यमुपैति चापचपलं यत्राफलं दौर्बलं ॥

तस्मिन् कष्टदशाविपाकसमये धर्मस्तु संवर्मितः।
सज्जः सज्जन एष सर्वजगतस्त्राणाय बद्धोद्यमः ॥ ५ ॥
त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदं।
योत्रामुत्रहितावह स्तनुभृतां सर्वार्थसिद्धिप्रदः ॥
येनानर्थकदर्थना निजमहस्सामर्थ्यतो व्यर्थिता।
तस्मै कारुणिकाय धर्मविभवे भक्ति प्रणामोऽस्तु मे॥ ६॥

### मंदाक्रांता वृत्तं.

प्राज्यं राज्यं सुभगदयिता नंदनानंदनानां।
रम्यं रूपं सरसकविता चातुरी सुस्वरत्वं ॥
नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिं।
किंतु ब्रुमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ॥ ७ ॥

### દશમી ધર્મ ભાવના.

૧, દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ૪ પ્રકારનો જે ધર્મ જગત્‌ના હિતના માટે જગત્ બંધુ જિનેશ્વર પ્રભુએ ઉપદિશ્યો છે, તે મારા મનમાં સદાય વસી રહો !

૨, સત્ય, ક્ષમા, માર્દવ ( નમ્રતા ) શૌચ ( મનઃશુદ્ધિ પ્રમુખ ), સંગ ત્યાગ ( ઇચ્છા નિરોધ તપ ), આર્જવ ( સરલતા ), બ્રહ્મચર્ય, નિર્લોભતા, સંયમ અને અકિંચનતા એ સહિત ચારિત્ર ધર્મ દશ પ્રકારનો કહ્યો છે.

૩,–૪, જેના પ્રભાવથી જગત્‌માં વિશ્વોપકારને માટે સૂર્ય અને ચંદ્રમા સદા ઉદય પામે છે, તેમજ ગ્રીષ્મ ૠતુના તાપથી અતિ તપ્ત થયેલી પૃથ્વીને ( વર્ષા ) કાળે ઉદય પામેલો મેઘ શાન્ત કરે છે; વળી ઉંચા ચઢતા કલ્લોલની ક્રીડાવડે સમુદ્ર પૃથ્વીને બોળી દેતો નથી, અને વાઘ, વાયુ અને અગ્નિઆદિક આકરો ઉપદ્રવ કરતા નથી તે સર્વ ધર્મનોજ મહિમા સમજવો.

૫, કષ્ટકારી દશા ભોગવવાના સમયે જ્યારે પિતા, ભ્રાતા, માતા અને પુત્ર પણ અહિતને માટે ઉદ્યમ કરે છે, સૈન્ય દીન થઇ જાય છે તેમજ ધનુષની જેવું ચપળ ભૂજાબળ નિષ્ફળ થાય છે, ત્યારે આ ધર્મરૂપ સજ્જન સન્નદ્ધ બની સર્વ જગતના રક્ષણને માટે પુરૂષાર્થવંત છતો સજ્જ હોય છે.

૬, જેના પસાયથી આ ચરાચર પદાર્થો સહિત સમસ્ત લોક વિજય પામે છે, જે આ લોક તેમજ પરલોકમાં હિતકારી છતો પ્રાણીઓને સર્વાર્થ સિદ્ધિને આપે છે, અને જેણે પોતાના પરાક્રમથી ( પ્રાણીઓની ) અનર્થ કદર્થના દૂર કરી છે તે ધર્મ કરૂણાવંત **ધર્મ મહારાજ**ને ભક્તિથી મારો પ્રણામ હો!

૭, વિશાળ રાજ્ય, પ્રિય વલ્લભા, આનંદકારી પુત્રના પણ પુત્ર, સુંદર રૂપ, સરસ કવિતા કરવાની ચતુરાઇ, મધુરસ્વર, નીરોગતા, ગુણનો અભ્યાસ, સજ્જનતા, અને સુબુદ્ધિ એ બધો ધર્મ રૂપ કલ્પવૃક્ષના જ ફળનો પરિપાક છે.

# अथ दशम भावनाष्टकं.

## वसंत रागेण गीयते ॥

### भवि तुमे वंदोरे हीरविजय सूरि राया ए देशी.

पालय पालय रे पालय मां जिनधर्म ।
मंगलकमलाकेलिनिकेतन करुणाकेतन धीर
शिवसुखसाधन भवभयबाधन जगदाधार गंभीर पा० १
सिंचति पयसा जलधरपटलीभूतलममृतमयेन ।
सूर्याचंद्रमसावुदयेते तव महिमातिशयेन पा० २ ॥
निरालंबमियमसदाधारा तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तंभं तं सेवे विनयेन पा० ३ ॥
दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोकः ।
शरणस्मरणकृतामिह भविनां दूरीकृतभयशोकः पा०४
क्षमासत्यसंतोषदयादिकसुभगसकलपरिवारः ।
देवासुरनरपूजितशासन कृतबहुभवपरिहारः पा० ॥५॥
बंधुरबंधुजनस्य दिवानिशमसहायस्य सहायः ।
भ्राम्यति भीमे भवगहनेंगी त्वां बांधवमपहाय पा०६॥
द्रंगति गहनं जलति कृशानुः स्थलति जलधिराचिरेण ।
तवकृपयाऽखिलकामितसिद्धिर्बहुना किंतु परेण पा०७
इह यच्छसि सुखमुदितदशांगं प्रेत्येंद्रादिपदानि ।

क्रमतो ज्ञानादीनि च वितरसि निःश्रेयससुखदानि पा०
सर्वतंत्रनवनीतसनातन सिद्धिसदनसोपान ।
जयजय विनयवतां प्रतिलंबितशांतसुधारसपान पा०९॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये धर्मभावनाविभावनो नाम दशमः प्रकाशः

**દશમ ધર્મ ભાવના અષ્ટક.**

૧, **હે જૈન ધર્મ ! મારૂં પાલન કર !** મંગળ કમળા ( લક્ષ્મી ) ને ક્રીડા કરવાના ઘર ! કરૂણા નિકેતન ( સ્થાન )! ધીર ! શિવ સુખદાયિ ! ભવ ભય ટાળક ! જગદાધાર અને ગંભીર એવા હે જિનધર્મ મારૂં પાલન કર ! પાલન કર !!!

૨, મેઘ ઘટા અમૃત મય જળથી ભૂમિ તળને સિંચે છે, અને સૂર્ય ચંદ્રમા ઉદયને પામે છે તે હે ધર્મ ! તે તારા મહિમાના અતિશય વડે.

૩, જેના વડે આ આધાર વિનાની પૃથ્વી નિરાલંબ પણે ( અધર ) ટકી રહી છે તે જગત્ મર્યાદાના મૂળ સ્થંભ રૂપ ધર્મને હું **વિનય** બહુમાનથી સેવું છું.

૪, દાન, શીલ, શુભભાવ અને તપ પ્રમુખથી જેણે લોકને કૃતાર્થ કરેલ છે તથા શરણ અને સ્મરણ કરનાર ભવ્ય જીવોના ભય અને શોકને જેણે દૂર કરેલા છે.

૫, ક્ષમા, સત્ય, સંતોષ અને દયાદિક જેનો સકળ પરિવાર રૂડો ( જણાય ) છે, સુર, અસુર અને મનુષ્યો જેનું શાસન

માન્ય કરે છે તેમજ જેણે બહુ પેરે ભવ ભ્રમણ નિવારેલું છે, અર્થાત્ જે ભવ ભ્રાન્તિને ટાળવા સમર્થ છે,

૬, સદાય બંધુ રહિતનો તું બંધુ છે, અને સહાય રહિતનો તું સહાયભૂત છે. ( નિષ્કારણ ) બંધુ એવા તારો સંગ તજીને જીવ ભયંકર ભવાટવીમાં ( ભૂલો ) ભમે છે. મતલબકે તારાવડે જ જ્યારે ત્યારે જેવા તેવા પણ ભવ્ય જનોનો ઉદ્ધાર થાય છે.

૭. તારી કૃપાથી અટવી નગર સમાન થઇ જાય છે, અગ્નિ જળ રૂપ થઈ જાય છે અને સમુદ્ર સ્થળ રૂપ થઇ જાય છે; બીજું વધારે કહેવાથી શું ? પણ તારી કૃપાથી સમસ્ત વાંછિત અર્થની સિદ્ધિ થઈ શકે છે.

૮. આ લોકમાં ઉત્તરોત્તર અધિક સુખને તુંજ આપે છે અને પરલોકમાં ઈન્દ્રાદિક ઉત્તમ પદ્ધિઓ સમર્પે છે; તેમજ અનુક્રમે શિવસુખ દાયક સમ્યગ્જ્ઞાન અને દર્શન તેમજ ચારિત્ર પ્રમુખ ગુણો પણ તુંજ બક્ષે છે.

૯. સર્વ શાસ્ત્રના નિચોળ સમાન મોક્ષ મહેલના સોપાન ( સીઢી ) સમાન ! અને **વિનીત** ( વિનયી ) જનોને શાન્ત સુધારસનું પાન કરાવવા પ્રવિણ ! એવા હે ધર્મ ! તું સદા જયવંતો વર્ત ! જયવંતો વર્ત !!

## ઇતિ દશમ ધર્મભાવનાર્થ

# अथ एकादश भावना

## मालिनी वृत्तं.

**सप्ताधोधो विस्तृता याः पृथिव्य–**

श्छत्राकाराः संति रत्नप्रभाद्याः ।
ताभिः पूर्णो योस्त्यधोलोक एतौ
पादौ यस्य व्यायतौ सप्तरज्जुः ॥ १ ॥
तिर्यग्लोको विस्तृतो रज्जुमेकां
पूर्णोद्वीपैरर्णवांतैरसंख्यैः ।
यस्य ज्योतिश्चक्रकांचीकलापं
मध्ये कार्श्यं श्रीविचित्रं कटित्रं ॥ २ ॥
लोकोऽथोर्ध्वे ब्रह्मलोके द्युलोके
यस्य व्याप्तौ कूर्परौ पंच रज्जू ।
लोकस्यांतो विस्तृतो रज्जुमेकां
सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ॥ ३ ॥
यो वैशाखस्थानकस्थायिपादः
श्रोणिदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वंदमत्वा-
ब्दिभ्राणोपि श्रांतमुद्रामखिन्नः ॥ ४ ॥
सोयं ज्ञेयः पूरुषो लोकनामा
षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनंतः ।

धर्माधर्माकाशकालात्मसंज्ञै-
र्द्रव्यैः पूर्णः सर्वतः पुद्गलैश्च ॥ ५ ॥
रंगस्थानं पुद्गलानां नटानां
नानारूपै नृत्यतामात्मनां च ।
कालोद्योगस्वस्वभावादिभावैः
कर्मातोद्यै र्नर्तितानां नियत्या ॥ ६ ॥
एवं लोको भाव्यमानो विविक्त्या
विज्ञानां स्यान्मानसस्थैर्यहेतुः ।
स्थैर्यं प्राप्ते मानसे चात्मनीना
सुप्राप्येवाध्यात्मसौख्यप्रसूतिः ॥ ७ ॥

**અગ્યારમી લોકસ્વરૂપ ભાવના.**

૧. નીચે નીચે જતાં વિસ્તાર પામેલી છત્રાકારે રત્ન પ્રભાદિક જે સાત પૃથ્વીઓ છે તેનાથી પરિપૂર્ણ સપ્ત રજ્જુ પ્રમાણ જે **અધોલોક** તે રૂપી જેના બે પહોળા પગ છે. ( અસંખ્યાત જોજન પ્રમાણ એક રજ્જુ સમજવું. ).

૨. જેના મધ્યમાં અસંખ્યદ્વીપ સમુદ્રવડે વ્યાપ્ત એક રજ્જુ પ્રમાણ વિસ્તારવાળો તીર્ચ્છો લોક છે. જેનો જ્યોતિષ ચક્ર રૂપ કાંચી કલાપે યુક્ત–કૃશતાથી શોભિત કંદોરો છે.

૩. અને ઉર્ધ્વલોકમાં બ્રહ્મદેવ પર્યંત પાંચ રજ્જુ પ્રમાણ જેના બે હાથની કોણીયો વિસ્તરેલી છે તથા એક રજ્જુ પ્રમાણ

વિસ્તાર પામેલ લોકના અંતરૂપ સિદ્ધિ જ્યોતિથી શોભિત જેનો મુકુટ છે.

૪. વૈશાખ સ્થાનક જેવા જેના સ્થાયિ ચરણ છે. બન્ને હાથ જેણે કેડ ઉપર રાખેલા છે, અને અનાદિ કાલ થયાં જે સદાય ઉંચો દમ રાખીને ઉભો છતાં ખેદ રહિત શાન્ત મુદ્રાને ધારણ કરી રહેલો છે.

૫. તે આ ષટ્ દ્રવ્યાત્મક અનાદિ અનંત સ્થિતિવાળો અકૃત્રિમ લોક નામા પુરૂષ જાણવો. તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, જીવ અને પુદ્ગળોવડે સર્વ સ્થળે પરિપૂર્ણવ્યાપ્ત છે.

૬. નિયતિ (ભવિતવ્યતા) વડે કાળ, ઉદ્યમ અને સ્વભાવાદિક ભાવ યોગે કર્મ વાજિંત્રની સહાયથી નચાવેલા હોવાથી અનેક રૂપે કરી નાચતા જીવોની પુદ્ગલોની આ (સંપૂર્ણ લોકપુરૂષ) રંગભૂમિ છે.

૭. એ પ્રમાણે વિવેકથી લોકનું સ્વરૂપ વિચાર્યે છતે **વિજ્ઞાનવંતને** તે ચિત્ત સ્થિરતાને માટે થાય છે અને ચિત્ત સ્થિર થયે છતે આત્મહિત કરી અધ્યાત્મસુખની પ્રાપ્તિ સુખે (સુલભ) થાય છે.

## अथ एकादश भावनाष्टकं

## काफी रागेण गीयते

## आज सखी मनमोहनो ( ए देशी ) ॥

## विनय विभावय शाश्वतं हृदि लोकाकाशं

सकलचराचरधारणे परिणमदवकाशं ॥ वि० ॥१॥
लसदलोकपरिवेष्टितं गणनातिगमानं ।
पंचभिरपि धर्मादिभिः सुघटितसीमानं ॥ वि० ॥२॥
समवघातसमये जिनैः परिपूरितदेहं ।
असुमदणुकविविधक्रियागुणगौरवगेहं ॥ वि० ॥३॥
एकरूपमपि पुद्गलैः कृतविविधविवर्तं ।
कांचनशैलशिखरोन्नतं क्वचिदवनतगर्तं ॥ वि० ॥४॥
क्वचन तविषमणिमंदिरैरुदितोदितरूपं ।
घोरतिमिरनरकादिभिः क्वचनातिविरूपं ॥ वि० ॥५॥
क्वचिदुत्सवमयमुज्वलं जयमंगलनादं ।
क्वचिद मंदहाहारवं पृथुशोकविषादं ॥ वि० ॥६॥
बहुपरिचितमनंतशो निखिलैरपिसत्वैः ।
जन्ममरणपरिवर्तिभिः कृतमुक्तममत्वैः ॥ वि० ॥७॥
इह पर्यटनपराङ्मुखाः प्रणमत भगवंतं ।
शांतसुधारसपानतो धृतविनयमवंतं ॥ वि० ॥८॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये लोकस्वरूपभावना विभावनो नामैकादशः प्रकाशः ॥

## એકાદશ લોકસ્વરૂપ ભાવના અષ્ટક.

૧. હે આત્મન્! તું તારા હૃદયમાં શાસ્વત લોકાકાશનો વિચાર કર! જેમાં સકળ ચરાચર પદાર્થો ધારણ કરવા સામર્થ્ય રહેલું છે.

૨. જે અસંખ્ય યોજન પ્રમાણવાળું અને અલોકથી પરિ-વેષ્ટિત છતું શોભી રહ્યું છે. તેમજ ધર્માદિક પંચાસ્તિકાય વડે જેની મર્યાદા સારી રીતે અંકિત થયેલી છે.

૩. કેવળી સમુદ્‌ઘાત વખતે કેવળી ભગવાન પોતાના સમ-સ્ત પ્રદેશથી જેને પૂર્ણ ભરી દે છે અને જે જીવ અને પુદ્‌ગલ સંબંધી વિવિધ ક્રિયાના ગુણ ગૌરવનું સ્થાન છે. મતલબ કે જેમાં જીવ અને પુદ્‌ગલોની ક્રિયા બની રહી છે.

૪. તે લોકાકાશ એક રૂપ છતાં પુદ્‌ગલો વડે જેમાં વિવિ-ધ ફેરફાર કરાએલા છે, કોઇક સ્થળે તે મેરૂ ગિરીના શિખરવાળું ઉન્નત છે અને કવચિત વળી નીચી પડેલી ગર્તા (ખાડ) વાળું (નીચું) છે.

૫. કોઇક સ્થળે દેવતાઓનાં મણિમય મંદિરો વડે અધિ-કાધિક શોભાવાળું છે, અને કવચિત્ મહાઅંધકારમય નર્કાદિકવડે અતિ ભયંકર છે.

૬. કવચિત્ જય મંગલના નાદથી વ્યાપ્ત ઉત્સવ મયે ઉ-જવળ જણાય છે, અને કવચિત્ બહુ મોટા શોક વિશાદ યુક્ત ભારે હાહાકારવાળું જણાય છે.

૭. અનંતી વાર જન્મ મરણમાં ફરનારા સમસ્ત જીવોવડે મમતાથી ભરઝર કરવાથી જે બહુ પરિચિત છે.

૮. આ લોકાકાશ (સંસાર) માં પર્યટન કરવાથી કંટાળેલા હે ભવ્ય જનો, તમે વિનય પૂર્વક શાન્ત સુધારસનું પાન કરી ત્રાણ શરણદાયક ભગવંતને પ્રણામ કરો !

**ઇતિ એકાદશ લોકસ્વરૂપ ભાવનાર્થ.**

## अथ द्वादश बोधी दुर्लभ भावना

### मदाक्रांता वृत्तं

यस्माद्विस्मापयितसुमनः स्वर्गसंपद्विलास-
प्राप्तोल्लासाःपुनरपि जनिः सत्कुले भूरिभोगे ॥
ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकं निःसपत्नं ।
तद्दुष्प्रापं भृशमुरुधियः सेव्यतां बोधिरत्नं ॥१॥

### भुजंगप्रयात वृत्तत्रयं.

अनादौ निगोदांधकूपे स्थिताना-
मजस्रं जनुर्मृत्युदुःखार्दितानां ॥
परीणामशुध्धिः कुतस्तादृशीस्या-
द्यया हंत तस्माद्विनिर्यांति जीवाः ॥ २ ॥
ततो निर्गतानामपि स्थावरत्वं ।
त्रसत्वं पुनर्दुर्लभं देहभाजां ॥

त्रसत्वेपि पंचाक्षपर्याप्तसंज्ञि-
स्थिरायुष्यवत् दुर्लभं मानुषत्वं ॥ ३ ॥
तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो ।
महामोहमिथ्यात्वमायोपगूढः ॥
भ्रमन्दूरमग्नो भवागाधगर्ते ।
पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नं ॥ ४ ॥

शिखरिणी वृत्तं.

विभिन्नाः पंथानः प्रतिपदमनल्पाश्च मतिनः ।
कुयुक्तिव्यासंगै निजनिजमतोल्लासरसिकाः ॥
न देवाः सान्निध्यं विदधति न वा कोप्यतिशय-
स्तदेवं कालेस्मिन् य इह दृढधर्मा स सुकृती ॥ ५ ॥

शार्दूलविक्रीडितं

यावद्देहमिदं गदैर्न मृदितं नो वा जराजर्जरं ।
यावत्त्वक्षकदंबकं स्वविषयज्ञानावगाहक्षमं ॥
यावच्चायुरभंगुरं निजहिते तावद् बुधैर्यत्यतां
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥ ६ ॥

# अनुष्टुप् वृत्तं.

## विविधोपद्रवं देह–मायुश्च क्षणभंगुरं ।
## कामालंब्य धृतिं मूढैः, स्वश्रेयसि विलंब्यते ॥७॥

## બારમી બોધિ દુર્લભ ભાવના.

૧, હે વિશાળ બુદ્ધિવંત જનો ! જેના પ્રભાવથી દેવતાઓ પણ વિસ્મય પામે એવા સ્વર્ગ સંપદાનો વિલાસ પ્રાપ્ત થાય છે તેવી સંપદાથી ઉલ્લસિત છતા તમે જેથી પુનઃ વિશાલ ભોગવાળા કુળમાં જન્મ મળે છે એવું અસાધારણ (અનુપમ) અને પરમાત્મ સંબંધી પરમ પદવી પ્રાપ્ત કરી આપનાર બોધિ રત્ન-ને સેવો !

૨, અનાદિ નિગોદરૂપ અંધકૂપમાં રહેનારા અને જન્મ મરણના દુઃખથી સદાય પીડિત થયેલા જીવોને તેવી પરિણામની શુદ્ધિ ક્યાંથી થાય ? કે જે વડે તે નિગોદરૂપ અંધકૂપમાંથી જીવો નીકળવા પામે !

૩, ( ભાગ્ય યોગે ) તેમાંથી નીકળેલા જીવોને પણ સ્થાવરપણું પ્રાપ્ત થાય છે, કેમકે પ્રાણીઓને ત્રસપણું પામવું તો દોહિલું છે, તે ત્રસપણું થયે છતે પણ પંચેદ્રિયપણું, સંજ્ઞીપણું, સ્થિર ( દીર્ઘ ) આયુષ્ય અને મનુષ્યપણું પ્રાપ્ત થવું ઘણું દુર્લભ છે.

૪, તેવું મનુષ્યપણું પામીને પણ મહા મોહ મિથ્યાત્વ અને માયાથી વ્યાપ્ત થયેલો મૂઢ પ્રાણી ભૂલો ભમતો સંસારરૂપ

અગાધ ખાડામાં એવો તો પડી નિમગ્ન થઈ જાય છે કે તે બોધિ રત્નને શી રીતે મેળવી શકે ?

૫, આ દુઃષમ કાળમાં જ્યારે અનેક જૂદા જૂદા પંથ વર્તે છે, પગલે પગલે કુયુક્તિના અભ્યાસથી નિજ નિજમત વધારવા રસિક એવા અનેક મતવાદીઓ છે, દેવતાઓ (તથા પ્રકારની યોગ્યતાવિના ) સહાય કરતા નથી, તેમજ કોઈ પ્રબળ (લબ્ધિ સિદ્ધિ પ્રમુખ ) અતિશય નજરે પડતો નથી ત્યારે જે તત્ત્વ ધર્મમાં અતિ દૃઢ છે તેજ ખરો પુણ્યાત્મા છે.

૬, જ્યાં સુધી આ દેહ રોગ ગ્રસ્ત થયો નથી તેમજ જરા અવસ્થાથી જાજરો થયો નથી, જ્યાં સુધી બધી ઇંદ્રિયો સ્વ સ્વ વિષય સંબંધી જ્ઞાનને ગ્રહણ કરવા સમર્થ છે, અને જ્યાં સુધી આયુષ્યઅખંડ છે ( તૂટયું નથી ) ત્યાં સુધી સુજ્ઞ જનોએ આત્મ હિત કરવા ઉદ્યમ કરવો જોઇએ; પણ સરોવર ફૂટીને જલ વહી ગયા પછી પાળ બાંધવી શું કામની ? મતલબ કે ચેતવું હોય તો ચેતી લ્યો, દવ બળ્યા પછી કૂવો ખોદવો નકામો છે, નહિ ચેતો તો પછી બહુ પસ્તાશો.

૭, રોગાદિક અનેક ઉપદ્રવો દેહને નડે છે અને આયુષ્ય પાણીના પરપોટાની પેરે ક્ષણવિનાશી છે, તો પછી કઇ વસ્તુ ઉપર વિશ્વાસ રાખીને મૂઢ જનો સ્વશ્રેયઃ સાધી લેવામાં વિલંબ કરે છે ?

## अथ द्वादश भावनाष्टकं.

### धनाश्रीरागेण गीयते ।

### हींचेरे हींचेरे पीआ हिंडोलडे ( ए देशी )

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा ।

जलधिजलपतितसुररत्नयुक्त्या ॥
सम्यगाराध्यतां स्वहितमिह साध्यतां ।
बाध्यतामधरगतिरात्मशक्त्या ॥ बु० ॥ १ ॥
चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो ।
भ्राम्यतां घोरसंसारकक्षे ॥
बहुनिगोदादिकायस्थितिव्यायते ।
मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥ बु० ॥ २ ॥
लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः ।
स भवति प्रत्युतानर्थकारी ॥
जीवहिंसादिपापाश्रवव्यसनिनां ।
माघवत्यादिमार्गानुसारी ॥ बु० ॥ ३ ॥
आर्यदेशस्पृशामपि सुकुलजन्मनां ।
दुर्लभा विविदिषा धर्मतत्त्वे ॥
रतपरिग्रहभयाहारसंज्ञार्तिभि–
र्हंत मग्नं जगदुस्थितत्वे ॥ बु० ॥ ४ ॥
विविदिषायामपि श्रवणमतिदुर्लभं ।
धर्मशास्त्रस्य गुरुसन्निधाने ॥

वितथविकथादितत्तद्रसावेशतो ।
विविधविक्षेपमलिनेऽवधाने ॥ बु० ॥ ५ ॥
धर्ममाकर्ण्य संबुध्य तत्रोद्यमं ।
कुर्वतो वैरि वर्गोऽतरंगः ॥
रागद्वेषश्रमालस्यनिद्रादिको ।
बाधते निहतसुकृतप्रसंगः ॥ बु० ॥ ६ ॥
चतुरशीतावहो योनिलक्षेष्वियं ।
क्व त्वया कर्णिता धर्मवार्ता ॥
प्रायशो जगति जनता मिथो ।
विवदते ऋध्धिरसशातगुरुगौरवार्ता ॥ बु० ॥ ७ ॥
एवमतिदुर्लभात् प्राप्य दुर्लभतमं ।
बोधिरत्नं सकलगुणनिधानं ॥
कुरु गुरुप्राज्यविनयप्रसादोदितं ।
शांतरससरसपीयूषपानं ॥ बु० ॥ ८ ॥

इतिश्री शांत सुधारसगेयकाव्ये बोधिभावनाविभावनो नाम द्वादशः प्रकाशः

## દ્વાદશ બોધિ દુર્લભ ભાવના અષ્ટક.

૧, હે આત્મન્! સમુદ્રના ઉંડા જળમાં પડી ગયેલા ચિંતામણિ રત્નના દૃષ્ટાંતે બોધિરત્ન (સમ્યકત્વ રત્ન, વીતરાગ દર્શનની પ્રાપ્તિ) અતિ દુર્લભ છે એમ સમજ! સમજ! અને બોધિ રત્નની દુર્લભતા સમજીને તેનું સમ્યગ્ આરાધન કર! એમ કરીને જૈન શાસન પામી સ્વહિત સાધી લે અને આત્મશક્તિ ફોરવી દુર્ગતિને ફેડી દે!

૨, નિગોદાદિક કાય સ્થિતિવડે બહુજ વિશાળ અને મોહ-મિથ્યાત્વ પ્રમુખ લાખો ગમે ચોરોથી વ્યાપ્ત એવા આ આત ભયાનક ભવારણ્યમાં ભૂલા ભમતા જીવોને ચક્રવર્તીના ભોજનની પેરે નરભવ મળવો મુશ્કેલ છે.

૩, આ લોકમાં અનાર્ય દેશમાં નરભવ પ્રાપ્ત થયો હોય તો તે ઉલટો અનર્થકારી થાય છે. કેમકે તે જીવહિંસાદિક પાપને પુષ્ટિકારી વ્યસનોનાં સેવનારને તમઃતમા નામની સાતમી નર્ક પ્રમુખ નીચ માર્ગે લઇ જનાર થાય છે. મતલબકે અનાર્ય દેશમાં અનાર્ય પ્રવૃત્તિ કરનાર જરૂર નીચી ગતિમાં ઉતરી જાય છે. એ વાત આર્ય દેશમાં ઉત્તમ માનવ ભવની દુર્લભતા સિદ્ધ કરી આપે છે.

૪, આર્ય દેશમાં રહેનાર અને ઉત્તમ કુળમાં અવતાર લેનારને પણ ધર્મતત્ત્વ જાણવાની ઇચ્છા થવી દુર્લભ છે. કારણકે મૈથુન, પરિગ્રહ, ભય અને આહાર સંજ્ઞારૂપ પીડાથી જગત્ દુર્દશામાં ડુબી ગયું છે.

૫, તત્ત્વ જાણવાની ઇચ્છા થયા છતાં ખોટી વિકથાદિકના રસમાં લુબ્ધ થવાથી અનેક વિક્ષેપવડે મન મલીન હોય છે તો તે ગુરૂનો

યોગ મળ્યો હોય તોપણુ ધર્મશાસ્ત્રનું શ્રવણુ થવું અતિ દુર્લભ છે. મતલબ કે વિકથાદિક પ્રમાદ ધર્મ શ્રવણુ કરવામાં પ્રતિબંધક થાય છે.

૬, ધર્મ શ્રવણુ કરી, બરાબર સમજી ધર્મસેવનમાં ઉદ્યમ કરનારને પણુ સુકૃતનો લોપ કરી નાંખનારા રાગ, દ્વેષ, ખેદ (પરિશ્રમ) આળસ અને નિદ્રાદિક અંતરંગ વૈરીઓ બાધ કરે છે. મતલબકે તે ધર્મસેવનમાં સ્ખલના ઉપજાવે છે.

૭, અહો ! આત્મન્ ! ચોરાશી લાખ જીવા યોનિમાં ભમતાં તેં ધર્મની વાર્તા ક્યાં સાંભળી છે ? પ્રાયઃ જગતના જીવો રૂદ્ધિ-ગારવ, રસગારવ અને શાતા ગારવથી પીડાયા છતા પરસ્પર વિવાદ કર્યા કરે છે. ( પણુ ધર્મ સેવન કરતા નથી. )

૮, એવી રીતે અત્યંત દુર્લભ અને સકળ ગુણુના આધાર રૂપ બોધી રત્ન પામીને ગુરૂ મહારાજ પ્રત્યે કરવામાં આવતા ભારે **વિનય**ની પ્રસાદીરૂપ ઉત્તમ શાન્ત સુધારસનું તમે પાન કરો !

**ઇતિ બોધિ દુર્લભ ભાવનાર્થ.**

## अनुष्टुप् वृत्तं.

**सद्धर्मध्यानसंध्यान–हेतवः श्री जिनेश्वरैः ॥**
**मैत्रीप्रभृतयः प्रोक्ता–श्चतस्रो भावनाः पराः ॥ १॥**

**तथाहुः**

**मैत्रीप्रमोदकारुण्य–माध्यास्थानि नियोजयेत् ॥**

धर्मध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनं ॥ २ ॥

उपजाति वृत्तं.

मैत्री परेषां हितचिंतनं यत्
भवेत् प्रमोदो गुणपक्षपातः ॥
कारुण्यमार्तांगिरुजां जिहीर्षे-
त्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥ ३ ॥

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन् ।
चिंत्यो जगत्यत्र न कोपि शत्रुः ॥
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन् ।
किं खिद्यते वैरिधिया परस्मिन् ॥ ४ ॥

सर्वेप्यमी बंधुतयानुभूताः ।
सहस्रशोऽस्मिन्भवता भवाब्धौ ॥
जीवास्ततो बंधव एव सर्वे ।
न कोपि ते शत्रुरिति प्रतीहि ॥ ५ ॥

सर्वे पितृभ्रातृपितृव्यमातृ-।
पुत्रांगजास्त्रीभगिनीस्नुषात्वं ॥
जीवाः प्रपन्ना बहुशस्तदेतत् ।

कुटुंबमेवेति परो न कश्चित् ॥ ६ ॥

इंद्रवज्रावृत्तद्वयं.

एकेंद्रियाद्या अपि हंत जीवाः ।
पंचेंद्रियत्वाद्यधिगत्य सम्यक् ॥
बोधिं समाराध्य कदा लभंते ।
भूयो भवभ्रांतिभियां विरामं ॥ ७ ॥
या रागरोषादिरुजो जनानां ।
शाम्यंतु वाक्कायमनोद्रुहस्ताः ॥
सर्वेप्युदासीनरसं रसंतु ।
सर्वत्र सर्वे सुखिनो भवंतु ॥ ८ ॥

**મૈત્રી આદિચાર ભાવના.**

૧, સદ્ધર્મ ધ્યાનમાં સારી રીતે જોડવા માટે શ્રી જિનેશ્વરોએ મૈત્રી પ્રમુખ ચાર શ્રેષ્ટ ભાવનાઓ કહેલી છે. તે ચાર ભાવનાઓ કઈ કઈ? તે કહે છે.

૨, **મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય** અને **માધ્યસ્થ્ય** એ ચાર ભાવનાઓ ધર્મ ધ્યાનના સંધાનને માટે સદાય સેવવી જરૂરની છે. કેમકે તે તેનું ખરૂં રસાયન છે.

૩, પરજીવોનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના છે, ગુણનો પક્ષ ગ્રહવો તે પ્રમોદ ભાવના છે, દુઃખી પ્રાણીઓનાં દુઃખ મટા-

ડવાની ઈચ્છા ( બુદ્ધિ ) તે કરૂણા ભાવના છે. અને દુષ્ટ બુદ્ધિ-વાળા જીવોની ઉપર પણ રાગદ્વેષ રહિતપણે વર્તવું તે માધ્યસ્થ ( ઉપેક્ષા ) ભાવના છે.

૪, હે આત્મન્! સર્વ જીવો ઉપર મૈત્રી ભાવ ધારણ કર! આ જગતમાં કોઇને શત્રુ લેખવો નહિ, થોડાક દિવસે ટળવા-વાળા આ જીવિતમાં પર ઉપર વૈર ભાવ રાખી તું શા માટે ખેદને વહે છે?

૫, આ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં તેં આ સર્વ જીવોને હજારોવાર બંધુપણે અનુભવેલા છે, તેથી એ સર્વ બંધુઓ છે પણ કોઈ શત્રુ નથી; એમ મનમાં નિશ્ચય કરી રાખ!

૬, સર્વે જીવો ( સંસારમાં ) પિતા, ભાઈ, કાકા, માતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, બ્હેન અને પુત્રવધુપણાને બહુવાર પ્રાપ્ત થયેલા છે તેથી આ બધું તારૂં કુટુંબ જ છે. કોઈ પરાયો દુશ્મન નથી.

૭, વળી હે આત્મન્! તું એવી રૂડી ભાવના રાખ કે એકે-ન્દ્રિયાદિક જીવો પણ પંચેન્દ્રિયપણું વિગેરે વિશિષ્ટ સામગ્રી પામી બોધિ રત્નને સમ્યગ્ રીતે આરાધી ભવભ્રમણની ભીતિને ક્યારે નિવારશે?

૮, પ્રાણીઓના વાણી, કાયા અને મનને દુઃખદાયી ( શત્રુરૂપ) રાગ દ્વેષાદિક સમસ્ત રોગ શાન્ત થાઓ! સર્વ જીવો સમતા-રસનું પાન કરો અને સર્વ જીવો સર્વત્ર સુખી થાઓ!

## अथ त्रयोदश भावनाष्टकं.

**देशाखरागेण गीयते, रे जीव जिनधर्म कीजियें(ए देशी.)**

**विनय विचिंतय मित्रतां त्रिजगति जनतासु ।**

कर्मविचित्रतया गतिं विविधांगमितासु ॥ वि० ॥ १ ॥
सर्वे ते प्रियबांधवा नहि रिपुरिह कोपि ॥
माकुरु कलिकलुषं मनो निजसुकृतविलोपि ॥वि०॥२॥
यदि कोपं कुरुते परो निजकर्मवशेन ।
अपि भवता किं भूयते हृदि रोषवशेन ॥वि० ॥ ३ ॥
अनुचितमिह कलहं सतां त्यज समरसमीन ।
भज विवेककलहंसतां गुणपरिचय पीन ॥ वि० ॥४॥
शत्रुजनाः सुखिनः समे मत्सरमपहाय ।
संतु गंतुमनसोप्यमी शिवसौख्यगृहाय ॥ वि० ॥५॥
सकृदपि यदि समतालवं हृदयेन लिहंति
विदितरसास्तत इह रतिं स्वत एव वहंति ॥ वि०॥६ ॥
किमुत कुमतमदमूर्छिता दुरितेषु पतंति ।
जिनवचनानि कथंहहा न रसा दुपयंति॥वि० ॥ ७ ॥
परमात्मनि विमलात्मनां परिणम्य वसंतु ॥
विनय समामृतपानतो जनता विलसंतु॥वि० ॥ ८ ॥

इतिश्री शांतसुधारसगेय काव्ये मैत्री भावना विभावनो नाम त्रयोदशः प्रकाशः

## ત્રયોદશ મૈત્રી ભાવના અષ્ટક.

૧, હે આત્મન કર્મની વિચિત્રતાથી વિવિધ ગતિને પામનારા જગતમાંના સમસ્ત પ્રાણીઓ ઉપર તું મૈત્રીભાવ ધારણ કર !

૨, એ સર્વે તારાં પ્રિય બાંધવો છે, એમાં કોઇ તારૂં દુશ્મન નથી એમ સમજીને સ્વ સુકૃતનો લોપ કરનારૂં કલેશ કલુષિત મન કરીશ નહિ.

૩, કદાચ કોઈ નિજ કર્મ પરવશતાથી કોપ કરે તો તું પણ હૃદયમાં ક્રોધને અવકાશ શામાટે આપે છે ? આપણે ક્રોધને વશ નહિ થાતાં તેને જ સ્વવશ કરવો !

૪, હે શાન્ત શમરસને સેવનાર ભવ્ય ! જગત્‌માં સત્ પુરૂષો કલહથી દૂર જ રહે છે, તેમને કલેશ પ્રિય હોતો જ નથી; એમ સમજી સદ્‌ગુણના પરિચયથી પુષ્ટ એવી વિવેકકળાનું તું સેવન કર ! તું વિવેકી હંસ બની જા, અને આવી સદ્‌ભાવનાનો સદા આશ્રય કર કે—

૫, સમસ્ત શત્રુજનો મચ્છરભાવ તજી દઇને સુખી થાઓ ! તેમજ તેઓ મોક્ષપદવી પામવા માટે પણ ઇન્તેજાર થાઓ ! મતલબકે તેમને મન, વચન તથા કાયાની શુદ્ધિ અને પરમ પવિત્ર પદવી પ્રાપ્ત કરવાની પણ કામના જાગૃત થાઓ ! જેથી તેઓ શીઘ્ર સમસ્ત દુઃખનો અંત કરી શાશ્વત સુખ પામે !

૬, જો પ્રાણીઓ સાચા ભાવથી લેશ માત્ર સમતા રસને એક વાર પણ આસ્વાદે તો પછી તેવો સ્વાનુભવ થવાથી તેમને તેમાં સ્વતઃ પ્રીતિ ઉપજે.

૭, પ્રાણીઓ શા માટે કુમત રૂપ મદિરા પાનથી મૂર્ચ્છિત થઇને નર્કાદિક દુર્ગતિમાં પડે છે? હ! હા!! તેઓ શા માટે જિન વચનામૃતનું પ્રેમથી પાલન કરતા નથી? જિન વચનામૃતનું પાન કરનાર દુર્ગતિને દળી નાખી સદ્ગતિને સાધી શકે છે, તેથી અન્ય વાગ્ જાળને તજી જિન વચનનુંજ સેવન કરવું જોઇએ.

૮, નિર્મળ આશયવાળા જીવોનાં મન પરમાત્મસ્વરૂપમાં પરિણમી રહો! તથા જગતના જીવો વિનય સહિત શમામૃતનું પાન કરી સદા સુખી થાઓ!

ઇતિ મૈત્રી ભાવનાર્થ.

## अथ चतुर्दश प्रमोद भावना.

### स्रग्धरा वृत्तं

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा–
स्त्रैलोक्ये गंधनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागाः॥
अध्यारुह्यात्मशुध्या सकलशशिकलानिर्मलध्यानधारा।
मारान्मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हंत्यलक्ष्मीं१
तेषां कर्मक्षयोत्थैरतनुगुणगणैर्निर्मलात्मस्वभावै–
र्गायं गायं पुनीमस्तवनपरिणतैरष्टवर्णास्पदानि ॥
धन्यां मन्ये रसज्ञां जगति भगवतस्तोत्रवाणीरसज्ञा।
मज्ञां मन्ये तदन्यां वितथजनकथां कार्यमौखर्यमग्नां ॥२॥
निर्ग्रंथास्तेपि धन्या गिरिगहनगुहागह्वरांतर्निविष्टा।
धर्मध्यानावधानाः समरससुहिताः पक्षमासोपवासाः ॥

येन्येपि ज्ञानवंतः श्रुतविततधियो दत्तधर्मोपदेशाः ।
शांता दांता जिताक्षा जगति जिनपतेःशासनं भासयंति३
दानं शीलं तपो ये विदधति गृहिणो भावनां भावयंति ।
धर्मं धन्याश्चतुर्धा श्रुतसमुपचितश्रद्धयाराधयंति ॥
साध्व्यःश्राध्यश्च धन्याःश्रुतविशदधिया शीलमुद्भावयंत्य-
स्तान्सर्वान्मुक्तगर्वाःप्रतिदिनमसकृद्भाग्यभाजःस्तुवंति॥

उपजाति वृत्तं.

मिथ्यादृशामप्युपकारसारं, संतोषसत्यादिगुणप्रसारं ॥
वदान्यता वैनयिकप्रकारं, मार्गानुसारीत्यनुमोदयामः॥५॥

स्त्रग्धरा वृत्तं.

जिह्वे प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना ।
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेद्य कर्णौ सुकर्णौ ॥
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं ।
संसारेस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ६

उपजाति वृत्तं.

प्रमोदमासाद्य गुणैःपरेषां, येषां मतिर्मज्जति साम्यसिंधौ ॥
देदीप्यते तेषु मनःप्रसादो गुणास्तथैति विशदीभवंति॥७॥

## પ્રમોદ ભાવના.

૧, ક્ષપક શ્રેણિવડે જેમણે કર્મ શત્રુઓને ક્ષીણ કરી નાંખ્યા છે, સહજ સદોદિત જ્ઞાનવડે જાગૃત વૈરાગ્યવંત હોવાથી ત્રૈલોકયમાં ગંધ હસ્તિ સમાન એવા શ્રીવીતરાગ પરમાત્મા કે જેઓ આત્મ-શુદ્ધિથી સંપૂર્ણ ચંદ્ર કળાની જેવા નિર્મળ ધ્યાન ધારાઉપર આરૂઢ થઈને પૂર્વકૃત સેંકડો સુકૃતવડે ઉપાર્જિત કરેલી તીર્થંકર પદવીને પામી મોક્ષની સમીપે જઇ રહ્યા છે, તેમને ધન્ય છે!

૨, કર્મક્ષય યોગે થયેલા, અનેક ગુણ ગણવાળા નિર્મળ આત્મ સ્વભાવવડે પરમાત્માની સ્તવનામાં તલ્લીન બનેલી પરિ-ણતિ વડે પ્રભુના વારંવાર ગુણગાન કરીને આઠે વર્ણ સ્થાનકોને અમે પવિત્ર કરીયે છીએ. તેમજ જગતમાં ભગવંત સંબંધી સ્તોત્ર વાણીના રસને જાણનારી જીભને જ ખરી રસજ્ઞા (જીભ) હું લેખું છું; બાકી નકામી લોકકથાના કાર્યમાં વાચાળતાને સેવનારી જીભને તો કેવળ અજ્ઞજ લેખું છું.

૩, પર્વત, અરણ્ય, ગુફા કે નિકુંજ (લતા–ગૃહ) માં રહ્યા છતા ધર્મધ્યાનમાં ઉપયોગ રાખનારા, શમ રસથી સંતુષ્ટ રહે-નારા, પક્ષ માસ જેવા વિશિષ્ટ (વિકૃષ્ટ) તપ કરનારા, તેમજ બીજા જ્ઞાની પુરૂષો શ્રુત સિદ્ધાન્તમાં વિશાળ બુદ્ધિવાળા, ભવ્ય જનોને ઉપદેશ દેવાવાળા, શાન્ત દાન્ત અને જિતેન્દ્રિય છતા જગતમાં જિનેશ્વર પ્રભુના શાસનની પ્રભાવના કરે છે; તેવા નિ-ર્ગ્રંથ મુનિ જનોને પણ ધન્ય છે.

૪, વળી જે ગૃહસ્થ (શ્રાવકો) દાન, શીલ, તપનું સેવન કરે છે તેમજ રૂડી ભાવના ભાવે છે એમ ચાર પ્રકારના ધર્મને

જ્ઞાનવડે પુષ્ટ થયેલી શ્રદ્ધાથી આરાધે છે તે તથા જે સાધ્વીઓ અને શ્રાવિકાઓ જ્ઞાનવડે નિર્મળ બુદ્ધિથી શીલ–સદાચારનું સેવન કરે છે તે સહુ ધન્ય–કૃત પુન્ય છે. તેમની સર્વની સદાય અનેક વખત ભાગ્યવંત ભઞ્યો ગર્વ રહિત સ્તુતિ કરે છે.

૫, મિથ્યાદૃષ્ટિ જનોના પણ પરોપકાર પ્રધાન સંતોષ સત્યાદિક ગુણ પ્રસાર તેમજ દાનેશ્વરીપણું તથા વિનયવૃત્તિ (પ્રમુખ) માર્ગાનુસારીપણાના ગુણોની અમો અનુમોદના કરીએ છીએ, મતલબ કે ગમે તેના સદ્‌ગુણો દેખી દીલમાં પ્રમુદિત થવું અને તેવા સદ્‌ગુણો આપણામાં પણ પ્રગટી નીકળે એવી નીષ્ટા રાખવી.

૬, હે જિહ્વા ! સુકૃત કરનારા ભાગ્યશાળી જનોનાં સુચરિત્ર ઉચ્ચારવા ઉલ્લસિત છતી તું સરલ થા ! અને અન્ય જનોની કીર્ત્તિ સંબંધી શ્રવણ કરવાના રસિકપણાથી હવે મારા બંને કર્ણો સુકર્ણ થાઓ ! તેમજ અન્ય જનોની ઘણી લક્ષ્મીને દેખી બંને લોચન તરત બહુ આનંદિત થાઓ ! આ અસાર સંસારમાં તમારા જન્મનું એજ મુખ્ય ફળ છે.

૭, અન્ય જનોના ગુણોવડે પ્રમોદ પામી જેમની મતિ સમતારૂપ સમુદ્રમાં મગ્ન થઈ છે તેમનામાં મનની પ્રસન્નતા ઝળકી નીકળે છે. તથા જેવા સદ્‌ગુણો દેખી પોતે પ્રમુદિત થાય તેવા નિર્મળ ગુણો પોતાનામાં પ્રગટી નીકળે છે.

## अथ चतुर्दश भावना अष्टकं

**टोडीरागेण गीयते ॥**

**ऋषभकी मेरे मन भक्ति वशी री ( ए देशी )**

**विनय विभावय गुणपरितोषं ध्रुवपदं ॥**

निजसुकृताप्तवरेषु परेषु परिहर दूरं मत्सरदोषं ॥वि॥०१॥

दृष्ट्वायं वितरति बहुदानं ।
वरमयमिह लभते बहुमानं ॥
किमिति न विमृशसि परपरभागं ।
यद्विभजसि तत्सुकृतविभागं ॥ वि० ॥ २ ॥

येषां मन इह विगतविकारं ।
ये विदधति भुवि जगदुपकारं ॥
तेषां वयमुचिताचरितानां ।
नाम जपामो वारंवारं ॥ वि० ॥ ३ ॥

अहह तितिक्षा गुणमसमानं ।
पश्यत भगवति मुक्तिनिदानं ॥
येन रुषा सह लसदभिमानं ।
झटिति विघटते कर्मनिदानं ॥ वि० ॥ ४ ॥

अदधुः केचन शीलमुदारं ।
गृहिणोपि परिहृतपरदारं ॥
यश इह संप्रत्यपि शुचि तेषां ।
विलसति फलिताफलसहकारं ॥ वि० ॥ ५ ॥

या वनिता अपि यशसा साकं ।
कुलयुगलं विदधति सुपताकं ॥
तासां सुचरितसंचितराकं ।
दर्शनमपि कृतसुकृतविपाकं ॥ वि० ॥ ६ ॥
तात्विकसात्विकसुजनवतंसाः ।
केचन युक्तिविवेचनहंसा ॥
अलमकृषत किल भुवनाभोगं ।
स्मरणममीषां कृत शुभयोगं ॥वि० ॥ ७ ॥
इति परगुणपरिभावनसारं ।
सफलय सततं निजमवतारं ॥
कुरु सुविहितगुणनिधिगुणगानं ।
विरचय शांतसुधारसपानं ॥ वि० ॥ ८ ॥

इतिश्री शांतसुधारसगेयकाव्ये प्रमोदभावना विभावनो नाम चतुर्दशः प्रकाशः

### પ્રમોદ ભાવના અષ્ટક.

૧, હે આત્મન્ ! ગુણવડે પરિતોષ—સંતોષ—અત્યાનંદ પામવાનું દીલમાં લાવ, અને પોત પોતાનાં સુકૃત યોગે જેમને શ્રેષ્ઠ વસ્તુ સાંપડી છે એવા અન્ય પુન્યવંત—ગુણવંત પ્રાણીઓ- ઉપર દ્વેષ ભાવ ન કર, મત્છરદોષને તું દૂર કર !

૨, સુભાગ્યે આ (પુરૂષ) બહુ દાન દીયે છે, અને આ (પુરૂષ) અહીંયા બહુમાન પામે છે, તે બહુ સારૂં છે એવી રીતે અન્યની ઉજળી બાજુને તું કેમ વિચારતો નથી? એમ રૂડો વિચાર કરવાથી તેના સુકૃતનો વિભાગ તું પણ મેળવી શકે. મતલબ કે સાચા દીલથી સદ્ગુણ–સુકૃતની અનુમોદના કરવી તે પણ અતિ હિતકારી છે. જૈન શાસનમાં સુકૃત કરવા કરાવવા અને અનુમોદવા ખાસ ફરમાન છે.

૩, જેમનું મન જગત્‌માં વિકાર વર્જિત છે, તેમજ જેઓ ભૂમંડળમાં સર્વત્ર ઉપકાર કરી રહ્યા છે એવા ઉચિત આચરણને સેવનાર સત્પુરૂષોના નામનું અમે વારંવાર રટન કરીયે છીએ, તેમનું નામ લેતાં પણ પાપ જાય છે.

૪, શિવસુખના નિદાનરૂપ અનુપમ ક્ષમા (સહન શીલતા) ગુણ ભગવંતમાં કેવો અપૂર્વ હતો તે તપાસો! કે જેથી રોષ સહિત આકરા અભિમાનપૂર્વક કર્મ સમૂહ શીઘ્ર અદૃશ્ય થઇ જાય છે.

૫, કેટલાક ગૃહસ્થો છતાં જેમણે પરસ્ત્રીના સર્વથા પરિહાર પૂર્વક ઉદાર શીલવ્રતને ધારણ કરેલું છે, તેમનો નિર્મળ યશ અદ્યાપિ પર્યંત આ જગત્‌માં ફળ્યા ફૂલ્યા સહકાર (આમ્ર વૃક્ષ) જેવો વિલસી રહ્યો છે.

૬, જે સ્ત્રીઓ પણ નિર્મળ યશ સહિત પોતાના ઉભય કુળ (પિતાના અને સાસરાના પક્ષ) શોભાવે છે (અજવાળે છે–દીપાવે છે.) તેમના સુચરિત્રથી સંપૂર્ણ ચંદ્રકળા સદૃશ નિર્મળ દર્શન પણ પૂર્વે કરેલાં સુકૃત યોગેજ સંપજે છે.

૭, વળી કેટલાક તાત્વિક (ખરા) સાત્વિક સજ્જન શિરોમણિ પુરૂષો તેમજ યુક્તિ પુરઃસર વિવેચન કરવામાં હંસ સદૃશ જનો છે, જેમણે ખરેખર સમસ્ત જગત્ ને અલંકૃત કરેલું છે, તેમનું સ્મરણ પણ પુણ્યની પ્રાપ્તિને માટે થાય છે. મતલબ કે તેમનું સ્મરણ કરનાર પણ પવિત્ર થાય છે.

૮, એ પ્રમાણે અન્યના સદ્ગુણનું અનુમોદન કરવું એજ જેમાં સાર છે એવા આ માનવ ભવને તું સદાય સફળ કર! સદાચારમાં તલ્લીન હોવાથી સદ્ગુણના સમુદ્રરૂપ એવા સત્પુરૂષોના ગુણનું ગાન કર અને રાગદ્વેષાદિક વિકાર વર્જિત નિરામય શાન્તસુધારસનું તું પાન કર!

**ઇતિ પ્રમોદ ભાવનાર્થ.**

## अथ पञ्चदश कारुण्य भावना.

### मालिनी वृत्तं.

प्रथममशनपानप्राप्तिवांछाविहस्ता–
स्तदनु वसनवेश्मालंकृतिव्यग्रचित्ताः ॥
परिणयनमपत्यावाप्तिमिष्टेंद्रियार्थान् ।
सततमभिलषंतः स्वस्थतां क्वाशु तीरन् ॥ १ ॥

### शिखरिणी वृत्तं.

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं ।
भवाभ्यासा त्तत्र ध्रुवमिति निबध्नाति हृदयं ।
कथा कस्मादस्मिन्विकिरति रजः क्रुरहृदयो ॥
रिपुर्वा रोगो वा भयमुत जरामृत्युरथवा ॥ २ ॥

स्रग्धरा वृत्तं

स्पर्धंते केपि केचिद्दधति हृदि मिथो मत्सरं क्रोध दग्धा
युध्यंते केप्यरुद्धा धनयुवतिपशुक्षेत्रपद्रादि हेतोः ॥
केचिल्लोभाल्लभंते विपदमनुपदं दूरदेशानटंतः ।
किं कुर्मः किं वदामो भृशमरतिशतै र्व्याकुलं विश्वमेतत्

उपजाति वृत्तत्रयं

स्वयं खनंतः स्वकरेण गर्ता-
मधः स्वयं तत्र तथा पतंति ।
यथा ततो निष्क्रमणंतु दूरे-
धोधः प्रपाताद्विरमंति नैव ॥ ४ ॥
प्रकल्प्ययन्नास्तिकतादिवाद-
मेवं प्रमादं परिशीलयंतः ।
मग्ना निगोदादिषु दोषदग्धा
दुरंत दुःखानि हहा सहंते ॥ ५ ॥
शृण्वंति ये नैव हितोपदेशं
न धर्मलेशं मनसा स्पृशंति ।

रुजः कथंकारमथापनेया-

स्तेषामुपायस्त्वयमेक एव ॥ ६ ॥

अनुष्टुप् वृत्तं

परदुःखप्रतीकारमेवं ध्यायंति ये हृदि ।

लभंते निर्विकारंते; सुखमायंति सुंदरं ॥ ७ ॥

**કારૂણ્ય ભાવના.**

૧, પ્રથમ તો પ્રાણીઓ ખાનપાનને પ્રાપ્ત કરવાની વાંછાથી વ્યાકુળ હોય છે, પછી વસ્ત્ર, ગૃહ અને અલંકાર માટે વ્યગ્ર ચિત્ત હોય છે, તેમજ વળી પાણિગ્રહણ ( વિવાહ ) તથા પુત્ર પુત્રી પ્રમુખ પ્રજાને અને અનુકૂલ ઇંદ્રિય વિષયોને સદાય અભિલષતા હોય છે, તેથી તે બાપડા સ્વસ્થતા શી રીતે શીઘ્ર પામે !

૨, લાખો ગમે ઉપાયોથી મહા કષ્ટે લક્ષ્મી મેળવી, આ લક્ષ્મી કાયમ સ્થિર રહેનારી છે એમ પૂર્વ ભવના અભ્યાસથી તેમાં મુંઝાઇ જાય છે, એટલામાં અકસ્માત્ ક્રુર હૃદયવાળો દુશ્મન રોગ, ભય, જરા કે મૃત્યુ આવીને એમાં ધૂળ નાંખે છે, મતલબ કે તેના કલ્પિત સુખમાં વિઘ્ન નાખે છે.

૩, કેટલાક પરસ્પર સ્પર્ધામાં ઉતરે છે, કેટલાક ક્રોધથી દગ્ધ થયા થકા હૃદયમાં પરસ્પર મચ્છર વહે છે, કેટલાક ધન, યુવતી, પશુ, ક્ષેત્ર કે ગામને નિમિત્તે સ્વેચ્છા પ્રમાણે ઉત્કટ યુદ્ધ કરે છે, અને કેટલાક લોભથી દૂર દેશમાં રખડતા પગલે પગલે ક્લેશ અનુભવે છે; એવી રીતે સેંકડોગમે અરતિ-ઉદ્વેગવડે આ આખું વિશ્વ વ્યાકુળ બનેલું છે. તો પછી અમે શું કરીયે અને

૪, પોતાના હાથે ખાડો ખોદીને લોકો તેની અંદર એવી રીતે પડે છે કે તેમાંથી બહાર નીકળવાની વાત તો દૂર રહો પણ નીચે નીચે ઉતરી પડતાં વિરમતા જ નથી.

૫, જેમાં નાસ્તિકાદિકુવાદની કલ્પના કરવામાં આવતી હોય એવા પ્રમાદને વિશેષે સેવનારા સ્વદોષથી દગ્ધ થયા છતા નિગોદાદિક દુર્ગતિમાં પડી હા ! હા ! તે બાપડા સેંકડોગમે દુરંત દુઃખોને સહે છે. મતલબકે સ્વકપોલ કલ્પિત માર્ગને સ્વચ્છંદપણે સ્થાપનાર મલીન આશયવાળા વાદી લોકો રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારોને સેવવાથી નીચી ગતિમાં ઉતરીને બહુ દુઃખી થાય છે.

૬, જેઓ હિતોપદેશને સાંભળતા જ નથી અને લેશ માત્ર ધર્મને મનમાં વાસતા (વસવા દેતા) નથી તેમના (અંતરના) રોગ શી રીતે દૂર કરાય ? તેનો આ એક જ ઉપાય છે.

૭, જેઓ એવી રીતે પારકાં દુઃખ ટાળવાના ઉપાય દિલમાં ધ્યાવે છે વિચારે છે તેઓ પરિણામે સુંદર એવું નિવકાર સુખ પામે છે.

## पंचदशभावनाष्टकं.–रामकुलीरागेण गीयते.

हमारो अंबर देहु मुरारी ए देशी ॥

सुजना भजत मुदा भगवंतं
सुजना भजत मुदा भगवंतं ध्रुवपदं ।
शरणागतजनमिह निष्कारण–
करुणावंतमवंतंरे ॥ सु० १ ॥

क्षणमुपधाय मनः स्थिरतायां
पिबत जिनागमसारं ।
का पथघटना विकृतविचारं
त्यजत कृतांतमसारं रे  सुज० २ ॥
परिहरणीयो गुरुरविवेकी
भ्रमयति यो मतिमंदं ।
सुगुरुवचः सकृदपि परिपीतं
प्रथयति परमानंदं रे  ॥ सुज० ३ ॥
कुमततमोभरमीलितनयनं
किमु पृच्छत पंथानं ।
दधिबुध्या नर जलमंथन्यां
किमु निदधत मंथानं रे ॥ सुज० ४ ॥
अनिरुद्धं मन एव जनानां
जनयति विविधातंकं ।
सपदि सुखानि तदेव विधत्ते
आत्मारामशंकं रे  ॥ सुज० ५ ॥
परिहरताश्रवविकथागौरवं

मदनमनादि वयस्य ।
क्रियतां सांवरसाप्तपदीनं
ध्रुवमिदमेव रहस्यं रे ॥ सुज० ६ ॥
सह्यत इह किं भवकांतारे
गदनिकुरंबमपारं ।
अनुसरता हितजगदुपकारं
जिनपतिमगदंकारं रे ॥ सुज० ७ ॥
शृणुतैकं विनयोदितवचनं
नियतायतिहितरचनं ।
रचयत सुकृतसुखशतसंधानं
शांतसुधारसपानं रे ॥ सुज० ८ ॥

इति श्री शांतसुधारसगेयकाव्ये कारुण्यभावना विभावनो नाम पंचदशः प्रकाशः

**કારૂણ્ય ભાવના અષ્ટક,**

૧, શરણાગત જનો ઉપર નિષ્કારણ કરૂણા કરનાર ભગવંતને હે સજ્જનો તમે પ્રેમથી ( પ્રમોદથી ) ભજો ! ભજો !

૨, ક્ષણવાર મનને સ્થિર કરીને જિન આગમ-અમૃતનું પાન કરો, અને ઉન્માર્ગ રચનાથી વિષમ વિચારવાળા અસાર આગમ (શાસ્ત્ર)નો પરિહાર કરો !

૩, જે મતિમંદ–મુગ્ધ જનોને સંસારચક્રમાં રઝળાવે છે તેવા અવિવેકી ગુરૂનો પરિહાર જ કરવો. અને સદ્ગુરૂનું વચનામૃતતો એક વખત પણ પીધું છતું પરમ આનંદને વિસ્તારે છે. ( માટે એવા સદ્ગુરૂનું જ સેવન કરવું. )

૪, કુમત ( અજ્ઞાન )રૂપી અંધકારના સમૂહથી જેનાં નેત્ર અંજાઈ ગયાં છે, તેવા કુગુરૂને માર્ગ શા માટે પૂછોછો ? હે ભવ્યજનો ! જળથી ભરેલી દોણીમાં તમે દહીંની બુદ્ધિથી મંથાન ( રવૈયો ) શામાટે ફેરવો છો ?

૫, લોકોનું નહિ નિગ્રહ કરેલું મન વિધ વિધ વ્યાધિઓને પેદા કરે છે, અને તે જ મન નિગ્રહિત–સમાધિત કર્યું છતું બેશક સુખ ઉપજાવે છે.

૬, અનાદિ કાળથી સહચારી ( મિત્રરૂપે સાથે રહેનારા ) આશ્રવ, વિકથા, ગારવ તથા મદન–કામવિકારનો તમે ત્યાગ કરો અને સંવરરૂપ સાચો હિતકર મિત્ર કરો ! એ જ ખરેખરૂં રહસ્ય છે.

૭, આ ભવ અટવીમાં અપાર રોગ સમુદાયને તમે શામાટે સહો છો ? સમસ્ત જગત્નો ઉપકાર કરવા દૃઢ પ્રતિજ્ઞાવંત એવા શ્રી જિનેશ્વર ભગવાનરૂપી વૈદ્યને જ તમે અનુસરો, જેથી તમારા સમસ્ત દ્રવ્યભાવ રોગો ઉપશમે અને તમને અનુપમ અપૂર્વ શાન્તિ સંપજે.

૮, નિશ્ચે પરિણામે હિત કરનાર **વિનય** વડે કહેવાયેલું એક વચન તમે સાંભળો અને સેંકડોગમે સુકૃત તથા સુખ સાથે મેળાપ કરી આપનાર શાન્ત સુધારસનું તમે પાન કરો !

## ઇતિ કરૂણા ભાવનાર્થ.

# अथ षोडश माध्यस्थ्य भावना.

## पंचापि शालिनीवृत्तानि.

श्रांता यस्मिन् विश्रमं संश्रयंते ।
रुग्णाः प्रीतिं यत्समासाद्य सद्यः ॥
लभ्यं रागद्वेषविद्वेषिरोधा-
दौदासीन्यं सर्वदा तत् प्रियं नः ॥ १ ॥

लोके लोका भिन्नाभिन्न स्वरूपा ।
भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्मभिद्भिः ॥
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य त-
द्विद्वद्भिस्तूयते रुष्यते वा ॥ २ ॥

मिथ्या शंसन् वीरतीर्थेश्वरेण ।
रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ॥
अन्यः को वा रोत्स्यते केन पापा-
त्तस्मादौदासीन्यमेवात्मनीनं ॥ ३ ॥

अर्हंतोपि प्राज्यशक्तिस्पृशः किं ।
धर्मोद्योगं कारयेयुः प्रसह्य ॥

दद्युः शुद्धं किंतु धर्मोपदेशं ।
यत्कुर्वाणा दुस्तरं निस्तरंति ॥ ४ ॥
तस्मादौदासीन्यपीयूषसारं ।
वारंवारं हंत संतो लिहंतु ॥
आनंदानामुत्तरंगत्तरंगै-।
र्जीवद्भिर्यद्भुज्यते मुक्तिसौख्यं ॥ ५ ॥

### માધ્યસ્થ્ય ભાવના.

૧, જે ઉદાસીનતાને પામી શ્રમિત જનો વિશ્રામ પામે છે અને રોગી જનો પ્રીતિ પામે છે, તે રાગદ્વેષનો રોધ કરવાથી પામી શકાય એવું ઔદાસિન્ય અમને સદા સર્વદા પ્રિય વલ્લભ છે.

૨, જગતમાં મર્મ ભેદનારાં ભિન્ન ભિન્ન કર્મ યોગે શુભાશુભ ચેષ્ટાવડે ભિન્ન ભિન્ન પ્રકૃતિના જીવો છે તેમાંથી તે કર્મના સ્વરૂપને જાણનારાઓએ કોની કોની સ્તુતિ કરવી? તેમજ કોની કોની ઉપર રોષ કરવો ?

૩, વીરપ્રભુ મિથ્યા પ્રરૂપણા કરનાર સ્વશિષ્ય **જમાલિને** પણ રોકી શક્યા નહિં તો પછી બીજો કોણ ? કોનાવડે પાપ કર્મથી રોકી શકાય ? તેથી ઉદાસીનતા જ આદરવી હિતકારી છે.

૪, પ્રબળ શક્તિવાળા અરિહંત ભગવાન પણ શું બલાત્કારે ધર્મ ઉદ્યમ કરાવે છે? તેઓ તો શુદ્ધ નિર્દોષ ધર્મ ઉપદેશ આપે છે. તે પ્રમાણે જે ભવ્ય જનો વર્તે છે તે સંસાર સમુદ્ર તરી જાય છે.

૫, તે માટે સજ્જનો ઔદાસિન્યરૂપ અમૃત નિચોળનું વારંવાર આસ્વાદન કરો ! જેથી આનંદની ઉછળતી ઉર્મિવાળો આત્મા મુક્તિ સુખને પામે.

## षोडश भावनाष्टकं–प्रभातिरागेण गीयते

आदर जीव क्षमा गुण आदर ( ए देशी. )

अनुभव विनय सदा सुखमनुभव ।
औदासीन्यमुदारं रे ॥
कुशलसमागममागमसारं ।
कामितफलमंदारं रे ॥ अनु० ॥ १ ॥
परिहर परचिंतापरिवारं ।
चिंतय निजमविकारं रे ॥
वदति कोपि चिनोति करीरं ।
चिनुतेन्यः सहकारं रे ॥ अनु० ॥ २ ॥
योऽपि न सहते हितमुपदेशं ।
तदुपरि मा कुरु कोपं रे ॥
निष्फलया किं परजनतप्तया ।
कुरुषे निजसुखलोपं रे ॥ अनु० ॥ ३ ॥
सूत्रमपास्य जडा भाषंते ।

केचन मतमुत्सूत्रं रे ॥
किं कुर्मस्ते परिहृत पयसो ।
यदि पीयंते मूत्रं रे ॥ अनु० ॥ ४ ॥
पश्यसि किं न मनः परिणामं ।
निजनिजगत्यनुसारं रे ॥
येन जनेन यथा भवितव्यं ।
तद्भवता दुर्वारं रे ॥ अनु० ॥ ५ ॥
रमय हृदा हृदयंगमसमतां ।
संवृणु मायाजालं रे॥
वृथा वहसि पुद्गलपरवशता-
मायुः परिमितकालं रे ॥ अनु० ॥ ६ ॥
अनुपमतीर्थमिदं स्मर चेतन-।
मंतः स्थितमभिरामं रे ॥
चिरंजीव विशदपरिणामं ।
लभसे सुखमविरामं रे ॥ अनु० ॥ ७॥
परब्रह्मपरिणामनिदानं।
स्फुटकेवलविज्ञानं रे ॥

विरचय विनय विवेचितज्ञानं ।
शांतसुधारसपानं रे ॥ अनु० ॥ ८ ॥

इति श्री शांतसुधारसगेयकाव्ये माध्यस्थ्य भावना विभावनो नाम षोडशः प्रकाशः

**ઔદાસિન્ય ભાવના અષ્ટક.**

૧, હે આત્મન્ ! તું ઔદાસિન્ય રૂપ ઉદાર અચળ સુખ અનુભવ ! કેમકે તે આગમ સિદ્ધાન્તના સારરૂપ મોક્ષ સાથે મેળવી આપનાર અને વાંછિત ફળ આપવા કલ્પવૃક્ષ સમાન છે.

૨, પર પુદ્‌ગલિક ચિંતા જાળનો તું ત્યાગ કર ! અને નિજ અવિકાર આત્મસ્વરૂપનું ચિંતન કર ! કોઇ મુખથી (મોટી) વાતો કરે છે પણ કેરડોજ મેળવે છે ત્યારે બીજા પુરૂષાર્થી જનો સહકાર–આમ્ર મેળવે છે. મતલબ કે કેટલાક વાત કરીને વિરમે છે, પણ કંઈ જીવ જેવું કાર્ય કરતા નથી ત્યારે બીજા મહત્ત્વનું કાર્ય કરી દેખાડે છે.

૩, જે કોઈ હિત ઉપદેશને સહન ન કરી શકે (દુર્દૈવથી હિત ઉપદેશ ન રૂચે) તેની ઉપર તું કોપ કરીશ નહિ. નકામો કોઇ ઉપર કોપ કરીને તું શા માટે પોતાના સ્વાભાવિક સુખનો લોપ કરે છે?

૪, કેટલાક જડમતિ–જનો શાસ્ત્રનો અનાદર કરી શાસ્ત્ર વિરૂદ્ધ ભાષણ કરે છે તે મૂઢ જનો નિર્મળ નીર તજી લઘુ નીત (મૂત્ર) નુંજ પાન કરે છે એમાં આપણે શું કરીયે ? તેમાં તેમના નસીબનોજ દોષ છે.

૫, પોત પોતાની ગતિ અનુસારે પ્રાણીના મનઃ પરિણામ વર્તે છે, **'જેવી ગતિ તેવી મતિ થાય છે'** તે તું કેમ સમજતો નથી ? જે જીવનું જેવું પરિણામ આવવાનું છે તે તારાથી મિટાવી શકાય તેમ નથી.

૬, આનંદદાયી સમતાને તું દીલથી રમાડ અને માયા જાળને સંકેલ–તેનો ત્યાગ કર, તું પુદ્ગલ પરાધીનતા નકામી ભોગવે છે. આયુષ્ય પરિમિત કાળનુંજ છે. (માટે ગફલત ન કર.)

૭, અંતરમાં રહેલો ચેતન–આત્મા–એજ અભિરામ (મનહર) અનુપમ તીર્થ છે તે યાદ કર ! ચિરકાળ પર્યંત નિર્મળ પરિણામ ધારી રાખ! તેથી તું અક્ષય સુખ (મોક્ષ) ને પામીશ.

૮, પરબ્રહ્મ–પરમાત્મ સ્વરૂપ પ્રાપ્તિના નિદાન (મૂળ કારણ) રૂપ સ્ફુટ કેવળ વિજ્ઞાન આપવાવાળું તેમજ **વિનય** વડે વિનય વિજયજી ઉપાધ્યાય મહારાજે) વિવેચન કરાયેલું **શાન્તસુધારસનું** પાન હે ભદ્ર ! તું કર !

## स्रग्धरावृत्तद्वयं.

**एवंसद्भावनाभिः सुरभितहृदयाः संशयातीतगीतो–**
**न्नीतस्फीतात्मतत्वा–स्त्वरितमपसरन्मोहनिद्राममत्वाः ॥**
**गत्वासत्त्वाममत्वातिशयमनुपमां चक्रिशक्राधिकानां।**
**सौख्यानां मंक्षु लक्ष्मीं परिचितविनयाः स्फारकीर्तिं श्रयंते१**

दुर्ध्यानप्रेतपीडा प्रभवति न मनाक् काचिदद्वंद्वसौख्य।
स्फातिः प्रीणाति चित्तं प्रसरति परितः सौख्यसौहित्यसिंधु
क्षीयंते रागरोषप्रभृतिरिपुभटाः सिद्धिसाम्राज्यलक्ष्मीः।
स्याद्वश्यायन्महिम्ना विनय शुचिधियो भावनास्ताःश्रयध्वंम्

पथ्यावृत्तं.

श्रीहीरविजयसूरीश्वर-शिष्यौ सोदरावभूतां द्वौ।
श्री सोमविजयवाचक, वाचकवरकीर्तिविजयाख्यौ॥३॥

गीति वृतद्वयम्.

तत्र च श्री कीर्तिविजयवाचक।
शिष्योपाध्यायविनयविजयेन॥
शांतसुधारसनामा।
संदृष्टो भावनाप्रबोधोऽयं॥ ४॥
शिखिनयनसिंधुशशिमित वर्षे हर्षेण गंधपुरनगरे
श्री विजय प्रभसूरिप्रसादतो यत्न एष सफलोऽभूत्॥५॥

## उपजातिवृत्तं.

यथा विधुः षोडशभिः कलाभिः ।
संपूर्णतामेत्यजगत्पुनीते ॥
ग्रंथस्तथा षोडशभिः प्रकाशै-
रयं समग्रैः शिवमातनोतु ॥ ६ ॥
यावज्जगत्येष सहस्रभानुः ।
पीयूष भानुश्च सदोदयेते ॥
तावत्सतामेतदपि प्रमोदं ।
ज्योतिः स्फुरद्वाङ्मयमातनोतु ॥ ७ ॥

इति श्रीमन्महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय श्री विनयविजयगणिविरचिते शांत सुधारसग्रंथे षोडशः प्रकाशः समाप्तिमगमत्.

### ઉપસંહાર.

૧. એવી રીતે સદ્ભાવનાવડે જેમનું હૃદય સુવાસિત છે તે સત્ત્વવંત પુરૂષો સંશય રહિત–નિઃશંક હૃદય ગાનથી ઉદાર આત્મ-તત્ત્વની ઉન્નતિ સાધી, શીઘ્ર મોહ નિદ્રા મમત્ત્વને દૂર કરી મમત્વ વર્જિતપણે અનુપમ ચક્રવર્તી અને ઇંદ્રથી પણ અધિક સુખ સાહેબીને સહજ સંપાદન કરી અતિ નમ્રતાને ધારણ કરતા છતા વિશાળ કીર્તિને વરે છે.

૨, જેના પ્રભાવથી દુર્ધ્યાન રૂપ પ્રેત-પીડા લગારે પજવતી નથી; અપૂર્વ (ક્લેશ વર્જિત) સુખની સ્ફુરણા ચિત્તને પ્રસન્ન કરે છે, ચોતરફ સુખની પુષ્ટિ રૂપી નદી પ્રસરી રહે છે, રાગ દ્વેષાદિક શત્રુવર્ગ ક્ષય પામે છે, અને સિદ્ધિરૂપ સામ્રાજ્ય લક્ષ્મી વશ થાય છે તે પૂર્વોક્ત ભાવનાઓને વિનયથી પવિત્ર બુદ્ધિ ધારી હે ભવ્ય જનો ! તમે સેવો !

**શ્રીસોમવિજય** વાચક (ઉપાધ્યાય) અને શ્રી **કીર્તિવિજય** વાચક વર એ બન્ને શ્રી **હીરવિજય** નામના સૂરીશ્વરના શિષ્ય હોવાથી ગુરૂભાઇ થયા.

૪, તેમાં શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય શ્રી **વિનયવિજયજી** એ આ **શાન્તસુધારસ** નામનો ભાવના સંબંધી પ્રકૃષ્ટ બોધ કરનારો ગ્રંથ રચ્યો છે.

૫, આ પ્રયત્ન શ્રી **વિજયપ્રભ** સૂરિની કૃપાથી ગંધપુર (ગંધાર) નગરમાં સંવત્ ૧૭૨૩ મા વર્ષે સફળ થયો.

૬, જેમ ચંદ્ર સોળ કળા વડે સંપૂર્ણતા પામી જગતને પાવન કરે છે તેમ આ ગ્રંથ સંપૂર્ણ સોળ પ્રકાશ વડે શિવસુખનો વિસ્તાર કરો !

૭, જ્યાં સુધી જગતમાં આ પ્રગટ દેખાતા સૂર્ય અને ચંદ્ર સદા ઉદય પામ્યા કરે ત્યાંસુધી આ પ્રકાશમાન શાસ્ત્ર રૂપ જ્યોતિ પણ સત્પુરૂષોને પ્રમોદ આપ્યા કરો ! તથાસ્તુ ! !

આ ગ્રંથ વ્યાખ્યા કરતાં મતિ મંદતાદિક દોષથી જે અન્યથા લખાણ થયું હોય તે સજ્જનો સુધારી તેમાંથી સાર માત્ર ગ્રહી મને ઉપકૃત કરશો.

**ઇતિ શમ્.**

# प्रथम अनित्य भावना सज्झाय.

## ढाळ १ ली राग सामग्री.

विमळकुळ कमलना हंस तुं जीवडा,
भुवनना भाव चित्त जो विचारी;
तेणे नर मनुज गति रत्न नवि केळव्युं,
जेजे नर नारी मणि कोडि हारी. वि० ॥ १ ॥

जेणे समकित धरी सुकृतमति अनुसरी,
तेणे नरनारी निज गति समारी;
विरति नारी वरी कुमति मति परहरी,
तेणे नरनारी सब कुगति वारी. वि० ॥ २ ॥

जैन शासन विना जीवयतना विना,
जे जना जग भमे धर्म हीना;
जैन मुनि दान बहुमान हीना नरा,
पशु परे ते मरे त्रिजग दीना. वि० ॥ ३ ॥

जैनना देव गुरु धर्म गुण भावना,
भावी नितु ज्ञान लोचन विचारी;
कर्म भर नाशनी बार वर भावना,
भावि नित जीव तुं आप तारी. वि० ॥ ४ ॥
सर्व गति मांहि वर नरभवो दुलहो,
सर्व गुण रत्ननो शोधिकारी;
सर्व जग जंतुने जेणे हित कीजीये,
सोइ मुनि[1] वंदीये श्रुत विचारी. वि० ॥ ५ ॥

ढाळ २ जी राग केदारो.

भावना मालती चूसीये,
भ्रमर परे जेणे मुनिराज रे;
तेणे निज आतमा वासीये,
भरत परे मुक्तिनुं राजरे. भाव० ॥ १ ॥
भावना कुसुम शुं वासिया,
जे करे पुन्यनां काजरे;
ते सवे अमरतरु परे फळे,

---

१ सकल मुनि.

भावना दिये शिवराजरे. भाव० ॥ २ ॥
भूमि जननी थकी उपना,
सुत परे जे जगे भावरे;
ते सवे भू भुजंगी गले,
जीम गले वनतरु दावरे. भाव० ॥ ३ ॥
भूमिना वर अनंता थया,
भूमि नवि गइ किण साथरे;
रिद्धि बहु पापी जे तस मळी,
ते न लीधी कुणे साथरे. भाव० ॥ ४ ॥
गइय द्वारामति हरि गयो,
अथिर सब लोकनी रिद्धिरे;
सुणी अंते पांडवा मुनि हवा,
तेणे वरी अचल पद सिद्धिरे. भाव० ॥ ५ ॥
राजना पापभर शिर थके,
जस हवा शुद्ध परिणामरे;
भरत भूपति परे तेहने,
भावना पुन्यनां गामरे. भाव० ॥ ६ ॥

राजना पाप भर शिरथके,
जस हवा शुद्ध मन भावरे;
भावना [1] सिंधुमां ते गले,
उतरे मोहपद् तावरे. भाव० ॥ ७ ॥
जे पदारथ तुज आपणो,
नवि गणे प्रेम रति बंधरे;
जो गणे ते हतुं आपणुं,
जीव तुंही मति अंधरे. भाव० ॥ ८ ॥
कृष्ण लेश्या वशे कीजीये,
कर्म जे रौद्र परिणामरे;
ते सवे धर्म नवि जाणीये,
शुभ हवे शुद्ध परिणामरे. भाव० ॥ ९ ॥
जे जग आश्रव जिने भण्या,
ते सवे संवर होइरे;
धर्म जे अशुभ भावे करे,
ते तस आश्रव जोइ रे. भाव० ॥ १० ॥

इति पीठिका.

---

१ समूद्रमां.

## ढाळ त्रीजी राग सामग्री.

मुंझ मा मुंझ मा मोहमां जीव तुं,
शब्द वर रुप रस गंध देखी;
अथिर ते अथिर तुं अथिर तनु जीवितं,
भाव्य मन गगन हरि चाप पेखी. मु० ॥ १ ॥
लच्छि सरिय तति परें एक घर नवि रहे,
देखतां जाय प्रभु जीव लेती;
अथिर सब वस्तुने काज मूढो करे,
जीवडो पापनी कोडि केती. मु० ॥ २ ॥
उपनी वस्तु सवि कारमी नवि रहे,
ज्ञानसुं ध्यानमां जो विचारी;
भाव उत्तम हर्या अधम सब उधर्या,
संहरे काल दिन रात चारी. मुं० ॥ ३ ॥
देख कलि कूतरो सर्व जगने भखे,
संहरी भूप नर कोटि कोटी;
अथिर संसारने थिरपणे जे गणे,
जाणी तस मूढनी बुद्धि खोटी, मुं० ॥ ४ ॥

राच मम राजनी रिद्धि शुं परिवर्यो,
अंत सब रिद्धि विसराल होशे;
रिद्धि साथे सब वस्तु मूकी जते,
दिवस दो तीन परिवार रोशे. मुं० ॥ ५ ॥

कुसुम परें यौवनं जलबिंदु जीवितं,
चंचलं नरसुखं देवभोगो;
अवधि मन केवळी सुकवि विद्याधरा,
कलियुगे तेहनो पण वियोगो. मुं० ॥ ६ ॥

धन्य अनिका सुतो[1] भावना भावतां.
केवल[2] सुरनदी[3] मांहे लीधो:
भावना सुरलता जेणे मन रोपवी,
तेणे शिव नारि परिवार रुंध्यो. मुं० ॥ ७ ॥

## बीजी अशरण भावना.

### ढाळ ४ थी—सांभळजो मुनि संजम रागे ए देशी.

को नवि शरणं को नवि शरणं, मरतां कुणने प्राणीरे;
ब्रह्मदत्त मरतो नवि राख्यो, जस हय गय बहु राणीरे;
जस नव निधि धन खाणीरे. को न० १

---

१. अर्णिका पुत्र, २. केवळ ज्ञान, ३. गंगा.

मात पितादिक टग मग जोतां, यम ले जनने ताणी रे;
मरण थकी सुरपति नवि छूटे, नवि छूटे इंद्राणी रे को० २
हय गय रथ नर कोडि विद्याधर, रहे नित रायां रायरे;
बहु उपाय ते जीवने काजे, करता अशरण जाय रे. को. ३
मरणथी भीति कदाचित जीवो, जो पेसे पाताळे रे;
गिरि दरि वन अंबुधिमां जावे, तो भी हरियें काळे रे. को. ४
अष्टापद जेणे बले उपाडयो, सो दशमुख संहरियोरे;
को जग धर्म विना नवि तरियो, पापी को नवि तरियोरे. को. ५
अशरण अनाथ जीवह जीवन, शान्तिनाथ जग जाणोरे;
पारेवो जेणे शरणें राख्यो, मुनि तस चरण वखाण्यो रे. को. ६
मेघकुमार जीव गजगतिमां, शशलो शरणे राख्यो रे;
वीर पास जेणे भव भय कच्चर्यो, तप संयम करी नाख्यो रे. ७
मत्स्यपरे रोगी तडफडता, कोणे नवि सुख करीयो रे;
अशरण अनाथ भावना भरीयो, अनाथि मुनि नीसरीयोरे.

---

## त्रीजी संसार भावना.

### ढाळ ५ मी राग केदारो.

सर्व संसारना भाव तुं,

समधरी जीव संभारि रे;
ते सवे तें पण अनुभव्या,
हृदयथी तेह उतारि रे. ॥ स० १ ॥
सर्व तनुमां वसी नीसर्यो,
तें लीया सर्व अधिकार रे;
जातिने योनि सवि अनुभवि,
अनुभव्या सर्व आहार रे. ॥ स० २ ॥
सर्व संयोग तें अनुभव्या,
अनुभव्या रोग ने शोग रे;
अनुभव्या सुख दुःख काल तें,
पण लियो नवि जिन योग रे. ॥ स० ३ ॥
सर्व जन नातरां अनुभव्यां,
पहेरीया सर्व सणगार रे;
पुद्गल तें परावर्त्तिया,
नवि नम्या जिन अणगार रे. ॥ स० ४ ॥
पापनां श्रुत पण तें भण्यां,
तें कर्यां मोहनां मान रे;

पापनां दान पण तें दिया,
नवि दियां पात्रनां दान रे. ॥ स० ५ ॥
वेद पण तीन तें अनुभव्या,
तें भण्या परतणा वेद रे;
सर्व पाखंड तें अनुभव्या,
तिहां न संवेग निर्वेद रे. ॥ स० ६ ॥
रडवड्यो जीव मिथ्यामते,
पशु हण्यां धर्मने काजरे;
काज कीधां नवि धर्मनां,
हरखियो पापनें काज रे. ॥ स० ७ ॥
कुगुरुनी वासना डाकिणी,
तिण दम्या जीव अनंत रे;
तिहां नवि मुक्ति पंथ ओळख्यो,
तिणे हवो नवि भव अंतरे. ॥ स० ८ ॥

## चतुर्थ एकत्व भावना.

ढाळ ६ ठी अरणीक
मुनिवर चा० ए देशी.

चोथी भावना भवियण मनधरो,

चेतन तुं एकाकी रे;
आव्यो तिम जाइश परभव वळी,
इहां मूकी सवि बाकी रे,
मम करो ममता रे समता आदरो १ ए आकणी.
आणो चित्त विवेको रे,
स्वारथीयां सज्जन सहुए मळ्यां,
सुख दुःख सहेशे एको रे. ॥ म० २ ॥
वित्त वहेंचण आवी सहुये मळे,
विपति समय जाय नासी रे;
दव बळतो देखी दश दिशें पुले,
जिम पंखी तरु वासी रे. ॥ म० ३ ॥
खटखंड नवनिधि चौद रयण धणी,
चोसठ सहस्स सुनारी रे;
छेहडे छोडी ते चाल्या एकला,
हार्या जेम जुआरी रे. ॥ म ० ४ ॥
त्रिभुवन कंटक बिरद धरावतो,
करतो गर्व गुमानो रे

त्रागा विण नागा तेहु चाल्या,
रावण सरिखा राजानो रे. ॥ म० ५ ॥
माल रहे घर स्त्री विश्रामता,
प्रेतवना[1] लगे लोको रे;
चय लगे काया आखर एकलो,
प्राणी चले परलोको रे. ॥ म० ६ ॥
नित्य कलहो बहु मेले देखीयो,
बिंहु पणे खटपट थायरे;
वलयाने पेरे [2]विहरीश एकलो,
इम बूझ्यो नमि रायो रे ॥ म० ७ ॥

## दुहा.

भवसायर बहु दुःख जले, जामण[3] मरण तरंग;
ममता तंतु तिणे ग्रह्यो, चेतन चतुर मतंग. ॥ १ ॥
चाहे जो छोडण भणी, तो भज भगवंत महंत;
दूर करे परीबंधने, जम जलथी जळकंत. ॥ २ ॥

---

१ स्मशान. २ विचरीश. ३ जन्म.

# पांचमी अन्यत्व भावना.

ढाळ ७ मी कपूर अति उजळो रे ए देशी.

पांचमी भावना भावीयेरे, जिउ अन्यत्व विचार;
आप सवारथी ए सहु रे, मळियो तुज परिवार. ॥१॥
संवेगी सुंदर बूझ, मा मूंझ गमार; ताहरुं को नथी
इण संसार, तुं केहनो नहि निरधार. ए आंकणी.
पंथ सिर पंथी मल्या रे, कीजे कीणश्युं प्रेम;
राति वसे प्रह उठ चले रे; नेह निवाहे केम. सं० ॥२॥
जिम मेळो तीरथ मिळे रे, जन वणजनी चाह;
के त्रोटो के फायदो रे, लेइ लेइ निज घर जाय. सं० ॥३॥
जिहां कारज जेहनां सरे रे, तिहां लगे दाखे नेह
सूरिकंतानी परें रे, छटकी देखाडे छेह. सं० ॥ ४ ॥
चूलणी अंगज मारवा रे, कूडुं करी जतु[1] गेह;
भरत बाहुबलि झूझीया रे, जो जो निजना नेह. सं० ॥५॥
श्रेणीक पुत्रे बांधियो रे, लीधुं वेंहेंची राज्य;
दुःख दीधुं बहु तातने रे, देखो सुतनां काज. सं० ॥६॥

---

१ लाखनुं घर.

इण भावन शिवपद लहेरे, श्री मरुदेवी माय;
वीर शिष्य केवल लह्युं रे. श्री गौतम गणराय. सं०॥७॥

## दुहा.

मोह वसु मन मंत्रवी, इंद्रिय मळया कलाल:
प्रमाद मदिरा पायकें, बांध्यो जीव भूपाल.॥ १ ॥
कर्म जंजीर जडी करी, सुकृत माल सवि लीध;
अशुभ विरस दुरगंधमय, तनगो ताहरे दीध.॥२॥

## छठ्ठी अशुचिभावना.

### ढाळ ८ मी. राग सिंधु—सामेरी.

छठ्ठी भावना मन धरो, जीउ अशुची भरी आ कायारे;
शी मायारे मांडे काचा पिंडशुं ए ॥ १ ॥
नगरखाळ पेरें नितु वहे, कफ मल मूत्र भंडारोरे;
तिम द्वारोरे नर नव द्वादश नारिनां ए. ॥ २ ॥
देखी दुर्गंध दूरथी, तुं मुंह मचकोडे माणेरे;
नवी जाणेरे तिण पुदगल निज तनु भर्युं ए.॥ ३ ॥
मांस रुधिर मेदा रसें, अस्थी मज्जा नर बीजे रे;

शुं रीझे रे रुप देखी देखी आपणुं ए. ॥ ४ ॥
कृमि वालादिक कोथळी, मोहरायनी चेटी रे;
ए पेटी रे चर्म जडी घणा रोगनी ए. ॥ ५ ॥
गर्भवास नव मासतां, कृमिपेरें मळमां वसीयो रे;
तुं रसियो रे उंधे माथे इम रह्यो ए. ॥ ६ ॥
कनक कुमरी भोजन करी, तिहां देखी दुर्गंध बुझ्या रे;
अति झुझ्या रे मल्लिमित्र निज कर्मशुं ए. ॥ ७ ॥

दुहा.

तन छिल्लर इंद्री मच्छा, विषय कलण जंबाल;
पाप कलुष पाणी भर्युं, आश्रव वहे गडनाळ. ॥ १ ॥
निर्मल पख सहजे सुगति, नाण विन्नाण रसाळ;
शुं बगनी पेरें पंकजल, चूंथे चतुर मराळ. ॥ २ ॥

सातमी आश्रवभावना.

ढाळ ९ मी राग धोरणी.

आश्रव भावना सातमी रे, समजो सुगुरु समीप;
क्रोधादिक कांइ करो रे, पामी श्रीजिन दीपो रे,
सुण सुण प्राणीया परिहर आश्रव पंचो रे.

दशमें अंगे कह्या, जेहना दुष्टप्रपंचो रे. सु० ए आकणी १
होंशे जे हिंसा करे रे, ते लहे कटुक विपाक;
परिहोसें गोत्रासनी रे, जो जो अंग विपाको रे. सु० ॥२॥
मिथ्या वयण वसु नड्यो रे, मंडिक परधन लेइ;
इण अब्रह्मे रोलव्या रे, इंद्रादिक सुर केइ रे. सु० ॥ ३ ॥
महा आरंभ परिग्रहे रे, ब्रह्मदत्त नरय पहुत्त;
सेव्यां शत्रुपणुं भजे रे, पांच दुरगति दूतो रे. सु० ॥४॥
छिद्र सहित नावा जळे रे, बूडे नीर भराय;
तिम हिंसादिक आश्रवे रे, पापे पिंड भरायो रे. सु० ॥५॥
अविरति लागे एकेंद्रियारे, पाप स्थान अढार;
लागे पांचे ही क्रिया रे, पंचम अंग विचारो रे. सु० ॥६॥
कटुक क्रिया थानक फलो रे, बोल्या बीजेरे अंग;
कहेतां हीयडुं कमकमे रे, विरुओ तास प्रसंगो रे. सु० ॥७॥
मृग पतंग अलि माछलो रे, करी विषय प्रपंच;
दुखिया ते किम सुख लहे रे, जस परवस एह पंचो रे. सु० ८
हास्यानिंद विकथा वशे रे, नरक निगोदे रे जात;
पूरवधर श्रुत हारीने रे, अवरांनी शी वातो रे. सु० ॥९॥

## दुहा.

शुभ मानस मानस करी, ध्यान अमृत रस रेलि;
नव दल श्री नवकार पय, करी कमलासन केलि.॥१॥
पातक पंक पखालीने, करी, संवरनी पाळ;
परमहंस पदवी भजो, छोडी सकळ जंजाळ. ॥ २ ॥

## आठमी संवर भावना.

### ढाळ १० मी उलूनी देशी.

आठमी संवर भावनाजी, धरी चितशुं एक तार;
समिति गुप्ति सूधी धरोजी, आपोआप विचार.
सलुणा शान्ति सुधारस चाख ( ए टेक. )
विरस विषय फळ फूलडेजी, अटतो मन अलि राख.॥१॥
लाभ अलाभे सुखे दुःखेजी, जीवित मरण समान;
शत्रु मित्र सम भावतोजी, मान अने अपमान. स० २
कहीये परिग्रह छांडशुंजी, लेशुं सयम भार;
श्रावक चिंते हुं कदाजी, करीश संथारो सार. स०॥३॥
साधु आशंसा इम करेजी, सूत्र भणीश गुरु पास;
एकलमल्ल प्रतिमा रहीजी, करीश संलेखण खास.स०४

सर्व जीवहित चिंतवेजी, वयर मकर जगमित्त;
सत्य वयण मुख भाखीयेजी, परिहर परनुं वित्त. स० ५
काम कटक भेदण भणीजी, धर तुं शील सनाह;
नवविध परिग्रह मूकतांजी, लहिये सुख अथाह. स० ६
देव मणुअ उपसर्ग शुं रे, निश्चल होय सधीर;
बावीस परिसह जीपीयेरे, जिम जीत्या श्रीवीर. स० ७

## दुहा.

दृढप्रहारी दृढ ध्यान धरी, गुणनिधि गजसुकुमाल;
मेतारज मदन भ्रमो, सूकोशळ सुकुमाल. ॥ १ ॥
एम अनेक मुनिवर तर्या, उपशम संवर भाव;
कठिन करम सवि निरजर्या, तिणे निर्जर प्रस्ताव. ॥२॥

## नवमी निर्जरा भावना.

ढाळ ११ मी राग गोडी मन भमरारे ए देशी.

नवमी निर्जर भावना चित चेतो रे,
आदरो व्रत पचखाण चतुर चि०
पाप आलोचो गुरुकने चि०
धरीये विनय सुजाण चतुर चितचे० ॥ १ ॥

वैयावच्च बहुविध करो चि०
दुर्बल बाल गिलान चतुर चित चेतोरे;
आचारज वाचक तणो चि०
शिष्य साधर्मिक जाण च० ॥ २ ॥
तपसी कुल गण संघनो चि०
थिविर प्रवर्तक वृद्ध च०
चैत्य भक्ति बहु निर्जरा चि०
दशमे अंग प्रसिद्ध च० ॥ ३ ॥
उभय टंक आवश्यक करो चि०
सुंदर करी सझाय च०
पोसह सामायिक करो चि०
नित्य प्रतें निज मन भाय. च० ॥ ४ ॥
कर्म सूदन कनकावळी चि०
सिंह निक्रीडित दोय. च०
श्री गुण रयण संवच्छरु चि०
साधु पडिमा दस दोय च० ॥ ५ ॥
श्रुत आराधन साचवो चि०
योगवहन उपधान च०

शुक्ल ध्यान सूधुं धरो चि०
श्री आंबिल वर्द्धमान च० ॥ ६ ॥
चउद सहस्त्र अणगारमां चि०
धन धन्नो अणगार च०
स्वय मुख वीर प्रशंसीयो चि०
खंधक मेघकुमार च० ॥ ७ ॥

दोहा.

मन दारु तन नालि करी, ध्यानानल सलगावि;
कर्म कटक भेदण भणी, गोळा ज्ञान चलावि. ॥ १ ॥
मोहराय मारी करी, उंचो चढी अवलोय;
त्रिभुवन मंडप मांडणी, जिम परमानंद होय. ॥ २ ॥

## दशमी लोकस्वरुप भावना.

ढाळ १२ मी.

दशमी लोक स्वरुपरे, भावन भावीये;
निसुणी गुरु उपदेशथी ए. ॥ १ ॥
उर्ध्व पुरुष आकार रे. पग पहूळा धरी;
कर दोउ कटि राखीये ए. ॥ २ ॥
इण आकारे लोक रे, पुद्गल पूरीओ;
जिम काजळनी कुंपली ए. ॥ ३ ॥

धर्माधर्माकाश रे, देश प्रदेश ए;
जीव अनंते पूरीओ ए. ॥ ४ ॥
सातराज देशोनरे, उर्ध्वतिरिय मळी;
अधोलोक सात साधिकूं ए. ॥ ५ ॥
चौदराज त्रस नाडी रे, त्रस जीवालय;
एक रज्जु दीर्घ विस्तरु ए. ॥ ६ ॥
उर्ध्व सुरालय साररे, निरय भुवन सांभळी;
रांय रुषि शिव समजीओ ए. ॥ ७ ॥
द्वीप समुद्र असंख्यरे, प्रभु मुख सांभळी;
राय रुषि शिव समजीओए. ॥ ८ ॥
लांबी पहोळी पणयाल रे, लखजोयण लही;
सिद्ध शिला शिर उजळीए. ॥ ९ ॥
उंचा धनुसय ती नरो, तेत्रीस साधिके;
सिद्ध योजनने छेहडे ए. ॥ १० ॥
अजर अमर निकलंकरे;
नाण दंसण मय, ते जोवा मन गहगहे ए. ॥ ११ ॥

दोहा.

वार अनंती फरसीओ, छाली वाटक न्याय;

नाण विना नवी सांभरे लोक भ्रमण भडवाय. ॥ १ ॥
रत्न त्रय त्रिहु भुवनमे, दुल्लह जाणी दयाळ;
बोधि रयण काजे चतुर, आगम खाणि संभाळ. ॥ २ ॥

## अग्यारमी बोधीदुर्लभभावना.

### ढाळ १३ मी.

दश दृष्टांते दोहिलो रे, लाधो मणुअ जन्मारोरे;
दुल्लहो उंबर फुल ज्युंरे, आरज घर अवतारो रे.
मोरा जीवनरे बोधिभावना इग्यारमी रे;
भावो हृदय मजारोरे. मो० १ ए टेक.
उत्तम कुल तिहां दोहिलो रे, सहगुरु धर्म संयोगो रे;
पांचे इंद्रिय परवडां रे, दुल्लहो देह निरोगो रे. मो०॥२॥
सांभळवुं सिद्धान्त रे, दोहिलु तस चित्त धरवुं रे;
सूधी सद्दहणा धरी रे, दुक्कर अंगे करवुं रे. मो० ॥३॥
सामग्री सघळी लही रे मूढ मूधा मम हारो रे;
चिंतामणि देवें दीयो रे, हार्यो जेम गमारो रे. मो०॥४॥
लोह कीलक[1]ने कारणे र कुण यान [2]जलधिमां फोडेरे;
गुण[3] कारण कुण नवलखो रे, हार हीयानो त्रोडेरे मो०५

---

१ खीलो, २ वहाण, ३ दोरो.

बोधि रयण उवेखीनेरे, कोण विषयार्थें दोडेरे;
कांकरमणि समोवडि करे रे, गज वेचे खर होडेरे. मो० ६
गीत सुणी नटडी कनेरे, क्षुल्लकें चित्त विचार्युं रे;
कुमारादिक पण समजीया रे, बोधिरयण संभार्युं रे मो० ७

## बारमी धर्म भावना.

### ढाळ १२ मी डुंगरीयानी देशी.

धनधन धर्म जगहित करु, भाख्यो भलो जिनदेवरे;
इह परभव सुख दायको,
जीवडा जनम लगे सेवरे.
भावना सरस सुर वेलडी. ( टेक ) १
रोपि तुं हृदय आरामरे;
सुकृत तरु लहिय बहु पसरति,
सफळ फळशे अभिरामरे. ॥ भा० २ ॥
क्षेत्र शुद्धि करिय करुणा रसें
काढ मिथ्यादिक शालरे;
गुपति त्रिहु गुपति रुडी करे,
नीक तुं सुमतिनी वालरे ॥ भा० ३ ॥

सींचजे सुगुरु वचनामृते,
कुमति कंथेर तजी संगरे;
क्रोध मानादिक सूकरा,
वानरो वारि अनंगरे. ॥ भा० ४ ॥
सेवता एहने केवळी,
पन्नर सय तीन अणगाररे;
गौतम शिष्य शिवपुर गया
भावतां देवगुरु साररे. ॥ भा० ५ ॥
शुक परिव्राजक सीधलो,
अर्जुनमाली शिव वासरे;
राय परदेशी जे पापीयो,
कापीयो तास दुःख पासरे. ॥ भा० ६ ॥
दुःसम समय दुप्पसह लगें,
अविहल शासन एहरे;
भावशुं भवियण जे भजे,
तेह शुभमति गुण गेहरे. ॥ भा० ७ ॥

इति.

# શ્રી ચિદાનંદજીકૃત પ્રશ્નોત્તર રત્નમાળા

## પ્રસ્તાવના.

ચિદાનંદ [1]પદકજ નમી, ચિદાનંદ [2]સુખહેવ
ચિદાનંદ સુખમાં સદા, મગન કરે તતખેવ. ૧.
ચિંદાનંદ પ્રભુની [3]કળા, કેવળ બિજ [4]અનપાય;
જાણે કેવળ અનુભવી, કિણથી કહી ન જાય. ૨.
ચિદાનંદ પ્રભુની [5]કૃતિ, અર્થ ગંભીર અપાર;
મંદમતિ હું તેહનો, પાર ન લહું નિરધાર. ૩.
તો પણ મુજથી મંદમતિ, તેહ તણે હિતકાજ;
તેમજ સ્વહિત કારણે, ચિંદાનંદ મહારાજ. ૪.
કૃતિ તેહની નિરખી, [6]ઉત્તરમાળ ઉદાર;
તાસ વિવરણ કરવા ભણી, આત્મ થયો ઉજમાળ. ૫.
બુદ્ધિવિકળ પણ ભક્તિવશ, બોલું સુખકર બોલ;
કાલું બોલે બાળ જે, કુણ આવે તસ તોલ. ૬.

શ્રી કપૂરચંદજી અપરનામ શ્રી **ચિદાનંદનજી** મહારાજ આ વીશમી સદીમાંજ વિદ્યમાન હતા, એમ તેમની અનેક કૃતિઓથી જણાય છે. **આનંદઘનજી** મહારાજની પેરે તેઓશ્રી પણ અધ્યાત્મશાસ્ત્રના રસિક અને અધ્યાત્મતત્ત્વમાં નિપુણ હતા, એ વાતની તેમની કૃતિઓ સારી રીતે સાક્ષી ભરે છે. તેમણે બનાવેલી કૃતિઓમાં ચિદાનંદ બહોંતેરી, સ્વરોદય, પુદ્ગળ ગીતા, છટક સવૈયા તેમજ આ પ્રશ્નોત્તરમાળા મુખ્ય છે. તેમની બધી કાવ્યરચના સરલ અને અર્થગંભીર જણાય છે. દરેક કૃતિમાં કાવ્યચમત્કૃતિ


---

૧ ચરણકમળ. ૨ સુખને હેતે. ૩ જીવનકળા-રેખા. ૪ કેવળજ્ઞાનના અમોઘ ઉપાયરૂપ. ૫ ગ્રંથરચના. ૬ પ્રશ્નોત્તરમાળ.

સાથે અર્થગૌરવ અપૂર્વ હોવાથી તેમની સકળ કૃતિ હૃદયંગમ છે. તેમના પ્રત્યેક પદ્યમાં અધ્યાત્મ માર્ગનો ઉપદેશ સમાયેલો છે. તેઓશ્રી અષ્ટાંગ યોગના સારા અભ્યાસી હતા, તેથી તેમનામાં ઉત્તમ પ્રકારનું યોગબળ હતું, તેમજ કોઈ અજબ પ્રકારની શક્તિ–સિદ્ધિ વિદ્યમાન હતી, એમ સંભળાય છે. તેઓ તીર્થપ્રદેશમાં વિશેષે વાસ કરતા હોય એમ અનુમાન થાય છે. શત્રુંજય અને ગિરનારમાં તો અમુક ગુફા કે સ્થાન તેમના પવિત્ર નામથી ઓળખાય પણ છે. શ્રી સમેતશિખરજી ઉપર તેમનો દેહાંત થયો છે, એવી દંતકથા સંભળાય છે. તેઓ બહુ નિસ્પૃહી હતા, એમ તેમના સંબંધી સાંભળવામાં આવતી કેટલીક દંતકથા ઉપરથી સિદ્ધ થાય છે. લોકપરિચયથી તેઓ અલગા રહેતા અને પોતે જ્ઞાની અને સિદ્ધિસંપન્ન છે એમ લોક ભાગ્યેજ જાણી શકે એવી સાદી રીતે પોતાનું જીવન ગાળતા હતા, તેમ છતાં કાકતાલીય ન્યાયે જ્યારે કોઇને તે વાતની જાણ થતી ત્યારે પ્રાયઃ પોતે તે સ્થાન તજી જતા હતા. તેમને અનેક સત્‌શાસ્ત્રનો પરિચય હતો એમ તેમની કૃતિનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનાર સમજી શકે તેવું છે. તેમની વાણી રસાલ અને અલંકારિક છે. અધ્યાત્મ લક્ષ્ય સાથે શાસ્ત્ર અભ્યાસમાં તેમની હોડ કરી શકે એવો કોઇ પ્રબળ પુરૂષ તેમની પાછળ ભાગ્યેજ થયો લાગે છે. આધુનિક છતાં તેમની ગ્રંથશૈલી એવી તો અર્થબોધક સાથે આકર્ષક છે કે આનંદઘનજીની બહોંતેરી સાથે ચિદાનંદ બહોંતેરી અનેક અધ્યાત્મરસિક જનો મુક્ત કંઠથી ગાય છે. વિશેષમાં ચિદાનંદજીની કૃતિમાં શબ્દરચના એવી તો સાદી છે કે તે ગાવી બાળ જીવોને પણ બહુ સુલભ પડે છે. તે બધી કૃતિમાંની **'પ્રશ્નોત્તરમાળા'**

પણ એક છે. મૂળ ગ્રંથ લઘુ છતાં તેમાં અર્થગૌરવ એટલું બધું છે કે તેમાંના એક એક પ્રશ્નના ઉત્તર માટે એક એક સ્વતંત્ર ગ્રંથની યોજના સમર્થ વિદ્વાન કરી શકે. મારી જેવા મંદમતિથી તેમ બનવું તો અશકય છે, પણ તેનું સહજ સ્પષ્ટીકરણ કરવા માટે યથામતિ ઉદ્યમ કર્યો છે. તેમાંથી સાર માત્ર ગ્રહણ કરી ભવ્ય જનો સ્વપર હિતમાં વૃદ્ધિ કરો, એજ મહાકાંક્ષા અને એજ કર્ત્તવ્યરૂપ સમજી પ્રસ્તુત પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

**ચિદાનંદપદ રસિક કર્પૂર.**



श्रीमत् चिदानंदजी कृता.

# प्रश्नोत्तर माळा.* ( विवेचन समेता. )

## ( मंगलाचरण—दोहा. )

परम ज्योति परमात्मा, परमानंद अनूप;
नमो सिद्ध सुखकर सदा, कलातीत चिद्-रूप. १

पंच महाव्रत आदरत, पाळत पंचाचार;
समतारस सायर सदा, सत्तावित गुणधार. २

पंच समिति गुपति धरा, चरण करण गुणधार;
चिदानंद जिनके हिये, करुणा भाव अपार.

सुरगिरि हरि सायर जीसे, धीर वीर गंभीर;
अप्रमत्त विहारथी, मानुं अपर समीर.

इत्यादिक गुणयुक्त जे, जंगम तीरथ जाण;
ते मुनिवर प्रणमुं सदा, अधिक प्रेम मन आण. ५

लाख बातकी एक बात, प्रश्न प्रश्नमे जाण;
एकशत चौदे प्रश्नको, उत्तर कहुं बखाण. ६

प्रश्नमाळ ए कंठमें, जे धारत नर नार;
तास हिये अति उपजे, सार विवेक विचार. ७

---

* આ પ્રશ્નોત્તર રત્નમાળા શ્રી ચિદાનંદજી ઉર્ફે કર્પૂરચંદજી મહારાજે શ્રી ભાવનગરમાં રહીને સંવત્ ૧૯૦૬ માં બનાવી છે, એમ છેલ્લા કાવ્યથી જણાય છે.

**વિવેચન**—અનંત જ્ઞાન, દર્શનરૂપ જ્યોતિ જેમને જાગી છે, તેમજ રાગદ્વેષ મોહાદિક સકળ દોષ માત્રનો સંપૂર્ણ ક્ષય કરવાથી જેમને અનંત ચારિત્ર—સ્થિરતા ગુણ પ્રગટયો છે અને તેથીજ જેમની સમાન આખી જગત્‌માં બીજી કોઇ વ્યક્તિ જણાતી નથી એવા નિરૂપમ શ્રી **અરિહંત** પરમાત્માને હું પ્રણમું છું. તથા કર્મ-કલંકથી સંપૂર્ણ રીતે મુક્ત થયેલા હોવાથી એટલે દેહાદિક સંપૂર્ણ ઉપાધિથી રહિત થયેલા હોવાથી કાયમને માટે સહજ સ્વાભાવિક આત્મસ્વરૂપને સંપ્રાપ્ત થયેલા અને આત્માર્થી ભવ્ય જનોને એવુંજ સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરાવી શકે એવા **સિદ્ધ** પરમાત્માને પ્રણામ કરૂં છું.

૧. વળી જે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતારૂપ પાંચ મહાવ્રતોને સેવે છે; જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર રૂપ પાંચ આચારને પાળે છે; મહાસાગરનીજેમ અગાધ સમતારસથી ભરેલા છે, તથા સાધુ યોગ્ય સત્તાવિશ ગુણોને સદા ધારી રાખે છે; ઇર્યા, ભાષાદિક પાંચ સમિતિ અને મન, વચન, કાયાની ત્રણ ગુપ્તિને, તથા ચરણ સિત્તરી ( મૂળ ગુણ વિષયક ૭૦ ભેદ ) અને કરણ સિત્તરી ( ઉત્તર ગુણ સંબંધી ૭૦ ભેદ )ને જે સેવે છે, તેમજ જ્ઞાન અને ચારિત્રથી પૂર્ણ એવા જેના હૃદયમાં અત્યંત કરૂણાભાવ વર્તે છે; વળી જે મેરૂ પર્વતની પેરે ધીર—નિશ્ચળ છે, એટલે ગ્રહણ કરેલી ઉત્તમ પ્રતિજ્ઞાથી કદાપિ ચલાયમાન થતા નથી, સિંહની જેવા પરાક્રમી છે, એટલે કર્મ શત્રુઓનો નાશ કરવામાં કેશરી સિંહ જેવા છે, અને સાગરની જેવા ગંભીર છે, એટલે રત્નાગરની જેમ અનેક ગુણરત્નોથી પરિપૂર્ણ છતાં

લગારે છલકાઇ નહિ જતાં યત્નથી તેમને સાચવી રાખે છે; તેમજ પવનની પેરે અપ્રતિબંધપણે એક સ્થળથી અન્ય સ્થળે એકાંત હિતને માટે અટન કરતા રહે છે—ઈત્યાદિક સાધુ યોગ્ય ગુણોવડે અલંકૃત હોવાથી સમાગમમાં આવનાર ભવ્ય જનોને જે પાવન કરે છે એવા જંગમ તીર્થરૂપ શ્રેષ્ઠ **મુનિજનોને** મનના અત્યંત પ્રેમભાવથી હું પ્રણામ કરું છુ. ૨–૩–૪–૫.

આવી રીતે અભિષ્ટ દેવ ગુરૂને પ્રણમવારૂપ મંગળાચરણ કરીને હવે આ ગ્રંથમાં જે વાતનું કથન કરવાનું છે તે ( અભિધેય ), તેનું પ્રયોજન તથા તેનું ફળ સંક્ષેપથી ગ્રંથકાર જણાવે છે.

**વિવેચન**—જેમાં લાખો ગમે વાતોનો સમાવેશ થઈ શકે એવી અતિ અગત્યની–**મ**હત્વની વાત હરેક પ્રશ્નમાં આવે એવા ૧૧૪ પ્રશ્નોના આ **પ્ર**શ્નોત્તર નામના ગ્રંથમાં હું વખાણ કરીશ.૬.

આ **પ્રશ્નોત્તરમાળા** નામનો ગ્રંથ જે આત્માર્થી સ્ત્રી પુરૂષો કંઠે કરશે અને તેનું સારી રીતે મનન કરશે તેમના હૃદયમાં અત્યંત હિતકારી વિવેકવિચાર ઉપજશે, જેથી તેમને પોતાને માટે મોક્ષમાર્ગ ઘણોજ સરલ થઇ શકશે. ૭.

પ્રથમ ગ્રંથકાર **પ્રશ્નસમુદાય** કહે છે—

## प्रश्न.

**देव धरम अरु गुरु कहा, सुख दुःख ज्ञान अज्ञान;**
**ध्यान ध्येय ध्याता कहा, कहा मान अपमान.** १
**जीव अजीव कहो कहा, पुण्य पाप कहा होय;**
**आश्रव संवर निर्जरा, बंध मोक्ष कहो दोय.** २

हेय ज्ञेय फुनि हे कहा, उपादेय कहा होय;
बोध अबोध विवेक कहा, फुनि अविवेक समोय. ३

कौन चतुर मूरख कवण, राव रंक गुणवंत;
जोगी जति कहो जीके, को जग संत महंत. ४

शूरवीर कायर कवण, को पशु मानव देव;
ब्राह्मण क्षत्रिय वैश को, कहो शुद्र कहा भेव. ५

कहा अथिर थिर हे कहा, छिल्लर कहा अगाध;
तप जप संजम हे कहा, कवण चोर को साध. ६

अति दुर्जय जगमें कहा, अधिक कपट कहां होय;
नीच उंच उत्तम कहा, कहो कृपा कर सोय. ७

अति प्रचंड अग्नि कहा, वो दूरदम मातंग;
विषवेली जगमें कहा, सायर प्रबळ तुरंग. ८

किणथी डरीए सर्वदा, किणथी मळीए धाय;
किणकी संगत गुण वधे, किण संगत पत जाय. ९

चपळा तिम चंचळ कहा, कहा अचळ कहा सार;
फुनि असार वस्तु कहा, को जग नरक दुवार. १०

अधं बधिर जग मूक को, मात पिता रिपु मित;
पंडित मूढ सुखी दुःखी, को जगमांहे अभीत. ११

म्होटा भय जगमें कहा, कहा जरा अति घोर;
प्रबळ वेदना हे कहा, कहा वक्र किशोर. १२

कल्पवृक्ष चिंतामणि, कामगवी शुं थाय;
चित्रावेली हे कहा, शुं साध्यां दुःख जाय. १३

श्रवण नयन मुख कर भुजा, हृदय कंठ अरु भाळ;
इनका मंडन हे कहा, कहा जग म्होटा जाळ. १४

पाप रोग अरु दुःखना, कहा कारण शुं होय;
अशुचि वस्तु जगमें कहा, कहा शुचि कहा जोय. १५

कहा सुधा अरु विष कहा, कहा संग कुसंग;
कहा हे रंग पतंगका, कहा मजीठी रंग. १६

## ૧૧૪ પ્રશ્નો સૂચક ૧૬ દુહાનો અર્થ.

" દેવ, ધર્મ, અને ગુરૂ કોને કહીએ ? સુખ, દુઃખ, જ્ઞાન, અજ્ઞાન, ધ્યેય, ધ્યાતા, માન, અપમાન, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, હેય, જ્ઞેય, ઉપાદેય, બોધ, અબોધ, વિવેક, અવિવેક, ચતુર, મૂરખ, રાય, રંક, ગુણ-વંત, જોગી, જતિ, સંત, મહંત, શૂરવીર, કાયર, પશુ, માનવ, દેવ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર, અથિર, થિર, છિલ્લર, અગાધ, તપ, જપ, સંજમ, ચોર, અને સાધુ કોને કહીએ ? જગતમાં અતિ દુર્જય ( દુઃખે જીતી શકાય ) એવું શું છે ? અધિક કપટ ક્યાંછે ? તેમજ નીચ, ઉંચ અને ઉત્તમ કોણ છે ? અતિ આકરો અગ્નિ કયો ? નિરંકુશ હાથી કયો ? જગતમાં (ઉગ્ર) વિષવેલી કઈ ? પ્રબળ તરંગ (મોજાં)વાળો સાગર કયો ? સદાય કોનાથી ડરતા રહેવું ? અને વેગે જઇને કોને મળવું ? વિજળી જેવી

ચપળ વસ્તુ કઇ ? વળી જગતમાં અચળ, સાર અને અસાર વસ્તુ કઇ છે ? નરકદ્વાર કયું છે ? અંધ, બ્હેરો મુંગો કોણ છે? માતા, પિતા, શત્રુ, મિત્ર, પંડિત, મૂર્ખ, સુખી, દુઃખી અને ભયરહિત કોણ છે ? જગમાં સહુથી મોટો ભય કયો છે ? અતિ આકરી જરા કઇ છે ? બહુ આકરી વેદના કઈ છે ? અને અતિ વાંકો ઘોડો કયો છે ? કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ, અને ચિત્રાવેલી કોને કહીએ ? દુઃખ માત્ર ટાળવાનો ખરો ઉપાય શો ? કાન, આંખ, મુખ, હાથ, ભુજા, હૃદય, કંઠ અને ભાલ (લલાટ) એ દરેકનું ભૂષણ શું ? જગત્માં મ્હોટી જાળ કઈ ? પાપ, રોગ અને દુઃખનાં કારણ કયાં ? જગત્માં પવિત્ર અને અપવિત્ર વસ્તુ કઇ ? અમૃત અને વિષ કયું ? સંગ અને કુસંગ કયો ? પતંગનો રંગ કયો અને મજીઠી રંગ કયો ?"

**આ સર્વ પ્રશ્નસમુદાય કહ્યો. હવે તેના ઉત્તર અનુક્રમે કહે છે.**

## २८ प्रश्नोनो उत्तर नीचे प्रमाणे—

**देव श्री अरिहंत निरागी, दया मूळ शुचि धर्म सोभागीः**
**हित उपदेश गुरु सुसाध, जे धारत गुण अगम अगाध.** १
**उदासीनता सुख जगमांही, जन्म मरण सम दुःख कोइ नांही;**
**आत्मबोध ज्ञान हितकार, प्रबल अज्ञान भ्रमण संसार.** २
**चित्तनिरोध ते उत्तम ध्यान, ध्येय वीतरागी भगवान;**
**ध्याता तास मुमुक्षु बखान, जे जिनमत तत्वारथ जान.** ३
**लही भव्यता म्होटो मान, कवण अभव्य त्रिभुवन अपमान;**
**चेतन लक्षण कहीए जीव, रहित चेतन जान अजीव.** ४

परउपगार पुण्य करी जाण, परपीडा ते पाप वखाण;
आश्रव कर्म आगमन धारे, संवर तास विरोध विचारे. ५

निर्मळ हंस अंश जिहां होय, निर्जरा द्वादशविध तप जोय;
वेद भेद बंधन दुःखरूप, बंध अभाव ते मोक्ष अनुप. ६

पर परिणति ममतादिक हेय, स्व स्वभाव ज्ञान कर ज्ञेय;
उपादेय आतम गुणवृंद, जाणो भविक महा सुखकंद. ७

परमबोध मिथ्यादृक् रोध, मिथ्यादृग् दुःख हेत अबोध;
आतम हित चिंता सुविवेक, तास विमुख जडता अविवेक. ८

**૧ દેવ શ્રી અરિહંત નિરાગી**—રાગ દ્વેષ અને મોહાદિક દોષ માત્રથી મુક્ત થયેલા સર્વજ્ઞ સર્વદર્શી ઉત્કૃષ્ટ ચારિત્રવંત તથા સર્વશક્તિસંપન્ન એવા અરિહંત ભગવાનજ દેવાધિદેવ છે, જે સંપૂર્ણ અતિશયવંત છતાં અમૃત સમાન વચનોથી ભવ્ય જનોના ત્રિવિધ ( મન વચન અને કાયા સંબંધી ) તાપને ઉપશાંત કરે છે.

**દયા મૂળ શુચિ ધર્મ સોભાગી**--કોઇનું કંઇ પણ અનિષ્ટ—અહિત મનથી વચનથી કે કાયાથી નહીં કરવારૂપ અને સર્વ કોઇનું એકાંત હિત કરવારૂપ સર્વ જીવને સુખદાયી અને વ્હાલું નિપુણ દયાનું તત્ત્વ જેમાં સમાયેલું છે એવો અહિંસા સંયમ અને તપલક્ષણ ખરો ધર્મ છે.

**૩ હિત ઉપદેશ ગુરૂ સુસાધ, જે ધારત ગુણ અગમ અગાધ**--જ્ઞાન, વૈરાગ્ય, ક્ષમા, મૃદુતા, ઋજુતાદિક અનેક ઉમદા ગુણોને પોતે સેવન કરતા છતા જે ભવ્ય જનો પ્રત્યે તેમ-

ની યોગ્યતાનુસારે હિત ઉપદેશ દેવામાં તત્પર રહે એવા સુસાધુ નિગ્રંથ પુરૂષો ગુરૂપદને લાયક છે.

૪ **ઉદાસીનતા સુખ જગમાંહી**--જગત્‌માં જીવોની વિધ વિધ કર્મ અનુસારે જે વિચિત્રતા પ્રતીત થાય છે, તેમાં મુંઝાઈ નહિ જતાં જ્ઞાનદૃષ્ટિવડે તેથી નિરાળવા રહી સ્વ સ્વરૂપમાં સ્થિતિ કરવી એટલે નિજ કર્તવ્યરૂપ ચારિત્રમાં રમણતા કરવી એમાંજ ખરૂં સુખ સમાયેલું છે. દુનિયામાં દૃશ્ય થતી ખોટી માયિક વસ્તુઓમાં કર્તૃત્વ અભિમાન કરી તેમાં મુંઝાઇ જનારા જનો તેવા સુખથી બેનશીબજ રહે છે.

**૫ જન્મ મરણ સમ દુઃખ કોઇ નાંહી**--મહાદુર્ગંધમય સંડાસમાં કોઇને પરાણે બેસારી રાખતાં અથવા કોઇને અન્યાયથી કેદખાનામાં પુરી રાખતાં જે દુઃખ થાય તેથી બેસુમાર દુઃખ જીવને ગર્ભાવાસમાં થાય છે, કેમકે ગર્ભાવાસમાં જીવને મહા દુર્ગંધી અને પરતંત્રતાનો પુરતો ખ્યાલ હરહમેશ આવ્યા કરે છે. તેથી તે મૂર્છિતપ્રાય અવસ્થા ભોગવે છે. સંડાસમાંથી તો માણસ જોરથી પણ નાસી જઈ શકે છે, અને કેદખાનામાંથી પણ કોઈની અનુકંપાવડે છુટી શકે છે, અથવા દુઃખને કમી કરી શકે છે, તેવું ગર્ભાવાસમાં નથી; એટલુંજ નહિ પણ તેમાં અતિ ઘણી દુર્ગંધી અને પરતંત્રતાનો પુરતો અનુભવ કરવો પડે છે. તેવા ગર્ભાવાસના દુઃખ કરતાં પણ માતાની યોનિદ્વારા બહાર નીકળતાં જન્મસમયે જીવને ભારે દુઃખ થાય છે. તે વખતનું દુઃખ ખરેખર કમકમાટી ઉપજાવે એવું છે. એથી પણ અનંતું દુઃખ જીવને મરણ સમયે પ્રતીત થાય છે. આ વાતની કંઇક ઝાંખી અન્ય જીવોને તે તે સમયે અનુભવવાં પડતાં દુઃખ નજરોનજર

જોવાથી થાય છે. આ તો એકજ વખત જન્મમરણનાં દુઃખની વાત કહી . પરંતુ એવા અનંત જન્મમરણના ફેરામાં જીવો ફર્યાજ કરે છે. જ્યાંસુધી જન્મમરણનાં બીજ ભૂત, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન પ્રમુખ દોષને દૂર કરવા જીવ પ્રયત્ન કરે નહીં, ત્યાંસુધી એવા અનંત દુઃખમાંથી તેનો છુટકો થઇ શકેજ નહીં; અને રાગ દ્વેષાદિક દોષોને નિર્મૂળ કર્યા કે તરતજ જન્મમરણનાં અનંત દુઃખનો અંતજ આવ્યો જાણવો.

**૬ આત્મબોધ જ્ઞાન હિતકાર**—જેથી આત્માનું સ્વરૂપ ઓળખાય, આત્માને હિતકારી ગુણ અને અહિતકારી દોષનું ભાન થાય, જેથી હિતકારી વસ્તુનોજ આદર અને અહિતકારી વસ્તુનો ત્યાગ કરવા લક્ષ્ય જાગે તેવું તત્ત્વજ્ઞાન આત્માને અત્યંત હિતકારી છે. સંત સુસાધુ જનોની યથાવિધિ ઉપાસના કરીને એ પ્રાપ્ત કરવા યોગ્ય છે, એથી વિજ્ઞાન–વિવેક જાગે છે. કહ્યું છે કે " **સો કહિયે સો પુછિએ, તામેં ધારિએ રંગ; યાતે મિટે અબોધતા બોધરૂપ, વહે રંગ.** " જેથી રાગદ્વેષ અને મોહાદિકનો તાપ ઉપશમે અને ઉત્તમ સંયમનું સેવન કરી સહજ શીતળતા અનુભવાય એવું આત્મજ્ઞાનજ અત્યંત હિતકર છે.

**૭ પ્રબળ અજ્ઞાન ભ્રમણ સંસાર**—જેમ શૂકર (ભુંડ) વિષ્ટામાંજ રતિ માને, તેને તેજ પ્રિય લાગે પણ બીજી ઉત્તમ ચીજ પ્રિય લાગે નહિ તેમ ભવાભિનંદી જીવને ક્ષુદ્રતા, તૃષ્ણા, દીનતા, મત્સર, ભય, શઠતા, અજ્ઞતા અને સ્વછંદવૃત્તિ વિગેરે દોષોને લીધે દીર્ઘ કાળ સંસારપર્યટન કરવું પડે તે પ્રિય લાગે, પણ જે સદ્દગુણોથી જન્મ મરણના ભયથી મુક્ત થવાય તે પ્રિય નજ લાગે તે પ્રબળ અજ્ઞાનતાનુંજ જોર જાણવું.

**૮ ચિત્ત નિરોધ તે ઉત્તમ ધ્યાન**—જ્યાંસુધી જીવને પંચ વિષયાદિક પ્રમાદજ પ્રિય છે ત્યાંસુધી ચિત્તનો પ્રવાહ (વ્યાપાર) તેજ દિશામાં વહ્યા કરે છે. આત્માને પરિણામે અનર્થકારી દિશામાં વહેતો મનનો પ્રવાહ રોકીને એકાંત હિત-કારી દિશામાં તે પ્રવાહને વાળવો-વાળવા પ્રયત્ન કરવો તે ઉત્તમ ધ્યાન કહેવાય છે. આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનનાં કારણો ટાળી ધર્મધ્યાન અને શુકલ ધ્યાનનાં કારણો સેવવાનો અભ્યાસ કરવો એજ આત્માને એકાંત હિતકારી છે, ચિત્તનો વેગ વિષયાદિકમાં વધતો જાય એવાં માઠાં કારણો સેવવાથી વારંવાર સંકલેશ પેદા થાય છે તેનો સમ્યગ્ વિચાર કરી તેવાં માઠાં કારણોથી થતો સંકલેશ અટકાવવા માટે અરિહંતાદિક પદોનું સ્વરૂપ સમજી તેમાં મનને જોડવું અને તેમાંજ તલ્લીન થઈ રહેવું એજ આ-ત્માને એકાંત હિતકારી છે.

**૯ ધ્યેય વીતરાગી ભગવાન**—જેને આત્મા-પરમાત્માનું સ્વરૂપ સમજાયું છે એવો અંતરઆત્મા ધ્યાતા હોઇ શકે છે અને જેમના સમસ્ત દોષ માત્ર દૂર થઇ ગયા છે એવા વીતરાગ પરમાત્મા ધ્યાન કરવા યોગ્ય-ધ્યેય છે. પરમાત્માનું ધ્યાન કર-નાર ધ્યાતા ધ્યાનના પ્રભાવથી કીટ (ઈળ) ભ્રમરીના દૃષ્ટાંતે પો-તેજ પરમાત્માના રૂપને પામી શકે છે. તેથી જેના સમસ્ત રાગાદિક દોષો વિલય પામ્યા છે, અને સમસ્ત ગુણગણ પ્રગટ થયેલા છે એવા અરિહંત-સિદ્ધ પરમાત્માનુંજ ધ્યાન કરવું આત્માર્થીજીવોને હિતકર છે.

**૧૦ ધ્યાતા તાસ મુમુક્ષુ બખાન જે જિનમત તત્વારથ જાન**—જેમણે રાગદ્વેષાદિક અંતરંગ શત્રુઓને સંપૂર્ણ રીતે જીતી

લીધા છે એવા જિનેશ્વર ભગવાને કથન કરેલા તત્ત્વને સારી રીતે જાણી સમજીને જેને જન્મમરણાદિક દુઃખનો સર્વથા ક્ષય કરી મોક્ષ સંબંધી અક્ષય અવિચળ સુખ મેળવવાની તીવ્ર અભિલાષા જાગી છે એવા મુમુક્ષુ જનોજ ખરેખર પૂર્વોક્ત વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવાના અધિકારી છે.

૧૧ **લહી ભવ્યતા મ્હોટો માન**—જન્મ જરા અને મરણના દુઃખથી સર્વથા મુક્ત થઈ મોક્ષ સંબંધી અક્ષય સુખ પામવાને અધિકારી બનવું, એટલે તેની યોગ્યતા મેળવવી એજ ખરેખર આત્મ સત્કાર ( self respect ) સમજવો.

૧૨ **કવણ અભવ્ય ત્રિભુવન અપમાન**—પૂર્વોક્ત ભવ્યતાથી વિપરીત અભવ્યતા મોક્ષ સંબંધી શાશ્વત સુખથી સદા બેનશીબજ રહેવાય એવી અયોગ્યતા એજ ખરેખર જગતમાં મ્હોટામાં મ્હોટું અપમાન જાણવું. કેમકે તેથી જીવ જયાં ત્યાં જન્મ, જરા અને મરણ સંબંધી અનંત દાવાનળમાં પચાયાજ કરે છે.

૧૩ **ચેતન લક્ષણ કહીએ જીવ**—ચેતના એ જીવનું સામાન્ય લક્ષણ છે. ચેતના એટલે ચૈતન્ય-સજીવનપણું. બાકી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનાં વિશેષ લક્ષણો છે. એવાં લક્ષણો જીવમાંજ લાભી શકે.

**૧૪ રહિત ચેતન જાન અજીવ**—જેનામાં પૂર્વોક્ત ચેતના-ચૈતન્ય-સજીવનતા વિદ્યમાન નથી તે અજીવ અથવા નિર્જીવ કહેવાય છે. નિર્જીવ વસ્તુમાં સામાન્ય લક્ષણ ચૈતન્યજ નથી તો વિશેષ લક્ષણ જ્ઞાનાદિક હોયજ ક્યાંથી ? એવી રીતે જીવ અને અજીવ વસ્તુનો નિર્ણય કરવો સુતર પડે છે.

**૧૫ પર ઉપગાર પુણ્ય કરી જાણ**—જેમ અન્ય જીવોનું હિત થાય એમ મન વચન અને કાયાનો સદુપયોગ કરવો, અન્ય જીવોને શાતા સમાધિ ઉપજે એવાં કાર્ય પરમાર્થ દૃષ્ટિથી કરવાં, કરાવવાં કે અનુમોદવાં; કદાપિ સ્વપ્નમાં પણ કોઈ જીવને પીડા–અશાતા–અસમાધિ–અહિત એવું મનથી પણ નહીં ઇચ્છતાં સદા સર્વદા સર્વનું એકાંત હિત–વાત્સલ્ય થાય તેવુંજ મનથી ચિંતવવું, તેવુંજ વચન વાપરવું અને તેવુંજ કાયાથી પ્રવર્તન કરવું; એવા પવિત્ર માર્ગથી કદાપિ સ્ખલિત ન થવાય એટલા માટે સાવધાન રહેવું; એવાં હિતકારી કાર્ય કરી તેનો બદલો નહીં ઇચ્છવો. યશકીર્તિ પ્રમુખનો લોભ નહીં રાખતાં સ્વકર્તવ્ય સમજીને સહુની ઉપર સમદૃષ્ટિ રાખીને એટલે રાગદ્વેષથી થતી વિષમતા ટાળીને અને મૈત્રી પ્રમુખ ચાર ભાવનાનો અંતઃકરણથી આશ્રય કરીને સ્વપર હિતને માટે પ્રવર્તવું એજ ખરેખર પુણ્યનો માર્ગ છે. પૂર્વ મહા પુરૂષોએ એજ પુણ્યમાર્ગ આદરેલો છે અને ઉપદિશેલો છે, સ્વપરની ઉન્નતિ ઇચ્છનારે એજ માર્ગ અવલંબવવા યોગ્ય છે.

**૧૬ પરપીડાતે પાપ વખાણ**—ક્રોધથી, માનથી, માયાથી કે લોભથી રાગદ્વેષને વશ થઇ, આત્માનો નિષ્કષાય — નિર્મળ સ્વભાવ ભૂલી જઇ, પરભાવમાં પરિણમીને **'સહુ જીવને આત્મ સમાન લેખવા'** એ મહા વાકયને વિસારી દઈ, પરજીવોને બનતી સહાય કરવાને બદલે ઉલટી પીડા કરવા મનથી, વચનથી કે કાયાથી પ્રવૃત્તિ કરવી, કરાવવી કે અનુમોદવી, એના જેવું બીજું પાપ—અન્યાયાચરણ શું હોઈ શકે ? પરભવ જતાં જીવને પાપના વિરૂવા વિપાક ભોગવવા પડે છે. પાપાચરણથીજ

જીવને નરક તિર્યંચ ગતિમાં કડવાં દુઃખની કોટીઓ ખમવી પડે છે. તેથીજ ભવભીરૂ જનો તેવાં પાપાચરણથી સદંતર દૂર રહે છે. સહુને આત્મ સમાન લેખી કોઇ જીવને કંઈ પણ પીડા ઉપજે તેવું કદાપિ તે કરતા કે કરાવતા નથી. જે પોતાનેજ પ્રતિકૂળ દુઃખકારી લાગે તેવો અખતરો પારકા ઉપર નજ અજમાવવો જોઇએ. ઠંડા મગજથી સામાની સ્થિતિનો વ્યાજબી વિચાર કરી લેવામાં આવે તો તેને પીડવાની ઇચ્છા થાયજ નહીં. વિવેક વિના મિથ્યા અહંતા અને મમતામાં મુંઝાઇ પરને પીડા ઉપજાવવા જીવ પ્રવૃત્ત થાય છે, અને વિવેકવડે સ્વપરનું યથાર્થ ભાન થતાં સ્વપરને અહિતકારી માર્ગથી પાછો નિવર્તે છે. ક્ષમાવંત વિવેકી જીવજ અહિંસા ધર્મનું યથાર્થ પાલન કરી શકે છે.

૧૭ **આશ્રવ કર્મ આગમન ધારે**—જેથી નવનવાં કર્મ આત્માને આવીને વળગે એટલે આત્મા સાથે શુભાશુભ કર્મનું મિશ્રણ થવાનાં જે કારણ તેને શાસ્ત્રમાં આશ્રવ કહેવામાં આવે છે. ઇંદ્રિયોના વિષયોનું સેવન, ક્રોધાદિક કષાયને વશ થવું, અવિરતિપણે રહેવું, મન, વચન તથા કાયાના વિચિત્ર વ્યાપાર કરવા, અને નવતત્ત્વપ્રકરણમાં કથન કરેલી પચીશ પ્રકારની ક્રિયાનું સેવન કરવું; એવડે શુભાશુભ કર્મનું આવાગમન થાય છે.

૧૮ **સંવર તાસ વિરોધ વિચારે**—ઉપર કહેલા આશ્રવને અટકાવવા એટલે, ઉપર જણાવેલી વિવિધ કરણીવડે આત્મા સાથે મિશ્રણ થતાં શુભાશુભ કર્મને રોકવાં તે સંવર કહેવાય છે. સમિતિ ( સમ્યક્ પ્રવર્તન ), ગુપ્તિ ( મન વચન અને કાયાનું ગોપન ), પરિસહ (અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગાદિક) અને ક્ષમાદિક દશ મહા

શિક્ષાનું પાલન કરવું, દ્વાદશ ભાવના અને સામાયકાદિક ચારિત્ર-વડે પૂર્વોક્ત આશ્રવ ટાળી શકાય છે.

૧૯ **નિર્મળ હંશ અંસ જિહાં હોય, નિર્જરા દ્વાદશ વિધ તપ જોય**—જેમ હંસ ક્ષીર નીરની વહેંચણ કરી શકે છે, તેમ જેના ઘટમાં નિર્મળ જ્ઞાન વૈરાગ્ય પ્રગટ્યાં છે તે બાહ્ય અને અભ્યંતર તપવડે નિર્જરા–પૂર્વભવનાં સંચેલાં કર્મનો ક્ષય કરી શકે છે. ખાનપાન વિના નિરાહાર રહેવું, આહારમાં ઓછાશ કરવી, નિયમિતપણે ખાનપાન વિગેરે કરવું, નાના પ્રકારના રસનો ત્યાગ કરવો, સમજીને સ્વાધીનપણે શીત તાપાદિકને સહવાં, અને નાના પ્રકારના આસનજય પ્રમુખથી દેહને દમવું, એ સર્વ બાહ્ય તપ-રૂપ છે. એ બાહ્ય તપ ઉત્તમ લક્ષ્યથી કરવામાં આવે તો તે અભ્યં-તર તપની પુષ્ટિને માટે થાય છે. જાણતાં અણજાણતાં ગુપ્ત કે પ્રગટ કરેલાં પાપની નિષ્કપટપણે ગુરૂ સમીપે શુદ્ધિ કરવી, ગુણી જનોનું બહુમાન સાચવવું, સદ્‌ગુણીની સેવા ચાકરી બજાવવી, અભિનવ શાસ્ત્રનું પઠન પાઠનાદિક કરવું, અરિહંતાદિક પદનું સ્વરૂપ સમજી તેમાં પોતાની વૃત્તિ સ્થિર કરવી, અને દેહમૂર્છાનો ત્યાગ કરીને પરમાત્મસ્વરૂપમાં તલ્લીન બની જવું, એ અભ્યંતર તપ કહેવાય છે. સમતાપૂર્વક શાસ્ત્ર આજ્ઞાનુસારે પૂર્વોક્ત તપ કરવાથી અનેક જન્મનાં સંચેલાં કઠણ કર્મ પણ ક્ષય પામે છે. માટે મોક્ષાર્થી જનોએ આત્મવિશુદ્ધિ કરવા માટે ઉક્ત ઉભય પ્રકારનો તપ અવશ્ય સેવવો યોગ્ય છે. તીર્થંકરોએ પણ ઉક્ત તપનો આશ્રય લીધેલો છે.

૨૦ **વેદ ભેદ બંધન દુઃખરૂપ**—વેદ ભેદ એટલે ચાર ભેદવાળું બંધન (બંધ) દુઃખદાયકજ છે. પરમાર્થ એવો છે કે ન-

વતત્ત્વમાં અનુક્રમે કહેલો બંધ ચાર પ્રકારનો છે. તે બધો મોક્ષનો વિરોધી હોવાથી દુઃખદાયકજ છે. ૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ રસબંધ ને ૪ પ્રદેશબંધ. આત્માના જ્ઞાનાદિક ગુણને આવરવાના સ્વભાવવાળો **પ્રકૃતિબંધ**, દીર્ઘ કે -હ્રસ્વ કાળની સ્થિતિનો નિશ્ચય કરનાર **સ્થિતિબંધ**, ૧–૨–૩–૪ ઠાણીઓ અથવા તીવ્ર મંદાદિક શુભાશુભ રસ જે વિપાકકાળે વેદવો પડે તે **રસબંધ**, અને તે ત્રણેના સંગ્રહરૂપ જે કર્મના પ્રદેશનો સંચય તે **પ્રદેશબંધ**, આ કર્મબંધ શુભ તેમજ અશુભ બંને પ્રકારનો હોઇ શકે છે. તેનો વિશેષ અધિકાર કર્મગ્રંથાદિકથી જાણી લેવો. તે શુભ બંધ પણ સુવર્ણની બેડી જેવો અને અશુભ બંધ લોઢાની બેડી જેવો છે. તે ઉભય પ્રકારનો બંધ ભારભૂત—દુઃખદાયક જાણી મુમુક્ષુઓએ વર્જવા યોગ્ય છે.

૨૧ **બંધ અભાવ તે મોક્ષ અનૂપ**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ પ્રમુખ કર્મબંધના સામાન્ય હેતુઓ છે, અને તેના વિશેષ હેતુઓ પણ પ્રથમ કર્મગ્રંથમાં બતાવેલાં છે. તે લક્ષ્યમાં લઈ તેવા બંધહેતુઓથી પાછા ઓસરતાં આત્મા અનુક્રમે અનુપમ એવા મોક્ષસુખનો અધિકારી થઇ શકે છે. રાગદ્વેષ પ્રમુખ ભાવકર્મ છે, એટલે તે કર્મબંધને બહુ પુષ્ટિ આપે છે; તેથી આત્મા સ્વ સ્વરૂપથી ચ્યુત–ભ્રષ્ટ થઈ પરભાવમાં ખુબ પેસારો કરે છે; અને એમ કરવાથી સંસારસંતતિની વૃદ્ધિ થયા કરે છે. વડના બીજની પેરે તેનો અંત આવી શકતો નથી. પરંતુ જો રાગ દ્વેષ પ્રમુખ પોષક પદાર્થ મળે નહીં તો તેનો તરતજ અંત આવી જાય છે. આથીજ તત્ત્વજ્ઞાની અધ્યાત્મી પુરૂષો રાગ દ્વેષાદિકનેજ નિર્મૂળ કરવા મથે છે.

૨૨ **પરપરિણતિ મમતાદિક હેય**—પોતાના આત્માને સારી રીતે ઓળખી શકાય અને તેમાં જે અનંતશક્તિ–સામર્થ્ય રહેલું છે તેની જેથી દૃઢ પ્રતીતિ થાય એવાં સર્વજ્ઞ વચન કે વીતરાગ ભગવાનની પરમ તત્ત્વબોધક પ્રતિમાનું અંતર લક્ષ્યથી આલંબન લેવું અને તેમાંજ એટલે સ્વસ્વરૂપમાંજ રમણ કરવું એવી પરિણતિ આત્માને અત્યંત હિતકારી છે. પરંતુ તેવી આત્મપરિણતિ તો પરપુદ્ગલિક વસ્તુમાં અનાદિ અનંતકાળથી લાગી રહેલી પ્રીતિ–મમતાને પરિહરવાથીજ જાગે છે, તેથી આત્માર્થી જનોએ તેવી પુદ્ગલિક પ્રીતિ તજવી અને આત્માના અંતરંગ જ્ઞાનાદિક ગુણોમાં પ્રીતિ જોડવા પ્રયત્ન કરવો યોગ્ય છે. જ્યાં સુધી જીવ નકામી પરવસ્તુઓમાં મમતાબુદ્ધિ ધારે છે ત્યાં સુધી ગમે તેટલું કાયાકષ્ટ કરે તો પણ તે તેના આત્માને હિતકારક થતું નથી, અને મમતાબુદ્ધિ તજી કે તરત તેની સકળ કરણી તેના આત્માને એકાંત હિતકારક થાય છે; માટે મુમુક્ષુ જનોએ પરવસ્તુઓમાંથી મમતાબુદ્ધિ ઉખેડી નાંખી આત્માના સ્વાભાવિક સદ્ગુણોમાંજ મમતાબુદ્ધિ ધારવી ઉચિત છે અને એજ કર્તવ્ય છે.

૨૩ **સ્વપરભાવ જ્ઞાન કર જ્ઞેય**—સ્વ એટલે આત્મદ્રવ્ય અને પર એટલે આત્મા શિવાયના બીજાં દ્રવ્યો તેનું જેમ યથાર્થ જાણપણું થાય તેમ બની શકે ત્યાંસુધી ગુરૂગમ્ય અભ્યાસ કરવો ઉચિત છે. આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળ અને કાળ એ ષટ્ દ્રવ્યો તેમના ગુણપર્યાયયુક્ત હોય છે. તેનો વિશેષ અધિકાર નવતત્ત્વાદિક ગ્રંથોથી જાણવો. આત્મા ચૈતન્યયુક્ત ચેતન દ્રવ્ય છે, ત્યારે બાકીના બધાં ચૈતન્યરહિત જડ દ્રવ્યો છે. તેમને તેમના ગુણપર્યાય યુક્ત સારી રીતે

ઓળખી આત્માને અનુપયોગી એવા પુદ્ગળ પ્રમુખ પરદ્રવ્યોથી નિવૃત્ત થવું અને આત્માનાજ ગુણમાં મક્કમપણે પ્રવૃત્ત થવું. જ્ઞેય એટલે જાણવા યોગ્ય સર્વ દ્રવ્યો જાણીને તજવા યોગ્ય તજવા અને આદરવા યોગ્યજ આદરવા, એજ સાર વિવેકનું ફળ છે; બાકી પોપટની પેરે કેવળ મુખપાઠ માત્રથી તો આત્માનું કંઈ વળે તેમ નથીજ.

૨૪ **ઉપાદેય આતમગુણ વૃંદ, જાણો ભવિક મહા સુખકંદ**—આત્માના અનંત ગુણોનો વૃંદ એટલે સમુદાય એજ ઉપાદેય એટલે આદરવા–આરાધવા યોગ્ય છે, અને એજ આત્માને પરમ સુખકારી છે. સ્વગુણવૃંદની ઉપેક્ષા કરી અને આત્મગુણના વિરોધી અવગુણોને પોષી પોતેજ પોતાનો શત્રુ બને છે. તેથીજ તેને સંસારચક્રમાં અનંતકાળ પર્યન્ત રઝળવું પડે છે. આવી મહા ખેદકારક અને ગંભીર ભૂલ સુધાર્યા વિના તેનો છૂટકોજ નથી. તે વિના પોતે પોતાના આત્મામાંજ સત્તાગત રહેલ અનંત સુખનો આસ્વાદ–અનુભવ કરી શકવાનો નથી. અનંતકાળથી ચાલી આવતી આ પોતાની ભૂલ સુધારી સ્વદોષમાત્રને ઉન્મૂળી નાંખવાજ યત્ન કરવો જરૂરનો છે કે જેથી આત્મામાં સત્તાગત રહેલા સકળ ગુણવૃંદ સહજ જાગૃત થઈ પ્રકાશિત થઇને રહેશે.

૨૫ **પરમ બોધ મિથ્યા દગરોધ**—મિથ્યાદગ એટલે મિથ્યાત્વ–વિપર્યય–વિપરીત વાસના, તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ અને અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ, ગુણમાં દોષબુદ્ધિ અને દોષમાં ગુણબુદ્ધિ, હિતમાં અહિતબુદ્ધિ અને અહિતમાં હિતબુદ્ધિ, સુદેવમાં કુદેવબુદ્ધિ અને કુદેવમાં સુદેવબુદ્ધિ, સુગુરૂમાં કુગુરૂબુદ્ધિ અને કુગુરૂમાં સુગુરૂબુદ્ધિ, તેમજ સુધર્મમાં કુધર્મબુદ્ધિ અને કુધર્મમાં સુ-

ધર્મબુદ્ધિ, આવી મિથ્યામતિ એજ મિથ્યાત્વ તેનો રોધ એટલે અટકાવ કરે તેજ પરમ બોધ છે. ઉપર કહેલું મિથ્યાત્વ અનાદિ કુસંગયોગે પ્રભવેલું છે, તેનો રોધ કરવા આત્માર્થી જનોએ સુસંગ સજવા સાવધાન થવું ઘટે છે, મહા સમર્થ જ્ઞાની પુરૂષોના નિષ્પક્ષપાતી વચન ઉપર પુરતા વિશ્વાસ વિના તે અનાદિ અનંત રોગ ટળવાનો નથી, અને અનંત અવ્યાબાધ અક્ષય સુખ થવાનું નથી.

૨૬. **મિથ્યાદગ દુઃખ હેત અબોધ**—જેથી મિથ્યાત્વજન્ય અનંત અપાર દુઃખ ઉપજે તેજ અબોધ યા અજ્ઞાન છે. મિથ્યાત્વ એ મહાશલ્ય, મહાવિષ, મહા વ્યાધિ અને મહા દુઃખરૂપ છે, તેને તેની મહાવ્યથાને ન મટાડે તે જ્ઞાનજ નહીં કિંતુ અજ્ઞાનજ સમજવું. જે પોતેજ પૂર્વોક્ત મિથ્યામતિથી મિથ્યા વાસનાથી ભરેલા છે તે બાપડા પરના મિથ્યાત્વને શી રીતે મટાવી શકે ? જે પોતેજ ભવોદધિમાં અનેકશઃ ડુબતા હોય તે બીજાને શી રીતે તારી શકે ? જેમને પોતાનેજ સમ્યગ્દર્શન–સમ્યક્ત્વ પ્રગટ્યું નથી તે બીજા અર્થી જનોને શી રીતે સમ્યગ્ દર્શન પ્રગટાવી શકે ? જે પોતેજ નિરંતર નિર્ધન દુઃખી સ્થિતિમાં સબડ્યા કરે છે તે બીજાને શાશ્વત સધન સુખી સ્થિતિમાં શી રીતે મૂકી શકે ? આથીજ મિથ્યાવાસના દૂર કરવા અંતઃકરણથી ઇચ્છતા હોય તેમણે એવા સમર્થ નિષ્પક્ષપાતી સંત સુસાધુ જનોની હિતશિક્ષા હૈયે ધરી તેનું મનન કરી સ્વઆચાર વિચારમાં બનતો સુધારો કરવા મેદાન પડવું એજ આત્માને એકાંત હિતકારી માર્ગ છે અને એજ ઉપાદેય છે.

૨૭ **આત્મહિત ચિંતા સુવિવેક**—જેથી આત્માનું હિત

કલ્યાણ થઈ શકે એવું અંતરમાં સદાય ચિંતવન (લક્ષ્ય) બન્યું રહે તેજ સુવિવેક એટલે ખરો વિવેક છે. બાકીનો વિવેક તો કેવળ કૃત્રિમ યા નકામો છે. આત્મા એ શી વસ્તુ છે ? તેનું સ્વરૂપ શું છે ? તેના ગુણ કેવા છે? તેની કેટલી શક્તિ છે? તે કેમ ઢંકાઇ ગયેલ છે? તે શી રીતે પ્રગટ થઇ શકે ? તેમાં અંતરાયભૂત કોણ છે ? તે અંતરાય કેમ દૂર થઈ શકે ? તેનાં કયાં કયાં સાધન છે ? તે તે સાધનનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ ? આ મનુષ્યભવ કેટલો અમૂલ્ય છે? તેને એળે કેમ ગમાવી દેવામાં આવે છે એ વિગેરે આત્મા સંબંધી ચિંતવન સાથે હવે કંઈ સવિશેષ જાગૃત થઇ રહેવું બહુ જરૂરનું છે; જેમને આત્માનો અનુભવ જાગ્યો છે એવા સંત જનોની સેવાભક્તિ બહુમાન કરવા હવે ઉજમાળ થવાની જરૂર છે. સ્વહિત કાર્યમાં ગફલત કરવાથી જીવને અત્યાર સુધી બહુ ખમવું પડયું છે અને આગળ ખમવું પડશે માટે હવે વધારે વખત સ્વહિત સાધનની ઉપેક્ષા નહીં કરતાં જેમ બને તેમ જલદી ખંતથી અને પ્રેમથી સત્સંગતિ સેવીને સ્વહિત સાધી લેવા પૂરતું લક્ષ્ય રાખવું, તેમાં ગફલત કરવી એ સોનેરી તક ગુમાવવા જેવું કામ છે. કેમકે સ્વહિત સાધવા અંતર લક્ષ્યરૂપ સુવિવેક જાગવો જીવને બહુ બહુ દુષ્કર છે.

**૨૮ તાસ વિમુખ જડતા અવિવેક**—ઉક્ત પ્રકારનું આત્મ લક્ષ્ય ત્યજી કેવળ જડ એવી પુદ્‌ગલિક વસ્તુમાંજ પ્રીતિ ધરવી, તેમાં નિમગ્ન થઇ રહેવું, એથી ઉપરાંત બીજું કંઇ કર્તવ્ય અવશિષ્ટ ( બાકી ) નથી; ખાનપાન એશઆરામ કરવા એજ આ દુનિયામાં સાર વસ્તુ છે અને એજ પ્રાપ્ત કરવા અહોનિશ

ઉદ્યમ કર્તવ્ય છે. આવા એકાંત અજ્ઞાનગર્ભિત કુવિચાર તેજ અવિ-વેક છે. એવા અવિવેકથીજ મિથ્યા વાસના વૃદ્ધિ પામે છે, અને એથીજ જીવ સંસારચક્રમાં ભ્રમણ કરે છે, જન્મ જરા મૃત્યુ આધિ વ્યાધિ ઉપાધિ અને સંયોગવિયોગજન્ય અનંત દુઃખ દાવાનળમાં પચાયા જ કરે છે, અને તેમ છતાં મોહમદિરાના પ્રબળ વેગવિકારથી તે પોતાને સુખી લેખે છે અથવા એવાજ કલ્પિત ક્ષણિક સુખની આશા રાખ્યા કરે છે; આવા અયોગ્ય જીવનું કલ્યાણ શી રીતે થાય ?

## ૨૯ થી ૫૭ સુધીના ૨૯ પ્રશ્નોના ઉત્તર

परभव साधक चतुर कहावे, मूरख जे ते बंध बढावे;
त्यागी अचळ राज पद पावे, जे लोभी ते रंक कहावे. ९.
उत्तम गुणरागी गुणवंत, जे नर लहत भवोदधि अंत;
जोगी जस ममता नहि राति, मन इंद्रि जीते ते जति.१०.
समता रस सायर सो संत, तजत मान ते पुरुष महंत
सुरवीर जे कंद्रप वारे, कायर कामआणा शिर धारे. ११.
अविवेकी नर पशु समान, मानव जस घट आतम ज्ञान;
दिव्य दृष्टि धारी जिनदेव, करतां तास इंद्रादिक सेव. १२.
ब्राह्मण ते जे ब्रह्म पिछाणे, क्षत्री कर्मरिपु वश आणे;
वैश्य हाणि वृद्धि जे लखे, शुद्र भक्ष अभक्ष जे भखे. १३.
अथिर रुप जाणो संसार, थिर एक जिन धर्म हितकार;
इंद्रि सुख छिल्लर जल जाणो,श्रमण अतिंद्रि अगाध वखाणो.१४
इच्छा रोधन तप मनोहार, जप उत्तम जगमें नवकार;

**संजम आतम थिरता भाव, भवसायर तरवाको नाव. १५.**
**छती शक्ति गोपवे ते चोर, शिवसाधक ते साध किशोर;**
**अति दुर्जय मनकी गति जोय, अधिक कपट नारीमें होय.१६.**

૨૯. **પરભવ સાધક ચતુર કહાવે**—બાળકને સ્તનપાનની સહજ વાસના પરભવની સિદ્ધિ કરી આપે છે તે અને તેના જેવા અનેક પૂરાવાથી પરભવની પ્રતીતિ કરીને આ ક્ષણિક દેહ તજ્યા બાદ જે પરભવમાં પોતાને અમુક પ્રયાણ કરવાનું છે તેને માટે પ્રથમથી શુભ સાધન કરી રાખવા કટીબદ્ધ રહે તેનેજ ખરો ચતુર સમજવો; કેમકે તે પોતાની ચતુરાઇનો સદુપયોગ પોતાનું હિત સાધવામાં કરે છે. વળી કેટલાક મુગ્ધજનો લોકરંજન કરવા માટેજ સ્વચતુરાઇ બતાવે છે 'પરંતુ તે તેનો સદુપયોગ નથી પણ દુરૂપયોગ છે.

૩૦ **મુરખ જે તે બંધ બઢાવે**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, દુઃપ્રણિધાન કે રાગદ્વેષાદિક દોષો જે વડે જીવ વિવિધ કર્મબંધન કરી સંસારચક્રમાં ભમ્યાજ કરે છે તે આત્મગુણના વિરોધી દોષોને સેવનાર અને આત્મગુણને હણનાર આત્મદ્રોહી મૂર્ખ છે. 'બુદ્ધિ **પામીને તત્વનો વિચાર કરવો જોઇએ'** એ મહાવાક્યને અવગણી બુદ્ધિનો અવળો ઉપયોગ કરનાર દુર્બુદ્ધિ વિવેકહીન મૂર્ખજ ગણાય, **દુર્લભ એવા માનવદેહને પામીને વીતરાગપ્રણીત વ્રતનિયમ પાળવા** એ મહા વાક્યની ઉપેક્ષા કરી તુચ્છ અને ક્ષણિક એવાં વિષયસુખમાંજ મગ્ન થઈ જવું તે મોટી મૂર્ખાઈ છે. **લક્ષ્મી પામીને પાત્રદાનવડે**

**તેનો લ્હાવો લેવો** એ મહા વાક્યનો મર્મ ભૂલી જઈ પામેલી લક્ષ્મી કેવળ એશઆરામમાંજ ઉડાવી દેવી અથવા કૃપણતા દોષથી તેના ઉપર ખોટી મમતાબુદ્ધિ રાખીને તેનો કંઇ પણ સદુપયોગ ન કરવો એ પણ મૂર્ખાઇ નહીં તો બીજું શું ? અને **જિહ્વા પામીને પરને પ્રીતિ ઉપજે એવું પ્રિય અને પથ્ય વચન બોલવું** એ મહાવાક્યને લોપી જેમ આવે તેમ જીભની લવરી કરવી એ ઉન્મત્તતા નહીં તો બીજું શું ? આ ઉપર જણાવેલાં મહાવાક્યોમાંજ બહુધા બધો સાર સમાયેલો છે. જે તેનો સાર સમજીને તે મુજબ વર્તન કરે છે તેને સંસારચક્રમાં વધારે વખત રઝળવું પડતું નથી. તત્ત્વરહસ્ય સમજીને તત્ત્વ શ્રદ્ધા નિશ્ચલ રાખી જે તત્ત્વરમણતા આદરે છે, એટલે કે જડ ચેતનને સારી રીતે સમજી લઇ સ્વચેતન દ્રવ્યમાં રહેલી અનંત અગાધ શક્તિ–સામર્થ્યની દૃઢ પ્રતીતિ કરી જે પોતાના આત્મા માંજ સત્તાગત રહેલી અનંત અપાર શક્તિને પ્રગટ કરવાની પવિત્ર બુદ્ધિથીજ વીતરાગ વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે તે ભાગ્યશાળી ભવ્ય જનને બહુ ભવભ્રમણ કરવું પડતુંજ નથી. પણ ઉપર જણાવ્યું તેથી અવળી રીતે આપમતિવડે જશ કીર્તિની ઇચ્છાથી કે ગતાનુગતિકતાથી કે બીજા કોઈ જાતના બદલાની ઇચ્છાથી દાનાદિક ધર્મક્રિયા કરે છે તે મૂર્ખ આત્મહિત સાધી શકતો નથી, માટે મોક્ષાર્થી જનોએ જે કંઈ ધર્મ અનુષ્ઠાન કરવું તે કેવળ આત્મ કલ્યાણ હેતેજ કરવું. કેમકે એવા પવિત્ર આત્મલક્ષ્યથી આત્મા નિર્મળ થાય છે અને વિપરીત લક્ષ્યથી આત્મા મલીન થાય છે, એમ સમજી વિવેકબુદ્ધિવડે વિચારી સ્વાહિત આદરવું.

**૩૧ ત્યાગી અચળ રાજપદ પાવે**—સદ્‌વિવેકવડે તત્ત્વાતત્ત્વનો નિશ્ચય કરી જે સત્ પુરૂષ તજવા ચોગ્ય તજી દે છે અને આદરવા ચોગ્ય આદરી લે છે, તે અંતે અવિચળ એવી મોક્ષપદવીને પામે છે. જે કારણો સેવવાથી જીવને નાહક ભવભ્રમણ કરી અનંત દુઃખ સહેવાં પડે છે તે બધાં કારણો તજવા ચોગ્ય છે, અને જે કારણો સેવીને જીવ સર્વ કર્મબંધનથી મુક્ત થઇ અંતે પરમપદને પામે છે તે સેવ્ય છે. મતલબ કે સર્વ પાપસ્થાનકો સમજીને પરિહરવા ચોગ્ય છે, અને વીતરાગ સર્વજ્ઞકથિત સર્વ ગુણસ્થાનકો અનુક્રમે સેવવા ચોગ્ય છે. એમ વિવેકયુક્ત ત્યાગ-વૈરાગ્યને સેવનાર અનુક્રમે અક્ષય સુખનો ભોગી થઇ શકે છે. પોતપોતાના અધિકાર મુજબ ધર્મસાધન કરી અનુક્રમે ઉંચી પાયરી ઉપર ચઢનાર સુખે સ્વઉન્નતિને સાધી અક્ષય અબાધિત સુખને પામી શકે છે.

**૩૨ જે લોભી તે રંક કહાવે**—ગમે તેટલી ભોગસામગ્રી પ્રાપ્ત થયાં છતાં જે લોભાંધ થઈ અધિકાધિકની તૃષ્ણા કર્યા કરે છે તેજ ખરેખર દીન-દુઃખી છે, અને પ્રાપ્ત સામગ્રીમાં સંતુષ્ટ રહી જે પ્રસન્નતાથી પરભવને માટે સત્ સાધન સેવવા ઉજમાળ રહે છે તેજ ખરેખર સુખી છે. ‘ **न तृष्णा परो व्याधिः न तोषात् परमं सुखम्** ’ એ બે મહા વાક્યો ઉપરની વાતને પુરેપુરો ટેકો આપે છે. એમ સમજી શાણા જનોએ સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે.

**૩૩ ઉત્તમ ગુણરાગી ગુણવંત, જે નર લહત ભવોદધિ અંત**—જે પોતે સદ્‌ગુણી છતાં બીજા સદ્‌ગુણીનો રાગી હોય છે તેવો પુરૂષ જલદી સંસારનો અંત પામી શકે

છે. જે પોતે ગુણી હોઈ બીજાના સદ્દગુણોને સહન કરી શકતા નથી અને તેથી તેમના ઉપર અકૃત્રિમ પ્રેમ ધરવાને બદલે દ્વેષ ઇર્ષા કે મત્સર ધારણ કરે છે તે પોતે સ્વગુણથી ચ્યુત (ભ્રષ્ટ) થઇને ભવ અટવીમાંજ ભટકે છે. મતલબ કે દ્વેષ દોષથી ગમે તેવા ગુણ વિણસે છે અને ઉત્તમ ગુણાનુરાગથી ગુણહીન પણ ઉન્નતિને પામે છે. શ્રીમદ્દ યશોવિજયજી ઉપાધ્યાયે ૧૮ પાપસ્થાનકની સજઝાય પૈકી દ્વેષની સઝાયમાં દ્વેષદોષથી - થતી મહા હાનિ અને ગુણાનુરાગથી થતો એકાંત આત્મલાભ સારી રીતે સમજાવેલ છે; તેથી તે સંબંધી વિશેષ મનન કરી કૃષ્ણ વાસુદેવની પેરે સદ્ગુણગ્રાહી થવાનો ખપ કરવો ઉચિત છે.

**૩૪ જોગી જસ મમતા નહિ રતિ**—જેને રંચમાત્ર પણ પર પુદ્દગલિક વસ્તુમાં મમતા વર્તતી નથી તેજ ખરા જોગી કહેવાય છે. ઉત્તમ પ્રકારના યોગબળથી જેમણે મમતા ગાળી નાખી છે તેજ મોક્ષના અધિકારી થઇ શકે છે. મમતા મૂર્છા એજ ખરેખર પરિગ્રહ રૂપ છે, અને પરિગ્રહવડે ઉન્મત્ત બનેલા બાપડા જીવોની કેવળ દુર્દશાજ થાય છે; તેમાં પણ જે સાધુવેષ ધારીને પરિગ્રહને ધારે છે તેમની તો સર્વત્ર મહા વિટંબના થાય છે. કેમકે તે સાધુના વેષે જગતને ઠગે છે એટલે ધર્મઠગ બની જગતને ધુતે છે અને સર્વજ્ઞ ભગવાનની પવિત્ર આજ્ઞાનો ભંગ કરે છે. સર્વજ્ઞ ભગવાને સાધુને દ્રવ્યભાવથી નિગ્રંથપણું ધારવા ફરમાવેલું છે. દ્રવ્યથી સુવર્ણ વિગેરે અને ભાવથી મૂર્છા પરિહરવા પ્રભુએ ફરમાવેલું છે, તે મુજબ પ્રતિજ્ઞા કર્યા છતાં પુનઃ પ્રતિજ્ઞાભ્રષ્ટ થઇ મમતા ધારવી એ અત્યંત અનુચિત છે. કહ્યું છે કે "મમતા થિર સુખ શાકિની,

નિરમમતા અનુકૂળ; મમતા શિવ પ્રતિકૂળ હૈ, નિરમમતા અનુકૂળ ”

**૩૫ મન ઇંદ્રિ જીતે તે જતિ**—મનને અને ઇંદ્રિયવર્ગને વશ કરી વીતરાગ પરમાત્માએ ફરમાવેલી દશ શિક્ષાને સારી રીતે સમજીને જે આરાધે છે તેજ ખરા યતિ છે, અને એથી ઊલટા ચાલી એટલે મનને અને ઇંદ્રિયોને મોકળાં મુકી જે કેવળ સ્વચ્છંદપણે આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે તે તો કેવળ યતિનામને કલંક લગાડનાર છે, એમ ચોક્કસ જાણવું. જે ઉત્તમ પ્રકારની દશ શિક્ષા સર્વજ્ઞ ભગવાને આત્માના એકાંત હિતને માટે ફરમાવેલી છે તે આ પ્રમાણે છે—

૧ ક્ષમાગુણ ધારી સહનશીલ થવું. ૨ મૃદુતા—કોમળતા આદરી સદ્ગુણી પ્રત્યે નમ્રતા ધારવી. ૩ ઋજુતા એટલે સરળતા આદરી નિષ્કપટવૃત્તિ સેવવી. ૪ લોભ તજીને સંતોષવૃત્તિ સેવવી. ૫ યથાશક્તિ બાહ્ય અભ્યંતર તપવડે આત્મવિશુદ્ધિ કરવી. ૬ સંયમ ગુણવડે આત્મનિગ્રહ કરવો અને સર્વ જંતુઓને આત્મા સમાન લેખી કોઈના પ્રતિ પ્રતિકૂળ આચરણ નજ કરવું. ૭ પ્રિય અને પથ્ય એટલે હિતકારી એવુંજ સત્ય વચન બોલવું. ૮ અન્યાયાચરણ તજીને પ્રમાણિકપણે એટલે **શુદ્ધ અંતઃકરણથી વ્યવહાર સેવવો.** મમતાદિક પરિગ્રહને અનર્થરૂપ સમજી—નિર્ધારી નિર્મમત્વપણું—નિસ્પૃહપણું સેવવું. ૧૦ મન વચન અને કાયાની પવિત્રતા જાળવી રાખીને ગમે તેવા વિષયભોગથી વિરક્ત રહેવું. ઉક્ત દશ મહા શિક્ષાને યથાર્થ રીતે અનુસરનાર યતિઓ જગત્‌ને મહા આશીર્વાદરૂપ છે, અને તે પરમ પવિત્ર માર્ગને ઉલ્લંઘી

કેવળ આપમતિથી સ્વચ્છંદપણે ફરનાર યતિઓ તો જગતને કેવળ શ્રાપ રૂપજ છે.

૩૬ **સમતા રસ સાયર સો સંત**—રાગ દ્વેષ અને મોહજન્ય મમતાદિક વિકારોને તજી જે સદા સમતા રસમાં ઝીલ્યા કરે છે તેજ ખરેખર સંત પુરૂષો છે. એવા સમતાવંત સાધુઓ ખરેખર વિશ્વવંદ્ય છે. દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી કે જેની તેમને ઉપમા આપી શકાય. તેથી તેવા સમતા સેવી સંત સાધુજનો ઉપમાતીત કહેવાય છે. જ્ઞાનસારમાં કહ્યુંછે કે " જેમનો સમતારસ સ્વયંભૂ રમણ સમુદ્રની સાથે સ્પર્ધા કરે છે અને નિરંતર વૃદ્ધિ પામતો જાય છે એવા મુનીશ્વરોને જેની સાથે સરખાવી શકાય એવી કોઈ ઉપમા આ ચરાચર જગતમાં જણાતીજ નથી." તેમ છતાં ચંદ્ર, સૂર્ય, સાયર, ભારંડ પ્રમુખની જે ઉપમા આપવામાં આવે છે તે એકદેશીય સમજવી.

૩૭ **તજત માન તે પુરૂષ મહંત**—જે માન માનવીઓમાં સામાન્ય નિયમ મુજબ જોવામાં આવે છે, અને જેના યોગે જીવોને બહુધા જોખમમાં ઉતરવું પડે છે, તેમજ જેથી પરિણામે નરકાદિક દુર્ગતિમાં પણ જવું પડે છે. તે દુઃખદાયી માન-અભિમાનને તજે તે મ્હોટા મહંત પુરૂષ છે. અભિમાન તજવાનો ઉપાય નમ્રતાજ છે. જ્યાંસુધી આપણે પૂર્ણતા પામ્યા નથી, ત્યાંસુધી અભિમાન કેમ કરી શકાય ? તેમજ પૂર્ણતાને પામેલાને અભિમાન કરવાની શી જરૂર હોય ? મતલબ કે પૂર્ણને કે અપૂર્ણને અભિમાન કરવાનો અવકાશજ રહેતો નથી. તેમાં પણ જે તત્ત્વથી પૂર્ણતા પામેલા છે તે તો કદાપિ પણ અભિમાન કરતાજ નથી, એટલુંજ નહિ પણ અભિમાન તજીને નમ્રતા ગુણને સેવ-

વાથીજ પૂર્ણતા પમાય છે, અને જે અપૂર્ણ છતાં અભિમાન—મિથ્યા અભિમાન સેવે છે તે પૂર્ણતા પામી શકતા નથી, એ ટલુંજ નહીં પણ હોય તે પણ હારીને પાયમાલ થઈ જાય છે. માટે સહુથી શ્રેષ્ઠ માર્ગ એ છે કે જેમ જેમ ગુણની વૃદ્ધિ થતી જાય તેમ તેમ નમ્રતાની વૃદ્ધિ થવી જોઇએ—જેમ જેમ નમ્રતા અધિક તેમ તેમ ગુણવૃદ્ધિમાં ગતિ શીઘ્ર અને જેમ જેમ તેમાં ખામી તેમ તેમ ગુણવૃદ્ધિમાં પણ ખામી સમજવી. 'લઘુતા ત્યાં પ્રભુતા' અને 'પ્રભુતાથી પ્રભુતા દૂર' એવો નિયમ છે. તેથીજ રાવણ અને દુર્યોધન જેવાના પણ બેહાલ થયા, અને રામચંદ્ર તથા પાંડવોનો અભ્યુદય થયો.

૩૮ **સૂરવીર જે કંદ્રપ વારે**—જે કામવિકારને નિવારે અને વિષયવાસનાને નિર્મૂળ કરે તેજ ખરેખર શૂરવીર એટલે બહાદુર છે, અને જે કામવિકારને વશ થઈ સ્વપર હિતથી ચૂકે છે તે ડરપોક યા કાયર છે. લાખો માણસની સામે રહી રણમાં યુદ્ધ કરનાર કઇક સુભટો હોય છે, પણ એક અબળા–સ્ત્રીના નેત્રકટાક્ષને તે સહી શકતા નથી, સ્ત્રીની પાસે કેવળ કાયર બની જાય છે. વળી કામવિકારને વશ થયેલ અંધના જેવો અંધ બની જાય છે તેથી તે મર્યાદા મૂકી જ્યાં ત્યાં ભટકે છે અને અનેક સ્થળે માર તથા અપમાન પામે છે તેમજ પ્રાંતે મલીન વાસનાથી મરીને નીચ ગતિમાં ઉત્પન્ન થાય છે. માટે દરેક સ્ત્રીપુરૂષે કામવિકારને વશ કરી સ્વમર્યાદા સાચવવા સાવધાન રહેવું જોઇએ. કામવિકારને વશ કરનાર સ્ત્રીપુરૂષનુંજ શીળરત્ન દીપી નીકળે છે. શીળરત્ન એજ મનુષ્યજાતનું ખરૂં ભૂષણ છે. સંતોષી સ્ત્રી પુરૂષોજ શીળરત્નને આદરી શકે છે. પૂર્વે એવાં અનેક સ્ત્રી

–પુરૂષ રત્નો હતાં. કે જેમનાં પવિત્ર નામ અદ્યાપિ પર્યંત પ્રભાતમાં ગવાય છે. તેવા પવિત્ર સ્ત્રી પુરૂષોનું અનુકરણ કરી મન, વચન કાયાની શુદ્ધિથી શીળરત્ન સાચવવા અને અનુક્રમે વિષયવાસનાને નિર્મૂળ કરવા આત્માર્થી સજ્જનોએ યત્ન કરવો જોઇએ.

**૩૯. કાયર કામ આણા શિર ધારે**—વિષયવિકારને વશ થઈ વિવેકરત્ન ગુમાવી નાંખી જે સ્વમર્યાદાથી ચૂકે છે તેજ કાયરનું લક્ષણ છે. આવા કાયર માણસો સ્વપરનું જીવન બગાડે છે. કામાંધ બની પોતેજ મર્યાદા મૂકી બીજાને પણ ઉન્માર્ગે દોરે છે અને એમ કરીને ઉભયનો અધઃપાત કરાવે છે. કામાંધ બનેલી માતા પોતાના પતિને કે પુત્રને ગણતી નથી. પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવાને તેમના કિંમતી પ્રાણને હરી લે છે, અને ગમે તેવા નીચ નાદાનની સાથે પણ ગમન કરે છે. તેમજ કામાંધ બનેલો પુત્ર પોતાની કુળ મર્યાદાને મુકી માતા, ભગિની કે પુત્રીની સાથે પણ ગમન કરતાં ડરતો નથી–તેને કાયર એટલા માટે કહીએ છીએ કે તે મૂર્ખ પોતાના પ્રબળ દોષના કારણથી પોતાને ભવિષ્યમાં થનારી આપદાથી બચવાને કંઇ પણ પુરૂષાર્થ ફોરવતો નથી. તેવા કામાંધ સ્ત્રીપુરૂષોને પ્રબળ કામવિકારથી આ લોકમાં પણ અનેક પ્રકારના અનર્થ સંભવે છે, અને ભવાંતરમાં નરકાદિકનાં મહા ત્રાસદાયક દુઃખની પરંપરા તેમને બહુ પેરે વેઠવી પડે છે. તેમ છતાં મનુષ્યજન્મમાં સ્વપર હિત સાધી લેવાની સોનેરી તક ગુમાવેલી પાછી મળી શકતી નથી. કદાચ ઘણે કાળે ઘણા કષ્ટે મનુષ્યજન્મ મળે તોપણ સાંઢની જેમ સ્વચ્છંદપણે સેવેલા વિષયભોગથી પુષ્ટ થયેલી વિષયવાસના જાગૃત થતાંજ જેવોને તેવોજ જીવ વિષયવમળમાં પડી જાય છે,

માટે જેમ બને તેમ સમજુ શાણા માણસોએ ઉત્તમ સાધનવડે વિષય પાસથી છુટી નિર્વિકારીપણું પ્રાપ્ત કરવા પ્રબળ પુરૂષાર્થ ફોરવવા પુરતો પ્રયત્ન કરવો જોઇએ.

**૪૦. અવિવેકી નર પશુ સમાન**—જેનામાં વિવેક જાગ્યો નથી તેમજ જે વિવેકરત્ન પેદા કરવા પૂરતો પ્રયત્ન કરતા નથી તે મનુષ્ય છતાં પશુ જેવોજ ગણાય છે. કેમકે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ રૂપ સંજ્ઞા ચતુષ્ટય તો ઉભયને સમાનજ છે. જેથી કૃત્યાકૃત્ય, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગુણદોષ યથાર્થ સમજી શકાય એવો વિવેક ઘટમાં પ્રગટ થાય તોજ મનુષ્યજન્મની સફળતા છે. પશુમાં પ્રાયઃ એવું વિજ્ઞાન હોઇ શકતું નથી, ત્યારે મનુષ્ય ધારે તો બુદ્ધિબળથી તત્ત્વાતત્ત્વનો વિચાર કરી, નિશ્ચય કરી અતત્ત્વને તજી તત્ત્વને ગ્રહણ કરી શકે છે. જો બુદ્ધિબળ પામ્યા છતાં તેનો ઉપર કહ્યા મુજબ ઉપયોગ નહિ કરતાં નાના પ્રકારની વિષયવાસનાને પોષવા માટેજ તેનો અવળો ઉપયોગ કરવામાં આવે, તેમજ દુર્લભ માનવદેહ, લક્ષ્મી અને વાણીનો પણ તેવોજ માઠો ઉપયોગ કરવામાં આવે તો તે પામેલી શુભ સામગ્રીને હારી જાય છે, અને તેવી શુભ સામગ્રી અન્ય જન્મમાં પણ એવો ઉદ્યમ નહિ કરવાથી ફરી મેળવવી મુશ્કેલજ છે. માટે ઉત્તમ સ્ત્રીપુરૂષોએ મોહ, અજ્ઞાન, અવિવેકને તજી જેમ બને તેમ શીઘ્ર સત્સંગ મેળવી નિર્મળ જ્ઞાન અને વિવેક પ્રાપ્ત કરવા અચુક પ્રયત્ન સેવવો, જેથી આ માનવભવ સફળ થઇ શકે !

**૪૧. માનવ જસ ઘટ આતમજ્ઞાન**—જેના હૃદયમાં વિવેક જાગૃત છે તેજ ખરા માનવ છે. કેમકે તેમનોજ જન્મ

સફળ છે. આત્મજ્ઞાનવડે સ્વપરનો, જડ ચૈતન્યનો, ત્યાજ્યાત્યાજ્યનો, કૃત્યાકૃત્યનો, હિતાહિતનો, ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો તેમજ ગુણદોષનો નિશ્ચય થઇ શકે છે. એવી રીતે તત્ત્વ નિશ્ચય થવાથી નિશંકપણે સ્વપર હિત સાધી શકાય છે, અને તેમાંથી ચલાયમાન નહિ થતાં સુખે સાધ્ય સિદ્ધિ મેળવી શકાય છે. આથી સમજી શકાશે કે આત્મહિત સાધવા માટે આત્મજ્ઞાન કેટલું બધું ઉપયોગી છે. આત્મામાં જે અનંતી શક્તિ સત્તાગત રહેલી છે તેની પૂરેપૂરી શ્રદ્ધા કરાવનાર આત્મજ્ઞાનજ છે, અને એવી દૃઢ આત્મશ્રદ્ધા થતાંજ સત્તાગત રહેલી આત્માની અનંતી શક્તિને વ્યક્ત (પ્રગટ) કરવાને નિઃશંકપણે સાધનક્રમ સેવી શકાય છે, એટલે અનુક્રમે આત્મરમણતા યોગે અવિચળ એવું મોક્ષસુખ મેળવી શકાય છે.

**૪૨, દિવ્યદૃષ્ટિધારી જિન દેવ, કરતા તાસ ઇંદ્રાદિક સેવ**—જેમણે રાગદ્વેષ અને મોહાદિક દોષોને દૂર કર્યા છે અને પરમ શાંત દશાનો જેમને સાક્ષાત અનુભવ થયો છે એટલે જેમને પરમ દિવ્ય દૃષ્ટિ પ્રગટ થઇ છે અને તેથીજ ઇંદ્રાદિક દેવો જેમની સેવા કરવા ઉજમાળ રહે છે એવા જિન અરિહંત તીર્થંકર ભગવાનજ ખરા દેવ છે, એટલે તેજ દેવાધિદેવ છે એવો નિશ્ચય થાય છે, એમ સ્વબુદ્ધિથી તત્ત્વનિશ્ચય કરી કલ્યાણ અર્થી જનોએ ઉક્ત જિનેશ્વર ભગવાનનેજ આત્માની સંપૂર્ણ વિભૂતિનો સાક્ષાત્કાર કરવાને માટે દૃઢપણે (નિશ્ચલપણે) અવલંબવા યોગ્ય છે. જેમને સંપૂર્ણ સ્વરૂપ સાક્ષાત્કાર થયેલ છે એવા જિનેશ્વર ભગવાનને અનન્ય ભાવે અવલંબનાર પણ આત્મસાક્ષાત્કાર અનુભવી શકે એમાં કંઈ આશ્ચર્ય જેવું નથીજ.

**૪૩. બ્રાહ્મણ તે જે બ્રહ્મ પીછાણે**—બ્રહ્મ જે પરમાત્મા તેનું સ્વરૂપ સારી રીતે સમજે તે બ્રાહ્મણ; અથવા બ્રહ્મ જે જ્ઞાન–જ્યોતિ, તેમાંજ સ્નાન કરે, જ્ઞાનમાં નિમગ્ન રહે, અજ્ઞાનાચરણ ન કરે તે બ્રાહ્મણ; અથવા બ્રહ્મ તે બ્રહ્મચર્ય–શીલ, સંતોષાદિક સદ્ગુણો, તેમનું સદા સેવન કરે તે બ્રાહ્મણ. ઉપર કહેલા શબ્દ પરમાર્થ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ એ ઉભયને સાથે સેવવાથીજ બ્રાહ્મણ થવાય છે, જેમાં સમ્યગ્ જ્ઞાન પણ નથી અને સમ્યગ્ આચરણ પણ નથી તે ખરો બ્રાહ્મણ નથી. આવા ઉત્તમ આશયથી અન્યત્ર કહ્યું છે કે 'સર્વ જાતિમાં બ્રાહ્મણો પણ છે, તેમ સર્વ જાતિમાં ચંડાળોપણ છે. એટલે કે બ્રાહ્મણ જાતિમાં પણ ચંડાળો છે, અને ચંડાલોમાં પણ બ્રાહ્મણ છે, એ મહાવચન ઉપરની વાતને પુરતો ટેકો આપે છે. મતલબ કે નિર્મળ બોધ અને નિર્મળ–નિર્દંભ આચરણ વડેજ ખરા બ્રાહ્મણ હોઈ શકે છે.

૪૪ **ક્ષત્રી કર્મ રિપુ વશ આણે**—રાગ દ્વેષ અને મોહાદિક કર્મ શત્રુઓનો નિગ્રહ કરી તેમને સ્વવશ કરે તેજ ખરો ક્ષત્રી સમજવો. ક્ષત્રીકુળમાં પેદા થવા માત્રથી કંઇ કાર્યસિદ્ધિ નથી. ખરૂં ક્ષત્રિયપાણું કર્મશત્રુઓને વશ કરવામાંજ સમાયેલું છે, એમ ઉપરના વચનથી સ્પષ્ટ થાય છે, બાકી જે ક્ષત્રી નામધારી રાગ દ્વેષ અને મોહાદિક કર્મશત્રુઓને વશ કરવાને બદલે ઉલટા તેમને વશ પડી દીન અનાથ અને નિરપરાધી એવા જાનવરોને શોખની ખાતર અથવા જીભની લોલુપતાથી શિકારમાં હણે છે કે હણાવે છે તે સ્વક્ષત્રીનામને કેવળ કલંકિતજ કરે છે. ખરા ક્ષત્રીપુરૂષરત્નોમાં તો ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદતા, સરળ-

તા, સત્ય, સંતોષ અને સંયમાદિક ઉત્તમ પ્રકારના સદ્દગુણો હોવા જોઇએ. શુદ્ધ શીલ–અલંકારને ધારણ કરી, પરદારા સહોદરપણું, ઉત્તમ નીતિ અને ન્યાયની ધુરા ધારીને અનીતિ કે અન્યાયને દેશનિકાલ દેવાપણું અને વિવેકરત્ન જાગૃત કરીને માંસ મદિરાદિક દુષ્ટ વ્યસનોને મૂળથી ઉખેડી નાંખવાપણું વિગેરે વિગેરે સદ્‌ગુણો પણ અવશ્ય આદરવા જોઈએ. જે જે જનો ગમે તે જાતિમાં ઉક્ત સદ્‌ગુણોનું સંસેવન કરે તે તે સજ્જનો તે તે જાતિમાં ઉત્તમ પ્રકારના દૃષ્ટાંત રૂપ થઇને અનેક દીન અનાથ જનોનો ઉદ્ધાર કરવા શક્તિવાન થાય, તેમજ શીઘ્ર સ્વદેશનો ઉદ્ધાર કરવામાં પણ પ્રબળ સહાયભુત થઈ શકે !

૪૫ **વૈશ હાણિ વૃદ્ધિ જે લખે**—જે લાભ તોટાનો વિચાર કરીને જેમાં અચૂક લાભ સમાયેલો હોય તે કાર્યજ કરે અને જેથી અચૂક તોટો સંભવતો હોય તે કાર્ય નજ કરે એજ ખરો વૈશ્ય સમજવો. ગમે તે અદૃશ્ય કારણોથી જેમ બ્રાહ્મણ અને ક્ષત્રિયોમાં સ્થિતિનો વિપર્યય થયેલો જણાય છે એટલે જેવી તેમની પરમાર્થી સ્થિતિ હોવી ઘટે તેથી બહુધા વિપરીતજ દેખાય છે, તેમ વૈશ્યોમાં પણ દેખાય છે. જડ ઘાલીને બેઠેલા ખોટા વહેમો, ખોટા રીત–રિવાજો, ખોટા ઉડાઉ ખર્ચો, મિથ્યા આડંબર, અને તેમાંજ પોતાની, પોતાની જાતની બડાઈ સમજવા ઉપરાંત દેશની દુર્દશા યા વિનાશ કરનાર મહા અનિષ્ટ ઇર્ષા–અદેખાઈ–દ્વેષ અને મત્સર આદિ દુર્ગુણો બહુ મજબૂત થઈ સ્વપરનો વિનાશ કરવા તૈયાર થયેલા છે. તેવા જીવલેણ દોષોને દૂર કરવા અને તેમને જડમૂળથી ઉખેડી નાખવા શું હવે વધારે વખત વિલંબ કરવાની જરૂર છે ? હવે તો અવશ્ય કુંભકરણની નિદ્રા-

માંથી જાગવુંજ જરૂરનું છે. અન્યથા બહુજ ખેદકારક પાયમાલી દિન પ્રતિદિન વધતીજ સંભવે છે. **જાગતાને ભય નથી.** એ મહાવાક્ય વૈશ્યવર્ગે હવે ક્ષણે ક્ષણે સંભારી રાખવાની જરૂર છે. ' ગઈ સો તો ગઇ ' હવે રહી તેની સંભાળ લેવાની છે તેમાં જેટલી ઉપેક્ષા એટલીજ ગંભીર હાનિ સમજી લેવાની છે. સમજુને વધારે શું કહેવું !

૪૬ **શુદ્ર ભક્ષ અભક્ષ જે ભખે**—જેને ભક્ષ્યાભક્ષ્યનો કંઇ પણ નિયમજ નથી, જે પરજીવોના કિંમતી પ્રાણનો વિનાશ કરી–કરાવીને રાક્ષસોની જેમ માંસ ભક્ષણ કરે છે, સુરાપાન કરે છે, મૃગયાની રમતમાં સંખ્યાબંધ જીવોનો સંહાર કરે, કરાવે છે અને એવાંજ અનર્થકારક કાર્યોમાં ક્ષણિક કલ્પિત સુખ–સ્વાર્થ ખાતર થતી પારાવાર જીવહિંસાની લગારે દરકાર કરતા નથી તેવા નીચ નાદાન જનોને જ્ઞાની પુરૂષો :શુદ્ર જનોની કોટિમાંજ લેખે છે. ઉત્તમ પુરૂષો તો સ્વપ્નમાં પણ પરજીવને પીડા કરવા ઇચ્છે નહિ, શાણા સજ્જન પુરૂષો તો સહુના પ્રાણ પોતાના પ્રાણ સમાન કે તેથી પણ અધિક લેખીને પોતાના પ્રાણથી પણ પરપ્રાણની અધિક રક્ષા કરે છે; અને તેથીજ તેઓ મિથ્યા મોજશોખને વશ નહિ પડતાં જેમ સ્વપરનું અધિક શ્રેય સધાય તેમ દિનરાત યત્ન કર્યા કરે છે. સજ્જન પુરૂષો કદાપિ પણ નીતિ–ન્યાય–પ્રમાણિકતાનો માર્ગ મૂકીને અનીતિ–અન્યાય–અપ્રમાણિકતાને આદરતાજ નથી અને તેમાંજ તેમની ઉત્તમતા સમાયેલી છે; ત્યારે શુદ્ર જનો પોતાના કલ્પિત તુચ્છ સ્વાર્થ ખાતર પરના પ્રાણ લેતા પણ ડરતા નથી. એવા અનાર્ય આચરણ કરનાર શુદ્ર જનો પોતાનો આ ભવ અને પરભવ બગાડે છે અને

દુનિયાને શ્રાપરૂપ થઇ અનેક અજ્ઞાની જનોને ઉન્માર્ગે ચઢાવી દુઃખભાગી કરે છે.

**૪૭. અથિર રૂપ જાણો સંસાર**—સંસાર, સંસારની માયા, સંસારનું સુખ માત્ર અથિર–અશાશ્વત છે, ક્ષણમાં એક ગતિમાં તો ક્ષણમાં બીજી ગતિમાં કર્મવશ જીવ ભટકયાજ કરે છે. નાથેલા સાંઢની જેમ જીવને કર્મ જ્યાં ખેંચી જાય ત્યાં જવુંજ પડે, તેમાં તેનું કંઇ ચાલે નહિ. એટલે કે કર્મવશ જીવોનો સંસારમાં અનિયત વાસ છે, તેમાં પણ જેવી મતિ તેવી ગતિ એ શાસ્ત્રવચનને અનુસારે સારી મતિથી શુભ કરણી કરનારની શુભ ગતિ–દેવ મનુષ્ય રૂપ થાય છે અને કૂડી મતિથી અશુભ કરણી કરનારની માઠી ગતિ–નરક તિર્યંચરૂપ થાય છે. પણ જ્યાંસુધી તેના મૂળ રૂપ રાગ દ્વેષ મોહાદિક સમૂળગા ક્ષય પામ્યા નથી ત્યાંસુધી સંસારપરિભ્રમણ કરવુંજ પડે છે, અને ત્યાંસુધી વિકારને વશ થઇ સંસારની માયામાં મુંઝાય અને પરિણામે અતિ દુઃખદાયી એવા કલ્પિત ક્ષણિક સુખમાં સુખબુદ્ધિ રાખી મધુબિંદુના દૃષ્ટાંતે તેમાં મુંઝાઇ મરે ! આવી રીતે મોહવશ વિષયવાસનાના જોરથી એક ભવમાંથી બીજા ભવમાં અને બીજામાંથી ત્રીજા ભવમાં એમ ભવપરંપરા કરી પોતાનીજ ગંભીર ભૂલથી ભવચક્રમાં ભમ્યાજ કરે છે.

**૪૮. થિર એક જિન ધર્મ હિતકાર**—આ અસ્થિર સંસારમાં જો કંઇ પણ સ્થિર, સાર અને હિતકર વસ્તુ પ્રાપ્ત થઈ શકતી હોય તો તે જિનેશ્વર ભગવાને ભાખેલો ધર્મજ છે. મતલબ કે દરેક આત્મદ્રવ્યમાં જાતિવંત રત્નની જ્યોતિની જેમ સત્તાગત વ્યાપી રહેલો શુદ્ધ સનાતન જ્ઞાન દર્શન ચારિત્રાદિક

ધર્મ સદા સ્થિર, સારરૂપ અને એકાંત હિતકર છે; તેમજ ઉક્ત આત્મધર્મને વ્યક્ત—પ્રગટ કરવા માટે સર્વજ્ઞ પરમાત્માએ નિર્મિત કરેલાં સાધન પણ પ્રવાહરૂપે સદા વિદ્યમાન વર્તે છે. નિર્મળ સ્ફટિક રત્નની જેમ આત્માનો મૂળ સત્તાગત સ્વભાવ નિષ્કષાય એટલે ક્રોધાદિક કષાય વર્જિત છે, પણ જેમ ઉપાધિ (ઉપર મુકેલાં રાતાં કાળાં ફૂલ) સંબંધથી સ્ફટિક પણ રાતું કાળું માલમ પડે છે, તેમ આત્મા પણ પુણ્યપાપના યોગથી રાગદ્વેષરૂપ પરિણામને પામે છે, એટલે સકષાયી જણાય છે. જેમ સ્ફટિક રત્ન ઉપર મુકેલ પુલરૂપ ઉપાધિસંબંધ દૂર કરવાથી સ્ફટિક રત્ન જેવું ને તેવું ઉજ્વળ પ્રતીત થાય છે, તેમ આત્માની સાથે લાગેલાં પુણ્યપાપથી થયેલ રાગદ્વેષ રૂપ પરિણામને દૂર કરવાથી આત્મા નિર્મળ–નિરાવરણ–નિષ્કષાય–નિર્વિકલ્પ બની રહે છે, ત્યારે તરંગ વિનાના રત્નાગરમાં રત્નની રાશિની જેમ અનંત જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્ગુણોનો સમૂહ આત્માના સંપૂર્ણ પ્રદેશમાં ઝળકી રહેલો વ્યક્ત–પ્રગટ થાયછે. આત્મપ્રદેશમાં સદા સત્તાગત વ્યાપી રહેલા સદ્ગુણસમુદાયને જે રાગદ્વેષાદિક કર્મ આવરણ પ્રગટ થવા દેતા નથી તે રાગદ્વેષાદિકને સમૂળગા દૂર કરવા સદા સાવધાનપણે સર્વજ્ઞદેશિત સત્ સાધનોને સેવવા–સદુદ્યમ કરવો એજ આત્માર્થી સજ્જનોનું મુખ્ય કર્તવ્ય છે, અને એજ જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલી શુદ્ધ સનાતન શૈલી છે.

૪૯ **ઇંદ્રિસુખ છિલ્લર જળ જાણો**—જેમ એક મહાસાગર અથવા અગાધ જળવાળા સરોવર પાસે છિલ્લર જળવાળું ખાબોચીયું કંઇ હીસાબમાં નથી, તેમ શુદ્ધ નિષ્કષાય આત્માના અતીંદ્રિય સ્વાભાવિક સુખ પાસે ઇંદ્રિયજન્ય વિષયસુખ ફક્ત

ખાઓચીયા જેવું અલ્પ અને તુચ્છ છે એમ જાણવું. આત્માનું શુદ્ધ સ્વાભાવિક સુખ નિરૂપાધિક-ઉપાધિવર્જિત છે ત્યારે ઈંદ્રિયજન્ય સુખ સોપાધિક એટલે ઉપાધિયુકત છે. આત્માનું સહજ સુખ નિર્વિકલ્પરૂપ છે, અને ઇંદ્રિયસુખ સવિકલ્પરૂપ છે. આત્માનું સુખ સ્થિર-ચિરસ્થાયી છે અને ઇંદ્રિયસુખ અસ્થિર ક્ષણિક છે. આત્માનું સુખ સંપૂર્ણ છે, અને ઇંદ્રિયસુખ અપૂર્ણ છે. આત્માનું સુખ અકૃત્રિમ છે અને ઇંદ્રિયસુખ કૃત્રિમ-કલ્પિત છે. આત્માનું સુખ એકરૂપ છે અને ઇંદ્રિયસુખ નાના રૂપ છે, તેમજ આત્મસુખ શાશ્વત છે, અને ઈંદ્રિયસુખ છેહવાળું છે. ઉક્ત ઉભય જાતના સુખમાં આવો પ્રગટ પટાંતર સમજીને આત્માર્થી સજ્જનોએ આત્માનું સહજ શુદ્ધ અખંડ અક્ષય નિર્વિકલ્પ નિરૂપાધિક અકૃત્રિમ એકાંત અજરામર એવું શાશ્વત સુખ સંપ્રાપ્ત કરવા માટેજ અહોનિશ ઉદ્યમ કરવો ઘટે છે. ઈંદ્રિયસુખનો મોહ તજી મનને સ્થિર કરવાથી તે મેળવવું સુલભ છે.

**૫૦ શ્રમણ અતિંદ્રિ અગાધ વખાણો**—શ્રમણ કહીએ તપસ્વી મુનિરાજ તેમનાવડે અનુભવાતું જે સહજ અતીંદ્રિય આત્મિકસુખ તેજ ખરેખર અગાધ-અપાર-નિઃસીમ છે અને ઇંદ્રિયજન્ય વિષયસુખના આશી એવા અવિરતિ જનોનું ક્ષણિક અને કલ્પિત સુખ તે છિલ્લર જળ સમાન અલ્પ અને તુચ્છ છે એમ ઉભયને પરસ્પર સરખાવતાં સમજાશે. એમ સમજી ઉભયમાં જે અધિક હિતકર પ્રતીત થાય તેવા સુખને માટેજ ઉદ્યમ કરવો ઉચિત છે.

**૫૧ ઈચ્છારોધન તપ મનોહાર**—ભિન્ન ભિન્ન વિષયોમાં અટન કરતી ઈંદ્રિયોને અને મનને દમી તે તે વિષયોમાં થતા

રાગદ્વેષાદિક વિકારોને નિવારવા માટે આત્મનિગ્રહ કરવો એજ ખરેખર સુંદર મનોહર તપ છે, અને ઉક્ત અનિષ્ટ વિકારોને વારવા માટેજ સમર્થ જ્ઞાની પુરૂષોએ નાના પ્રકારના બાહ્ય અને અભ્યંતર તપ કરવા ઉપદેશ આપેલો છે, એ ઉભય પ્રકારના તપનું સ્વરૂપ વિસ્તારપૂર્વક અનેક સ્થળે બતાવેલું છે, ત્યાંથી સમજી બની શકે તેટલો તેનો આદર કરવા ખપ કરવો જરૂરનો છે. તપથી વિકાર માત્ર બળી જાય છે, અનેક પ્રકારની લબ્ધિઓ અને સિદ્ધિઓ સંપજે છે, તેમજ પરિપૂર્ણ કર્મમળનો ક્ષય કરીને આત્માને ઉજ્વળ કરી અક્ષય અનંત એવા શાશ્વત મોક્ષસુખનો ભોક્તા બનાવે છે, માટેજ તેમાં પૂર્ણ પ્રયત્ન કરવો જરૂરનો છે.

**૫૨. જપ ઉત્તમ જગમાં નવકાર.**—જેથી ઉત્તમ કોટિવાળા આત્માનું સંસ્મરણ થાય તે જપ કહેવાય. તેવો જપ જગત્માં નવકાર મહામંત્ર જેવો કોઈ બીજો ઉત્તમ નથી, કેમકે નવકાર મહામંત્રમાં અરિહંતાદિક પંચ પરમેષ્ઠીનો સમાવેશ થાય છે, તેમાં જે **અરિહંત** અને **સિદ્ધ** ભગવાન અનંતગુણના આગર છે. આચાર્ય મહારાજ નિર્મળ અખંડ બ્રહ્મચર્યાદિક ૩૬ ગુણોવડે, ઉપાધ્યાય મહારાજ ઉત્તમ પ્રકારના વિનય સહિત સત્શાસ્ત્રના પઠનપાઠનાદિરૂપ ૨૫ ગુણોવડે અને મનુષ્યલોકવર્તી નિગ્રંથ મુનિસમુદાય અહિંસાદિક ઉત્તમ ૨૭ ગુણોવડે જગત્લયને પાવન કરે છે, તેમનો સમાવેશ થાય છે, તેમજ જે અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક ધર્મવડે અરિહંતાદિક વિભૂષિત છે તેવા શુદ્ધ આત્મધર્મનો પણ નવકાર મહામંત્રમાં સહેજે સમાવેશ થાય છે. માટેજ આત્મસાક્ષાત્કાર કરવા પ્રબળ ઇચ્છાવાળા ભ-

વ્યજનોએ ઉક્ત મહામંત્ર વારંવાર જપવા યોગ્ય છે; એથી આત્માની શીઘ્ર ઉન્નતિ સાધી શકાય છે,

**૫૩ સંજમ આતમ થિરતા ભાવ, ભવસાયર તરવાકો નાવ**—આત્મપ્રદેશમાં રત્નજ્યોતિની જેમ સહજે વ્યાપી રહેલા જ્ઞાન દર્શન ચારિત્રાદિક સદ્‌ગુણસમુદાય, તેમાંજ અકૃત્રિમ પ્રેમભાવે રમણ કરવું તેજ **સંયમ** છે. જેમ બોટવડે ભવસાગર સુખે તરી શકાય છે તેમ ઉક્ત સંયમને સેવવાવડે આત્મા સુખે જન્મ જરા અને મરણ સંબંધી અનંત અને અગાધ દુઃખરૂપ જળથી ભરેલા આ સંસારસમુદ્રનો પાર પામી શકે છે. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહથી નિવર્તી, ઇંદ્રિયો ઉપર કાબુ રાખી, મન વચન અને કાયાના કુત્સિત (માઠા) વ્યાપારને તજી, અહિંસાદિક ઉત્તમ સાધનસંતતિને પરમાર્થ ભાવે સેવવી, એ આત્મસ્થિરતારૂપ સંયમગુણની આરાધના માટેજ છે અને તેથીજ ભવસમુદ્રને તરી મોક્ષપુરીમાં પહોંચવું સુલભ થાય છે; એથી વિપરીત હિંસા અસત્યાદિક **અસંયમ**ને અનન્યભાવે સેવવાથી આત્મભાવ અત્યંત અસ્થિર થઈ મલીનતાને પામે છે, અને તેથી તે અરહટઘટિકાના ન્યાયે ભવચક્રમાં ભટક્યાજ કરે છે.

**૫૪ છતી શક્તિ ગોપવે તે ચોર**.—ઉક્ત સંયમ ગુણને સેવવા માટે અને અસંયમથી નિવર્તવા માટે જે પોતાની છતી શક્તિનો સદુપયોગ ન કરે, તેનો ગેરઉપયોગ કરે તેજ ખરેખર ચોર સમજવો. લોકપ્રસિદ્ધ ચોર અન્યને અંધારામાં છેતરી પરદ્રવ્ય સંહરે છે, અને તે ગુપ્ત સ્થળે ગોપવે છે, અને આ આત્મચોર તો પોતાનાજ અંતઃકરણને છેતરી આત્મસાધનની અમૂલ્ય તકથી પોતાનેજ વંચિત રાખીને અજ્ઞાનવડે પોતે

પોતાનુંજ સર્વસ્વ ગુમાવી દે છે, અને તે અમૂલ્ય તક ગુમાવી દીધાથી પુનઃ મહા પરિશ્રમે પણ તે ખોટને પૂરી પાડી શકતો નથી. આનું નામ આત્મવંચકતા.

**૫૫ શિવસાધક તે સાધકિશોર.**—પ્રમાદ તજી અપ્રમત્તપણે સિંહની જેમ શૂરવીર થઈ સંયમ આચરણવડે જે મોક્ષમાર્ગ સાધે છે તેજ ખરા સાધુની ગણનામાં આવે છે. બાકી સાધુવેષ ધારણ કરી પવિત્ર સંયમાચરણ સેવવાને બદલે જે અસંયમવડે વેષવિડંબના કરે છે તે સાધુનામને કલંકિત કરે છે. ઉત્તમ પુરૂષો જે જ પ્રતિજ્ઞા કરે છે તેનો પ્રથમથીજ પુરતો વિચાર કરી જેનો સુખે નિર્વાહ થઈ શકે એમ હોય તેવીજ પ્રતિજ્ઞા પોતે અંગીકૃત કરે છે, અને તે પ્રાણાંત સુધી પાળે છે, તેમાં કદાપિ પણ પાછીપાની કરતા નથી; તેવી રીતે સકળ મુમુક્ષુ જનોએ સંયમ પાળવારૂપ જે પ્રતિજ્ઞા પોતે સંઘ સમક્ષ અંગીકૃત કરી છે તેનો વિવકથી જીવિતપર્યંત નિર્વાહ કરવો, તેમાં લગારે પ્રમાદ ન કરવો એ તે મહાશયોનું મુખ્ય કર્તવ્ય છે, અને એમાંજ સ્વપરનું હિત સમાયલું છે.

**૫૬ અતિ દુર્જય મનકી ગતિ જોય**—જેમ બધી ઇંદ્રિયોમાં જિહ્વા ઇંદ્રિય જીતવી મુશ્કેલ છે, સર્વ વ્રતોમાં જેમ બ્રહ્મચર્ય પાળવું દુષ્કર છે, તેમ યોગમાં મનયોગ જીતવો કઠણ છે. મન જીતવું કઠણ છે, એ વાત ખરી પણ તેને જીતવાના શુભ ઉપાયો શાસ્ત્રમાં બતાવેલા છે, તેનો ગુરૂગમ્ય બોધ મેળવીને મનને સ્થિર કરવા પ્રયત્ન કરવો જરૂરનો છે. પારાની જેવા ચપળ મનને મારવા માટે બહુ પુરૂષાર્થની જરૂર છે, અને તેનું ફળ પણ કંઈ ઓછા મહત્ત્વનું નથી. કહ્યુ છે કે “ **મન**

**પારદ મૂર્છિત ભયે, અંતરંગ ગુણવૃંદ, જાગે ભાવ નિરાગતા, લગત અમૃતકે બિંદ.** ” એટલે મનરૂપી પારો, નિરાગતારૂપી અમૃતનો સ્પર્શ થતાં મૂછિત થઈ જ્યારે મરી જાય છે ત્યારે આત્માના અંતરંગ ગુણનો સમુદાય સજીવન થાય છે. મતલબ કે મનનો પુરો જય કરવાથીજ સકળ સદ્ગુણો પ્રગટ પ્રાપ્ત થઈ શકે છે. તેથીજ અતિ ચપળ મનને વશ કરવાની આવશ્યક્તા સિદ્ધ થાય છે. વળી કહ્યું છે કે મનને મારવાથી ઇંદ્રિયો સ્વતઃ વશ થાય છે, અને તેમ થવાથી કર્મશત્રુઓનો ક્ષય થઈ જાય છે, માટે મનનેજ મારવું જરૂરનું છે. વળી **મન જીત્યું તેણે સઘળું જીત્યું** એમ આનંદઘનજી કહે છે, આથી વધારે શું જોઇએ ?

**૫૭ અધિક કપટ નારીને હોય**–પુરૂષ કરતાં સ્ત્રીજાતિમાં સ્વાભાવિક રીતે અધિક કપટ હોયછે. આ એક સામાન્ય નિયમરૂપે વાત છે, બાકી તો અપવાદરૂપે પુરૂષથી પણ ન્યૂન કપટવાળી અથવા નિષ્કટ પ્રવૃત્તિવાળી સ્ત્રીઓ પણ મળી આવે, એ વાત સુસંભવિત છે. કપટબહુલ સ્ત્રીઓનાં ચરિત્ર નોંધવા જવા પડે તેમ નથી. કેમકે એવાં ચરિત્રોવાળી સ્ત્રીઓજ બહુધા નજરે પડે છે, તેમજ શાસ્ત્રથી પણ એ વાતને પુષ્ટિ મળે છે તેવીજ પુષ્ટિ શાસ્ત્રથી અપવાદરૂપે ગાયેલી સ્ત્રીઓ માટે પણ મળે છે, પરંતુ એનો પ્રગટ પુરાવો મળે એવી નિષ્કપટ આચરણને સેવનારી સ્ત્રીઓ અત્યારે ભાગ્યેજ મળી શકે છે. તેવો પ્રગટ પુરાવો નહિ મળવાનું અથવા બહુજ ઓછો મળવાનું કારણ સ્ત્રીઓનો જાતિસ્વભાવજ જણાય છે. કહ્યું છે કે ‘અસત્ય ભાષણ, સાહસ ખેડવું, માયા–કપટ સેવવું, મૂર્ખપણું–અજ્ઞાનાચરણ, અતિ લોભ–તીવ્ર **વિષયભોગરૂપ**

નિર્દયતા ( વિષય ભોગરૂપ સ્વાર્થમાં અંતરાય થતાં સ્વાર્થ સાધવા માટે હૃદયની કઠોરતા ) અને અશુચિતા—અપવિત્રતા એ ગણાવેલ દોષો સ્ત્રીજાતિમાં સ્વાભાવિક હોય છે. ઉક્ત બાબતમાં અપવાદરૂપે પ્રાયઃ એવીજ ઉત્તમ સતીઓ કે મહાસતીઓ હોઇ શકે કે જે ઉત્તમ પ્રકારની શીલ સંપત્તિથી વિભૂષિત છે, તેમજ જેમણે સ્વપતિમાં કે સ્વગુરૂમાંજ સર્વસ્વ આરોપેલું છે.

नीच सोइ परद्रोह विचारे, उंच पुरुष परविकथा निवारे;
उत्तम कनक कीच सम जाणे, हरख शोक हृदये नवि आणे. १७
अति प्रचंड अग्नि हे क्रोध, दुर्दम मान मतंगज जोध;
विषवल्ली माया जगमांही, लोभ समो सायर कोइ नांहि. १८
नीच संगथी डरीए भाइ, मळिए सदा संतकुं जाइ;
साधु संग गुण वृद्धि थाय, नारीकी संगते पत जाय. १९
चपळा जेम चंचळ नर आय, खिरत पान जब लागे वाय;
छिल्लर अंजळि जळ जेम छीजे, इणविध जाणी ममतकहा कीजे. २०
चपळा तिम चंचळ धनधाम, अचळ एक जगमें प्रभुनाम;
धर्म एक त्रिभुवनमें सार, तन धन योवन सकळ असार. २१
नरकद्वार नारी नित जाणो, तेथी राग हिये नवि आणो;
अंतर लक्ष रहित ते अंध, जानत नहि मोक्ष अरु बंध. २२
जे नवि सुणत सिद्धांत वखाण, बाधिर पुरुष जगमें ते जाण;
अवसर उचित बोली नवि जाणे, ताकुं ज्ञानी मूक वखाणे. २३
सकळ जगत जननी हे दया, करत सहु प्राणीकी मया;
पालन करत पिता ते कहीए, तेनो धर्म चित्त सद्दहिये. २४

૫૮ **નીચ સોઇ પરદ્રોહ વિચારે**—પરજીવનનું અનિષ્ટ કેમ થાય, સામો કેમ બેહાલ થાય, સામો કેમ સુખથી ભ્રષ્ટ થાય, સામાની ઉપર કેમ આપદા આવી પડે, એવા પ્રકારની વિચાર-જાળ ગુંથી કેવળ દુર્ધ્યાનમાંજ પોતાનો કાળ નિર્ગમન કરે, સુતાં ઉઠતાં, જતાં આવતાં કેવળ એવુંજ ખોટું ચિંતવન કર્યા કરે અને સામાનું સાક્ષાત્ અનિષ્ટ કરવાની તક શોધ્યા કરે, તક મળે તો કરવા ચૂકે નહિ, બીજાને પણ એવીજ ખોટી સલાહ આપી પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવા બનતું કરે, એક ક્ષણ પણ શુભ વિચા-રને અવકાશ ન આપે તે પરદ્રોહકારીજ ખરેખર નીચ પાપી સમજવો. જોકે સામાના પ્રબળ પુણ્યયોગે કોઇ દુષ્ટ ફાવી શકે નહિ, યાવત્ તેનો વાળ પણ વાંકો કરી શકે નહિ, તોપણ દુષ્ટ જન તો પોતાની દુષ્ટ વૃત્તિથી અવશ્ય નીચગતિગામી થાયછે જ. પરદ્રોહકારી દિનરાત દુષ્ટવૃત્તિથી દુઃખીજ રહે છે; ત્યારે સહુનું ભલું ઇચ્છનારા સજ્જનો સદા સુખમાંજ મગ્ન રહે છે. શાશ્વત સુખના અર્થી જનોએ સ્વપ્નમાં પણ પરદ્રોહ ચિંતવવો નહિ.

૫૯ **ઉંચ પુરૂષ પરવિકથા નિવારે**—જે વાત કરવામાં નથી પોતાનું હિત કે નથી પરનું હિત એવી નકામી વિકથા ઉત્તમ પુરૂષો કરતા નથી. કુથલી કરનાર પોતાનું અને પરનું બગાડે છે. પ્રાપ્ત થયેલી સામગ્રીનો કંઇ પણ લાભ તે પોતે લઇ શકતો નથી તેમ બીજાને પણ લેવા દેતો નથી. વિકથા સેવનાર કોઇ વખત નિંદાદિકમાં ઉતરીને સ્વપરની પાયમાલી કરે છે. તેથી જે વાતમાં કંઈ માલ જેવું જ નથી, તેમજ કંઈ લાભ પણ નથી તેવી વાત કરવા કરતાં પોતાથી બની શકે તેવો કોઇ સદુદ્યમ સેવીને સ્વપરનું હિત સાધવું એજ શ્રેય છે.

**૬૦ ઉત્તમ કનક કીચ સમ જાણે, હરખ શોક હૃદયે નવિ આણે**—ઉદાર દિલના નિસ્પૃહી પુરૂષો આ દુનિયાના દૃશ્ય પદાર્થોમાં મોહાઈ જતા નથી. સમ્યગ્ જ્ઞાનદૃષ્ટિથી જડ ચૈતન્યનું સ્વરૂપ ઓળખી જેમ બને તેમ જડ વસ્તુથી ન્યારા રહે છે, તેમને સોનાના ઢગ લોભાવી શકતા નથી. કેમકે નિસ્પૃહતાથી તે સુવર્ણ ને કીચ સમાન લેખે છે, તેથીજ સુવર્ણ સદૃશ પરવસ્તુ-ઓના સંયોગથી તેમને હર્ષઉન્માદ થતો નથી, તેમજ તેના વિ-યોગે દુઃખ દીનતા પણ થતી નથી. ઇષ્ટાનિષ્ટ સંયોગવિયોગમાં તે તત્ત્વદૃષ્ટિ સમાનભાવ રાખી શકે છે અને તેથીજ તે સદા પ્ર-સન્ન ચિત્તથી સંતોષસુખમાં નિમગ્ન રહે છે. આવા તત્ત્વજ્ઞાની પુરૂષોને સ્વપ્નમાં પણ દુઃખનો સ્પર્શ સંભવતો નથી. તેમને પોતાના આત્મામાં અકૃત્રિમ અનહદ સુખનો અનુભવ હોઇ શકે છે. આવી ઉત્તમ વૃત્તિ જેના ઘટમાં દિનરાત જાગી છે તેનું અહો-ભાગ્ય છે, અને તેવી ઉત્તમ વૃત્તિથી શીઘ્ર ભવનો પાર પામી શકાય છે.

•

**૬૧ અતિ પ્રચંડ અગ્નિ હે ક્રોધ**—દ્વેષ, ઈર્ષા, અસૂયા, મત્સર, પરદ્રોહ, વૈર, શ્રાપ અને હિંસાદિક સર્વે ક્રોધનાં રૂપ છે. તે મહાભયંકર અગ્નિસમાન છે તે અગ્નિની પેરે પ્રથમ તો જેના મનમાં પ્રગટ થયો હોય તેનેજ સંતાપે છે–બાળે છે અને પછી જેના તરફ વરાળ કાઢવામાં આવે છે તેનામાં ઉપશમ રસનું બળ ન હોય તો તેને પણ પ્રજાળે છે, અને એમ અનુક્રમે અનેક જનો-ને ઉપતાપ કરે છે. બીજો અગ્નિ જળના યોગે શમી જાય છે ત્યારે ક્રોધાગ્નિને શમાવવાને પૂરતા શમ, પ્રશમ, ઉપશમ, ક્ષમા, શાંતિ, પ્રશાંતિ, ઉપશાંતિ જેવા ઉપચારનીજ જરૂર રહે છે. અ-

ગ્નિથી દગ્ધ થયેલી ભૂમિમાં વાવેલાં બીજનાં અંકૂરો તો ઉગી નીકળે છે ત્યારે ક્રોધાગ્નિથી દગ્ધ થયેલી હૃદયભૂમિમાં પ્રેમાંકૂર પ્રગટતોજ નથી. આમ અનેક રીતે વિચારતાં ક્રોધ અત્યંત અહિતકર છે, તેથી તે સર્વથા વર્જ્ય છે.

૬૨ **દુર્દમ માન મત્તંગજ જોધ**—અત્ર માનને મદોન્મત્ત હાથીની ઉપમા આપવામાં આવી છે. તેવા હાથીને મહા કષ્ટે દમી શકાય છે. આવા મદોન્મત્ત હાથીને રણસંગ્રામમાં આગળ કરી રાખવાનો રીવાજ સાંભળવામાં આવે છે. તે પોતાના મદમાં ઉન્મત્ત થયા છતો નગરના દૃઢ દ્વારને પણ ભાંગી નાંખે છે. 'અહંતા અને મમતા' રૂપી મોહમદિરાથી મત્ત થયેલ અહંકાર પણ તેવોજ છે. તેના પણ ક્રોધની પેરે જડતા, મદ, અભિમાન વિગેરે અનેક અનિષ્ટ પર્યાયો છે. મદોન્મત્ત હાથીની પેરે તે પણ દુઃખે દમી શકાય છે, એટલે મિથ્યા અભિમાનીને વશ કરવો મુશ્કેલ છે. મિથ્યાભિમાનવડે જીવો નહિ કરવા યોગ્ય કંઇક અગમ્ય કાર્ય કરવાને સહસા મેંદાન પડે છે. તેમાં તે કવચિતજ ફાવેછે. બાકી તો અતિ ઉન્મત્તપણે આદરેલાં સાહસવાળાં કાર્યનાં કડવાં ફળ તેમને જીવિતપર્યંત ભોગવવાં પડે છે. રાવણ અને દુર્યોધન જેવાનાં દૃષ્ટાંત આ બાબતમાં પ્રસિદ્ધ છે. તેવા દુષ્ટ અભિમાનથી જે વેગળા રહે તેમને ધન્યવાદ ઘટે છે. અભિમાનથી વિનય ગુણનો લોપ થાય છેમાટે અભિમાન ત્યાજ્ય છે. અને વિનયગુણ આદેય છે. વિનયથી વૈરી પણ વશ થઈ જાય છે.

૬૩ **વિષ વેલી માયા જગમાંહી**—આખા જગતમાં ફેલાયેલી કોઇ પણ વિષવેલી હોય તો તે માયા–છળવૃત્તિરૂપ છે. જેમ વિષવેલીનાં મૂળ, પત્ર, ફુલ, ફળ અને છાયા સર્વે વિષ

રૂપજ છે અને તેનું સેવન કે આશ્રય કરનારને વિષ વ્યાપે છે, તેમજ માયા આશ્રી પણ સમજવું. તફાવત એટલોજ છે કે વિષવેલીથી દ્રવ્યપ્રાણનો વિનાશ થાય છે, ત્યારે માયાથી ભાવપ્રાણનો લોપ થાય છે. માયાવી જનોની હરેક ક્રિયા વિષમય હોય છે, અને તે પ્રત્યેક ક્રિયાથી સ્વપરના જ્ઞાનદર્શન ચારિત્રાદિક અમૂલ્ય ભાવપ્રાણનો નાશ થાય છે. મતલબ કે માયાવીની ધર્મક્રિયા પણ નથી તેને સુખદાયી, તેમ નથી અન્યને સુખદાયી; પણ તે સ્વપરને એકાંત દુઃખદાયીજ નિવડે છે. એથીજ એ હેય છે અને નિષ્કપટવૃત્તિ ઉપાદેય છે. કપટરહિત મન, વચન અને કાયાથી કરાતી વ્યવહારકરણી કે ધર્મકરણી જીવને દુર્ગતિથી બચાવી સદ્ગતિગામી બનાવે છે.

૬૪ **લોભ સમો સાયર કોય નાંહિ**—લોભને અત્ર સાગરની ઉપમા આપવામાં આવી છે તે એવી રીતે કે જીવને જેમ લાભ મળતો જાય છે તેમ લોભ વધતો જાય છે, અને તે અનુક્રમે વધીને સાગર જેવો વિશાળ થાય છે; પરંતુ **लोभमूलानि दुःखानि** એ ન્યાયે લોભમાં દુઃખની પરંપરા રહેલીછે, તેને લોભાંધ જોઇ શકતો નથી, તેથીજ તેમાં ખેંચાયો જાય છે. કહ્યું છે કે '**કોઉ સયંભુરમણકો, જે નર પાવે પાર; તે પણ લોભ સમુદ્રકો, લહે ન મધ્ય પ્રચાર.**' '**આગર સબહી દોષકો, ગુણ ધનકો બડ ચોર; વ્યસનવેલીકો કંદ હે, લોભ પાસ ચિહું ઓર.**' એમ સમજી સુખના અર્થી જનોએ સંતોષવૃત્તિને આદરી લોભવૃત્તિનો ત્યાગ કરવો ઘટે છે.

૬૫ **નીચ સંગથી ડરીએ ભાઇ**—જ્ઞાની પુરૂષોએ મ્હોટામાં મ્હોટું દુઃખ નીચ સંગતિનું કહ્યું છે. નીચ સંગતિથી

પ્રાણી નીચવૃત્તિ શીખે છે, અને નીચ વૃત્તિથી નરકાદિક નીચ ગતિને પામે છે. એવી રીતે નીચ સંગતિથી ઘણું માઠું પરિણામ આવે છે માટેજ શાસ્ત્રકાર નીચ સંગતિનો ત્યાગ કરવા કહે છે, અને ઉત્તમ સંગતિ આદરવા ઉપદિશે છે; ઉત્તમ સંગતિથી આપણામાં ઉત્તમતા આવે છે. જેમ સુગંધી ફૂલના સંગથી તેલ ફુલેલ સુગંધી બને છે, મલયાચળના સુગંધી પવનના સંગથી રૂંખડા પણ ચંદનના ભાવને ધારે છે, અને મેરૂ પર્વતના શિખર ઉપર વળગેલું તૃણ પણ સુવર્ણપણાને પામે છે, તેમ ઉંચ સંગતિથી આત્મા ઉચ્ચ સ્થિતિને પામે છે-ઉત્તમ ગુણોને મેળવે છે; ત્યારે નીચ સંગતિથી પ્રાણી નીચ સ્થિતિને પામે છે. જેમ સ્વાતિ જળ સર્પના મુખમાં પડીને વિષરૂપ થાય છે, તપ્ત લોહ ઉપર પડવાથી વિનાશ પામે છે, તેમ ઉત્તમ આત્મા પણ નીચની સંગતિથી હીનતાને પામે છે. એટલા માટે નીચની સંગતિ તજી ઉચ્ચ સંગતિ આદરવાનું કહેવામાં આવે છે.

૯૬ **મળિયે સદા સંતકું જાઇ**—દુનિયાની ખટપટ મૂકીને વૈરાગ્યરસમાં ઝીલી રહેલા સંત—સુસાધુ જનોનીજ સોબતથી આત્માને પારમાર્થિક લાભ સંપજે છે. તેમની આંતરવૃત્તિ અત્યંત નિર્મળ-નિષ્પાપ થાય છે, તેઓ અત્યંત ગુણાનુરાગી થાય છે, તેથી તેમનું દર્શન પણ પાપહર થાય છે, તો પછી તેમની સેવાભક્તિ અને બહુમાનાદિકનું તો કહેવુંજ શું! સંતસેવાદિકથી તો કોટિ ભવનાં પાપ ટળે છે અને અપૂર્વ આત્મલાભ મળે છે. દુનિયામાં એવી કોઇ ઉત્તમ વસ્તુ નથી કે જે સંતસેવાથી લભ્ય ન થાય. અરે ઐહિક સુખ તો શું પણ મોક્ષસુખ પણ સંતજનોની સેવાદિકથી સુલભ થાય છે. માટે સંપૂર્ણ સુખના ઇચ્છક જનોએ અવશ્ય સંતસેવા આદરવી ઉચિત છે.

૬૭ **સાધુ સંગ ગુણવૃદ્ધિ થાય**—હિંસા, અસત્ય, અદત્ત અબ્રહ્મ અને પરિગ્રહને તજી આપ્તવચનાનુસાર અહિંસાદિક ઉત્તમ મહાવ્રતોને આદરી તેનો યથાવિધ નિર્વાહ કરી આત્મહિત સાધે તે સર્વે સાધુની પંક્તિમાં લેખાય છે. તેવા સાધુજનોનો પરિચય કરવાથી ગુણમાં વધારો થાય છે અને અવગુણમાં ઘટાડો થાય છે. વિનય ( મૃદુતા–નમ્રતા ) જે સકળ ગુણનું વશીકરણ છે, તેનો ઉપયોગ સાધુપરિચયમાં અવશ્ય કરવો જરૂરનો છે. જેમ જેમ ઘઉંના લોટને વધારે કુણવવામાં આવે છે તેમ તેમ તેમાં મીઠાશ વધતી જાય છે; તેવીજ રીતે સદ્‌ગુણનિધિ સંત–સુસાધુનો જેમ જેમ અધિક વિનય સેવવામાં આવે છે તેમ તેમ આત્માને અધિક લાભ થતો જાય છે. વિનયથી વિદ્યા–વિજ્ઞાન પ્રાપ્ત થાય છે, અને ઘટમાં વિવેકદીપક પ્રગટે છે. તેથી આત્માને વસ્તુસ્વરૂપનું, જડ ચૈતન્યનું, હિતાહિતનું તેમજ ગુણદોષનું યથાર્થ ભાન તથા શ્રદ્ધા જાગે છે; અને નિર્મળ જ્ઞાન તથા શ્રદ્ધાના યોગે સ્વચારિત્રની શુદ્ધિ કરી શકાય છે, એવી રીતે રત્નત્રયીની સહાયથી આત્મા અક્ષય સુખને સાધી શકે છે. આમાં સાધુસંગતિ પુષ્ટ આલંબનરૂપ છે, માટેજ તે ઉપાદેય છે.

૬૮ **નારીકી સંગતે પત જાય**—પરનારીનો પરિચય કરવાથી પોતાની પ્રતિષ્ઠાનો લોપ થાય છે. જેને સ્વસ્ત્રીથી કે સ્વપતિથી સંતોષ વળતો નથી તેનેજ પરસ્ત્રી કે પરપુરૂષ સાથે પરિચય કરવા ઇચ્છા થાય છે. વળી તેનાથી સંતોષ ન થાય તો બીજો પરિચય કરવા મન દોડે છે, એમ હરાયા ઢોરની જેમ જ્યાં ત્યાં લજ્જા વિવેક રહિત રખડતાં દેખી તેમની પાપી વૃત્તિ લોકોના કળવામાં આવી જાય છે, અને તેથી કામાંધ બનેલ સ્ત્રી-

પુરૂષ પોતાની આબરૂ ગુમાવે છે. વળી કુળખાંપણ, કુળઅંગાર વિગેરે ઉપનામ પણ પામે છે. વિવિધ પ્રકારના ચાંદી, પ્રમેહ પ્રમુખ ભયંકર વ્યાધિઓમાં સપડાઈ જાય છે, અને પ્રાંતે નરકાદિક દુર્ગતિ પામે છે; તેથી સકળ સ્ત્રી પુરૂષોને ઉચિત છે કે અધિક વિષયલાલસા તજી સ્વપતિ કે સ્વદારા સંતોષીજ થવું! એ વાત ગૃહસ્થઆશ્રી કહી, સાધુઆશ્રી તો તેમને સ્ત્રીસંગતિ સર્વથા હેય છે; કેમકે સ્ત્રીપરિચયથી વિષયવાસના જાગૃત થાય છે, અને પરિણામે વ્રતભંગ, લોકાપવાદ અને નીચ ગતિ રૂપ વિપાક ભોગવવા પડે છે.

૬૯ **ચપળા જેમ ચંચળ નર આય, ખિરત પાન જબ લાગે વાય; છિલ્લર અંજલિ જળ જેમ છીજે, ઇણ વિધ જાણી મમત કહા કીજે. ચપળા તિમ ચંચળ ધન ધામ**—ચપલા એટલે વિજળી તે ક્ષણવારમાં અદૃશ્ય થઇ જાય છે, કેમકે તેનો સ્વભાવજ ચપળ છે; તેમ મનુષ્યનું આયુષ્ય અને લક્ષ્મી પણ ચપળ છે, એટલે આયુષ્ય કે લક્ષ્મી નષ્ટ થતાં વાર લાગતી નથી. જેમ વાયરો લાગવાથી ઝાડનાં પાન ખરી પડે છે અને અંજલિમાં રહેલું અલ્પજળ જેમ તરત ટપકી જાય છે, તેમ આયુષ્ય અને લક્ષ્મી પણ કારમા છે, તેમનો અંત આવતાં વાર લાગતી નથી. એમ સ્વબુદ્ધિથી સમજ્યા છતાં સંસારની ખોટી માયામાં કેમ મુંઝાય છે? પરવસ્તુમાં ખોટી મમતા કરવાથીજ જીવ દુઃખી થાય છે, અને પોતાનું ખરૂં સ્વરૂપ તથા ખરૂં કર્તવ્ય ભૂલી જઈ ખરા સુખથી વંચિત રહે છે. એટલીજ મમતા જો પોતાના જ્ઞાન દર્શન ચારિત્રાદિક આત્મગુણમાંજ રાખવામાં આવે અને નિર્મળ સ્ફટિક રત્ન જેવા

ઉજ્વળ આત્મસ્વરૂપમાંજ અહંતા ધારવામાં આવે તો અલ્પ સમયમાં સમસ્ત દુઃખનો અંત આવી જાય. અજ્ઞાની જીવો પરવસ્તુમાં દેહ, સ્ત્રી, લક્ષ્મી પ્રમુખમાંજ અહંતા અને મમતા કરે છે ત્યારે જ્ઞાની વિવેકી જનો 'શુદ્ધ આત્મદ્રવ્ય એ હું, શુદ્ધ જ્ઞાન ગુણ એજ મારૂં' એવીજ સાચી અહંતા અને મમતા ધારે છે; તેથી હંસની માફક દુઃખ માત્રને તજી સુખ માત્રનો આસ્વાદ લઈ શકે છે, અને એજ પરમ કર્તવ્ય છે.

૭૦ **અચળ એક જગમેં પ્રભુ નામ**—આ ફાની દુનિયામાં શ્રી ઋષભાદિક પ્રભુનુંજ નામ અચળ છે, કેમકે તે પૂર્ણ પદવી પામેલા પરમાત્મા છે. પૂર્ણતાને નહીં પામેલા બીજા દેવ દાનવ અને માનવાદિકનાં નામ અચળ નથી. કેમકે તેઓ જે જે સ્થળે ઉપજે છે ત્યાં ત્યાં તેમનાં નામ જુદાં જુદાં હોવા ઘટે છે. તે પણ એક વખત સારૂં તો બીજી વખત માઠું, સ્વસ્વ શુભાશુભ કર્માનુસારે હોય છે અને તેથીજ તેમનાં નામ અચળ કહી શકાતા નથી; ત્યારે જેમણે પૂર્વલા ત્રીજા ભવમાં અતિ નિર્મળ અધ્યવસાય યોગે તીર્થંકરનામ કર્મ બાંધ્યું છે, તેથી જેમનો અનુક્રમે આ મનુષ્યલોકમાં, આર્ય દેશમાં, ઉત્તમ કુળમાં અવતાર થાય છે, ત્યાં તેમનું ઉત્તમ ગુણ નિષ્પન્ન સાર્થક નામ રાખવામાં આવે છે અને તેમને નિશ્ચે તેજ ભવમાં મોક્ષ જવાનું નિર્મિત છે, તેથી પુનર્ભવ થવાનો નથીજ. એવાં એવાં કારણોથી પ્રભુનુંજ નામ અચળ કહી શકાય છે. એટલુંજ નહીં પણ પ્રભુનું ગુણ નિષ્પન્ન મંત્રરૂપ નામ નિર્મળ શ્રદ્ધાથી સ્મરણ કરનાર પણ અનુક્રમે કર્મકલંકને દૂર કરી અપુનર્ભવી થઈ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થાય છે. તેથી પ્રભુના પવિત્ર નામને એકનિષ્ઠાથી

સ્મરણ કરનારનાં નામ પણ એવીજ રીતે અચળ થઇ શકે છે. કેમકે ફરી તેમને જન્મ લેવાની જરૂર રહેતી નથી.

૭૧ **ધર્મ એક ત્રિભુવનમેં સાર**—જે સત્ સાધનવડે આત્મા અવિચળ સુખ પામે એટલે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ તેમજ સંયોગ વિયોગજન્ય અનંત દુઃખોદધિ તરી અનંત અક્ષય અવ્યાબાધ અપુનર્ભવ એવું અચળ મોક્ષસુખ પામે તે સાધન, દાન, શીલ, તપ, ભાવના, દેશવિરતિ યા સર્વાવરતિ રૂપ ધર્મજ જગત્રયમાં સારભૂત છે. જો જીવને જન્મમરણના દુઃખથી ત્રાસ છુટતો હોય અને નિરૂપાધિક સુખનીજ ચાહના હોય, તો જગતૂવત્સલ શ્રીજિનરાજ ભગવાને ભવ્યજનોના એકાંત હિતને અર્થે ભાખેલો પૂર્વોક્ત સાધનરૂપ ધર્મનું સ્વરૂપ યથાર્થ ગુરૂગમ્ય જાણી નિર્ધારી તેનો યથાશક્તિ આદર કરવા પ્રમાદરહિત પ્રવૃત્તિ કરવીજ જોઇએ.

**૭૨. તન ધન યોવન સકળ અસાર**—શરીર, લક્ષ્મી અને યૌવન એ બધાં અસાર એટલે ક્ષણિક અને ભયયુક્ત છે; શરીર અશુચિથી ભરેલું, ક્ષણમાં વિણસી જાય એવું, અને રોગાકુળ એટલે રોગથી ભરેલું છે. લક્ષ્મીનું બીજું નામ ચપલા છે, તે જાતેજ ચપલસ્વભાવી છે. તે સ્થિર રહેશેજ એવો ભરૂંસો રાખવા જેવો નથી. તેમજ તેના સંયોગે મોહાદિક કઇક ઉન્માદ ઉપજવા સંભવ રહે છે. વળી ચોર પ્રમુખનો પણ ભય કાયમ રહે છે. યૌવનની પાછળ જરા અવસ્થા જોર કરતી ચાલી આવે છે, તેમજ યૌવનવયમાં વિષયલાલસાદિક કઇક વિકારો ઉપજે છે, તેથીજ તેમાં વિશેષે કાળજી રાખી રહેવા જ્ઞાની ફરમાવે છે. યૌવનવય જે નિષ્કલંક રીતે પસાર કરે છે અને તેનો સ્વપર

હિત અર્થેજ ઉપયોગ કરે છે તે મહા ભાગ્યવાન ગણાય છે. તે-વીજ રીતે લક્ષ્મી અને શરીરઆશ્રી પણ સમજવાનું છે. જ્યાં-સુધી પૂર્વકૃત પુણ્યનો પ્રબળ ઉદય હોય છે ત્યાં સુધીજ લક્ષ્મી સ્થિર રહે છે. તેટલા અરસામાં જો તેનો સદુપયોગ થઇ શકે તોજ સ્વપર હિતરૂપ થાય છે, નહિતો તેની કેવી ગતિ થશે તે કંઈ કળી શકાતું નથી; પરંતુ એટલું તો ચોક્કસ છે કે કૃપણતા દોષવાળાને તો તે કંઇ પણ હિતકર નથી, પણ કેવળ કલેશ-રૂપજ થાય છે. કેમકે તે દીન અનાથ છતો સદાય તેની રક્ષા માટે સચિંત રહે છે, તેમ છતાં તેના પૂર્વ પુણ્યનો ક્ષય થતાંજ તે લક્ષ્મી હતી ન હતી થઇ જાય છે, અને ત્યારે વળી તે બા-પડો શોકસાગરમાં ડૂબી જાય છે. શરીરનો સ્વભાવજ વિણસવા-નો છે. તેવી વિણસન સ્વભાવવાળી વસ્તુ માટે મોહ રાખી આત્મ સાધનની અમૂલ્ય તક હારી જવી અને અંત વખતે તેને માટે ઝુરી મરવું એ કેવળ અઘટિત છે. યુક્ત વાત તો એ છે કે માટીરૂપ શરીરમાંથી આત્મસાધનરૂપ સુવર્ણ શોધી લેવું, એજ ખરૂં કિમિયાપણું છે. મતલબ કે ઉક્ત સર્વ વસ્તુઓની અસારતા શાસ્ત્ર યુક્તિ અને અનુભવપૂર્વક નિર્ધારી તેમાં લાગી રહેલો મિથ્યા અધ્યાસ નિવારી સ્વપરહિત અર્થે તેનો સદુપ-યોગ કરે તેનેજ ધન્યવાદ ઘટે છે. જો કે આવાં સ્ત્રીપુરૂષ રત્નો વિરલજ હોય છે; પરંતુ એવી નિર્મળ પરિણતિ વિના કલ્યા-ણ નથીજ.

**૭૩. નરકદ્વાર નારી નિત જાણો, તેથી રાગ હિયે નવિ આણો**—જે સ્ત્રીજાતિના સ્વાભાવિક દુર્ગુણો શાસ્ત્રમાં વ-ર્ણવેલા પ્રથમ પ્રસંગોપાત બતાવ્યા છે તેવી સ્ત્રીને નરકના દ્વાર-

રૂપ—નરકમાં જવાના સાધનરૂપ સમજીને તેમાં રાગ, મોહ, આશક્તિ થવા ન પામે તેમ સદાય સાવધાન થઇ રહો ! તે એટલા માટે કે જો તમે એક ક્ષણભર ગફલત કરી લોભાયા તો પરિણામે તમારે નરકનાં અનંત દુઃખ દાવાનળમાં પચાવું પડશે ! સ્ત્રીજાતિમાં પણ અપવાદરૂપે કઇક સ્ત્રીરત્નો પ્રથમ પાકયાં છે, અત્યારે પાકે છે, અને અગાઉ પણ પાકશે.

**૭૪. અંતર લક્ષ રહિત તે અંધ, જાનત નહીં મોક્ષ અરૂ બંધ**—કયા કયા કારણોથી આત્મા કર્મથી મૂકાય છે અને કયા કયા કારણોથી આત્મા કર્મથી બંધાય છે તેને યથાર્થ જાણવા રૂપ અંતરલક્ષ્ય જેને નથી તેજ ખરેખર અંધ છે. તેવા અંતરલક્ષ્ય વિનાના અંધ જનો ક્રિયા કરતાં છતાં બંધાય છે અને સંસારચક્રમાં અટે છે; ત્યારે અંતરલક્ષ્ય સહિત સત્ ક્રિયા કરનાર જલદી સંસારનો અંત કરી મોક્ષપદને પામી શકે છે. જેમ અંધ માણસ આંખના અભાવે ગમનક્રિયા કરતો છતો અરહો પરહો અથડાય છે, પણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી; તેમ અંતરલક્ષ્ય વિના ઉપયોગશૂન્ય ધર્મકરણી કરનાર આશ્રી પણ સમજવું. જેને સ્વપરનું, જડ ચૈતન્યનું, કે ગુણ દોષનું યથાર્થ ભાન થયું છે તે અંતરલક્ષ્યથી આત્મહિત સાધવા ઉજમાળ રહેનાર શીઘ્ર શિવસુખ સાધી શકે છે, માટે સહુ કોઈ મોક્ષાર્થી જનોએ અંતરલક્ષ્ય જગાવવાની જરૂર છે.

**૭૫. જે નવિ સુણત સિધ્ધાંત વખાણ, બધિર પુરૂષ જગમેં તે જાણ**—જે સર્વજ્ઞ- વીતરાગપ્રણીત સિદ્ધાંત વચન શ્રવણે સાંભળતોજ નથી અથવા સાંભળ્યું તો નહીં સાંભળ્યા જેવું કરે છે, મતલબ કે જે આપ્તવચનની ઉપેક્ષા કરે

છે અથવા કદાચ દૈવવશાત્ તે સાંભળવા પ્રસંગ મળ્યો તો તેને–તેના રહસ્યાર્થને હૃદયમાં ધારતો નથી, એવી રીતે જે સાંભળ્યું ન સાંભળ્યા જેવું કરે છે તેનેજ જ્ઞાની પુરૂષો બધિર (બ્હેરો) કહીને બોલાવે છે. કારણકે આપ્તવચનામૃત આસ્વાદવાની અમૂલ્ય તક મળ્યે છતે તેમજ શ્રવણેંદ્રિય સાબીત છતે તે મંદભાગી જનો પ્રમાદવશાત્ તેવો અપૂર્વ લાભ લેવો ગમાવી દે છે. જે બાપડા મૂળથીજ બધિર હોવાથી જિનવાણી સાંભળી શકતા નથી તે દૈવહત જનોનો આકરો અપરાધ નથી. કેમકે તેમના દીલમાં શાસ્ત્રશ્રવણ કરવાની લાગણી ક્વચિત્જ હોઇ શકે છે, પણ જે છતી સામગ્રીએ તેનો સદુપયોગ કરી આગમવાણીનો અપૂર્વ લાભ મેળવતા નથી તેવા ભાવબધિર જનોજ ખરેખર અપરાધી ઠરેછે. કેમકે તેમને તો આખો જન્મ નકામો ગમાવવાથી ભવાંતરમાં પણ તેવો લાભ મળવાનો સંભવ પ્રાપ્ત થતો નથી.

૭૬. **અવસર ઉચિત બોલી નવિ જાણે, તાકું જ્ઞાની મુક વખાણે**—જે અવસરે જે બોલવું ઉચિત હોય, હિતકર હોય, સ્વપરને લાભદાયી હોય, અનુચિત, અહિતકર કે સ્વપરને નુકશાનકારક નજ હોય એવું સમયઅનુકૂળ વચન જે બોલી જાણતો નથી, બોલી શકતો નથી અથવા બોલવાની ઉપેક્ષા કરે છે, તેનેજ જ્ઞાની પુરૂષો મુક [ મુંગો ] કહે છે. અવસર ઉચિત એક પણ વચન અમૂલ્ય થઇ પડે છે એટલે લાખો વચનની ગરજ સારે છે ત્યારે ' અવસર ચૂકયા મેવલા 'ની જેમ ખરી તક વીત્યા પછી કહેલાં ગમે તેવાં અને ગમે તેટલાં સારાં વચન પણ નિષ્ફળ જાય છે. જેને મૂળથીજ જીભ નથી અથવા તો જે જન્મથી કે કોઇ રોગાદિકથી મુંગો થઈ

ગયો છે, અને તેથી જે વચનનો ઉચ્ચાર કરી શકતોજ નથી તેનો કંઇ આકરો અપરાધ નથી. કેમકે તે દૈવહત છે છતાં તેના મનમાં કોઇ અનુકૂળ પ્રસંગે અવસર ઉચિત વચન બોલવાની લાગણી તો થાય છે; પણ તે બાપડો બોલી શકતો નથી. અને જે છતી જીભે અવસરઉચિત બોલી જાણતો નથી પણ વગર વિચાર્યું અનુચિત પ્રતિકૂળ ભાષણ કરી રંગનો ભંગ કરે છે તેજ ખરો અપરાધી ઠરે છે. પ્રિય, પથ્ય અને સત્ય વચનજ સ્વપરને હિત કરી શકે છે, તેથી વિપરીત વચન ઉલટું નુકશાન કરે છે. કટુક બોલા માણસ અન્યમાં અળખામણાં થાય છે. માટે સ્વપર ઉભયનું હિત સચવાય તેવું મિષ્ટ અને સત્યજ બોલવાની ટેક રાખવી બહુજ જરૂરની છે.

૭૭ **સકળ જગત જનની હે દયા, કરત સહુ પ્રાણીકી મયા**—દયા, રહેમ, જયણા અને અહિંસા એકાર્થ રૂપ છે. દયા જગતૂવત્સલા જનની (માતા) છે. દુનિયામાં જે દેવ માનવ કે પશુપર્યંત સુખ પ્રતીત થાય છે તે દયાનોજ પ્રતાપ છે. દયાનો મહિમા અચિંત્ય અપાર છે, દયાજ ઇંદ્રનાં, ચક્રવર્તીનાં કે એવાંજ ઉત્તમ ઐહિક સુખ અર્પે છે, અને પ્રાંતે દયાજ આત્માને શાશ્વત સુખનો ભોક્તા બનાવે છે. દેહ લક્ષ્મી પ્રમુખ જડ વસ્તુ ઉપરનો મોહ તજી પરમદયાળુ શ્રી વીર પરમાત્માનાં પવિત્ર વચનાનુસારે નિઃસ્વાર્થપણે અહિંસા ધર્મનું આચરણ કરવા જે જે સદ્દઉદ્યમ સેવવામાં આવે છે તે તે મહા કલ્યાણકારી થાય છે. જગત્ના જીવો જે જે સુખ શાંતિનો અનુભવ કરે છે તે તે પૂર્વ જન્મમાં આચરેલા અહિંસા ધર્મનુંજ ઉત્તમ ફળ સમજવું. તેવીજ રીતે વર્તમાનકાળમાં જે અહિંસા

ધર્મને સાક્ષાત્ સેવે છે અને ભવિષ્યકાળમાં જે તેની સેવા કરશે તે સર્વે અહિંસા ધર્મના પસાયે સંસારમાં પણ પ્રગટ સુખ અનુભવી અનુક્રમે અક્ષયસુખના ભોક્તા થઈ શકશે. આવી રીતે સર્વ પ્રકારનાં સુખને પ્રગટ કરનારી, તેનું પાલનપોષણ કરનારી અને એકાંત અમૃતવૃષ્ટિને કરનારી જગદંબા જનની અહિંસાજ છે. એમ સમજી સુખના અર્થી સકળ જનોએ તેનુંજ આરાધન કરવા અહોનિશ ઉજમાળ રહેવું. તેનું કદાપિ પણ કુપુત્રની પેરે વિરાધન તો કરવુંજ નહિ. જે ઉક્ત માર્ગને ઉલ્લંઘશે નહીં તે અવશ્ય સુખી થશે.

**૭૮ પાલન કરતા પિતા તે કહિયે, તે તો ધર્મ ચિત્ત સદ્દહિયે**—જે આપણું પાલનપોષણ કરે છે તે પિતા કહેવાય છે, તે તો એક ભવઆશ્રીજ પ્રાયઃ હોય છે, પણ જે આપણને ભવભવમાં નિવાજે, આપણું સમીહિત સાધે, આપણને આનંદમાં રાખે, લગારે દુઃખનો સ્પર્શ થવા ન આપે અને પરિણામે આપણને દુર્ગતિના દાવમાંથી બચાવી સદ્ગતિમાં જોડે અને અનુક્રમે અક્ષય સુખસમાધિના ભાગી બનાવે એ ધર્મપિતાનોજ પરમ ઉપગાર છે. એ અમાપ ઉપગાર કદાપિ વિસારી ન શકાય એવો છે. નીતિ અનીતિનો ભેદ બતાવીને અનીતિ–અન્યાયના માર્ગથી નિવર્તાવી આપણને નીતિ–ન્યાયના માર્ગે દોરી સત્ય, અસ્તેય, શીલ અને સંતોષાદિકનાં ઉત્તમ તત્ત્વ સમજાવી સર્વ પાપથી વિમુખ કરી નિર્મળ ચારિત્રયુકત બનાવે છે અને તેમાંજ આપણા ઉપયોગને ઓતપ્રોત પરોવી આપણને પરમાનંદમાં નિમગ્ન કરી દેછે તે પૂજ્ય ધર્મપિતાજ સદા શરણ્ય ( આશ્રય કરવા યોગ્ય ) છે. દુનિયામાં કહેવાતા પિતા ભ્રાતાદિક સંબં-

ધીઓ સ્વાર્થી હોય છે; તે સ્વાર્થ સિદ્ધ થયા બાદ અથવા સ્વાર્થમાં અંતરાય પડવાથી છેહ દે છે ત્યારે ખરો ધર્મ અને ખરા ધર્મી જનોનો સંબંધ કેવળ નિઃસ્વાર્થ અને એકાંત સુખદાયી છે. એમ ચિત્તમાં દૃઢ શ્રદ્ધાન રાખી કલ્પિત સંબંધમાં નહિ મુઝાતાં ધર્મના અવિહડ સંબંધને માટેજ યત્ન કરવો ઉચિત છે.

## ૭૯ થી ૧૦૧ સુધીના ૨૩

## પ્રશ્નોના ઉત્તર નીચે પ્રમાણે—

मोह समान रिपु नहीं कोइ, देखो सहु अंतरगत जोइ;
सुखमें मित्त सकळ संसार, दुःखमें मित्त नाम आधार. २५
डरत पापथी पंडित सोइ, हिंसा करत मूढ सो होइ;
सुखिया संतोषी जगमांही, जाकुं त्रिविध कामना नांही. २६
जाकुं तृष्णा अगम अपार, ते म्होटा दुःखिया ततुं धार;
थया पुरुष जे विषयातीत, ते जगमांहे परम अभीत. २७
मरण समान भय नहीं कोइ, पंथ समान जरा नवि होइ;
प्रबळ वेदना क्षुधा वखाणो, वक्र तुरंग इंद्रि मन जाणो. २८
कल्पवृक्ष संजम सुखकार, अनुभव चिंतामणि विचार;
कामगवी वर विद्या जाण, चित्रावेलि भक्ति चित्त आण. २९
संजम साधत सवि दुःख जावे, दुःख सहु गयां मोक्षपद पावे;
श्रवण शोभा सुणीओ जिनवाणी, निर्मळ जिम गंगाजळ पाणी. ३०
नयन शोभा जिनबिंब निहारो, जिनपडिमा जिनसम करी धारो;
सत्य वचन मुख शोभा सारी, तज तंबोळ संत ते धारी. ३१
करकी शोभा दान वखाणो, उत्तम भेद पंच तस जाणो;

**भुजाबळे तरीए संसार, इणविध भुज शोभा चित्त धार. ३२**
**निर्मळ नवपद ध्यान धरीजे, हृदय शोभा इणविध नित कीजे;**
**प्रभुगुण मुक्तमाळ सुखकारी, करो कंठ शोभा ते भारी. ३३**

૭૯ **મોહ સમાન રિપુ નહિ કોઇ, દેખે સહુ અંતરગત જોઈ;**--મોહ જેવો કોઈ પણ કટ્ટો શત્રુ દુનિયામાં નથી એ વાત આત્મામાંજ ઉંડો આલોચ કરતાં સમજી શકાય એવી છે. રાગ, દ્વેષ, કષાય, વિષયલાલસા, અહંતા અને મમતાદિક સર્વ મોહનોજ પરિવાર છે. તે જીવને જુદી જુદી રીતે ઘેરી તેની વિધવિધ રીતે વિડંબના કરે છે. 'હું અને મારૂં' એવા મંત્રથી મોહે આખી આલમને અંધ કરી દીધેલ છે, અને એજ મંત્ર જગતના જીવો સુખ બુદ્ધિથી ગણે છે; પણ તેથી પરિણામે કેટલું બધું દુઃખ થાય છે તે તો કોઈક વિરલાજ સમજી શકે છે. જો અનંતીવાર જન્મમરણના ફેરામાં ફરવાનું કંઇ પણ સબળ કારણ હોય તો તે રાગ, દ્વેષ અને મોહજ છે. તેનો અંત (ક્ષય) થયે છતે જન્મ મરણ સંબંધી સમસ્ત દુઃખનો સહેજેજ અંત થઇ જાય છે. એ વાત શાસ્ત્રથી, ગુરૂગમથી કે જાતિઅનુભવથીજ સારી રીતે સમજી શકાય એવી છે. આપણો આત્મા પ્રમાદવશાત્ મોહાદિક શત્રુઓના પાશમાં સપડાઈ ગયો છે તેમાંથી મુક્ત થવાની તેને પૂરેપૂરી જરૂર છે, અને તે ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ. જો આપણને આપણા શુદ્ધ સ્વરૂપનું એટલે આપણી આત્મશક્તિનું યથાર્થ ભાન (જ્ઞાન) અને યથાર્થ શ્રદ્ધાન (પ્રતીતિ) થાય તો આપણને પોતાને પૂર્ણ ખાત્રી થાય કે આપણે આપણા કટ્ટા શત્રુઓના પાશમાં આપણીજ ભૂલથી સપડાયા છીએ; અને આપણે જાગૃત થઇ આપણી ભૂલ સુધારીને તે શ-

ત્રુઓની પુંઠ પકડીએ તો તેમનો ભાર નથી કે તે આપણને વધારે વખત પજવી શકે! મતલબ કે આપણને આત્મજાગૃતિની પરી જરૂર છે, એટલે કે આપણે આપણું ચરિત્ર બહુ ઉંચા પ્રકારે સુધારી લેવાની જરૂર છે, અને એમ થયે મોહાદિક શત્રુઓ આપોઆપ આપણાથી ત્રાસ પામીને પલાયન કરી જશે.

૮૦ **સુખમેં મિત્ત સકલ સંસાર, દુઃખમેં મિત્ત નામ આધાર**—પૂર્વ પુણ્યયોગે જ્યારે સકળ સુખસામગ્રી સંપ્રાપ્ત થઇ હોય છે ત્યારે તો બધાય મિત્ર થવા માગે છે; પણ જ્યારે કોઇ અંતરાયયોગે સુખસામગ્રીનો વિયોગ થાય છે ત્યારે આપદા સમયે આવી ઉભા રહેનાર, તેમાં મદદગાર થનાર યાવત્ તે આપદાથી મુક્ત કરવા પોતાથી બનતી દરેક કોશેશ કરનાર જે સખાઓ નીકળે તેજ ખરા મિત્ર છે. **પ્રશ્નોત્તર રત્નમાલિકા**માં આ પ્રશ્નનો આપેલો ઉત્તર મનન કરવા યોગ્ય છે, અને તે એ છે કે ' જીવને ભવિષ્યમાં ભયંકર દુઃખ આપે એવા પાપથી આપણને અળગા કરે, સદુપદેશવડે પાપથી થનારાં દુઃખની સમજ આપી આપણને પાપ આચરણથી નિવર્તાવે અને સન્માર્ગમાં સ્થાપે, યાવત્ સન્માર્ગમાંજ સ્થિત કરે એજ આપણો ખરો મિત્ર સમજવો. ' જ્યારે બીજા મિત્ર આ ભવમાંજ સહાયભૂત થાય છે ત્યારે ઉપર જણાવેલા સન્મિત્ર પરલોકમાં પણ સહાયભૂત થાય છે; માટે મોક્ષાર્થી જનોએ મિત્ર કરવા તો આવાજ મિત્ર કરવા લક્ષ્ય રાખવું. **यतः किं मित्रं यन्निवर्त्तयाति पापात् ।**

૮૧ **ડરત પાપથી પંડિત સોઈ**—જે પાપ આચરણથી ડરતો રહે અને શુભાચરણમાં આગળ પગલાં ભરે તે પંડિત.

પ્રશ્નોત્તરમાલિકામાં આ પ્રશ્નનો આવો ખુલાસો છે કે **कः पंडितो ? विवेकी** એટલે પંડિત કોણ? જેના હૃદયમાં વિવેક પ્રકટ્યો છે અને તે વિવેકના બળથી જેને જીવ, અજીવ, (જડ, ચૈતન્ય) પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરારૂપ નવ તત્ત્વનો યથાર્થ નિશ્ચય થયો છે, યથાર્થ તત્ત્વનિર્ણય થવાથી જેના હૃદયમાં નિશ્ચલ તત્ત્વશ્રદ્ધા થઇ છે અને તેથીજ આગામી કાળમાં આત્માને અનર્થકારી થાય તેવી પાપવૃત્તિથી જે અત્યંત ડરતો રહે છે, તેમજ આત્માને ભવિષ્યમાં એકાંત હિતકારી માર્ગમાં આનંદથી પ્રવૃતિ કરે છે, યાવત્ અન્ય યોગ્ય જનોને એવોજ સદુપદેશ આપે છે તેજ ખરો પંડિત છે.

૮૨. **હિંસા કરત મૂઢ સો હોઇ**—જગત્ માત્રને એકાંત સુખ દેનારી આપ્ત ઉપદિષ્ટ દયાની વિરોધિની હિંસકવૃત્તિને પોષે છે એટલે પરમકૃપાળુ પરમાત્માએ જગત્જંતુઓના એકાંત હિતને માટે ઉપદિશેલી ડહાપણ ભરેલી દયાનો માર્ગ મરડીને જે આપમતિથી વિપરીત વૃત્તિ આદરે છે તે ગમે તેવા સાક્ષર ગણાતા હોય તોપણ તત્ત્વદૃષ્ટિ જનો તો તેમને મહા મૂર્ખની કોટિમાંજ મુકે છે. કેમકે તે શુષ્કજ્ઞાની મોહવશાત્ એટલો પણ ઉંડો આલોચ કરી શકતો નથી કે '**સહુ કોઇ જીવિત વાંછે છે, કોઈ મરણ વાંછતા નથી**' '**જેવું આપણને દુઃખ થાય છે તેવુંજ સહુ કોઇને થાય છે.**' તો પછી જે આપણને **પ્રતિકૂલ જણાય તેવો દુઃખદાયી પ્રયોગ બીજા પ્રાણી ઉપર શામાટે અજમાવવો જોઈએ ?** આટલી બાબતજ જો ક્ષણભર સામ્ય ભાવ રાખીને વિચારવામ આવે તો નિર્દય કામથી પાછું ઓસરી શકાય, અને જેમ જેમાં

તે વાત વધારે દયાર્દ્ર લાગણીથી વિચારવામાં આવે તેમ તેમ નિર્દય કામ કરતાં કંપારી છૂટે, અને છેવટે નિર્દય કામ કરી શકાયજ નહિ. જે મૂઢ માનવીઓ રાક્ષસોની પેરે રસનાની લોલુપતાથી માંસભક્ષણ અને આખેટક ( મૃગયા–જીવવધ ) કરે છે તે કઠોર દિલવાળા નર-પશુઓ પોતાની સમીપે મરણને શરણ થતા જાનવરોની દુઃખ ભરી લાગણીઓ શું જોઇ શકતા નથી ? શું તે દીન અનાથ જા-નવરો પોતાનાં બાળબચ્ચાંને મૂકી તે નર દૈત્યોને અર્થે પોતાની ખુશીથી મરણને શરણ થવા ઇચ્છે છે ? જેમ નિર્દયતાથી તેમને તેમની ઇચ્છાવિરૂદ્ધ રીબાવીને મારી નાખવામાં આવે છે, તેમ આ નરદૈત્યોને તેમનાં બાળબચ્ચાંને કે તેમના વ્હાલા બીજા સંબધીઓને મારી નાખવામાં આવે તો કેટલો બધો ત્રાસ જ-ણાય ! તેટલોજ બલકે તેથી પણ અધિક ત્રાસ ઉક્ત પશુઓને નિર્દયપણે મારતાં થવોજ જોઇએ. તેની દયાજનક અપીલ કોની પાસે જઇ કરવી ? આ ભારતભૂમિ દયાના પ્રતાપ-થી આગળ જેવી દયાર્દ્ર અને પવિત્ર હતી તેવીજ અત્યારે નીચ સંસર્ગથી નિર્દય અને અપવિત્ર બની ગઇ છે. ફક્ત નિર્દ-યતા ( નિરપરાધી પ્રાણીઓ ઉપર ગુજરતું ક્રૂર શાસન–ઘાતકીપણું ) જ અત્ર નિયામક છે. તેનેજ દૂર કરવા પુરતો પુરૂષાર્થ સેવવામાં આવે તો પુનઃ આ આર્યભૂમિ જેવી ને તેવી દીપી રહે ! એમ સમજી પોતાની માતૃ–ભૂમિના ઉદ્ધાર માટે હરેક ભારતવર્ષી જને હિંસા પ્રતિબંધ માટે દૃઢ પ્રતિજ્ઞા કરવી જોઇએ !

૮૩. **સુખિયા સંતોષી જગમાંહી જાકું ત્રિવિધ કામના નાંહિ**—જેને કોઇ પણ પ્રકારની વિષયવાંછા રહી નથી એવા સંતોષી સંત સુસાધુજનોજ જગત્માં ખરા સુખીયા સમજવા.

વિષયવાંછા એજ દુઃખરૂપ છે. જેમ ક્ષુધા તૃષા વિગેરે દુઃખરૂપ છે અને તેને શાંત કરવાને અન્ન પાનાદિકનો ઉપચાર કરવામાં આવે છે. તે ઉપચાર જો યથાવિધિ લક્ષ્યપૂર્વક કરવામાં આવે તો તે દુઃખ ઉપશાંત થાય છે, પરંતુ જો તેમાં અતિમાત્રાદિક અવિધિદોષ સેવવામાં આવે છે તો વ્યાધિ પ્રમુખથી ઉલટી નવી ઉપાધિ ઉભી થાય છે અને તેને ટાળવા માટે અનેક પ્રકારના ઉપચાર કરવા પડે છે; તેમ ભિન્ન ભિન્ન જાતની વિષયવાંછના પણ દુઃખરૂપજ છે અને તે દુઃખને ઉપશમાવવા તેનો યોગ્ય પ્રતીકાર શાસ્ત્રનીતિથી સંભાળપૂર્વક કરવાની જરૂર રહે છે; અને જો તેમાં અતિચાર થાય તો તે દુઃખ શમવાને બદલે વધવાનોજ સંભવ રહે છે. મન, વચન અને કાયાના નિખિલ વિકારોને વશ કરવાને શાસ્ત્રકારે સમિતિ ગુપ્તિ રૂપ મુનિધર્મ અને સ્વદારાસંતોષાદિ રૂપ ગૃહસ્થધર્મ બતાવ્યો છે. તેની સદ્ગુરૂ સમીપે સારી રીતે સમજ મેળવી તે પ્રમાણે આચરણ કરનાર આત્માર્થી જન અવશ્ય અનુક્રમે ત્રિવિધ કામનાથી મુક્ત થઇ શકે છે; અને એજ સુખ–સંતોષની પરાકાષ્ઠા હોવાથી શાશ્વત સુખના અર્થી જનોએ આદરવા યોગ્ય છે. કહ્યું પણ છે કે **न तोषात् परमं सुखं** એટલે સંતોષ જેવું શ્રેષ્ઠ સુખ નથી અને '**न तृष्णायाः परो व्याधिः**' વિષયતૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી. આથીજ શાસ્ત્રકારે જણાવ્યું છે કે 'વિષય–ઇંદ્રિયોને મોકળી મૂકવી એ આપદાનો માર્ગ છે અને તેને કાબુમાં રાખવી એ સુખ–સંપદાનો માર્ગ છે. એ બેમાંથી તમને જે માર્ગ પસંદ પડે તે માર્ગે ગમન કરો !'

૮૪. **જાકું તૃષ્ણા અગમ અપાર, તે મ્હોટા દુઃખી-**

**યા તનુ ધાર**—જેની તૃષ્ણાનો પારજ નથી અર્થાત્ જેની તૃષ્ણા અનંત અપાર છે તેના દુઃખનો પણ પાર નથી, એટલે તેનું દુઃખ પણ અનંત અપાર હોય છે. જ્ઞાની પુરૂષોએ લોભને અગ્નિની અને તૃષ્ણાને તેની જ્વાળાની ઉપમા આપી છે એટલે જેમ જેમ ઇંધનાદિક યોગે અગ્નિ પ્રબળ થતો જાય છે તેમ તેમ તેની જ્વાળા પ્રખર પરિતાપકારી થતી જાય છે. એવીજ રીતે લોભી માણસને જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભાંધતા વધીને તેની તૃષ્ણાને અમર્યાદિત બનાવે છે અને તે લોભાવિષ્ટને કેવળ દુઃખી દુઃખી કરી મૂકે છે. આવા અનંત અપાર દુઃખ દાવાનળના સતત પરિતાપથી બચવાને જેની પ્રબળ ઇચ્છા હોય તેણે લોભાંધતા મૂકી તૃષ્ણાને સંકુચિત ( મર્યાદિત ) કરી સંતોષવૃત્તિ સેવવા અભ્યાસ કરવો એજ ઉચિત છે.

૮૫. **થયા પુરૂષ જે વિષયાતીત, તે જગમાંહે પરમ અભીત**—જેમણે સંતોષવૃત્તિ ધારીને અભ્યાસયોગે અનુક્રમે વિષયવાસનાનેજ નિર્મૂળ કરી છે તેમને જગતમાં કંઈ પણ ભય રહેતો નથી. જેમણે રાગદ્વેષાદિક વિકાર માત્રનો વિનાશ કર્યો છે તેમને વિષયવાસના હોતીજ નથી એટલે તે જીવનમુક્ત છે, તેથી તેમને પુનર્જન્મ લેવો પડતોજ નથી. છેવટે આ નશ્વર દેહને અહીંજ તજી દેહાતીત થઈ અક્ષય, અનંત અને અવિચળ એવા મોક્ષસુખને પામે છે. એટલે જન્મ, જરા અને મરણ સંબંધી સર્વ ભયથી સર્વથા મુક્ત થાય છે. જ્યાંસુધી જીવમાં રાગદ્વેષાદિક વિકારોને વશ થઈને વિષયવાસના જાગે છે ત્યાંસુધી તેને જન્મ, જરા, મરણ સંબંધી ભય માથે ઝઝુમી રહે છે; ત્યારે વિષયાતીતને કોઈ પણ જાતનો ભય રહેતોજ નથી, એમ સમજી

પ્રાજ્ઞ જનોએ મન અને ઇંદ્રિયોને જ્ઞાની પુરૂષોના વચનાનુસારે દમી, શુદ્ધ સંયમ પાળી, વિષયાતીત નિર્ભયપદને પ્રાપ્ત કરવા માટે વિષયવાસના ટાળવા પ્રતિદિન ઉદ્યમ કરવો ઉચિત છે.

૮૬. **મરણ સમાન ભય નહિ કોઇ**—જગત્‌ના જીવોના મનમાં જે મોટામાં મોટો ભય કાયમ નિવાસ કરી રહે છે તે મરણનો છે, અને તે વાસ્તવિક છે. કેમકે તેની પાછળ બીજા પણ જન્મ, જરા, સંયોગ, વિયોગ, આધિ, વ્યાધિ અને ઉપાધિના ભય સાથે લાગ્યા રહે છે. જો મરણના મહાભયથી સર્વથા મુક્ત થવાય તો બીજા સાથે લાગેલા ભય તો આપોઆપ શમી જાય. એ મરણના મહાભયથી મુકત થવાને માટેજ સર્વજ્ઞ પરમાત્માએ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે; અને તે રત્નત્રયીનું યથાવિધિ આરાધન કરનાર આત્માર્થી જનો અવશ્ય જન્મમરણ સંબંધી સકળ ભયથી મુક્ત થઇ શકે છે. તેથી નિર્ભય સુખ ઇચ્છનારને માટે એજ કર્તવ્ય છે.

૮૭. **પંથ સમાન જરા નવિ હોઇ**—જેમ જરા અવસ્થાથી શરીર ખોખરૂં થઇ જાય છે, તેથી યૌવન વયની જેવું સામર્થ્ય તેમજ ઉલ્લાસ ટકી શકતો નથી; તેમ મ્હોટી મજલ કરવાથી માણસ એટલા બધા થાકી જાય છે કે તેમનાથી કંઇ પણ અગત્યનું કામ હોંશભર કરી શકાતું નથી, અને જે કંઈ અણછૂટકે કરવું પડે છે તેમાં પણ તેમને કંટાળો આવે છે. માટેજ અનુભવી લોકો કહે છે કે ગમે તેવડી મ્હોટી મુસાફરી પગે ચાલીને કરવાના હોય ત્યારે 'ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય' એ વચન અનુસારે શરીરથી સીઝે એટલોજ પંથ કરવો કે જેથી ભવિષ્યમાં વધારે સહન કરવું પડે નહીં.

તેમજ આપણી વ્યાવહારિક તથા ધાર્મિક કરણીમાં પણ ખલેલ પહોંચે નહિ.

**૮૮. પ્રબળ વેદના ક્ષુધા વખાણો**—બીજી બધી વેદના કરતાં ક્ષુધાની વેદના વધારે પ્રબળ કહી છે. બીજી વેદનામાં પ્રાયઃ મનમાં વૈરાગ્ય જાગે છે, પ્રભુનું નામ યાદ આવે છે, કે પરભવનું સાધન કરવા મનમાં પ્રેરણા થાય છે; ત્યારે ક્ષુધાના પ્રબળ ઉદય વખતે એ બધું હોય તે પણ પ્રાયઃ સૂકાઈ જાય છે. એ ક્ષુધા પરિસહને સહન કરનાર કોઈ વિરલ જ્ઞાની તપસ્વી સાધુ જનોજ હોય છે. તેવા સમતાવંત તપસ્વી સાધુઓ શિરસાવંદ્ય છે. શાસ્ત્રનિર્દિષ્ટ તપસ્યા ઉક્ત વેદનાને શમાવવાનો ઉત્તમ ઉપાય છે.

**૮૯. વક્ર તુરંગ ઇંદ્રિ મન જાણો**—શાસ્ત્રમાં ઇંદ્રિયોને તથા મનને અવળી ચાલના ઘોડા જેવા કહ્યા છે. જેમ અવળી ચાલનો ઘોડો અશ્વારને અણધારી વિષમ વાટમાં ખેંચી જઇ વિડંબના પાત્ર કરે છે, પણ જો તેને કેળવનાર કોઇ કુશળ (અશ્વવિદ્યામાં નિપુણ) પુરૂષ મળે તો તેને એવો સુધારી શકે છે કે તેજ વાંકો ઘોડો અલ્પ વખતમાં તેના સ્વામીને ધારેલા સ્થાને પહોંચાડી દે છે; તેમ અણકેળવાયેલી અશિક્ષિત ઇંદ્રિયો તથા મન સ્વચ્છંદપણે મોજમાં આવે તેવા વિષયપ્રદેશમાં દોડીને આત્માને અનેક પ્રકારે દુઃખી કરે છે અને છેવટ દુર્ગતિમાં લઈ જઇને નાંખે છે; પણ જો સર્વજ્ઞ પ્રભુના વચનાનુસાર તેમને સારી રીતે કેળવ્યાં હોય તો તે સન્માર્ગમાં ચાલે છે અને સન્માર્ગમાં ટેવાઈ તે પોતાના સ્વામી–આત્માને સદ્‌ગતિનો ભોક્તા બનાવે છે. માટે શાસ્ત્રકાર ઉપદિશે છે કે ' જો તમે ભવભ્રમણનાં

દુઃખ થકી ડરતા હો અને અચળ અવિનાશી અક્ષય અનંત અજરામર એવા મોક્ષસુખની ચાહના કરતા હો તો ઇંદ્રિયોને વશ કરવાને પ્રબળ પુરૂષાર્થ ફોરવો.' 'જો વિષયસુખનો જય કર્યો તો સર્વ દુઃખનો અંત આવ્યો જાણવો.' આથી સમજાય છે કે સકળ સુખ સ્વાધીન કરવાની ખરી કુંચી મન અને ઇંદ્રિયોને શાસ્ત્રયુક્તિથી સ્વવશ કરી તેમને સન્માર્ગમાંજ દોરવામાં–ટેવવામાં સમાએલી છે; તેથી એજ કર્તવ્ય છે.

**૯૦. કલ્પવૃક્ષ સંજમ સુખકાર**—જેમ સર્વ વૃક્ષોમાં કલ્પવૃક્ષ ઉત્તમ દેવતરૂ ગણાય છે અને તેની છાયા, મૂળ, પત્ર, પુષ્પ, અને ફળ સર્વે ઉત્તમ છે; તેમ 'સંયમ સુખ ભંડાર' સર્વજ્ઞદેશિત સંયમ સર્વ સુખનું નિધાન છે. વીતરાગ પ્રભુનાં નિષ્પક્ષપાતી વચન ઉપર અચળ આસ્થા એ સંયમનું મૂળ છે, યમ નિયમ વિગેરે તેનાં પત્ર છે, સહજ સમાધિરૂપ તેની શીતળ છાયા છે, ઉત્તમ દેવ મનુષ્ય ગતિ તેનાં સુગંધી પુષ્પ છે અને મોક્ષરૂપ તેનું સર્વોત્તમ ફળ છે. આવા એકાંત સુખદાયી સંયમની કોને ચાહના ન હોય? પરંતુ અનાદિ કાળથી આત્મક્ષેત્રમાં ઉગી નીકળેલાં મિથ્યાત્વ, અજ્ઞાન, અને અવિરતિરૂપ (weeds demerits) દુર્ગુણો રૂપી નકામા હાનિકારક રોપાઓને ઉખેડી નાંખી, પ્રથમ હૃદયભૂમિની શુદ્ધિ કરવા અક્ષુદ્રતાદિક યોગ્યતા સંપાદન કરી, અનુક્રમે સર્વજ્ઞદેશિત સંયમના યા અધ્યાત્મના અવંધ્ય બીજરૂપ શુદ્ધ શ્રદ્ધાન રોપી, તેમાં નિર્મળ જ્ઞાનરૂપ અમૃતનું સિંચન કરવામાં આવે છે, તો તેમાંથી પરમ સુખદાયક યમ નિયમાદિક સંયમયોગનો પ્રાદુર્ભાવ થાય છે; અને તેથી સ્વર્ગનાં તથા મોક્ષનાં ઉત્તમોત્તમ સુખ સંપ્રાપ્ત થઇ શકે

છે. એમ સમજી આત્માર્થી જનોએ ઉક્ત દિશામાં વિશેષે ઉદ્યમ કરવો ઉચિત છે.

**૯૧. અનુભવ ચિંતામણિ વિચાર**—અનુભવજ્ઞાન ચિંતામણિ રત્ન જેવું અમૂલ્ય છે, તેથી ચિંતિત સુખ સાધી શકાય છે. તેનું ગ્રંથકારે એવું લક્ષણ બતાવ્યું છે કે '**વસ્તુ વિચારત ધ્યાવત, મન પાવે વિશરામ, રસ સ્વાદન સુખ ઉપજે, અનુભવ યાકો નામ**' અર્થાત્ 'અમુક ધ્યેય વસ્તુને વિચારતાં કે ધ્યાવતાં મન શીતળતાને પામે અને તે વસ્તુના રસનું આસ્વાદન કરવા રૂપ સહજ સ્વાભાવિક સુખ જેથી વેદવામાં આવે તેનું નામ અનુભવ.' 'શાસ્ત્ર તો વસ્તુની દિશા માત્ર બતાવે છે, ત્યારે તેનો પાર તો અનુભવજ પમાડે છે.' '**અનુભવજ્ઞાન કેવળજ્ઞાન રૂપી સૂર્યનો અરૂણોદય** છે.' 'કોની કોની કલ્પના રૂપી કડછી શાસ્ત્રરૂપી ક્ષીરમાં ફરતી નથી, પરંતુ અનુભવ રૂપી જીભવડે તે શાસ્ત્રક્ષીરનું આસ્વાદન કરનાર કોઈક વિરલાજ હોય છે.' આ બધાં સૂક્ત વચનો અનુભવજ્ઞાનનો અપૂર્વ મહિમા પ્રદર્શિત કરે છે, એમ સમજી જેથી પોતાના શુદ્ધ આત્મતત્ત્વનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય તેવા અનુભવજ્ઞાન માટેજ યત્ન કરવો ઉચિત છે.

૯૨ **કામગવી વર વિદ્યા જાણ**—અત્ર સદ્‌વિદ્યાને કામધેનુ જેવી સુખદાયી કહી છે. જેમ કામધેનુ સહુ જાતની મનકામના પૂરે છે તેમ સદ્‌વિદ્યા પણ પૂરે છે. '**તત્વધીર્વિદ્યા**' એ વચનાનુસારે વસ્તુને વસ્તુસ્વરૂપે જેથી જાણી શકાય, એટલે વસ્તુનું યથાર્થ સ્વરૂપ ઓળખાવનારી વિદ્યા સદ્‌વિદ્યા કહેવાય છે, અને તેથી વિપરીત વિદ્યા અવિદ્યા કહેવાય છે. તે **અવિદ્યાનું** સ્પષ્ટ લક્ષણ આવું કહ્યું છે કે 'અનિત્ય, અશુચિ અને પરવસ્તુ-

ને નિત્ય, પવિત્ર અને પોતાની માનવી. ' આવી અવિદ્યા, મિથ્યા ભ્રાંતિ યા અજ્ઞાનને પરિહરવા પ્રયત્ન કરવો એ પ્રથમ જરૂરનું છે. તે વિના કામધેનુ સમાન શ્રેષ્ઠ વિદ્યા પ્રાપ્ત થઇ શકતીજ નથી, અને તે વિના આત્મકલ્યાણ પણ સાધી શકાતું નથી. માટે આત્માર્થી જનોએ સદ્‌ગુરૂ સંગે સદ્‌વિદ્યાજ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો ઉચિત છે.

૯૩ **ચિત્રાવેલી ભક્તિ ચિત્ત આણ.**—અત્ર ભક્તિને ચિત્રાવેલી સાથે સરખાવી છે. જેમ ચિત્રાવેલીથી સુવર્ણસિદ્ધિ થાય છે તેમ ભક્તિથી પણ ભવ્ય જનોની મનકામના પૂર્ણ થાય છે, એટલુંજ નહિ પણ તેથી સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) ની પણ પ્રાપ્તિ થઇ શકે છે. બીજાં સાધન કરતાં ભક્તિનું સાધન સુલભ છે એટલુંજ નહિ પણ સંગીન સુખ આપનારૂં પણ છે. જ્ઞાનાદિક અન્ય સાધનમાં મદ આવવાનો ભય છે ત્યારે ભક્તિમાં એવા ભયને અવકાશજ મળતો નથી. ભક્તિથી તો નમ્રતાદિક સદ્‌ગુણશ્રેણિ દિન પ્રતિદિન વધતીજ જાય છે. ભક્તિની ધુનમાં મચેલા ભદ્રિક જીવ પોતાનું ભાન ભૂલી જઇ ભગવંત સાથે એકમેક થઇ જાય છે. તેથીજ અનેક ભક્ત જનો ભક્તિના સુલભ માર્ગે વળેલા જણાય છે.

૯૪ **સંજમ સાધ્યાં સવિ દુઃખ જાવે, દુઃખ સહુ ગયાં મોક્ષપદ પાવે**—સંયમ એટલે આત્માનો નિગ્રહ કરવો, તે આવી રીતે કે અનાદિ અવિદ્યાના યોગે જીવ જે **ઉન્માર્ગે** ચડી ગયો છે—હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહમાં લુબ્ધ બન્યો છે, પાંચે ઇંદ્રિયોને પરવશ પડ્યો છે, ક્રોધાદિક કષાયને સુખબુદ્ધિથી સેવે છે અને મન વચન તથા કાયાના

યથેચ્છ વ્યાપારમાંજ સુખબુદ્ધિ માની બેઠો છે તે તેની અનાદિ-ની ભૂલ સુધારી તેને સન્માર્ગમાં જોડવો, એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતા ( નિસ્પૃહતા ) રૂપ મહાવ્રતોનું યથાવિધ સેવન કરવું; વિષય-ઇંદ્રિયોને કાબુમાં રાખવી એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ પંચ વિષયમાં થતી વિકાર બુદ્ધિને ટાળવી; ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષ વૃત્તિથી કષાયનો જય કરવો અને જ્ઞાન ધ્યાન તપ જપવડે મન વચન તથા કાયાના દુષ્ટ વ્યાપારનો રોધ કરવો, એવી રીતે ૧૭ પ્રકારે સંયમને યથાર્થ પાળનારનાં ભવભ્રમણ સંબંધી સકળ દુઃખ દૂર જાય છે; એટલે તેને ભવભ્રમણ કરવું પડતુંજ નથી, અને સકળ કર્મમળનો સંપૂર્ણ ક્ષય કરીને તે અજરામર સુખને પામે છે.

૯૫ **શ્રવણ શોભા સુણિયે જિનવાણી, નિર્મળ જેમ ગંગાજલ પાણી**—જેમ ગંગાજળ નિર્મળ-મલરહિત છે તેમ જીનેશ્વર પ્રભુની વાણી રાગ દ્વેષ અને મોહરૂપ મળથી સર્વથા મુક્ત છે. કેમકે સર્વજ્ઞ પરમાત્મામાં ઉક્ત દોષનો સર્વથા અભાવજ હોય છે, અને તેથીજ તેમની વાણી નિર્મળ કહી છે. એવી નિર્મળ જીનવાણીનું કર્ણપુટથી પાન કરવું એજ શ્રવણ ઇંદ્રિયની ખરી શોભા છે. અજ્ઞાની જનો પોતાના કાનને કલ્પિત સુવર્ણાદિક ભૂષણોથી શોભાવવા પ્રયત્ન કરે છે, ત્યારે તત્ત્વરસિક જનો પોતાનાં કર્ણને સહજ નિરૂપાધિક સુવર્ણ ( ઉત્તમ વર્ણ-અક્ષરાત્મક વચનપંક્તિ ) વડે સુશોભિત કરે છે, અને એમ કરીને પોતાની સકર્ણતા સાર્થક કરે છે.

૯૬ **નયન શોભા જીનબિંબ નિહારો, જીનપડિમા**

**જીન સમ કરી ધારો**—જેવી રીતે જીનવાણીનું શ્રવણ કરવું એ કર્ણની શોભા છે, તેવીજ રીતે જીનમુદ્રા—જીનપડિમાનાં દર્શન કરવાં એ નયનનું ભૂષણ છે. જેમ જીનવાણીથી હૃદયમાં વિવેક પ્રગટે છે તેમ જીનદર્શનથી પણ વિવેક પ્રગટે છે; તે એવી રીતે કે પ્રભુમુદ્રા જોતાં પ્રભુનું મૂળ સ્વરૂપ સ્મરણમાં આવે છે, અને પ્રભુના સ્વરૂપનું યથાર્થ ભાન થતાં તેવુંજ આપણું પોતાનું આત્મસ્વરૂપ સત્તાગત રહેલું છે તેની ઝળક પડે છે અને સ્થિર અભ્યાસે પ્રભુસ્વરૂપના સાનિધ્યથી આપણે પણ પ્રભુ સદૃશ થવાને શીખીએ છીએ. જેમ જેમ આપણે પ્રભુમુદ્રાથી પ્રતીત થતા ગુણનો અભ્યાસ કરતા જઈએ છીએ તેમ તેમ આપણે આપણા અંતરમાં ઢંકાઈ રહેલા ગુણોને પ્રગટ કરવામાં સફળ થઇએ છીએ; અને એમ અંતે પ્રભુ સાથે અભેદ ભાવે મળી જતાં પ્રભુ સદૃશ અસાધારણ પુરૂષાર્થ ફોરવતાં આપણે પણ પ્રભુરૂપ થઇ શકીએ છીએ. આવી સર્વોત્તમ પદવી પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન જીનવાણી અને જીનમુદ્રા છે અને તેથીજ તેને સાક્ષાત્ જીનેશ્વર સદૃશ ગણેલ છે એવો નિર્ણય થાય છે.

**૯૭ સત્ય વચન મુખ શોભા ભારી, તજ તંબોળ સંત તે વારી**—જેમ નયનની શોભા જીનબિંબને નિહાળી જોવામાં કહી તેમ મુખની શોભા મિષ્ટ પથ્ય અને સત્ય વચન બોલવામાંજ કહી છે. કેટલાક મુગ્ધ જનો તંબોળ ચાવવાથી મુખની શોભા વધે છે એમ ધારે છે અને કરે છે, પણ તે શોભા કેવળ કૃત્રિમ અને ક્ષણિક છે. ત્યારે સત્શાસ્ત્ર અનુસારે સત્ય વચન ઉચ્ચારથી થતી મુખશોભા સહજ અને ચિરસ્થાયી છે. તેથીજ **ઉપદેશમાળાકારે** વચન બોલતાં આ પ્રમાણે ઉપયોગ

રાખવા સૂચવ્યું છે કે ' મધુર વચન બોલવું પણ કટુક નહિ, ડહાપણ ભરેલું બોલવું પણ મૂર્ખવત્ નહિ, થોડું બોલવું પણ ઘણું નહિ, પ્રસંગ પૂરતું બોલવું પણ અતિ પ્રસંગ થાય તેવું નહિ, નમ્ર વચન વદવું પણ ગર્વયુક્ત નહિ, ઉદાર વચન ઉચ્ચરવું પણ તુચ્છ નહિ, આ વચનનું કેવું પરિણામ આવશે એમ પ્રથમ વિચારીને બોલવું પણ વગર વિચાર્યું નહિ, અને જેથી સ્વપરને હિત થાય તેવું સત્ય વચન બોલવું પણ અસત્ય અહિતકર એવું અધર્મયુક્ત નહિ', વિવેકી પુરૂષો એવુંજ વચન વદે છે અને એજ મુખનું મંડન છે. **પ્રશ્નોત્તર રત્નમાલિકાકારે** પણ કહ્યું છે કે ' **किं वाचां मंडनं सत्यं**' એટલે વાણીની શોભા શી? ઉત્તર–સત્ય. આ વાત ઉપર વધારે ભાર મૂકીને કહેવા યોગ્ય છે કે આજ કાલ કારણે કે બેકારણે લોકો સત્ય ઉપર પ્રહાર કરે છે–પ્રહાર કરવા ટેવાયેલાં છે. તેમણે સ્વપરના હિત માટે અસત્ય પક્ષ તજીને સત્ય પક્ષ અંગીકાર કરવાજ યત્ન કરવો ઉચિત છે. એમ કરવાથીજ સ્વપરનો ઉદય થશે. યતઃ **सत्यमेव जयति**.

**૯૮ કરકી શોભા દાન વખાણો, ઉત્તમ ભેદ પંચ તસ જાણો**—જેમ મુખની શોભા સત્ય બોલવામાં છે તેમ હાથની શોભા દાન દેવામાં છે. તે દાનના શાસ્ત્રમાં પાંચ ભેદ બતાવેલા છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, કીર્તિદાન અને ઉચિતદાન એ તેના પાંચ પ્રકાર છે. તેના પણ દ્રવ્યભાવથી બે બે ભેદ થઈ શકે છે. લક્ષ્મી પ્રમુખ દ્રવ્ય સાધનથી દાન તે દ્રવ્ય દાન છે, અને જ્ઞાનાદિક ભાવ સાધનથી દાન તે ભાવદાન છે. જે લક્ષ્મી પ્રમુખનો દુર્વ્યસનોમાં વ્યય કરવો તે દુર્ગતિનું કારણ

છે, અને તેજ લક્ષ્મી પ્રમુખનો સપ્ત ક્ષેત્રાદિક શુભ માર્ગે વ્યય કરવો તે સદ્‌ગતિનું કારણ છે. તેમાં પણ સદ્‌વિવેકયોગે જે જે સ્થળે દ્રવ્ય વ્યય કરવાની વિશેષે જરૂર જણાય તે તે સ્થળે તેનો વ્યય કરવામાં અધિક લાભ છે. જ્ઞાન, દર્શન ચારિત્ર પ્રમુખનું દાન તે ભાવદાન કહેવાય છે, અને તેવું ભાવપ્રધાન દાન દ્રવ્યદાન કરતાં ઘણુંજ ચઢીયાતું છે; તેથી તે ઉભય પ્રકારનું દાન અનુક્રમે આરાધવા યોગ્ય છે, અને એજ સદ્‌ભાગ્ય યોગે પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીનું ઉત્તમ ફળ છે.

**૯૯ ભુજા બળે તરીએ સંસાર, ઇણ વિધ ભુજ શોભા ચિત્ત ધાર**—ભુજાબળે એટલે નિજ પરાક્રમથી–પુરૂષાર્થથીજ સંસારસમુદ્ર તરી શકાય છે. તેવી ઉત્તમ ભુજા પામીને જો પોતાનું પરાક્રમ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રયીનું આરાધન કરવા માટે ફેરવવામાં આવે તો તેથી સંસારસમુદ્ર તરવો સુતર પડે છે. આ દુનિયામાં સ્પર્ધા, દ્વેષ, ઇર્ષા અને મોહને વશ થઈ રણસંગ્રામ વિગેરેમાં પોતાની ભુજાનો ઉપયોગ કરનાર અનેક જનો નીકળે છે, પરંતુ પૂર્વોક્ત દોષસમૂહને દળી પવિત્ર રત્નત્રયીનું યથાવિધ આરાધન કરવામાં સ્વવીર્યનો સદુપયોગ કરનારા કોઈ વિરલાજ નરરત્નો નીકળી આવે છે, અને એજ ખરૂં ભુજાબળ શોભાકારી અને પ્રશંસનીય છે. આત્માર્થી જનોએ પોતાના ભુજાબળનો સદુપયોગ કરવો ઉચિત છે.

**૧૦૦ નિર્મળ નવપદ ધ્યાન ધરીજે, હૃદય શોભા ઈણ વિધ નિત કીજે**--હૃદય એ વિવેકનું સ્થાન છે. જે એ હૃદયને કેળવી જાણે છે તેનામાં સદ્‌વિવેક જાગે છે, અને તેથી તે હિતાહિતનો નિશ્ચય કરીને અહિતનો ત્યાગ કરી, હિત ભણી

પ્રવૃત્તિ કરે છે. જ્યારે મોહવશ જગત્ અસત્ પ્રવૃત્તિ પસંદ કરે છે ત્યારે વિવેકી હૃદય સત્પ્રવૃત્તિ અથવા નિવૃત્તિજ પસંદ કરે છે. તે સત્ પ્રવૃત્તિને પણ નિવૃત્તિને માટેજ સેવે છે. નિવૃત્તિમાંજ સાચું સુખ, શાંતિ યા સમાધિ સમાયેલ છે. તેથીજ જેમણે સંપૂર્ણ સુખ શાંતિ સમાધિને સ્વાધીન કરેલ છે એવા અરિહંતાદિક નવપદનું વિવેકવંત નિજ હૃદયમાં અપૂર્વ શાંતિનો સાક્ષાત્ અનુભવ કરવા એકાગ્રપણે ચિંતવન રૂપ ધ્યાન કરે છે, અને દૃઢ અભ્યાસયોગે અરિહંતાદિક નિર્મળ નવપદમાં લયલીન થઇ આત્માની અપૂર્વ શાંતિનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. હૃદયકમળ ધ્યાન કરવા માટે એક નિર્મિત સ્થાન છે, તેમાં અરિહંતાદિક ધ્યેયનું વિવેક પૂર્વક ધ્યાન કરવાથી અનુક્રમે દૃઢ અભ્યાસથી તે ધ્યાનની સિદ્ધિ થાય છે. એટલે ધ્યાતા ધ્યેય અને ધ્યાનનો ભેદભાવ મટી તેમાંથી સમરસી ભાવ પ્રગટે છે. એ સમરસી ભાવનું સુખ સમરસીભાવવેદીજ જાણે છે, અર્થાત્ તે અનુભવગમ્ય હોવાથી વચનઅગોચર છે. પણ તેની પ્રાપ્તિનો ખરો ઉપાય નિજ હૃદયકમળમાં નવપદને સમજ પૂર્વક એકાગ્રપણે ધ્યાવવા એ છે; તેથી આત્માર્થી જનોએ બીજી બધી ધમાલ મૂકીને શાંતવૃત્તિથી પોતાના હૃદયમાં એજ ધ્યાવવા યોગ્ય છે.

**૧૦૧ પ્રભુગુણ મુક્તમાળ સુખકારી, કરો કંઠશોભા તે ભારી**—મુક્તમાળ એટલે મુક્તાફળ જે મોતી તેની માળા (મોતીની માળા) જેમ કંઠે ધરવામાં આવે છે તો કંઠ સારી શોભા પામે છે, તેમ જો જીનેશ્વર પ્રભુના કેવળ જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રમુખ અનંત ઉજ્વળ ગુણરૂપી મુક્તાફળની માળા કંઠે ધરવામાં આવે છે, એટલે જો પ્રભુના સદ્ગુણોનુંજ રટન કરવામાં

આવે છે અથવા મધુર કંઠથી પ્રભુના પરમ ઉજ્વળ ગુણોનું ગાન કરવામાં આવે છે તો તેથી કંઠની સાર્થકતા થાય છે. સ્વાર્થવશ જીવ કોની કોની ખુશામત કરતો નથી? જેનામાં સદ્‌ગુણની શ્રેણિ પ્રગટી નથી અને જે દોષમાં ડુબેલા છે તેવાની ખુશામતથી કંઈ વળતું નથી. જે ખરી પૂર્ણતાને પ્રાપ્ત થયેલા છે તે કોઈની ખુશામત ઇચ્છતા પણ નથી, એવા પૂર્ણાનંદ પ્રભુનાજ ગુણ ગ્રામ અહોનિશ ગાવા ઉચિત છે કે જેના ગુણગાન કરવાથી એવાજ ઉત્તમ ગુણની આપણને પ્રાપ્તિ થઈ શકે. કહ્યું છે કે '**જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ**–ઉત્તમ લક્ષ્યથી પ્રભુના ગુણ ગાનાર પોતાના સકળ દોષોનો અંત કરીને પ્રભુના પવિત્ર પદને પામી શકે છે. એમ સમજી કૃપણ અને નીચ–નાદાન જનોની સંગતિ તજી સત્સંગથી પ્રભુનું સ્વરૂપ યથાર્થ ઓળખી પ્રભુભક્તિમાં પોતાનું ચિત્ત જોડી દેઈ પરમાત્મ ગુણોનું સ્મરણ, ચિંતવન, રટણ કરવાનો દૃઢ અભ્યાસ પાડી તેવાજ અનંત અપાર સદ્‌ગુણો આપણામાંજ પ્રકટે એવો અચળ પ્રયત્ન કરવો ઉચિત છે.

## ૧૦૨ થી ૧૧૪ સુધી (૧૩) પ્રશ્નોના ઉત્તર નીચે પ્રમાણે—

**सतगुरु चरण रेणु शिर धरीए, भाळ शोभा इणाविध भवि करीए;**
**मोहजाळ म्होटो अति कहीए, ताकुं तोड अक्षयपद लहीए. ३४.**
**पापका मूळ लोभ जगमांही, रोग मूळ रस दुजा नांही;**
**दुःखका मुळ सनेह पियारे, धन्य पुरुष तेनुथी न्यारे. ३५.**
**अशुचि वस्तु जाणो निज काया, शुचि पुरुष जे वरजित माया;**

सुधा समान अध्यातम वाणी, विष सम कुकथा पाप कहाणी. ३६.
जिहां बेठा परमारथ लहीए, ताकुं सदाय सुसंगति कहीए;
जिहां गया अपलक्षण आवे, ते तो सदाय कुसंग कहावे. ३७.
रंग पतंग दुरजनका नेहा, मध्य धार जे आपत छेहा;
सज्जन स्नेह मजीठी रंग, सर्व काळ जे रहत अभंग. ३८.
प्रश्नोत्तर इम कही विचारी, अति संक्षेप बुद्धि अनुसारी;
अति विस्तार अरथ इण केरा, सुणत मिटे मिथ्यात अंधेरा. ३९.

कळश.

रस पूर्णनंद सुचंद संवत (१९०६), मास कार्तिक जाणीए,
पक्ष उज्वळ तिथि त्रयोदशी, वार अचळ वखाणीए;
आदीश पास पसाय पामी, भावनगर रही करी,
चिदानंद जिणंद वाणी, कही भवसायर तरी. ४०.

इति प्रश्नोत्तर रत्नमाळा समाप्ता.

**१०२. सतगुरु चरण रेणुशिर धारिये, भाल शोभा ईणविध भवि करीए**—સદ્ગુરુની ચરણરજ મસ્તક ઉપર ધારી ગુરુઆજ્ઞા પ્રમાણે કરવી એ સુજ્ઞ જનોનું કર્તવ્ય છે. ભાલ (લલાટ) માં તિલક કરવાનો પણ એજ ઉત્તમ ઉદ્દેશ સંભવે છે. 'પોતે તત્ત્વના જાણકાર સતા ભવ્ય જનોના હિતમાટે સતત ઉજમાળ હોય, જે નિષ્પાપવૃત્તિને સેવનાર હોય અને અન્ય આત્માર્થી જનોને પણ નિષ્પાપ માર્ગ બતાવનાર હોય, પોતે ભવસમુદ્રથી તરે અને અન્યને પણ તારી શકે એવા હોય તે સદ્ગુરુનેજ આત્મહિતૈષી જનોએ સેવવા.' કહ્યું છે કે

**'પવિત્ર કરીજે જીહા તુઝ ગુણે, શિર વહિયે તુઝ આ-ણ; મનથી કહિએ રે પ્રભુ ! ન વિસારિયે, લહિયે પરમ કલ્યાણ.'** એવા પરમ ગુરૂના ગુણગ્રામથી જીહ્વા પાવન થાય છે, તેમની પવિત્ર આજ્ઞાને વહન કરવાથી આપણું ઉત્તમાંગ દીપી નીકળે છે અને તેમનું સદાય સ્મરણ કરવાથી અંતઃકરણ ઉજ્વળ થાય છે; યાવત્ તેથી જન્મમરણની સર્વ વ્યથા ટળે છે અને અક્ષય અનંત એવું મોક્ષસુખ મળે છે.

**૧૦૩. મોહજાળ મ્હોટો અતિ કહિએ, તાકું તોડ અક્ષયપદ લહિએ**—આપણને મુંઝાવે તે મોહ. ઉત્તમ પ્રકારના જ્ઞાન-દર્શનનું આચ્છાદન કરનાર અને અશુદ્ધ વૃત્તિને પેદા કરનારજ મોહ છે. રાગ, દ્વેષ, ઈર્ષા, ખેદ, મત્સર એ સર્વે એનાજ ઘરના છે. જૂદા જૂદા રૂપ ધારનાર ક્રોધ, માન, માયા અને લોભ રૂપ તેનો ગાઢો પરિવાર છે. દુર્ગતિના કારણરૂપ ૧૮ પાપસ્થાનકોમાં પ્રવૃત્તિ કરાવનાર મોહજ છે. તે મ્હોટામાં મ્હોટો જગજાહેર ચોર છે. તે ધોળે દહાડે ધાડ પાડી પ્રાણીઓનું સર્વસ્વ હરી જાય છે. જે કંઇ પણ આત્મસાધન કરવા ઇચ્છે છે તેને તે જાતે પજવે છે અથવા પોતાના પરિવારને તેને પજવવા ફરમાવે છે. તેમાં પણ કોઇ ધર્માત્માનું તો છિદ્ર દેખી બહુજ ખુશી થાય છે. મોહ આવી વિવિધ રીતે જગતની વિંડબના કરે છે. 'હું અને મારૂં' એવો મંત્ર ભણાવી સહુને અંધ કરી નાંખે છે. એવા અતિ દુષ્ટ અને પ્રબળ મોહને હણ્યા વિના કોઈ મોક્ષપદ પામતો નથી, અને તે મોહનો ક્ષય કર્યા પછી મોક્ષપ્રાપ્તિ અતિ શીઘ્ર થાય છે. તેનો અમોઘ ઉપાય આત્મશ્રદ્ધા અને આત્મરમણ રૂપ રત્નત્રયીનું યથાર્થ આ-

રાધન કરવું એજ છે. ' આત્મજ્ઞાનવડે પોતાનું સ્વરૂપ-સામર્થ્ય યથાર્થ રીતે ઓળખી શકાય છે એટલે પોતાની શક્તિનું યથાર્થ ભાન થઈ શકે છે, આત્મશ્રદ્ધા વડે પોતાની પૂર્ણ શક્તિની પૂરે પરી પ્રતીતિ આવે છે, અને આત્મરમણ વડે પોતાની પૂર્ણ શક્તિ પ્રકટ કરવામાં બાધકભૂત રાગ, દ્વેષ, મોહ પ્રમુખ અંતરંગ શત્રુઓને દૂર કરવા અને સાધકરૂપ સત્સંગ પ્રમુખ અનેક સદ્દગુણોને સંચવાને પોતે સાવધાન રહે છે. એવી રીતે ઉજ્વળ રત્નત્રયીનું યથાવિધિ આરાધન કરીને અંતે સકળ કર્મમળનો ક્ષય કરી આત્મા અવિચળ એવી મોક્ષપદવીને પ્રાપ્ત કરે છે.

**૧૦૪ પાપકા મુળ લોભ જગમાંહી**—દુનિયામાં સર્વ પાપનું મૂળ લોભજ જણાય છે. લોભ જુદી જુદી જાતનો હોય છે. કદાચ એક જાતનો, તો કદાચ બીજી જાતનો, લોભ અંતરમાં પેસી નહિ કરવાનું કામ કરવા પ્રેરણા કરે છે, અને એમ આત્માને પાપથી મલીન બનાવે છે. સ્ત્રી લક્ષ્મી પ્રમુખના લોભ માટે તો લોકો કઈક પ્રકારના યુદ્ધાદિક અનર્થો કરે છે તે પ્રકટ વાત છે, પણ યશકીર્તિના લોભથી પણ કોઇ કોઇ પ્રસંગે અજ્ઞ જનો બહુ અનર્થ સેવે છે, છતાં પોતાની ભૂલ લોભાંધતાથી પોતે સમજી શકતા નથી. વળી દુનિયામાં પણ મ્હોટે ભાગે આ દોષ વ્યાપેલો હોય છે, તેથી ભાગ્યેજ કોઇ કોઇની ભૂલ સુધારવા કહી શકે છે. કેવળ નિઃસ્પૃહી સંત સુસાધુ જનોજ આવી ભૂલ સુધારી શકે છે, તેમનું અવસર ઉચિત હિતવચન લોભી ઉપર પણ સારી અસર કરી શકે છે; તેથી જેમને લોભનું ઔષધ મેળવવા પ્રબળ ઇચ્છા હોય તેમણે તેવા નિઃસ્પૃહીનીજ સેવા કરવી !

**૧૦૫. રોગ મૂળ રસ દુજા નાંહી—'रसमूलाश्च व्याधयः'** જૂદી જૂદી જાતના રોગ પેદા થવાનું ખાસ કારણ વિષયવૃદ્ધિ-વિષયાસક્તિ-વિષયલોલુપતા છે. દરેક ઇંદ્રિયોના વિષયોમાં અત્યાસક્તિ અવશ્ય દુ:ખદાયી થાય છે. આ ભવમાં પ્રગટ વ્યાધિ પ્રમુખ આપદા ઉભી થાય છે, અને પરભવમાં નરકાદિક યાતના સહવી પડે છે; તેથી જ્ઞાની પુરૂષો વિષયસુખને વિષવત્ લેખી તે વિષયસુખથી વિમુખ રહે છે; અને જે વિષયાસક્તિથી દૂર રહે છે તેજ ખરા જ્ઞાની છે, તેમજ જ્ઞાની પુરૂષોના પવિત્ર માર્ગે ચાલવું એ આપણું પણ પરમ કર્ત્તવ્ય છે એમ વિચારી જેમ બને તેમ વિષયાસક્તિ ટાળવા પ્રયત્ન સેવવો!

**૧૦૬. દુ:ખકા મૂળ સનેહ પિયારે, ધન્ય પુરૂષ તેનુથી ન્યારે—'स्नेहमूलानि दुःखानि'** દુ:ખનું મૂળ સ્નેહ છે. સ્નેહ કરતાં સહેલો લાગે છે, પણ તેનો નિર્વાહ કરવામાં કષ્ટનો અનુભવ થાય છે. સ્નેહ કરવામાં પણ ઘણી વખત જીવ ઠગાઈ જાય છે. અસ્થાને સ્નેહ કરવાથી ઉલટી ઉપાધિ ખડી થાય છે. જો કોઈ સઠેકાણે સ્નેહ થયો હોય તો તેનો વિયોગ ન થાય તેની ચિંતા રહે છે, અને દૈવવશાત્ વિયોગ થયો તો અત્યંત ક્લેશ પેદા થાય છે; તેથી સાંસારિક સ્નેહ માત્ર સોપાધિક ગણાય છે. જેને નિરૂપાધિક સુખની ચાહના હોય તેને એવો સ્નેહ કરવો કે વધારવો ઉચિત નથી; તેમને માટે તો શ્રીમદ્ ઉપાધ્યાયજીના વચન અતિ ઉપયોગી થઈ પડશે. શ્રીમાન્ કહે છે કે '**રાગ ન કરજો કોઇ નર કોઇશું રે, નવિ રહેવાય તો કરજો મુનિશું રે; મણિ જેમ ફણી વિષનો તેમ તેહોરે, રાગનું ભેષજ સુજસ સનેહોરે**. તેનો પરમાર્થ એવો છે કે 'કૃત્રિમ

સુખ માટે તો કોઇ સાથે રાગ કરવો ઉચિતજ નથી અને જો કોઇ સાથે રાગ કરવાનીજ ઇચ્છા થાય તો શમ દમાદિક સદ્-ગુણસંપન્ન મુનિરાજ સાથેજ કરવો ઉચિત છે. જેમ મણિથી ફણીધરનું ચઢેલું વિષ દૂર થઇ જાય છે તેમ મુનિજન ઉપરના પ્રશસ્ત નિઃસ્વાર્થ રાગથી અનાદિ અપ્રશસ્ત રાગનું વિષ દૂર થઇ જાય છે.' એવો સદુપદેશ દિલમાં ધારી અપ્રશસ્ત રાગને દૂર કરવાને માટે ઉક્ત ઉપાયને સેવવા વિશેષે ખપ કરવો ઉચિત છે. એમ દૃઢ અભ્યાસયોગે આત્માને અધિક લાભ થવા સંભવ છે. વળી જેમણે સંપૂર્ણ રાગનો જય કરીને વીતરાગ દશા પ્રગટ કરી છે તેમની તો બલિહારીજ છે.

**૧૦૭. અશુચિ વસ્તુ જાણો નિજ કાયા**—અશુચિમાં અશુચિ વસ્તુ આપણી કાયા છે. તે વાતની પ્રતીતિ સ્ત્રીપુરૂષના શરીરમાંથી નીકળતા દુર્ગંધી પદાર્થો ઉપરથી થઈ શકે છે. એક અન્નનો કવળ પણ અલ્પ કાળમાં કોહાઇ જાય છે તો જેમાં પ્રતિદિન અન્ન પ્રક્ષેપવામાં આવે છે તેવા શરીરનું કહેવુંજ શું ! એ વાત શ્રી **મલ્લી**કુમારીએ પોતાના પૂર્વ ભવના મિત્ર રાજાઓને પ્રતિબોધવા યુક્તિથી સિદ્ધ કરી બતાવી છે, અને આપણે આ-પણા જાતઅનુભવથી જાણી શકીએ છીએ. પ્રથમ તો આ શરીર અશુચિથીજ ઉત્પન્ન થયેલું છે. પિતાનું વીર્ય અને માતાનું રૂધિર એ બેનું જ્યાં મિશ્રણ થાય છે ત્યાં આ શરીરની ઉત્પત્તિ થાય છે. પાછું પણ તે શરીર માતાએ ભક્ષણ કરીને રસરૂપે પરિણમા-વેલા અને અશુચિરૂપ થયેલા પદાર્થથીજ પ્રતિદિન પોષાય છે. આવી રીતે અશુચિથી ઉત્પન્ન થયેલા, અશુચિથી વૃદ્ધિ પામેલા અને પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાખનારા અશુચિમય

દેહને જળ પ્રમુખથી શુદ્ધ કરવું જોઇએ, એવો આકરો ભ્રમ કેવળ મૂઢ પુરૂષનેજ હોવો ઘટે છે, તત્ત્વજ્ઞને એવો ભ્રમ હોઈ શકતોજ નથી. આ અશુચિમય દેહમાં કર્મવશાત્ વ્યાપી રહેલું ચેતન–રત્ન યુક્તિથી કાઢી સમતા રસમાં બોળી સાફ કરી લેવું જરૂરનું છે. કહ્યું છે કે ' જે સમતા રસના કુંડમાં સ્નાન કરીને પાપરૂપી મળને ધોઈ નાંખી, ફરી મલીનતાને પામતાજ નથી તે અંતર આત્માજ પરમ પવિત્ર છે. ' આ અશુચિમય દેહમાં-થી ઉપર કહેલી આગમયુક્તિથી આત્મતત્ત્વ શોધી લેવાનીજ જરૂર છે. પછી પુનર્જન્મ મરણની ભીતિ રાખવાનું કંઈ પણ કારણ નથી.

**૧૦૮. શુચિ પુરૂષ જે વરજિત માયા**—જે મોહ માયા રહિત નિર્માયી–નિષ્કપટી–નિર્દંભી છે તેજ ખરો પવિત્ર પુરૂષ છે. મોહ માયાવડેજ જીવ મલીન થયેલો છે. તે મોહમાયા ટાળવાનો ખરો ઉપાય આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમ-ણરૂપ ચારિત્ર છે. પાયા વિનાની ઇમારતની પેરે તત્ત્વજ્ઞાન અને તત્ત્વશ્રદ્ધા વિનાની લોકરંજન અર્થે પૂજાવા મનાવા અર્થે અથવા સ્વદોષ છૂપાવવા અર્થે આડંબરરૂપે કરવામાં આવતી માયામય ધર્મકરણી કંઈ પણ હિતરૂપ થતી નથી; માટે પ્રથમ આત્માની ઉન્નતિમાં કેવળ અંતરાયરૂપ એવી મોહમાયાને પરિહરવા પૂરતો પ્રયત્ન સેવવો જોઇએ. આત્મજ્ઞાન અને આત્મશ્રદ્ધા યોગે તે પ્રયત્ન સફળ થાય છે. ' સરલાશય નિર્માયીનુંજ કલ્યાણ થઈ શકે છે. ' જેની મન વચન અને કાયાની પ્રવૃત્તિ સરલ–માયા-રહિત છે તેજ પ્રભુની પવિત્ર આજ્ઞાને આરાધી અક્ષય સુખ સાધી શકે છે; તેથી જેમને જન્મમરણનાં અનંત દુઃખથી ત્રાસ

લાગતો હોય અને અક્ષય અનંત એવાં નિર્ભય મોક્ષસુખની ખરી ચાહના હોય તેમણે માયા-કપટ તજી નિષ્કપટ વૃત્તિ આદરવા પૂરતી કાળજી રાખવી જરૂરની છે. **ઉદયરત્ન** કહે છે કે '**મુક્તિપુરી જાવા તણો જીરે, એ મારગ છે શુદ્ધ રે પ્રાણી ! મ કરીશ માયા લગાર.**' જેમ કાજળથી ચિત્ર કાળું થઈ જાય છે, તેમ માયાથી ચારિત્ર મલીન થઈ જાય છે. એમ સમજી શાણા આત્માર્થી જનોએ મોહમાયાનો સર્વથા ત્યાગ કરવા પૂરતું લક્ષ્ય રાખવું.

**૧૦૯. સુધા સમાન અધ્યાતમ વાણી**—અધ્યાત્મ શાસ્ત્રનો ઉપદેશ અમૃત સમાન કહ્યો છે. તેથી પ્રગટ આત્મામાં પરમશાંતિ અનુભવાય છે અને અનુક્રમે મોક્ષસુખની પ્રાપ્તિ થઈ શકે છે. અધ્યાત્મ માર્ગ બતાવે તે અધ્યાત્મ વચન છે. જે વચન એકાંત આત્મહિતનેજ અર્થે પ્રવર્તે છે, જે વચન રાગ દ્વેષાદિક વિકાર વર્જિત વીતરાગ પ્રભુની અમૃતમય વાણીના અનુવાદક હોય છે, જે વચન જ્ઞાન કે ક્રિયાનો એકાંત પક્ષ ખેંચતા નથી, જે વચનથી જ્ઞાન અને ક્રિયાને સાથેજ પુષ્ટિ મળે છે, અને જે વચનવડે શુદ્ધ સમજ પૂર્વક શુદ્ધ ક્રિયા સેવવાજ પ્રવર્તાય છે તેનું નામ 'અધ્યાત્મ વચન' કહી શકાય છે. જેમ પંખી બે પાંખવડેજ ઉડી શકે છે અને જેમ રથ બે ચક્રવડેજ ચાલી શકે છે, તેમ 'અધ્યાત્મ' પણ શુદ્ધ જ્ઞાન ક્રિયાના સંમેલનથીજ પ્રવર્તે છે. તે વિના અધ્યાત્મ કહી શકાયજ નહીં. વસ્તુતત્ત્વની યથાર્થ સમજ મેળવી હિતાહિતનો યથાર્થ વિવેક કરી જે સ્વહિત સાધનમાં પ્રવૃત્ત થાય છે અને અહિત કાર્યથી નિવૃત્ત થાય છે તેજ અંતે સ્વઇષ્ટ સિદ્ધિ કરી શકે છે, તે વિના એકાંત જ્ઞાન

કે ક્રિયાના પક્ષમાં પડી સ્વપરને ભારે નુકશાનીમાં ઉતારવામાં આવે છે. અધ્યાત્મમાર્ગ આત્મકલ્યાણનો અમોઘ ઉપાય છે, તેથી તેમાં જે કંઈ કર્તવ્ય કરવામાં આવે છે તે લોકદેખાવ માટે નહિ, પણ કેવળ પોતાનાજ આત્માને લક્ષી તેની શુદ્ધિ અને તેનીજ ઉન્નતિ અર્થે કરવામાં આવે છે. આવી અંતરદૃષ્ટિ જેને જાગી છે તે 'અધ્યાત્મદૃષ્ટિ' વા 'અધ્યાત્મી' કહેવાય છે. આનું વિશેષ વર્ણન 'પ્રશમરતિ'માં અધ્યાત્મ સંબંધી ઉલ્લેખથી સમજી શકાય તેવું છે.

**૧૧૦. વિષ સમ કુકથા પાપ કહાણી**—રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, અને ભક્ત (ભોજન) કથા એ ચાર વિકથા પ્રસિદ્ધ છે. જે કથા કરતાં, નથી તો કંઈ સ્વહિત થવાનું કે નથી તો કંઇ પરહિત થવાનું; એવી નકામી નિંદાદિક પાપગર્ભિત યા શાસ્ત્ર વિરૂદ્ધ સ્વકપોલ કલ્પિત કુકથા કરવી એ કેવળ પાપનેજ પુષ્ટિ આપનારી અને દુર્ગતિદાયક હોવાથી વિષ સમાન જાણી વર્જવીજ યોગ્ય છે. સ્વપર હિતઇચ્છક ભવ્ય જનોએ એવી વિકથામાં પોતાનો અમૂલ્ય વખત નહિ ગુમાવતાં તેનો સદુપયોગ થાય તેમ હિત આચરણ પ્રતિ ઉદ્યમ કરવો ઉચિત છે. વિકથા વડે તો હિત આચરણથી વિમુખ થવાય છે અને પ્રમાદને પુષ્ટિ મળે છે. પ્રમાદની પુષ્ટિથી અનેક જનો આપદાના મુખમાં આવી પડે છે એમ સમજી પ્રમાદના અંગભૂત વિકથા નિવારી જેમ સ્વપર હિતાચરણમાં અધિક વૃદ્ધિ થાય તેમ કરવું ઘટે છે.

**૧૧૧. જિહાં બેઠા પરમારથ લહીએ, તાહું સદાય સુસંગતિ કહીએ**—જેમની સંગતિથી પરમાર્થ–તત્ત્વ

પામીએ તેજ ખરી સત્સંગતિ સમજવી, અને એવી સત્સંગતિજ સદાય સેવવા યોગ્ય છે. સત્સંગતિને શાસ્ત્રકારે '**શીતલ સદા સંત સુરપાદપ**' વિગેરે પદોથી કલ્પવૃક્ષાદિકની ઉપમા આપી છે, અને તે તેમને યથાર્થ છાજે છે. જેમ કલ્પવૃક્ષની છાયા શીતલ હોય છે, તેની નીચે બેસનાર શાંતિ પામે છે, તેમ સંત–સુસાધુ જનોની સંગતિથી ભવ્ય જનોનો ત્રિવિધ તાપ ઉપશમે છે, અને સહજ શાંતિ–સમાધિનો લાભ થાય છે. વળી "**सत्संगतिः कथय किं न करोति पुंसाम्**" એ વચનાનુસારે સત્સંગતિથી કયા કયા લાભ નથી સંભવતા ? સત્સંગતિથી સર્વે ઉત્તમ લાભ સંપજે છે. 'બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, એટલે સહુને પ્રિય લાગે એવું મિષ્ટ અને હિતકર સત્ય શીખવે છે, પ્રતિષ્ઠાની વૃદ્ધિ કરે છે અને પાપના ઓઘ દૂર કરે છે' એ વિગેરે અનેક ઉત્તમ લાભ સત્સંગતિ યોગે સાંપડે છે, એમ સમજી કુબુદ્ધિ વધારનારી કુસંગતિનો ત્યાગ કરી, સુબુદ્ધિને જગાડી, સદાચરણ શીખવી, સદ્ગતિ મેળવી આપનારી સત્સંગતિનેજ સેવવા સદાય લક્ષ્ય રાખવું.

**૧૧૨. જિહાં ગયાં અપલક્ષણ આવે, તે તો સદાય કુસંગ કહાવે**—જેની સંગતિથી કંઈ ને કંઇ અપલક્ષણ—અવગુણ શિખાય તેને શાસ્ત્રકાર કુસંગ કહે છે, અને તેવા કુસંગનો સદાય ત્યાગ કરવા ઉપદિશે છે. કુસંગથી કયા કયા અવગુણ જીવમાં આવતા નથી ? મતલબ કે અવગુણ માત્ર કુસંગથીજ ઉપજે છે, અને તેથીજ શાસ્ત્રકાર સર્વથા તેનો ત્યાગ કરવા ફરમાવે છે. જે નિકટભવી જનો કુસંગતિનો સર્વથા ત્યાગ કરી સત્સંગતિને અનન્ય ભાવે સેવે છે તે અંતે સર્વ ઉપાધિથી મુક્ત

થઇ નિરૂપાધિક અને નિર્દ્વંદ્વ એવું મુક્તિનું સુખ પામે છે; એમ સમજી શાણા જનોએ નીચ નાદાન જનોની સંગતિથી દૂર રહેવા તેમજ તેવાં નબળાં કાર્યોથી પણ દૂર રહેવા સદા સાવધાન રહેવું !

**૧૧૩. રંગ પતંગ દુરજનકા નેહા, મધ્ય ધાર જો આપત છેહા**—જે ઉત્તમ પુરૂષોનાં પણ છિદ્ર જુએ છે, સહુનું અનિષ્ટ ચિંતવે છે, પ્રસંગે અન્યને અપાય—અહિત કરવા ગમે તેવું જોખમ ખેડે છે, તેમાં દૈવયોગે ફાવે તો ખૂબ ફુલાય છે, અને કદાચ ન ફાવે તો દિનરાત તેની ચિંતા કરી તંદુલીયા મચ્છની જેમ દુર્ગતિનાં ભાતાં બાંધે છે, તેવી કનિષ્ટ કોટિના જીવો ક્ષુદ્ર-દુર્જન કહેવાય છે. તેમનો સ્નેહ કેવળ કૃત્રિમ-પતંગના રંગ જેવોજ હોય છે. પોતાનું ઇચ્છિત કાર્ય સાધવા માટેજ તે ઉપર ઉપરથી રાગ બતાવે છે, ખુશામત કરે છે, સેવા બજાવે છે, અને સામા માણસ ન કળી શકે એવી દરેક કળા કેળવવા પ્રયત્ન કરે છે, પણ પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવા તે દરેક તક શોધતો રહે છે; અને તેમ કરવાને કદાચ કોઇને કૂવામાં કે દરિયામાં નાંખવો પડે તો પણ તે ડરતો નથી. મતલબ કે પોતાની ક્ષુદ્ર સ્વાર્થ વૃત્તિને પોષવા તે દરેક નીચ કાર્ય કરવા તત્પર રહે છે, અને તેમ કરતાં તે મનમાં કંઇ શરમાતો નથી. આવા માણસોનો વિશ્વાસ કરવો એ કાળા નાગનો વિશ્વાસ કરવા કરતાં પણ વધારે જોખમવાળો છે. ઝેરી નાગને બેજ જીભ હોય છે, ત્યારે દુર્જનની જીભની સંખ્યા કોઈ કહી શકતું નથી. મતલબ કે તે લાગ મેળવીને અનેક ઉત્તમ જનોને અનેક રીતે અનેક વાર દંશ દેવા પ્રવર્તે છે. જો કે દુર્જનની વિષમય ઊર્મિઓ સજ્જન પુરૂષોનું શુદ્ધ ચૈતન્ય હરવા—નષ્ઠ કરવા સમર્થ થઇ

શક્તી નથી. સજ્જન પુરૂષો સદાય સ્વકર્તવ્ય કર્મમાં સાવધાન હોય છે, તેથી તેમને દુર્જન લોકોનો કંઇ ડર નથી. તેમનામાં તો અપૂર્વ અપૂર્વ જાગૃતિથી ઉલટું નવનવું ચૈતન્યબલ રેડાતું જાય છે. સજ્જનોનું દિલ દુ:ખાવાનું જો કંઈ પણ સબળ કારણ હોય તો તે એ છે કે દુર્જનો નિષ્કારણ પોતાના આત્માને મલીન કરીને દુરંત દુર્ગતિગામી થાય છે. સજ્જન અને દુર્જનનો સાચો અને ખોટો સ્નેહ સરખાવવાને શ્રીપાળકુમાર અને ધવલ શેઠનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

૧૧૪. **સજ્જન સ્નેહ મજીઠી રંગ, સર્વકાળ જે રહત અભંગ**—જ્યારે દુર્જનનો સ્નેહ પતંગના રંગ જેવો ફીક્કો કારમો અને કૃત્રિમ છે, ત્યારે સજ્જનનો સ્નેહ ચોળ મજીઠના રંગ જેવો ઉમદા, અવિહડ અને અકૃત્રિમ એટલે સ્વાભાવિક છે. તેથી તે ગમે તેવા સમવિષમ સંયોગોમાં ગમે તેવી કસોટીના વખતે પણ બદલાતો નથી, તેમ ફિકકો પડતો નથી. સજ્જન પુરૂષોનો સ્નેહસમાગમ ગંગાના પ્રવાહ જેવો પવિત્ર છે, તેમની દૃષ્ટિ અમૃતમય હોય છે, તેમની વાણી મધુર હોય છે, તેથી તે યોગ્ય જીવોને અનેકધા ઉપકારક થાય છે. અત્યંત અયોગ્ય જનોનું હિત સાધી ન શકાય તેમાં સજ્જનોનો લેશ માત્ર દોષ નથી. કેમકે તેમની દૃષ્ટિ તો સહુનું હિત કરવા ભણીજ વળેલી હોય છે; પણ તેવા જીવો પોતાના દુર્ભાગ્યથી સજ્જનોના લાભને મેળવી શકતા નથી. જ્યારે ઝળહળતો સૂર્ય દશે દિશાઓને દીપાવી જગત માત્રનું સમીહિત સાધે છે, ત્યારે ઘુવડની આંખો મીચાય છે, વર્ષામાં જ્યારે બધાં વૃક્ષો નવપલ્લવ થઇ રહે છે ત્યારે જવાસો સૂકાઇ જાય છે, વસંત ઋતુમાં જ્યારે

સકળ વનરાજી ખીલી નીકળે છે ત્યારે કરીર વૃક્ષ ( કેરડા ) કરમાઈ જાય છે, અને જ્યારે ચંદ્રથી સહુ કોઇ શીતળતા મેળવી શકે છે, ત્યારે વિરહી જનોને વિરહાગ્નિ વ્યાપે છે. તેમાં કોનો દોષ ? શું સૂર્ય, વર્ષા, વસંત કે ચંદ્રનો તેમાં દોષ છે ? નહિજ. કિંતુ સામાના દુર્ભાગ્યનોજ દોષ છે, એમ સમજવું. એવી રીતે સજ્જન પુરૂષોથી આપણે ઉત્તમ લાભ મેળવી ન શકીએ એમાં સજ્જનોનો લેશ માત્ર દોષ નથી, પણ આપણોજ દોષ છે. સજ્જન પુરૂષો તો પૂર્વોક્ત ઉત્તમ ઉપમાનેજ લાયક છે. તેમનો જન્મ, તેમનો સ્વભાવ, તેમનો સમાગમ અને તેમની કૃતિ જગત્ જંતુઓના એકાંત હિતને અર્થેજ હોય છે. તેમનો સ્નેહ-પ્રેમ-વાત્સલ્ય અભંગ અને અલૌકિક હોય છે. ફક્ત તેમના ઉત્તમ સમાગમનો લાભ લેવાને આપણે યોગ્યતા સંપાદન કરવાનીજ જરૂર છે. જો ક્ષુદ્રતાદિક દોષ ટાળી અક્ષુદ્રતાદિક ઉત્તમ યોગ્યતા પ્રાપ્ત થઇ શકે તો સર્વ સમીહિત સધાઇ શકે છે. અને સજ્જનોની કૃપાનો પણ પૂર્ણ લાભ મળી શકે છે. એવી સદ્‌વૃત્તિ સહુ કોઈ આત્મહિતૈષીજનોના અંતઃકરણમાં સ્ફુરાયમાન થાઓ અને તેનો યથેચ્છ લાભ મેળવવાને તેઓ ભાગ્યશાળી થઓ !

**તથાસ્તુ.**

## ઉપસંહાર.

હવે ગ્રંથની સમાપ્તિ કરતાં શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે કે-આ પ્રશ્નોત્તર રત્નમાળા ગ્રંથ સંક્ષેપ રૂચિવંત જનોના હિતને માટે ઉચિત વિચારીને સ્વબુદ્ધિ અનુસારે સંક્ષેપમાં રચ્યો છે. તેના અર્થ અતિ ગંભીર છે. તે વિસ્તારથી રૂચિપૂર્વક ગુરૂમુખે સાંભળવાથી હૃદયમાં વિવેકરૂપ દીપક પ્રગટે છે. એટલે અ-

નાદિ અજ્ઞાનરૂપ અંધકાર આપોઆપ નાશ પામી જાય છે.

આ ગ્રંથ વિક્રમ સંવત ૧૯૦૬ ના કાર્ત્તિક માસની ઉજ-વળ ત્રયોદશીને દિવસે અચળ (શની) વારે શ્રી આદીશ્વર તથા પાર્શ્વપ્રભુના પસાયે ભાવનગરમાં રહીને ભવસાગરથી તરવા માટે નૌકા સમાન શ્રીજિનવાણીને અનુસારે રચેલો છે.

આ ગ્રંથનું વિવેચન લખતાં જે કાંઇ વીતરાગની વાણીથી **વિરૂદ્ધ** લખાયું હોય અથવા કર્ત્તાનો આશય નહીં સમજાવાથી મતિકલ્પનાપૂર્વક લખાણું હોય તેને માટે સજ્જનો પાસે ક્ષમા યાચના છે.

**ઇતિશ્રી કપૂરચંદજી અપરનામ ચિદાનંદજી કૃતા**
**પ્રશ્નોત્તર રત્નમાળા વિવેચન સહિતા સમાપ્તા.**
**શ્રી ચિદાનંદ પદરસિક.**

ૐ

## શ્રી પ્રતિમા સ્થાપન સજ્ઝાય.

જિન જિન પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે;
અંગ **ઉપાસક** પ્રગટ અર્થ એ, મૂરખ મનમાં નાવેરે.
કુમતિ કાં પ્રતિમા ઉથાપી, ઇમ તેં શુભમતિ કાપીરે;
કુમતિ કાં પ્રતિમા ઉથાપી, મારગ લોપે પાપીરે; કુમતિ
કાં પ્રતિમા ઉથાપી. એ આંકણી. ૧
એહ અરથ **અંબડ** અધિકારે, જુઓ ઉપાંગ **ઉપાઈ**;
એહ સમકિતનો મારગ મરડી, કહે દયા શી ભાઇ રે. ૨ કુમતિ૦
સમકિત વિણ સુર **દુરગતિ** પાયા, અરસ વિરસ આહારી;
**જુઓ જમાલી** દયાએ ન તરિયો, હુઓ બહુલ સંસારી રે. ૩ કુમતિ૦

ચારણ મુનિ જિન પ્રતિમા વાંદિ, ભાખિયું **ભગવઈ** અંગે;
ચૈત્ય સાખિ આલોયણ ભાખી, **વ્યવહારે** મન રંગે રે. ૪ કુમતિ૦
પ્રતિમા નતિ ફલ કાઉસગ્ગે, **આવશ્યક** માંહિ ભાંખ્યું;
ચૈત્ય અરથ વેયાવચ્ચ મુનિને, દશમે અંગે દાખ્યું રે. ૫ કુમતિ૦
**સુરિયાભ** સૂરે પ્રતિમા પૂજી, **રાયપસેણી** માંહી;
સમકિત વિણ ભવજલમાં પડતાં, દયા ન સાહે બાંહી રે. ૬ કુમતિ૦
**દ્રાપદીયે** જિન પ્રતિમા પૂજી, છઠ્ઠે અંગે વાંચે;
તો શું એક દયા પોકારી, આણા વિણ તું માચે રે. ૭ કુમતિ૦
એક જિન પ્રતિમા વંદન દ્વેષે, સુત્ર ઘણાં તું લોપે;
**નંદિમાં** જે આગમ સંખ્યા, આપ મતિ કાં ગોપે રે. ૮ કુમતિ૦
જિન પૂજા ફલ દાનાદિક સમ, **મહાનિશિથે** લહિયે;
અંધ પરંપર કુમતિ વાસના, તો કિમ મનમાં વહિયે રે. ૯ કુમતિ૦
સિદ્ધારથ રાયે જિન પૂજ્યા, **કલ્પસુત્રમાં** દેખો;
આણા શુદ્ધ દયા મન ધરતાં, મિલે સુત્રનો લેખો રે. ૧૦ કુમતિ૦
થાવર હિંસા જિન પૂજામાં, જો તું દેખી ધ્રૂજે;
તો પાપી તે દુર દેશથી, જે તુજ આવી પૂજે રે. ૧૧ કુમતિ૦
પડિકમણે મુનિ દાન વિહારે, હિંસા દોષ અશેષ;
લાભાલાભ વિચારી જોતાં, પ્રતિમામાં સ્યો દ્વેષ રે. ૧૨ કુમતિ૦
ટીકા ચુરણી ભાષ્ય ઉવેખ્યાં, ઉવેખી નિરયુક્તિ;
પ્રતિમા કારણ સુત્ર ઉવેખ્યાં, દૂર રહી તુજ મુક્તિ રે. ૧૩ કુમતિ૦
શુદ્ધ પરંપર ચાલી આવી, પ્રતિમા વંદન વાણી;
સમુચ્છિમ જે મૂઢ ન માને, તેહ અદિઠ કલ્યાણી રે. ૧૪ કુમતિ૦
જિન પ્રતિમા જિન સરખી જાણે, પંચાંગીના જાણ;
**જસવિજય** વાચક તે ગિરૂઆ, કિજે તાસ વખાણ રે. ૧૫ કુમતિ
કાં પ્રતિમા ઉથાપી૦

# શુદ્ધિ પત્રક.

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૪ | ૯ | मयमात्मानो | मयमात्मनो |
| ૧૬ | ૧૯ | ऽष्टकम् | ० |
| ૩૭ | ૯ | यदीयं | यदीय |
| ૩૯ | ૧૪ | तिष्टति | तिष्ठति |
| ૪૦ | ૧ | वपुरूप | वपुरुप |
| ૪૦ | ૧૧ | पुदल | पुद्गल |
| ૪૩ | ૭ | मिथ्यात्व | मिथ्यात्वा |
| ૪૫ | ૧૫ | झव | झष |
| ૪૭ | ૧૨ | મધુકર | મધુકર, પતંગ |
| ૪૯ | ૫ | प्रयतेथा | प्रयतेथाः |
| ૫૪ | ૧ | આપનારી | આપનારાં |
| ૫૪ | ૧૭ | काष्टो | काष्ठो |
| ૫૫ | ૨ | निर्जरा | निर्जर |
| ૯૨ | ૭ | रवनंतः | खनंतः |
| ૧૦૭ | ૫ | तेणे | जेणे |
| ૧૦૭ | ૬ | जेजे | तेणे |
| ૧૩૬ | ૨૧ | अघं | अंघ्र |
| ૧૭૨ | ૧૫ | નિષ્કટ | નિષ્કપટ |